निवेदन

આ 'શ્રીભજનસાગર' ભાગ ૧ લો "વિવિધ ગ્રંથમાળા"નું ચાલુ વર્ષ સંવત ૧૯૯૮ નું બીજું પુસ્તક છે અને તે ૩૧મા વર્ષના સળંગ અંક ૩૫૧ થી ૩૫૪ રૂપે પ્રસિદ્ધ થાય છે.

અત્ર તરફથી સંવત ૧૯૮૨માં ભજનસાગરની તેરમા આવૃત્તિ પ્રસિદ્ધ થયેલી; તેમાં ૩૨૦ ભજનોનો સંગ્રહ હોઈ, તે ૨૭૬ પૃષ્ઠમાં છપાયું હતું. તે થોડા જ સમયમા ખપી જતાં તેની ઘણી માગણી ચાલુ રહેલી; પરંતુ કેટલાંક કારણોસર તે પ્રસિદ્ધ કરવા બન્યું નહોતું. તેમાંનું મુખ્ય કારણ તો એ હતું કે, ભજનોના જુદા જુદા સંગ્રહો જોઈતપાસીને ખાસ ઉપકારક જણાય એવાં ભજનોનો એક મોટો દળદાર ગ્રંથ તૈયાર કરીને પ્રસિદ્ધ કરવો એમ સદ્દગત સ્વામીશ્રી અખંડાનંદજીએ નક્કી કર્યું હતું; પરંતુ તેઓ અવકાશના અભાવે એ કાર્ય તરતમાં હાથ ધરી શકેલા નહિ. સદ્દભાગ્યે તેમને એકાદ વર્ષ પહેલાં એ અનુકૂળતા મળી આવવાથી તેમણે જુદા જુદા પ્રસિદ્ધ થયેલા સંગ્રહોમાંથી નીતિ, ભક્તિ સદાચાર, ત્યાગ, જ્ઞાન, વૈરાગ્ય, ઈશ્વરપ્રેમ, ધર્મ ઇત્યાદિ અનેક વિષયોમાં માર્ગદર્શન કરાવતાં ભજનોનો એક મોટો સંગ્રહ તૈયાર કર્યો; જેમાનો લગભગ અર્ધો સંગ્રહ આ પહેલા ગ્રંથરૂપે પ્રસિદ્ધ થાય છે અને બાકી રહેલાં ભજનો 'ભાગ ૨ જા' રૂપે હવે પછી અનુકૂળતાએ પ્રસિદ્ધ થશે.

આ ગ્રંથમાં જે જે ભક્તોનાં ભજનો પસંદ કરીને લેવાયાં છે, તે તે ભક્તોનાં નામ કક્કાવારી પ્રમાણે ગોઠવીને અપાયાં છે

[illegible] આ પ્રથમ [illegible] પ્રમાણોકર [illegible] જુદા જુદા [illegible] ભાગોના [illegible] આપવાં છે. તેમાં [illegible] ભાગોનો [illegible] સારાંશ આપ્યો [illegible] ભાગનાં [illegible] અનુક્રમ [illegible] નવેસરથી [illegible] ભાગનો આ ગ્રંથમાં [illegible]

[illegible] ૧૯૮૨ માં [illegible] આમાં [illegible] નવેસરથી [illegible]

[illegible] પ્રસિદ્ધ [illegible]

[illegible]

[illegible]

સંબંધ-સાક્ષાત્કાર થવાથી કૃતકૃત્ય બની, તેની જ નિષ્ઠામાં આયુષ્ય વિતાવનારા પરમવંદનીય જીવન્મુક્તોનાં મન, વાણી અને કર્મ, અનેક મુમુક્ષુઓની વાટિકારૂપ બની અસંખ્યાત માનવોને જ્ઞાનચારિત્ર્યરૂપી સૌંદર્ય અને સૌરભ આપનારાં થઇ રહે છે. સંત કવિઓના અને અન્ય સામાન્ય માનવોનાં જીવનકવનની દશા અને અસરોમાં જે મોટો તફાવત હોય છે, તે શાથી હોય છે અને આવા સંત કવિઓની વાણી તરફ સામાન્ય જનતા શા માટે આકર્ષિત રહે છે તથા આ સંસ્થા શા માટે તેની વાણીના પ્રચાર તરફ ધ્યાન આપે છે, તે આ ઉપરથી સ્પષ્ટ થશે. આ પ્રમાણે પોતાના અતિ હિતાવહ જીવનકવન વડે માનવસમાજને વારનવ સુખના સત્પંથે વાળનારા બ્રહ્મવિદ્ જીવન્મુક્તોની વાણી માટે ઠીક જ કહેલું છે કેઃ—

"બ્રહ્મરૂપ અરુ બ્રહ્મવિદ્, તાકી બાની બેદ;
ભાષા અથવા સંસ્કૃત, કરત ભેદ ભ્રમ છેદ."

"વળી અત્યારની લોકસ્થિતિમાં તો સંસ્કૃત કરતાં પ્રાકૃત સંતવાણીની ઉપકારકતા વધારે જ છે. સંસ્કૃત ગ્રંથો સમજી શકે એવો અત્યારે ભાગ્યે હજારે એકાદ માણસ હશે અને પ્રાકૃત ટીકા દ્વારા સમજનારા બહુ તો સેંકડે એકાદ હશે; પરંતુ માતૃભાષામાં માતાના પયપાનની સાથે પાઇ શકાતી આ સરલ સુગમ્ય સંતવાણી તો ભણેલા તેમજ અભણ સર્વ કોઇને ભોગ્ય થઇ શકે છે. સંસ્કૃતનો પ્રચાર અને બ્રાહ્મણોનું બ્રાહ્મણપણું વધારે ઘટવા માંડ્યા પછી સામાન્ય જનતાનાં ધર્મનીતિની રક્ષા વિશેષ કરીને આવા-કબીર, દાદુ, નરસિંહ, મીરાં, નાનક, જ્ઞાનદેવ, તુકારામ, તુલસી, સુરદાસ, વગેરે-સંતમહાત્માઓના જીવનકવન વડે જ થઇ છે; નહિ તો વેદવાક્ય સાંભળનાર શૂદ્રના કાનમાં ઉકાળેલ સીસું રેડાવવા માગનારાઓએ તો હિંદુત્વની જડ પણ રહેવા દીધી હોત નહિ અને તેમનાં પોતાનાં સંતાન ક્યારનાં જનોઇચોટી પરવારી અલ્લા અલ્લા પોકારતાં હોત! હૃદયના ઊંડાણ તથા જ્ઞાનચારિત્ર્યમાંથી ઉદ્ભવેલી અને સાક્ષાત્ વેદવાક્યોને જ વદી રહેલી આ સંતવાણી ગમે તેવા નાનકડા ગામમાં

અને એક અપાર સુખમાં લખીવાંગો ન ભાગે એવાના મુખથી પણ સાંભળવાની મઝે અને વ્યવહાર, પરમાર્થ તથા ધર્મનીતિના બોધ સાથે સંમેળનજન્ય આનંદ પણ પ્રાપ્ત થાય તથા વારંવાર સાંભળવાનું, મનન કરવાનું અને વાંચ કરવાનું મન પણ આપોઆપ જ થયા કરે!

" દેશનો અનુભવ ન પરિશ્રમ ભારી સંતવાણીને સાંભળવાની [illegible]

[illegible]

अनुक्रमणिका

ક્રમાંક	પંક્તિ	પૃષ્ઠાંક
[illegible]	[illegible] મોહિયને રે	૧૦૫
[illegible]	[illegible] રાજ કહો રે	૧૦૬
[illegible]	[illegible] રે	૧૦૭
[illegible]	[illegible]	૧૦૮
[illegible]	[illegible]	૧૦૯
[illegible]	[illegible] ...	૧૦૯
[illegible]	[illegible] ...	૧૧૦
[illegible]	[illegible]	૧૧૦
[illegible]	[illegible] ...	૧૧૧
	[illegible] ...	૧૧૨
[illegible]	[illegible]	૧૧૨
[illegible]	[illegible]	૧૧૩
[illegible]	[illegible]	૧૧૩
[illegible]	[illegible]	૧૧૪
[illegible]	[illegible]	૧૧૫
[illegible]	[illegible]	૧૧૫

પંક્તિ	પૃષ્ઠાંક
[illegible]	[illegible]

ગાંક	પંક્તિ	પૃષ્ઠ

ક્રમાંક	પંક્તિ	પૃષ્ઠાંક
૩૨૦	નહિ ભાડે [illegible] ને મોટ [illegible]	૨૯૩
૩૨૧	આજ આનંદ આવ્યો રે	૨૯૪
૩૨૨	[illegible]	૨૯૪
૩૨૩	[illegible] ...	૨૯૫
૩૨૪	[illegible]	૨૯૬
૩૨૫	[illegible] ...	૨૯૬
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]

૨૬—[illegible]

[illegible]

૨૭—[illegible]

[illegible]

૨૮—[illegible]

[illegible]

૨૯—[illegible]

[illegible]

[illegible]

[illegible] [illegible] પૃષ્ઠ

૩૬ [illegible]

૩૭–સંતદાસ

૩૮–સંતદાસ

૩૯–સંતોષ

૪૦–પરમદાસ

૪૧–ચિદાનંદ

૪૨–છોટમ

ક્રમાંક	પંક્તિ	પૃષ્ઠાંક
૨	તું તો મારો રહીને એક છે ...	૩૩૪
૩	કાયા છે ત્યાં સુધી કર સમાજ	૩૩૫
૪	રે શું સમજ્યો વૈષ્ણવ થઈ ...	૩૩૫
૫	મદાંધ લાગ્યું રે જેને ...	૩૩૬

४३–छोटालाल

४४–जगन्नाथ

४५–जनार्दन

४६–जयराम

४७–जादव

४८–जीवण

ક્રમાંક	પંક્તિ	પૃષ્ઠાંક
૩	પંચવટી પરનકુટિ પાવનમેં	૩૬૪
૪	નમો નમો નમસ્કાર...	૩૬૪
૫	કુમાર ચલત રામચંદ	૩૬૫
૬	સીતાપતિ રામચંદ	૩૬૬
૭	સરજુ જલઝરન	૩૬૬
૮	ઝમઝમાટ કનકમહેલમેં	૩૬૭
૯	પ્રાતઃસમે કૌશલ્યા રાણી	૩૬૮
૧૦	પ્રાતઃસમે શ્રી જનકનંદિની	૩૬૮
૧૧	જગકે રૂપ સેં	૩૬૯
૧૨	બિગરી કૌન સુધારે...	૩૬૯
૧૩	આજ શિવરી કે રામ ઘર આયે	૩૭૦
૧૪	ચલો સખી દરશન કરીએ	૩૭૦
૧૫	સો સુખ ઉમા, કહાં લગી બરણઉં	૩૭૧
૧૬	કોઇ પીઓ પિયાલા રામરસ કા	૩૭૧
૧૭	ઐસે પાપી નર હોવેંગે કલજુગમેં	૩૭૨
૧૮	ભજન કો પરિમાન...	૩૭૨
૧૯	રાજ રૂચત મોહે નાહીં રે	૩૭૩
૨૦	એસો કો ઉદાર જગમાહીં	૩૭૩
૨૧	રઘુવર મોહી સંગ કર લીજે	૩૭૪
૨૨	લછમન ધીરે ચલો મૈં હારી	૩૭૪
૨૩	શ્રીઅંગના મેં ખેલત ચારોં ભાઇ	૩૭૫
૨૪	કૌન દિશાસે આયો પવનસુત...	૩૭૫
૨૫	સીતારામ ઉપાસી	૩૭૬
૨૬	ભજુ મન રામચરણ દિનરાતી...	૩૭૬
૨૭	કૌન કુટિલ ખલ કામી	૩૭૭
૨૮	મન રે તું રામચરિત સુન કાના	૩૭૭
૨૯	સાચે મનકે મિત્તા	૩૭૮
૦	ઋષિસંગ હરખી ચલે દોઉ ભાઇ	૩૭૮

૫૪–તોરલદે

૫૫–ત્રિભુવન

ક્રમાંક	પંક્તિ	પૃષ્ઠાંક

६४—देवानंद

६५—देवीदास

६६—देवीसिंह

६७—देवो साहेब

ક્રમાંક	પંક્તિ	પૃષ્ઠાંક

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩	૨	ઘુરતની	ગુરતની
૩૨	૧૭	આગ્નાન	અગ્નાન
૪૩	૧૦	પેહોંચાડે ·	પહોંચાડે
૬૧	૧૩	પ્રાત	પ્રાતઃ
૬૧	૨૦	ધર્મશાસ	ધર્મશાસ્ત્ર
૬૧	૨૧	સદસ્ત્ર	સદસ્ર
૬૨	૨૨	વિદ્યાધ્યન	વિદ્યાધ્યયન
૭૨	૭	ખરારી	ખરારિ
૭૩	૭	વૃજરજ	વ્રજરજ
૭૭	૧૪	વૃતધારી	વ્રતધારી
૮૪	૬	દીનમાં	દિનમાં
૮૭	૧૮	અહ્‌લ્યા	અહલ્યા
૯૬	૧૩	ઈંડજ	અંડજ
૯૭	૯	ભરમાવો	ભરમાયો
૧૧૨	૧૫	આવોન ર	આવો નર
૧૩૨	૧૦	મુર્ખ	મૂર્ખ
૧૬૧	૧૦	દોંશ	દોષ
૧૭૧	૧૪	તેણી મહત્તત્ત્વ	તેથી મહત્તત્ત્વ
૧૯૩	૧૭	દ્વાદસ	દ્વાદશ
૧૯૯	૬	જરણા	ઝરણા
૨૨૭	૧૦	બહુસ્યામી	બહુ સ્યામ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૩૬	૧૧	બ્રાહ્માદિક	બ્રહ્માદિક
૨૪૦	૨૦	નામ રૂમ	નામ રૂપ
૨૪૧	૧૬	સાંતનું સુત	શાંતનુસુત
૨૬૦	૩	વહલાને	વહાલાને
૨૬૧	૫	ધરણુ	ધણુ
૨૮૦	૧૮	પ્રેમ	પ્રેત
૩૧૮	૭	અત્યંજ	અંત્યજ
૪૯૬	૧૨	અહાર	આહાર
૫૧૨	૧૬	અઘ	અઘ
૫૨૯	૧૮	કેરવો	કરવો
૫૩૨	૧૫	પટકૂળ	પટકુળ
૫૪૯	૬	દક્ષાણાવત	દક્ષિણાવત
૫૮૨	૮	ચોલા	ચેલા
૬૧૧	૬	ભજવલ	ભવજલ
૬૧૧	૧૩	પતિદ્રતા	પતિવ્રતા

वेदरकारीथी थती जीवहिंसा

અનાજ સાફ રાખો

અનાજ તથા દાળ સાફ રાખવામાં બેદરકાર રહેવાથી તેમાં
સેંકડો ઈયળ વગેરે જીવ પેદા થાય છે.

એવા અનાજ તથા દાળમાં કીડીઓ દાખલ થાય છે અને
ઈયળોને જીવતી પકડી ખેંચી જાય છે. તે વખતે તે પ્રાણીઓ
કેટલાં બધાં તરફડે છે તથા પીડાય છે તેનો ખ્યાલ તો તે ગભરાટ
દેખાવ નજરે જોવાથી જ આવી શકે.

જ્યારે તેવું અનાજ તથા દાળ તડકે નાખવામાં આવે છે, ત્યારે
તે પ્રાણીઓ ઘણાં રિબાઇ રિબાઇને મરે છે.

પાણી સાફ રાખો

પાણી સાફ રાખવાનાં બેદરકાર રહેવાથી તેમાં સેંકડો પોરા
પેદા થાય છે અને તેવું પાણી પીવાથી, ગરમ કરવાથી, સંડાસમાં
વાપરવાથી કેટલીક ત્રાસદાયક હિંસા થાય તેનો વિચાર કરવો ઘટે છે.

ખાંડ, મધ વગેરેની સંભાળ રાખો

ચા પીને પ્યાલા રકાબી વગેરે તરત ધોવામાં બેદરકાર રહેવાથી.
ચાનો કુચો ધોયા વગર રસ્તામાં ફેંકી દેવાથી, ખાંડ, મધ વગેરેનાં
વાસણો તરફ બેદરકાર રહેવાથી, સંખ્યાબંધ કીડીઓ થાય છે અને
તેમાંથી ઘણી કચરાઇને અથવા પાણીમાં ડુબીને મરે છે.

કરોળિયાનાં જાળાં થવા દેશો નહિ

ઘરમાં કરોળિયાનાં જાળાં હોય છે તેમાં માંખી, મચ્છર વગેરે
જીવો પકડાઈ જાય છે અને તેઓ ઘણા તડફડીને મરે છે, માટે
ઘરમાં કરોળિયાનાં જાળાં થવાં દેવાં જોઇએ નહિ.

કોઈ પણ જાતનો કચરો, એઠું તથા ગલીચી રહેવા દેશો નહિ

કોઇ પણ જાતનો કચરો, એઠું તથા ગલીચી ઘરમાં રહેવા
દેવાથી ઘણા જીવો તેમાં પેદા થાય છે અને છેવટ તેઓ રિબાઇને
મરે છે, માટે એઠું તથા ગલીચી જેમ બને તેમ જલદી દૂર કરવાથી
ઘણી હિંસા થતી અટકે છે.

ગુંદાના ઠળિયા

ગુંદાના ઠળિયા એમના એમ ફેંકી દેવાથી તે ઉપર ઘણી માખીઓ ચોંટીને અતિ રિબાઇને મરે છે, માટે તેવા ઠળિયા ઉપર રાખ અથવા ધૂળ નાખવી જોઇએ.

વનસ્પતિ તરફ પણ દયા રાખો

માણસ વનસ્પતિ ખાધા વિના જીવી શકે નહિ માટે કુદરતના નિયમ પ્રમાણે **વનસ્પતિ ખાવામાં પાપ નથી,** પણ વિદ્વાનોએ સાબિત કર્યું છે કે વનસ્પતિમાં પણ જીવ છે અને ઝાડ તથા રોપાને પણ સુખદુઃખની લાગણી થાય છે.

માટે કોઈ પણ વનસ્પતિને પાણી પીવાની કાળજી રાખવાથી પણ જીવદયા થાય છે.

ધર્મ સાથે તંદુરસ્તી

ઉપર પ્રમાણે કાળજી રાખવાથી એક તરફથી આપણે લાખો **પ્રાણીઓની ત્રાસદાયક હિંસાના મહાપાપથી બચી શકીએ,** તથા બીજી તરફથી આપણી તથા આપણા કુટુંબની તંદુરસ્તીને પણ ફાયદો કરી શકીએ.

વાંચનાર, જીવદયાળુ થજો, પણ ઘેલા થશો નહિ.

આ દુનિયામાં હાલતાચાલતાં, પાણી પીતાં, દમ લેતાં હિંસા થાય છે, પણ તેમાં તો આપણે લાચાર છીએ, માટે તેમાં પાપ નથી. **માત્ર આપણી બેદરકારીથી જે હિંસા થાય તે માટે આપણે જવાબદાર ગણાઇએ.**

હે વાંચનાર, જેમ બને તેમ જીવદયાનો ધર્મ પાળજો, જીવહિંસા થાય નહિ તે માટે કાળજી રાખજો, પણ ઘેલા થશો નહિ.

જીવદયામાં પણ જેઓ ઘેલા થાય છે તેઓ લોકોની નજરમાં જીવદયા ધર્મને ઉતારી પાડે છે.

દયાળુ આત્માઓ સ્વર્ગે જાય છે, નિર્દય આત્માઓ નરકે જાય છે

—ભાઈચંદ લક્ષ્મીદાસ

श्री

श्रीभजनसागर

भाग पहेलो

॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

श्रीगणपतिनी स्तुति

प्रणम्य शिरसा देवं गौरीपुत्रं विनायकम् ।
भक्तावासं स्मरेन्नित्यमायुष्कामार्थ सिद्धये ॥
सुमुखश्चैकदंतश्च कपिलो गजकर्णकः ।
लंबोदरश्च विकटो विघ्ननाशो विनायकः ॥

મંગળાચરણ

(રાગ–નંદકે લાલા હો મતવાલા)

વિઘ્નહરન ગવરીકે નંદન સમરું સદા સુખકારી. (ટેક)
જીસી સુમરનસેં પાપ કટત હૈ નિરમલ હૈ મતિ મોરી–વિ૦
અવગુન બહોત, ગુન નહિ એકે; માફ કરો ચૂક મોરી–વિ૦
નિરમળદાસ સંતનકો સેવક વિનતિ કરું મેં તોરી–વિ૦

१-अखो भक्त

પદ ૧—રાગ કાફી હોસેની

સંતો રે પ્રેમ ભળકે લડીએ રે, હું મમતાને મેલી કરી;
સંતો સાથે ભળિયે રે......... (ટેક)

સત્યની સમશેર બાંધીએ, ખાંડું ક્ષમાનું ધરીએ રે;
શૂરાપૂરાના ક્ષેત્રમાં, કેસરિયાં કરીએ રે— સંતો૦

દળ સામાં પગલાં ભરી, નિશાને ચડીએ રે;
બ્રહ્મા-વિષ્ણુના ભેદમાં, ભાથાંથી ભળીએ રે— સંતો૦

ઘીનો ઘડો અગ્નિ ધરી, પ્રજળવા ન દઇએ રે;
જેથી વ્યાપે કામના, તેની ક્રિયા ન કરીએ રે— સંતો૦

પચવીશના પિયુ આવશે, સોળ શણગાર ધરીએ રે;
પાંચે ઇન્દ્રીને વશ કરી, છોગાં મેલીને ફરીએ રે— સંતો૦

સ્વરગનાં સામિયાં આવશે, વિમાને ચડીએ રે;
કર જોડીને અખો કહે, સાચા શામને મળીએ રે— સંતો૦

પદ ૨—રાગ ધોળ

કાગળ શ્રીસદ્ગુરુ લખે, એના વિરલા કોઈ વાંચણહાર. (ટેક)

જ્ઞાનવૈરાગનો દેહ ધર્યો, માંહિ જોગપણાનો જીવ;
ભક્તિ-આભૂષણ પહેરિયાં રે, એનાં સેવક શમ દમ છે જ—કા૦

શીલવતી ખડિયો કર્યો રે, માંહી પ્રેમતણી છે શાહી;
કલમ બુદ્ધિ સન્ય છે રે, એમાં અદ્વૈત-આંક જણાય—કા૦

સુરત તુરતની લીટી દોરી, માંહે વાણીતણી છે ઓળ;
વેચાર અક્ષર ત્યાં લખ્યા, પછી ઉતારી પાટણ પોળ-કા૦
સમજણ કાનો માત્ર રે, વળી માથા ઉપર છે શૂન્ય;
તે ઉપર પરિબ્રહ્મ છે રે, તેમાં નથી કાંઈ પાપ પુન્ય-કા૦
કોટિ પંડિત વાંચી મૂવા રે, પઢી પઢી વેદ-પુરાણ;
અક્ષર એક ન આવડયો રે, તેમાં થાક્યા છે જાણસુજાણ-કા૦
અંધે તે કાગળ વાંચિયો રે, બહેરે તે સુણ્યો કાન;
મૂંગાએ ચર્ચા બહુ કરી રે, તેનાં વેદ કરે છે વખાણ-કા૦
અમરાપુરી નિજ ધાટમાં રે, ત્યાં છે તેનો વાસ;
કર જોડી અખો કહે રે, એવા દુર્લભ મળવા દાસ-કા૦

પદ ૩

સાંતીડું જોડીને સમજાવિયે, રૂડા રામનાં બીજ લઈ વાવિયે. (ટેક)
દયામયાના ડોળિયા પ્રાણી,
પ્રેમનાં જોતર વાળ, પ્રાણી ! પ્રેમનાં જોતર વાળ;
રાસ લેજ ગુરુ જ્ઞાનની, તારે સંત પરોણો હાથ-સાંતીડું૦
પહેલી ગણ પધોરની પ્રાણી,
કાળનાં ગુંડા કાઢ, પ્રાણી ! કાળનાં ગુંડા કાઢ;
બીજી ગણ બહુ નામની તારાં, પાપ સમૂળાં જાય-સાંતીડું૦
ત્રીજી ગણ ત્રિભોવનની પ્રાણી,
તૃષ્ણા-બેડી ટાળ, પ્રાણી ! તૃષ્ણા-બેડી ટાળ;
ચોથી ગણ ચત્રભુજની તારાં, ખેતર આવ્યાં તાર-સાંતીડું૦
ત્રાટકતી આવી વાવણી ભાઈ,
સત્યની ઓરણી બાંધ, પ્રાણી ! સત્યની ઓરણી બાંધ;

પાંચ આંગળીએ પૂરજો, તારે લાખે લેખાં થાય-સાંતીડું૦
ઊગીને જ્યારે ઓળે ચઢયું પ્રાણી,
વાડની મ કર વેલ, પ્રાણી! વાડની મ કર વેલ;
ચારે દિશાએ રખિ સુરતા, એથી પાકશે રૂપારેલ-સાંતીડું૦
પોંક આવ્યો હવે પાકશે પ્રાણી,
મનનો મેડો નાખ, પ્રાણી! મનનો મેડો નાખ;
ગોફણ લેજો જ્ઞાનની ભાઈ, પ્રેમના ગોળા ફેંક-સાંતીડું૦
ઢળીડો આવ્યો ઢાળવા પ્રાણી,
ઢાળ, ભલેરી થાય, પ્રાણી! ઢાળ ભલેરી થાય;
ખાઓપીઓ,ધન વાવરો,એનો ભોગ ભગવાનને જાય-સાંતીડું૦
ગાણું ગાજો હવે જ્ઞાનનું ભાઈ,
હૈયાની હુંપદ હાર, પ્રાણી! હૈયાની હુંપદ હાર;
અખો કહે પ્રભુ ભજ્યા વિના, નહિ ઊતરો ભવપાર-સાંતીડું૦

પદ ૪

એક દિન એવો આવશે તે સબળ મારા રૂદિયામાં સાલેજી,
સગાં રે મિત્રને કારણે કોઇનુ જોર નવ ચાલેજી;
કાઢો કાઢો એને સૌ કરે, જાણે જન્મ્યો નોતોજી—એક૦
ઘટનો ઘુંઘટ અળગો કરો, રોકયા, દશે દરવાજાજી;
કાળે કાયાનો ગઢ ઘેરિયો, રોકયો દેહનો રાજાજી—એક૦
સોળ રે વરસની સુંદરી, ઊભી ટગમગ જુવેજી,
આ રે કાયામાં હવે કાંઇ નથી, ઊભી ધ્રુસકે રૂવેજી—એક૦
વેદ, વીટી ને સાંકળાં, નાનાવિધના વાઘાજી;
કુટુંબ મળ્યું સહુ નાનકું, સર્વે લુંટવાને લાગ્યાજી—એક૦

મેની વળામણ શેરીએ, માતા ઝાંપેથી વળશેજી;
સગાં રે સગાં રે તમે શું કરો, સગાં વળાવીને વળશેજી—એક૦
કોનાં છોરૂ ને કોનાં વાછરૂ, કોના મા અને બાપજી;
અંત કાળે જવું એકલું, સાથે પુન્ય ને પાપજી—એક૦
એક નહિ રે ત્રાપો, નહિ તુંબડાં, નહિ ઉતારાનો આરોજી;
કર જોડી અખો એમ બોલિયા, પ્રભુ મને પાર ઉતારોજી—એક૦

પદ ૫

તિલક કરતાં ત્રેપન થયાં, ને જપમાળાના નાકાં ગયાં,
તીરથ ફરી ફરી થાક્યા ચર્ણ, તો ય ન પહોંચ્યો હરિને શર્ણ;
કથા સુણી-સુણી ફૂટયા કાન, તો ય અખા ન આવ્યું બ્રહ્મજ્ઞાન.
વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યા–બેટી ઉછેરી ઘેર,
વ્યાસ કથા કરે ને રડે, જાણે દ્રવ્ય અદકેરું જડે;
જો જાણે વાંચ્યાની પેર, તો અખા કાં વાંચે નહિ ઘેર?
ખટદર્શનના જૂજવા મતા, માંહોમાંહી ખાધી ખતા,
એકનું થાપ્યું બીજો હણે, અન્યથી આપને અધિકો ગણે;
અખા એ અંધારો કૂવો, ઝગડો ભાંગી કોઈ ન મૂઓ.
જ્યાં જઈએ ત્યાં કૂડેકૂડ, સામેસામાં બેઠાં ઘૂડ,
કોઈ વાત આવી સૂરજની કરે, તો તેની સામે ચાંચ જ ધરે;
આટલા દિવસ અંધારે ગયા, તમે આજ કયાંથી ડાહ્યા થયા?
ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર,
સંસ્કૃત બોલ્યાથી શું થયું, પ્રાકૃતથી શું નાસી ગયું?
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર.

વણસમજે દાવા—મત ઘણા, પંથ વખાણે પોતા તણા,
ટળવું ઘટે ત્યાં સામા થાય, વણસમજે બહુ વાંકા જાય;
પ્હેર્યો વેપ ને વાધી ટેક, એ અખા કેમ થાયે એક?
આતમ સમજ્યો તે નર જતિ, શું થયું ધોળાં—ભગવાં થકી,
બોડે, તોડે, જોડે વાળ, એ છે સૌ ઉપલી જંજાળ;
પ્રીછીને સંદેહે આપ, તો અખા હરિ જાણે આપ.
દેહ—અભિમાન હતું પાશેર, વિદ્યા ભણતાં વાધ્યું શેર,
ચરચા વદતાં તોલું થયો, ગુરુ થયો તો મણમાં ગયો;
અખા હલકાથી એમ ભારે થાય, આત્મજ્ઞાન સમૂળગું જાય.
મૂંડ મુંડાવી હરિને કાજ, લોક પૂજે ને કહે મહારાજ,
મન જાણે હરિએ કૃપા કરી, માયામાં લપટાયો ફરી;
અખા સૌનું કરે કલ્યાણ, પણ એને હરિ મળ્યાની હાણ.
મોટી તાણ છે પંથો તણી, નથી જૂજવા એક છે ધણી,
નિજ ઇષ્ટની પાળવી ટેક, સકળ સૃષ્ટિનો અધિપતિ એક;
જેમ રાજા એક, પ્રજા જૂજવી, અખા એ રીતે જુવે અનુભવી.
દર્શન—ભેદ દાવા—મત ઘણા, બાંધી રહ્યા ગઢ આપ આપણા,
એક એક પેં ઢુંકી રહ્યા, અમે પામ્યા બીજા વ્હેતા ગયા.

પદ ૬

અદ્ભુત આનંદ આયા, અબ મોહે, અદ્ભુત આનંદ આયા,
કિયા કરાયા કછુબી નાહીં, સેજ પિયાકું પાયા—અબ૦
દેશ ન છોડ્યા, વેષ ન છોડ્યા, ના છોડ્યા સંસાગ,
જાગનિદ્રામેં જબ પડા નો, મિટ ગયા સપના સાગ—અબ૦

ભલા કહે કોઈ બૂરા કહે કોઈ, અપની મતિ અનુસારા,
અખા લોહકું પારસ પરસા, સોના ભયા સોનારા—અબ૦

પદ ૭

આતમ એક છે હાં, એક ઓદર એક ખાણ રે. (ટેક)
બ્રહાર આવ્યા પછી ઉત્તમ મધ્યમ, થઈ છે તાણાવાણ—આતમ
બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર ને વર્ણ કર્યા છે અઢાર;
સર જોતાં સોનું એક છે, ઘડિયા ઘાટ અપાર—આતમ
જ્ઞાનદષ્ટિએ જુઓ તપાસી, મા કરો તાણાતાણ;
સર જોતાં શેરડી એક છે, ગોળ, સાકર ને ખાંડ—આતમ
નવસેં નવાણું નદીનાં નીર છેરે, એને જૂજવાંજૂજવાં જાણ;
મહા સિંધુમાં જઈ ભળ્યાં, નીર પ્હોંચ્યાં નિર્વાણ—આતમ
હસ્તી કેરાં હાડકાં રે, કરમાં પ્હેરે સુહાગણ નાર;
નવાણુ ચોદિ જઈ કરે એ તો, દેખીતું પાખંડ જાણ—આતમ
આચારીને સદા ય અગવત, મૂળમાં જોતાં મરમ;
કહે અખો એવા ભરમે ભૂલ્યા, કોઈક છૂટે કરમ—આતમ

પદ ૮—ઝૂલણા

આતમા પામવા કોઈ ઇચ્છા કરે,
સંતને સેવવા મન શુદ્ધે;
ભવરોગ વામવા સેખ ભાવે લહે,
આરોગતાં આવે જેમ સાકર દૂધે—આતમા૦
સુલભ મારગ તે સંત કેરી કળા,

પાંખને બળે જેમ પંખીડાં પરવરે,
એમ સમજ આવે જ્ઞાન ઘાટે—આતમા૦
જ્ઞાન વૈરાગ્ય ને પ્રેમ આતૂરતા,
નવધા કેરું માંઈ સમજ ન્યારું;
પૂરી તે સમજણે પૂરા ગુરુ થકી,
નહિ તો કૂંચી વિના કૂંચ્યું તાળું—આતમા૦
હજી હટકટા હોય પરિગ્રહની,
તો પ્રથમ પરવર જે શુદ્ધ સંગે;
સતસંગ કર તો એવો કરજે અખા,
પ્રગટે પ્રાણનાથ તે આપ અંગે—આતમા૦

૨–अखेयो

પદ ૯

સાધુ થયા ત્યારે શું થયું, ન ભજ્યું નારાયણનું નામ;
ખાલી દેહ રે મારી ટળવળે. .... (ટેક)
આવ્યા ત્યારે તો દો જણા, જવું રે એકાએક ખાલી૦
કાચી મેડી જ્યારે અજબ જરૂખા, ખટકે હિંડોળા ખાટ ખાલી૦
કૂપે ભરી રે નગાવરી, માનીરે બાંધી પાળ. ખાલી૦
ગુરુને પ્રતાપે બોલ્યા અખૈયો સાધુનો અમરાપુર વાસ ખાલી૦

પદ ૧૦

શીગ ભાન વાજિંત્ર વધાવજો, વધાવજો રે હાં.
નાગા મનગુરુ મુનિવર મેવિયે. (ટેક)

મેતને પાટે રે જમો જાગશે, મળશે નર ને નારી રે;
મોટા મોટા મુનિવર આવશે, બેસે આસન વાળી રે.–વીરા૦
ચંપો, મરવો ને ડેવડો, લીલૂડી નાગરવેલ રે;
ફાલીફૂલી વાડી ઊલટી, મનની આંટિયું મેલ રે.–વીરા૦
છડિયુંવાળા રે ચાલી નીકળ્યા, પંથે નહિ પૂગો પાળા રે;
ભલાઇવાળા રે ભેટશે, કુડિયા દેશે મોટાળા રે.–વીરા૦
સામટો સ્વારથ તમે કાં કરો ! ફળ તમે ખાઓને વેંચી રે;
આવતા અભ્યાગતને ઓળખો, કાં બેઠા આંખ વીંચી રે !–વીરા૦
ભાવતાં ભોજન તમે કાં જમો, કાં થાઓ આપે અકારા રે !
ધણીના દરબારે લેખું પૂછશે, મારશે સોટાના મારા રે.–વીરા૦
શૂરા રે હોય સો સન્મુખ રહેવે, પગલાં નહિ ભરે પાછાં રે;
શીશ પડે ને વાઢો ધડ લડે, ધડ ડગલાં ભરશે સાચાં રે.–વીરા૦
રેવું રે સતધર્મના પંથમાં, ખેલવું ખાંડાની ધારે રે;
ભૂતનાથ ચરણે અખૈ ભણે, સદ્દગુરુ પાર ઉતારે રે.–વીરા૦

३–अवरमल्ल

પદ ૧૧–રાગ લાવણી

ખબર નહિ આ જુગમેં પલકી, ખબર નહિ આ જુગમેં પલકી;
સુકૃત કરના હોય સો કર લે, કો જાને કલકી ! કો જાને કલકી !
આ દોસ્તી હે જગવાસીકી, કાયા મંડળકી, કાયા મંડળકી;
સાસ ઉસાસ સમર લે સાહેબ, આયુ ઘટે પલકી, આયુ ઘટે પલકી.
તારામંડળ, રવિ–ચંદ્રમા, સબ હે ચલનેકી, ભલાજી સબ હે ચલનેકી
દિવસ ચારકી ચમકારિ જ્યું બીજલિયાં ચમકી બીજલિયાં ચમકી

કૂડકપટ કર માયા જોડી, કર બાતાં છલકી કર બાતાં છલકી.
પાપકી પોટલી બાંધી સિર તેં, કયું હોવે હલકી ! કયું હોવે હલકી !
એ જુગ હૈ સુપનેકી માયા, બુંદ જૈસે જલકીબુંદ જૈસે જલકી.
તાણો તૂટે વાર ન લાગે, ખલક ભરી ખલકી, ખલક ભરી ખલકી.
મન માવત તનચંચલ હસ્તી, મસ્તી હૈ બલકી મસ્તી હૈ બલકી
સતગુરુ શબ્દ ધરો શિર ઉપર, ચલ મારગ સતકી, ચલ મારગ સતકી.
જબ લગ હંસા રહે દેહમેં, ખુશિયાં મંગલકી ખુશિયાં મંગલકી.
હંસા છોડ ચલા જબ દેહી, મિટિયાં જંગલકી, મિટિયાં જંગલકી
દયા ધરમ સાહેબકો સમરન, એ બાતાં સતકીએ બાતાં સતકી.
રાગદ્વેષ ઊપજે નહિ જિનકું, બિનતિ અબરમલકી, બિનતિ અબર૦

૯–अमरदास

પદ ૧૨

જો કોઈ નામ અમીરસ પીતા........ (૨૬)
જનમ જનમકી તૃષા બુઝાવે, હરદમ રહે નચિંતા. જો કોઈ૦
પ્રેમકે પ્યાલે ભર ભર પીવે, જમસે બાજી જીતા. જો કોઈ૦
નિશદિન પીએ, નહિ મુખ મોડે, સો અબધૂત અતીતા. જો કોઈ૦
નામભજન બિન પાર ન પાવે, કહે ભાગવત, ગીતા. જો કોઈ૦
અમરદાસ જે પીએ નામ રસ, સો સતગુરુકા મીતા. જો કોઈ૦

પદ ૧૩–રાગ સાખી

નામ જપ મન, નામ જપ મન, નામ જપ મન બાવરે;
જનમ વીતા અત નેરા, સોઈકે ગૈયા નાવ કે
[illegible] કપટકો છોડ કે, કર નામસે સતભાવ કે,

આધીન અમર રે કહે, ફિર હૈ ન ઐસા દાવ રે.
નામ જપ મન, નામ જપ મન, નામ જપ મન ભાવ રે.
નામ ગુન જો કોઈ ગાતા હૈ, કાલ નહીં ઉસકુ ખાતા હૈ;
નામકું જો બિસરાતા હૈ, ઓહી ચોરાશી પાતા હૈ.
દાસ અમર લૌ લાતા હૈ, નામ નિશદિન મન ભાતા હૈ;
સંત સુમરન કર તેરા, મિટે લખ ચોરાશી ફેરા.

પદ ૧૪

સાહેબકા નામ સાચા રે......... (ટેક)
રાજપાટ ઓર સુખ સાહેબી, સબ કામ કાચા રે. સાહેબકા૦
જૂઠા કુલ પરિવાર હૈ, બાવા ઓર ચાચા રે. સાહેબકા૦
કયા કંચન, કયા કામિની, યે જમકા ખાંચા રે. સાહેબકા૦
અમર મિટાઈ ના મિટે, સતગુરુકી વાચા રે. સાહેબકા૦

५–अमीचंद

પદ ૧૫

જિસ ગાડીમેં જાના તુઝકો એક પલ છિનમેં અબ આતી હૈ;
કુછ દેર નહીં બાંધો બિસ્તર, ઘંટી ઉપદેશ સુનાતી હૈ.
કરેશન્ટ ઔર અંજન ગરજે હૈ, સુન સુન જિયા થર થર લરજે હૈ;
કર તર્ક વતન ઉસ દેશ ચલે, જિસ્મે આતી નહીં પાતી હૈ.
એક ઊતરી એક આન સવારી હૈ, એક ચલનેકી કર રહી તયારી હૈ;
દુનિયાં એક અજબ સ્ટેશન હૈ, જહાં રેલ ચલે દિન રાતી હૈ.
જિસે જસ દર્જે મેં જાના હૈ, મહસૂલ વૈસા ચુકાના હૈ.
યહાં ટિકટ હી દેખે જાતે હૈ, નહીં પૂંછે કૌનસી

યહાં ઘૂમતે ચોર ઉચક્કે હૈ, જો દાવ ઘાત કે પક્કે હૈં;
કોઈ ગાંઠ કતર લે જાતા હૈ, કોઈ કરતા આતમઘાતી હૈ.
જબ હોતી રેલ રવાના હૈ, તબ છૂટત ખ્વેશ બિગાના હૈ;
રો રો કે પીછે દેખે હૈ, ગાડીસે પાકર જાતી હૈ.
જો તાજ ઔર તખ્તકા વાલી હૈ, અબ જાતા હાથસે ખાલી હૈ;
જો કુનબેકા અભિમાની હૈ, અબ સંગ ન ઉસકે સાથી હૈ.
કહો કયા લાયા સંગ તોશા હૈ, તેરા જિસ પર ઇતના ભરોસા હૈ;
ખાનપાનકા સંગ સામાન નહિ, લગી ભૂખ ઔર પ્યાસ સતાતી હૈ.
યદિ કિતનાહી ધન જોડેગા, ઉસે અંતકો એક દિન છોડેગા;
સંગ ધર્મકી ખિલડી જાવેગી, ઔર વસ્તુ સંગ નહિ જાતી હૈ.
કયોં લંબા પાંવ પસારા હૈ, ચંદ મિન્ટકા યહાં તો ગુજારા હૈ;
કયોં લદે હૈ સાથ મુસાફરોં કે, તૂ અમીચંદ બડા ઉતપાતી હૈ.

૬–अनन्त

પદ ૧૬

અંતે એ જ પ્રભુ અલબેલા લેવા આવશે રે, દયા દર્શાવશે રે.
નાડી બધી તૂટતી જશે, વ્યાકુળ જીવ ઘણો ગભરાશે,
ત્યારે સત્વરે શાંતિ હૃદે રેલાવશે રે —અંતે એ જ પ્રભુ૦
દુઃખ સૌ દેહના દૂર નિવારી, જ્ઞાન કરશે દીનબંધુ મુરારિ,
મનહારી નિજ રૂપ આવી જણાવશે રે —અંતે એ જ પ્રભુ૦
જગતમોહ નયનો વિસરાવી, દિવ્ય જ્ઞાન દિલમાં પ્રગટાવી,
પગ ભક્તિની પૂરણ મસ્ત બનાવશે રે —અંતે એ જ પ્રભુ૦
શાંતિ ઉમંગે નીરખી નમતી, દીવ્ય દેહ શોભતા વદનથી,
અનન્ત [illegible] જ નિભાવશે રે —અંતે એ જ પ્રભુ૦

૭–આશારામ

પદ ૧૭-ગરબી

("આ મનોદરી રામને નમવાનો મારે નેમ છે" એ રાગ)

ઓ રઘુવરજી, રાતદિવસ મને રહેજો રટણ તમારું;
હું તો એ માગું, જગતતણું સુખ સરવે લાગે ખારું....(ટેક)
તમે પતિતપાવન છો સ્વામી, હું તો ભોળો લંપટ ને કામી;
તે તો જાણો છો અંતરજામી. –ઓ રઘુવરજી૦
નથી જપતપ સાધન કાંઇ કર્યું, નથી ચરણકમળમાં ચિત્ત ધર્યું;
મન રેંટમાળની પેઠે જાય ફર્યું. –ઓ રઘુવરજી૦
મને માયા કટક લાગ્યું પૂંઠે, નિત્ય ઘેરીને તે મુજને લૂંટે;
તમે છોડાવો તો તે છૂટે. –ઓ રઘુવરજી૦
તમે રવિકુળકેરા મુકુટમણિ, રખે અવગુણ ઉરમાં રાખો ગણી;
ક્ષણું દૃષ્ટિ કરોને મુજ રંક ભણી. –ઓ રઘુવરજી૦
જો આ અવસરમાં કરં સાહ્યો, કરો મૂરખ પોતાનો ડાહ્યો,
આશારામ ગુલામ છે ઘર જાયો. –ઓ રઘુવરજી૦

પદ ૧૮

હે રઘુવરજી! આ અવસરમાં રાખોને લજ્જા મારી;
મને મહેર કરી, સેવક જાણી રાખો પાસ તમારી.
મને રામભક્ત સૌ ઠો કહે છે, પણ કામ ક્રોધ મદ ભારે છે
મને લોભ. મોહ અતિ દુઃખ દે છે—હે રઘુવરજી૦

મને અશનવ્યસન નિંદા નેડો, મારા પાપ તણો ના આવે છેડો;
મમતા મત્સર ન તજે કેડો—હે રઘુવરજી૦

મને દશે દિશે ઇન્દ્રિયો તાણે, ચિત્ત-બુદ્ધિ રહે નહિ ઠેકાણે;
કેમ ઊગરું હું આવે ટાણે!—હે રઘુવરજી૦

તમે દીનબંધુ રઘુકુલમણિ, રખે અવગુણ આણો ઉર ભણી;
ક્ષણ દષ્ટિ કરો આ રંક ભણી—હે રઘુવરજી૦

હું તો કંઈક કર્મનો કરનારો, નથી ઊગરવા એક આરો;
આશારામ કહે ભવજલ તારો—હે રઘુવરજી૦

પદ ૧૯

અમે ધરબાર ગામને મેલ્યાં છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં.
અમે છૈયે ગાંડાં ને ઘેલાં છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં.
તારી ધજા ગગનમાં ફરકે છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં.
તને દેખીને દાસ તુજ હરખે છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં.
તારા દ્વાર પર નોબત વાગે છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં.
તુ ભવભય ભક્તોના ભાગે છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં.
સામે ડાકનાથ દેવનો આરો છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં.
[illegible] છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં
અમે [illegible] છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં
અમે [illegible] છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં
[illegible] છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં
[illegible] ડાકોરવાળા તારી યાત્રામાં

તને માખણ ધરાય છે સારો છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં
અમે માગશું પરસાદ તારો છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં
થાય દેરામાં દર્શન સારાં છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં
ટળ્યાં જન્મમરણુ દુઃખ મારાં છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં
અમે ઘરબાર ગામને મેલ્યાં છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં
અમે છૈયે ગાંડાંને ઘેલાં છોગાળા, ડાકોરવાળા તારી યાત્રામાં

પદ ૨૦

તારી ભક્તિ બોડાણાને ભાવી રે, રણછોડ રંગીલા.
જેણે હાથમાં તુલસી વાવી રે, રણછોડ રંગીલા.
ચરણારવિંદે પ્રેમથી ચડાવી રે, રણછોડ રંગીલા.
તને પ્રીતિ એના પર આવી રે, રણછોડ રંગીલા.
મહા મજરો દીધો મધ્યરાતે રે, રણછોડ રંગીલા.
આવ્યા બોડાણાને લઈ સાથે રે, રણછોડ રંગીલા.
દયા કરી ડાકોરમાં પધાર્યા રે, રણછોડ રંગીલા.
ગૂગળીને ઘરે પાછા વાળ્યા રે, રણછોડ રંગીલા.
આપે પ્રત્યક્ષ પારખું દીધું રે, રણછોડ રંગીલા.
આખા લીંબડામાં એક ડાળું મીઠું રે, રણછોડ રંગીલા.
સામે દર્શન થાય છે સારાં રે, રણછોડ રંગીલા.
ગુણ ગાય નિત્ય ભક્તો તમારા રે, રણછોડ રંગીલા.
આશારામને આશરો ભારી રે, રણછોડ રંગીલા.
વ્હાલા ! ભવથી પાર દ્યો તારી રે, રણછોડ રંગીલા.

પદ ૨૧

રામ રામરે—
રાણી રૂએ રાજ્યમહેલમાં, રૂએ દાસી દરબાર રે,
પોપટ રૂવે પાંજરે, થયો ઘોર અંધાર રે;
જોદ્ધા માણીગર બંધવા !

રામ રામરે—
ચોરા સૂના, કચેરી સૂની, સૂની સેજ-તળાઈ રે;
સૂના ઝરૂખા, સૂનાં માળિયાં, કોણ માણશે ભાઈ રે!—જોદ્ધા૦

રામ રામરે—
હાથી ઝૂરે ઊભા હાટમાં, ઘોડા ઝૂરે ઘોડાર રે;
ધોરી ઝૂરે રથ જોતર્યા, ઝૂરીએ નવ નાર રે—જોદ્ધા૦

રામ રામરે—
નથી ત્યાં ઘર મોસાળનું, નથી કાકાનાં ધામ રે;
રણમાં સૂતા તમે એકલા, તજ્યું જગત તમામ રે જોદ્ધા૦

રામ રામરે—
કર્મ કર્યાં બહુ ભાતનાં, થયા જીવ અનાથ રે,
પછે પડ્યા [illegible], [illegible] સાથ રે જોદ્ધા૦

રામ રામરે—
[illegible] પાતાળ રે
[illegible] કાળ રે જોદ્ધા૦

પદ ૨૨

મરવા ટાણે, હોય રાજા કે ભલે રંક રે.
મરવા ટાણે, નિર્બલ હોય કે નિર્ધંક રે.
મરવા ટાણે, ડહાપણ સઘળું રહે દૂર રે.
મરવા ટાણે, નકામાં નખરાં ને નૂર રે.
મરવા ટાણે, ગાત્રો બધાં ગભરાય રે.
મરવા ટાણે, શક્તિઓ સઘળી સમાય રે.
મરવા ટાણે, ગર્વ બધો ગળી જાય રે.
મરવા ટાણે, હુશિયારી સર્વ હરાય રે.
મરવા ટાણે, ધન-દોલત બધું ધૂળ રે.
મરવા ટાણે, કામ ન આવે ઊંચું કુળ રે.
મરવા ટાણે, જબરાનું નવ ચાલે જોર રે.
મરવા ટાણે, થઈ જાય અંધારું ઘોર રે.
મરવા ટાણે, ખબર કે નહીં સમાચાર રે.
મરવા ટાણે, ઓચિંતા આવે મોટા માર રે.
મરવા ટાણે, દાબ્યું દરદ ન દબાય રે.
મરવા ટાણે, એકે મળે ન ઉપાય રે.
મરવા ટાણે, પાપી જનો પસ્તાય રે.
મરવા ટાણે, ધર્મીની જય જય થાય રે.
મરવા ટાણે, સંત સંગત કરે સહાય રે.
મરવા ટાણે, ભક્તિથી દુઃખ દૂર થાય રે.

૯–આનંદઘન

પદ ૨૩–રાગ બિહાગ

બેર બેર નહિ આવે, અવસર બેર બેર નહિ આવે....(ટેક)
જ્યૂં જાણે ત્યૂં કર લે ભલાઈ, જન્મોજન્મ સુખ પાવે–અવસર૦
તન, ધન, જોબન, સબહીં જૂઠો, પ્રાન પલકમેં જાવે–અવસર૦
તન છૂટે, ધન કૌ ન કામકો, કાયકું કૃપણ કહાવે?–અવસર૦
જાકે દિલમેં સાચ બસત હૈ, તાકું જૂઠ ન ભાવે–અવસર૦
આનંદઘન પ્રભુ,ચલત પંથમેં,સમરી સમરી ગુન ગાવે–અવસર૦

પદ ૨૪–રાગ સારંગ

અનુભવ તું હય હેતુ હમારો ... . (ટેક)
આય ઉપાય કરો ચતુરાઈ, ઓરકો સંગ નિવારો–અનુભવ૦
તૃષ્ણા રાંડ ભાંડ કી જાઈ, કહા ઘર કરે સવારો!
શઠ ઠગ કપટ કુટુંબહી પોખે, ઉનકી સંગતિ વારો–અનુભવ૦
કુલટા કુબુદ્ધિ સંગ ખેલકે, અપની મત ક્યૂં હારો?
આનંદઘન સમતા ઘર આવે, બાજે જીત નગારો–અનુભવ૦

પદ ૨૫–રાગ આશાવરી

અવધુ ક્યા માગું ગુનહીના, વે ગુન ગનન પ્રવીના (ટેક)
ગાઈ ન જાનું, બજાઈ ન જાનું, ન જાનું સુર ભેવા,
રીઝ ન જાનું, રિઝાઈ ન જાનું, નહિ જાનું પદસેવા–અવધુ૦
વેદ ન જાનું, કિતાબ ન જાનું, જાનું ન લક્ષન છંદા;
તર્ક, વાદ વિવાદ ન જાનું, ના જાનું કવિ ફંદા–અવધુ૦

જપ ન જાણું, જુવાબ ન જાણું, નવ જાણું કછુ મંત્રા:
સિદ્ધ રસાયન હું નવ જાણું, ઔષધ-ભેષજ તંત્રા—અવધૂ૦
ભક્તિ ન જાણું, વિજ્ઞાન ન જાણું, ના જાણું બ્રહ્મનામા:
આનંદઘન પ્રભુ કે પરતાપે, રટન કરું ગુણધામા—અવધૂ૦

९—आनंदतनय

પદ ૨૬

સબ જગ રૂઠા રૂઠન દે, મેરા રામ ન રૂઠા જાએ,
અબ આએ. —સબ જગ૦
પ્રહ્‌લાદ બેટા ખાંબરી લપટા, નરસિંહરૂપ દિખાએ,
અબ આએ. —સબ જગ૦
ભરી રે સભામાં લજ્જા રાખી, દ્રૌપદીકા ચીર બઢાએ,
અબ આએ. —સબ જગ૦
મહાભારતમેં ઓહિયા ડાલી, ઘંટા તૂટ બચાએ,
અબ આએ. —સબ જગ૦
આનંદતનય દાસ તુમ્હારે, ભક્તનકી લાજ બઢાએ,
અબ આએ. —સબ જગ૦

१०—आत्माराम

પદ ૨૭

સખી પડવે તે પંથે ચાલ્યા રે,

સાથે સીતાને લછમન બાલા;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી બીજ મઢીમાં બિરાજે રે,
રૂડી નદીઓ તણાં નીર ગાજે રે,
રામ મેલી ગયા રૂડું રાજ;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી ત્રીજે તે વન કેરી ઝાડી રે,
વનફળ મંગાવે છે દહાડી રે,
સારી શોભે સીતાજીની વાડી;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી ચોથે કેવડિયો મહેકે રે,
ફાલ્યોફૂલ્યો ને મોગરો મહેકે રે,
લીલી લતાઓ વન તણી લહેકે;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી પાંચમે પોપટ પાળ્યો રે,
પાંખ લીલી ને કાંઠલો કાળો રે,
મુખે રામ ભણંતો ભાળ્યો.
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે
સખી છઠે છેતરવા આવ્યો રે,
કેડો કપટી રાવણ સાથ લાવ્યો રે.
સુતરૂં મુખનો મૃગ બનાવ્યો.
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે
સખી સાતમે શ્રીહરિ સમર્યા રે,
વાડી મેલી ઉગાર્યા લખમન રે.

ડંખસહિત તાણ્યા છે ડમરા;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે,
સખી આઠમે રામે નિહાળ્યો રે,
ધનુષ ધારીને મૃગલો માર્યો રે,
મૃગે મરતાં એમ નામ પોકાર્યો;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી નોમે તે નાખ્યું તીર રે,
જઈ વાગ્યું મૃગને શિર રે,
ધાજો ધાજો લક્ષ્મણ વીર;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી દશમે સીતા કહે લક્ષ્મણને રે,
બેલી વીરો બોલાવે છે તમને રે,
આડી આણ દીધી છે અમને;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી એકાદશી અપવાસી રે,
લંપટ લેવાને લાગ તપાસી રે,
રાવણ સીતાને લઈ ગયો નાસી;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી બારસે હનુમાન બળિયો રે,
ઠેકી સમુદ્ર પાર નીકળિયો રે,
જઈ જોગમાયાને મળિયો;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી તેરસે ત્રંબાળુ ગાજે રે,
હાક હનુમાન કેરી વાગે રે,

લ્હાય લંકા તે ગઢમાં લાગે;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી ચૌદશે ચિત્ત વિચારી રે,
ફોજ વાંદરાની રચી સારી રે,
રામે રાવણને નાખ્યો મારી;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી પૂનમે પ્રભુજી આવ્યા રે,
થાળ ભરી મોતીડે વધાવ્યા રે,
માતા કૌશલ્યાને મન ભાવ્યા;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.
સખી પંદરે તિથિ થઈ પૂરી રે,
એમાં એક નથી અધૂરી રે,
આત્મારામની વાણી મધુરી;
રઘુપતિ રામ રૂદયામાં રહેજો રે.

૧૧—इच्छादास

પદ ૨૮–રાસ

(" મધરાતે મોરલીની તેજ વાગી રે " એ ઢાળ.)
મારો વાલો મગન વિહારી રે,
તેણે દેહ જગતમાં ધારી રે—મારે.
ગોપીઓનાં ચિત્ત ચોર્યાં રે,
તેનાં પ્રેમ પાનેં લઈ પીધાં રે—મારે.

[illegible]મેતાની હુંડી સિકારી રે,
હરિ રૂપ શામળશાનું ધારી રે—મારો૦
રાજા સતવાદી ભારી રે,
એને ઘરે દમયંતી નારી રે—મારો૦
તો રાજ મેલીને વન ચાલ્યા રે,
હરિ દયા કરીને હાથે ઝાલ્યા રે—મારો૦
જ હરિશ્ચંદ્ર રાણી રોહીદાસા રે,
એણે મેલી જગતની આશા રે—મારો૦
[illegible]મદેવની છત છપાઈ રે,
હરિ મ્રતક ગાય જિવાડી રે—મારો૦
[illegible]પીપો રાજા સીતા તેની નારી રે,
એક ફીધો સેવક સંગ ભારી રે—મારો૦
જેદેવજી અષ્ટપદી ગાઈ રે,
પોતે મુઈ તે ગાય જિવાઈ રે—મારો૦
ધને ભક્તે ખેતર વેળુનાં વાવ્યાં રે,
એતો ઘઉંનું ગાડું ઘરે લાવ્યા રે—મારો૦
ભક્તિ કરે પ્રહ્‌લાદજી ભારી રે,
હરિ થંભ ફોડી રૂપ ધારી રે—મારો૦
શ્રી બાઈ તે જાતની કુંભારી રે,
હરિ માંજારીનાં બાલક ઉગારી રે—મારો૦
દેવા પંડયો તે પૂજારી રે,
હરિ પોતે સફેત કેશ ધારી રે—મારો૦

મોરધ્વજને ઘરે હરિ આઈ રે,
એનું શીશ માગ્યું વેરાઈ રે—મારો૦

બળિરાજા પાસેથી દાન લીધું રે,
હરિ તે દિ' વામન રૂપ કીધું રે—મારો૦

શેઠ સગાળશા ચંગાવતી રાણી રે,
હરિએ કુંવર માગ્યો પ્રેમ જાણી રે—મારો૦

સેન ભગત સંત સેવા માની રે,
હરિ પોતે રાજાને રિઝાઈ રે—મારો૦

રંકા વંકા ભારી વેચી ખાતાં રે,
એનો હેતે હરિના ગુણ ગાતાં રે—મારો૦

સુધન્વાને અંગે પ્રેમ ભારી રે,
હરિ દીધી કડા તેની ઠારી રે—મારો૦

જ્યારે ગિનકાએ હરિમાં ચિત્ત દીધો રે,
તેને હાથે હરિએ મુકુટ લીધો રે—મારો૦

એક મામો ભાણેજ બીજે સંગે રે,
એ નો રીઝયા હરિને પ્રેમરંગે રે—મારો૦

ગુરુ કીધા શ્રાવક બોધ લીધો રે,
રંગનાથનો મંદિર પૂરો કીધો રે—મારો૦

ભક્ત ડારવાની બીક સંભારી રે,
મંદિર ફેર્યાં છે આપ મુરારિ રે—મારો૦

[illegible] નાને આગની દીધી રે,
હરિએ દામ [illegible]ને માર દીધી રે—મારો૦

મે બાઈએ સુતને વિષ દીધો રે,
સંત આવી કુંવર બેઠો કીધો રે—મારો૦

કિ કરે અમરીષ પોતે રાજ રે,
ચક્ર મેલી કીધાં તેનાં કાજ રે—મારો૦

ખ મેટી વિખ્યા હરિએ કીધી રે,
ચંદ્રહાસને રાજગાદી દીધી રે—મારો૦

ક્ત જેમલજી રૂપ જુદ્ધ જીત્યા રે,
શત્રુ મારીને રાજપાટ દીધાં રે—મારો૦

મક્ત ભવાન હરિગુણ ગાતો રે,
કાષ્ટ તરવારે લાખ પટો ખાતો રે—મારો૦

પોઠ ભરી કબીરજીને દીધી રે,
એણે સંત સેવા બહુ કીધી રે—મારો૦

સબરી બાઈનાં બોર હરિ લીધાં રે,
તેનાં કામ સફળ હરિએ કીધાં રે—મારો૦

ગજ બૂડતાં નામ ઉચાર્યો રે,
ઝૂડ મારીને ભક્ત ઓધાર્યો રે—મારો૦

સતી દ્રૌપદીનું ચીર જે દિ' તાણ્યું રે,
હરિએ કર્યા તે નવસેં નવાણું રે—મારો૦

એવા દીનદયાળ સંગે રે'જે રે,
દાસ ઇચ્છાને શરણે લેજે રે—મારો૦

१२—एकनाथ

પદ ૨૯

હરિ બોલા દેતાં, હરિ બોલા ઘેતાં,
હંસતાં ખેળતાં, હરિ બોલા.
હરિ બોલા ગાતાં, હરિ બોલા ખાતાં,
સર્વ કાર્ય કરિતાં, હરિ બોલા—હરિ૦
હરિ બોલા એકાંતી, હરિ બોલા લોકાંતી,
દેહ ત્યાગા અંતી, હરિ બોલા—હરિ૦
હરિ બોલા ભાંડતાં, હરિ બોલા કાંડતાં,
ઊઠતાં, બેસતાં, હરિ બોલા—હરિ૦
હરિ બોલા જની હરિ બોલા વિજની,
એકા જનાર્દની હરિ બોલા—હરિ૦

પદ ૩૦

ધન્ય આજ દિન સંત દર્શનાચા, અનંત જન્મીંચા શીણુ ગેલા,
ભજ વાટે ત્યાચી આલિંગન દાવે, કદ ન છોડાવે ચરણ ત્યાચે.
ત્રિવિધ તાપાંચી ઝાલી બોળવણ, દેખિલે ચરણ વૈષ્ણવાચે,
એકા જન[illegible]ની ઘડો ત્યાચા સંગ, ન વ્હાવા વિયોગ જન્મો જન્મી.

પદ ૩૧

[illegible] ને હરિરૂપ, પૂજા ધ્યાન જપ ત્યાચી નાહીં,
[illegible] કેલીં દેવ, નગાચિત્ દાવ કરિતા કોઠે.
[illegible] ઠાંત, અનંતાસી અંત પડાતાં નાહીં.

આદિ મધ્ય અંતીં અવઘા હરિ એક એકચી અનેક એક હરિ.
એકાકાર ઝાલે જીવ નેણિ દોન્ની, એકા જનાર્દની કેલેં ઐસેં.

પદ ૩૨

નામાવિણ મુખ સર્પાચેં તેં બીળ, જિવ્હા નવ્હે કાળસર્પ આહે.
વાચા નવ્હે ક્ષાંત જળો ત્યાંચાગેં જીણેં, માતના ભોગપેં યમપુરીં.
હરિવિણ દોણી નાહીં શોકવિતા, પુત્ર બંધુ કાંતા સંપતીચે.
અંતકાળીં દોણી નાહીં બા સાંગાતી સાધુચે સંગતી હરિ જોડે.
કોટી કુળેં તારી હરિ અક્ષરેં દોની, એકા જનાર્દની પાઠ કેલા.

પદ ૩૩

આવડીનેં ભાવેં હરિનામ ઘેસી, તુઝી ચિંતા ત્યાંસી સર્વ આહે.
નકો ખેદ ધરું દોણુત્યા ગોષ્ટિચા, પતિ તો લક્ષ્મીચા જાણતસેં.
સકળ જીવાંચા કરિતો સંભાળ, તુજ મોકળિલ ઐસેં નાહીં.
જૈસી સ્થિતિ આહે તૈસા પરિ રાહે, કૌતુક તું પાહે સંચિતાચેં.
એકા જનાર્દની ભોગ પ્રારબ્ધાચા હરિકૃપેં ત્યાચા નાશ ઝાલા.

૧૩–कबीर

પદ ૩૪

જમકા અજબ તડાકા બે, તું કયા જાને લરકા બે.... (ટેક)
પીર મરે, પેગંબર મર ગયે, મર ગયે જંદા જોગી;
જપી, તપી, સંન્યાસી મર ગયે, મર ગયે બંદા રોગી—જમકા૦
નવબી મર ગય, દશબી મર ગય, મર ગય સહસ્સ અઠ્યાસી;
તેંતીસ કોટી દેવ ભી મર ગય, પડે કાલકી ફાંસી—જમકા૦

१२–एकनाथ

પદ ૨૯

હરિ બોલા દેતાં, હરિ બોલા ઘેતાં,
હસતાં ખેળતાં, હરિ બોલા.
હરિ બોલા ગાતાં, હરિ બોલા ખાતાં,
સર્વ કાર્ય કરિતાં, હરિ બોલા–હરિ૦
હરિ બોલા એકાંતી, હરિ બોલા લોકાંતી,
દેહ ત્યાગા અંતી, હરિ બોલા–હરિ૦
હરિ બોલા ભાંડતાં, હરિ બોલા કાંડતાં,
ઉઠતાં, બેસતાં, હરિ બોલા–હરિ૦
હરિ બોલા જની હરિ બોલા વિજની,
એકા જનાર્દની હરિ બોલા–હરિ૦

પદ ૩૦

ધન્ય આજ દિન સંત દર્શનાચા, અનંત જન્મીંચા શીણ ગેલા,
મજ વાટે ત્યાગી આલિંગન ધાવે, કદ ન છોડાવે ચરણ ત્યાગે.
ત્રિવિધ [illegible] ગેલે નાચી ઓળખણ, દેખિલે ચરણ વૈષ્ણવાચે,
એકા જન[illegible] ભાગાભાગ, ન વ્હાવા વિયોગ જન્મો જન્મી

આદિ મધ્ય અંતીં અવઘા હરિ એક એકચી અનેક હેરા હરિ.
એકાકાર ઝાલે જીવ તેણિ હાની, એકા જનાર્દનીં એસેં કેલેં.

પદ ૩૨

નામાવિણુ મુખ સર્પાચેં તેં બીળ, જિવ્હા નવ્હે કાળસર્પ આહે.
વાચા નવ્હે લાંવ જળો ત્યાંચાચેં જીણેં, યાતના ભોગણેં યમપુરી.
હરિવિણુ કોણી નાહીં સોડવિતા, પુત્ર બંધુ કાંતા સંપતીચે.
અંતકાળીં કોણી નાહીં બા સાંગાતી સાધુચે સંગતી હરિ ભેટે.
કોટી કુળેં તારી હરિ અક્ષરેં દોની, એકા જનાર્દની પાઠ કેલી.

પદ ૩૩

આવડીનેં ભાવેં હરિનામ ઘેસી, તુઝી ચિંતા ત્યાંસી સર્વ આહે.
નકો ખેદ ધરું કોણુત્યા ગોષ્ટિચા, પતિ તો લક્ષ્મીચા જાણતસેં.
સકળ જીવાંચા કરિતો સંભાળ, તુજ મોકલિલ એસેં નાહીં.
જૈસી સ્થિતિ આહે તેસા પરિ રાહે, કૌતુક તું પાહે સંચિતાચેં.
એકા જનાર્દનીં ભોગ પ્રારબ્ધાચા હરિકૃપેં ત્યાચા નાશ ઝાલા.

१३—कबीर

પદ ૩૪

જમકા અજબ તડાકા બે, તું ક્યા જાને લરકા બે.... (ટેક)
પીર મરે, પેગંબર મર ગયે, મર ગયે જંદા જોગી;
જપી, તપી, સંન્યાસી મર ગયે, મર ગયે બંદા રોગી—જમકા૦
નવબી મર ગય, દશબી મર ગય, મર ગય સહસ્ર અઠયાસી;
તેંતીસ કોટી દેવ ભી મર ગય, પડે કાલકી ફાંસી—જમકા૦

બડે મિજાજી કંઠડે બેઠે, કર લિયા કછુ તાજા;
માર ઝપટ જમ પકડ લે જાવે, જ્યોં તેતરેકાં બાજ-જમકા
તીન લોક પર છતર બિરાજે, લૂંટ્યા કુંજ બિહારી;
કહુત કબીરા સોભી મર ગય, રૈયત કૌન બિચારી !-જમકા

કાગદકી તો નાવ બનાઇ, તરતી છોડી જલમેં;
ધરમી ધરમી પાર ઊતર ગયે, પાપી ડૂબે છિનમેં-સુખડા૦
જબલગ ફૂલ રહે ફૂલવાડી, વાસ રહે નિજ ફૂલનમેં;
એક દિન એસી હો જાવેગી, ખાખ ઊડેગી તનમેં-સુખડા૦
ચૂઆ ચંદન અબીર અરગજા, સોભે ગોરે તનમેં;
ધન જોબન ડુંગરકા પાની, ઢલ જાવેંગા છિનમેં-સુખડા૦
નદિયાં ગહેરી નાવ પુરાની, ઊતર ચલે સુગમમેં;
ગુરુમુખ હોએ સો પાર ઉતરે, નગુરા રોવે વનમેં-સુખડા૦
કોડી કોડી માયા જોડી, સુરત રહે નિજ ધનમેં;
દસ દરવાજે ઘેર લિયે, જબ રહ ગઈ મનકી મનમેં-સુખડા૦
પગિયાં માંગ[1] સમારે, લેત જુલી જુલ તનમેં;
કહત કબીરા સુનો ભાઈ સાધુ, એ ક્યા લઢ રહે મનમેં-સુખડા૦

પદ ૩૭

સતગુરુકા મરમ ન જાના, સાધુ ભાઈ દેખત જગ સબ ન્યારાજી.
હિંદુ કહે વો રામ હમારા, મુસલમીન રહેમાના;
આપસમેં દોઉ લડ લડ મુવે, દુબ્ધા મોલ પછાનાજી-સાધુ૦
કેતેક નેમી ધરમી કહાવે, પ્રાત કરે અસનાના;
આતમ માર પાપાનકું પૂજે, ઉનકા કોન ગિનાનાજી-સાધુ૦
કેતેક પીર ઓલિયા કહાવે, પઢત કિતાબ કુરાનાજી;
કહે હો મુરીદ તકલીબ બનાવે, ઉજે અલા નહી જાનાજી-સાધુ૦
ઇસબિધ ચલદ કહુ હમકો, આપ કહાવે શ્યાનાજી;
કહે કબીર સુનો ભાઈ સાધુ, દોનોમેં કોન દિવાનાજી!-સાધુ

[1] વાળની પાંતી, સેંથો.

પદ ૩૮—ઠૂમરી

પી લે પ્યાલા હો મતવાલા !
પ્યાલા પ્રેમ હરિરસ કા રે પી લે....(ટેક)

પાપ પુન્ય ભોગનકું આયા,
જ્ઞાન તેરા તું હૈ કિસિકા રે !
બિના સમજ ભવપાર ન ઊતરે,
ધન જોબન સપના નિશિકારે. પી લે પ્યાલા૦

જૈસા અંગાર ચકોર ભખત હૈ,
પહિલે ધ્યાન ધરે શશિકા રે;
અમૃત પ્યાલા કોઈ સંતજન પીવે,
ઓર ધરાક સબ વિષકારે ! પી લે પ્યાલા૦

નાભિકમલ બિચ હૈ કસ્તૂરી,
કૈસે ભરમ ટળે પશુકા રે !
બિના સમજ ભવપાર ન ઊતરે,
જૈસે હરણ ફૂરે વનકા રે. પી લે પ્યાલા૦

ભવસાગર ઊતરવા જો ચાહો,
તો તજ કામનીકા ચસકા રે;
કહત કબીર સુનો ભાઈ સાધુ,
નખશિખ રોમ જગ્યો વિષકા રે. પી લે પ્યાલા૦

પદ ૩૯—રાગ ગોડી

અબ હમ ક્યા નહિ હરિદીવાના, અંત નહીં મિજમાના;
તા પર જનકે દેના લેના, સંત પદ સમજાના....(ટેક)

...ની હેત હૈ [illegible]
...ંતરી મેરા ન દીની, [illegible]
...ાગ્યા ક્યા [illegible] હૈ, [illegible]
...પલમેં [illegible] હૈ [illegible]
...િસમહેમેં [illegible]
...ાર તખત પર નૂરત નિશાના, [illegible]
...ાન, ગીરી, પ્રેમ-ભગતિ, [illegible]
...[illegible] અંગ, ભરી [illegible]
...ાઉ નગારા નિશદિન બાજે, [illegible]
કહત કબીર સુનો ભાઈ સાધુ, [illegible]

પદ ૪૦

ગરવ કિયો સોઈ નર હાર્યો—
સિયારામ જીમેં ગરવ કિયો સોઈ ન[illegible]
ગરવ કિયો રતનાગર સાગર, નીર [illegible]
ગરવ કિયો ચકવા ને ચકવી, રૈન વિછો[illegible]
ગરવ કિયો આવલ કે કૂલ કે, જઈ ચમાર [illegible]
ગરવ કિયો લંકાપતિ રાવન, રાજ એદાન [illegible]
ગરવ કિયો અંજની કે પૂતર, પાઉં એોડા [illegible]
ગરવ કિયો હરણાકંસ રાક્ષસ, નો'ર વધારીને [illegible] ડાર્યો - સિયા૦
ગરવ કિયો દ્રોણાચલ ડુંગર, ટુકડા ટુકડા કરી ડાર્યો—સિયા૦
કહત કબીરા સુનો ભાઈ સાધુ, શરન ગયો સો ઉગાર્યો

પદ ૪૨

ભજનગઢ બાંધોની મેરે ભાઈ, તેરી જમસેં હોગી લરાઈ. (ટેક)
ધ્રુવે બાંધ્યો, પ્રહ્લાદે બાંધ્યો, બાંધ્યો મીરાંબાઈ;
અબ ખોરે ઐસોહી બાંધ્યો, દાંવ ચલ્યો તપ સાહી—ભજન૦
રામનામ કા કિલ્લા બનાયા, ધર્મકી બુરજ લગાઈ;
જ્ઞાનકે મોરચે શસ્ત્ર કરાયો, સમતાકી ખાઈ બનાઈ—ભજન૦
શીલ સંતોષ કે યુદ્ધા લેકર, લોભકો માર હઠાઈ;
કાયરસેં કછુ કામ ન, સંતો ! રાખો શૂર સિપાઈ—ભજન૦
દયા તોપકી કર લો ત્યારી, શમ-દમ નાલ બનાઈ;
સાચ કી ચકમક અગ્નિ દિખાયો, કામકી ફોજ હઠાઈ—ભજન૦
નયન પલકકી પાટી નીકલ્યોં, શ્રવન બારી બુંદાઈ;
રંરંકારકો ધ્યાન લગાવો, ઐસે સમાન ભરાઈ—ભજન૦
લગી નોકરી ગુરુ ગયો અચન, ફક્કડ ગયે સિપાઈ;
મન કર જીન, સક્કડ ઘોડા, સુરત લગામ બનાઈ—ભજન૦
કામ, ક્રોધ, મદ, લોભ, મોહકી, બીર હય ઘાત લડાઈ;
અગમ આસાન રૈન દિન બટકન, સબ દુનિયા જરમાઈ—ભજન૦
પાસેંદાંમાગ પચીશકા બગ્ગર, જ્યોતમેં જ્યોત મિલાઈ;
[illegible] કબીરા સુન ભાઈ સાધુ, તબ જીતેગા લડાઈ—ભજન૦

પદ ૪૩—રાગ ભૈરવી

[illegible] નાન [illegible] ત્યાગી, મૈંપે સુન સુન આવત હાંસી (ટેક)
[illegible] અટકે, ક્યા મથુરા, ક્યા કાશી, ૧
[illegible] મેં, મન મન [illegible]

...ી સૂત [illegible]
...પટ પટ [illegible]
...સુધી [illegible]
...[illegible]

પદ ૪૯—રાગ [illegible]

...શ્રુતજ્ઞાન [illegible]
...યથાર્થ વસ્તુ [illegible]
...ચેતન [illegible]
... ઘર તેરા, ના ઘર [illegible]
...સ દુનિયામેં કોઈ નહિ [illegible]
...ચી માટીકા બના પૂતલા, [illegible]
...સ દુનિયા મેં [illegible]
...ડે કબીર સમજ લે [illegible]

પદ ૫૦—રાગ [illegible]

...સ ઘરા કે બીચ [illegible], [illegible] (ટે૦)
...કોઈ સમેટત હૈ બિસ્તર કો, કોઈ [illegible]
...કોઈ બજાવે કોઈ ગાવે, કોઈ [illegible]
...કોઈ લપેટત હૈ સુગંધી, કોઈ [illegible]
...કોઈ લેવે રામ નામ કો, કોઈ [illegible]
...કોઈ જગાવે, [illegible] આતમા, કોઈ [illegible]
ચલે હૈ.
[illegible]

પદ ૪૫

ભાઈ મારો સાથીડો રિસાણો, તેને કોણ મનાવા જાય! (ટેક)
કાચી માટીના ઘડ્યા ઘડૂલા, ઘાટ એ ફૂટી જાય,
પરદેશીની પ્રીતડી તે, પળમાં તૂટી જાય-ભાઈ૦
પિંજરમાંથી પોપટ હાલ્યો, પિંજર ઝોલા ખાય,
સરખી મળી સાહેલીઓ, કંઇ અવળા મંગળ ગાય-ભાઈ૦
પાંચ તત્ત્વનો પિયુ હમારો, તે છોડયો કેમ જાય!
જ્ઞાન ગરીબી રાખું હૃદયમાં, થનાર વસ્તુ થાય-ભાઈ૦
સદગુરુનું સ્મરણ કરતાં, હૃદયકમલ ખૂલી જાય,
કહત કબીરા સુનો ભાઈ સાધુ, વૈકુંઠવાસી થાય-ભાઈ૦

પદ ૪૬

મળે તો મને હરિજન મળજો રે, હરિજન હરથી પળજો રે;
[illegible] આવિયા, ને હસી અમાગી હેત, (૨)
[illegible] લાગી રહ્યો જેમ વાદળ વરસે મેહ-મળે૦
[illegible] આતમા, ને હું હરિજનની દેહ; (૨)
[illegible] લાગી રહ્યો, જેમ નેનામાં વહે નેહ-મળે૦
[illegible] તીગની તે, ગરજ વિના મત બોલ; (૨)
[illegible] લેશે મોંઘે મોલ-મળે૦
[illegible] મની થાશી કરે ભગવાન; (૨)
[illegible] મને ચરણકમલ વિશ્રામ-મળે૦

પદ ૪૭

[illegible] ને, આનંદ કો પાયો!

ક્રોધ કી મટકી પટકી, ગંગા-જમના ન્હાયો—અબ૦
ઘર છોડી બેહદ પર આસન, ગગનમંડલમેં છાયો—અબ૦
સૂરજ દિન ન રૈન ન, તહાં મેં મઠ ઠેરાયો—અબ૦
કબીર સુનો ભાઈ સાધુ, અલખ નિરંજન ગાયો—અબ૦

પદ ૪૮

ન મરી હૈ, મરી સંસારા; હમકુ મિલ્યા જિયાવનહારા.
મ ન મરું મરને મન માના, તેહિ મૂએ જીને રામ ન જાના.
કુટ મરે સંત જન જીવે, ભરી ભરી રામ-રસાયન પીવે.
રે મરે તો હમહિં મરી હૈ, હરિ ન મરે તો હમ કાયકુ મરી હૈ.
કે કબીર મન મનહીં મિલાવા, અમર ભયે સુખસાગર પાવા.

પદ ૪૯

રામ સુમર, રામ સુમર, રામ સુમર, ભાઈ,
રામનામ સુમરન બિન, બૂડત ભવમાંહી—રામ૦
બનિતા, સુત, દેહ, ગેહ, સંપત્તિ સુખદાયી,
ઈનમેં કછુ નાહીં તેરો, કાલ જાત ખાઈ—રામ૦
અજામેલ, ગજ, ગુણિકા, પતિતકર્મ કીનો,
સો ભી ઊતર પાર ગયે, રામનામ લીનો—રામ૦
સુકર કુકર યોનિ ભમે, લાજ તોહું ન આઈ,
રામનામ-અમૃત છાંડ, કાહે વિખ ખાઈ?—રામ૦
ભર્મ, કર્મ તજી કુકર્મ, રામનામ લેહી,
ગુરુપ્રસાદ જન કબીર રામ રામ કેહી—રામ૦

પદ ૫૦

હંસા! હંસ મિલે મુખ હોઈ, સાધુ સત મિલે સુખ હોઈ...(ટેક)
બગલે સંગ ન જાઈએ હંસા, વહાં સાથી ના કોઈ,
માનસરોવર મોતી ચુગીએ, અંતર આનંદ હોઈ—હંસા૦
અમીરસ ઝરિયા સરોવર ભરિયા, મુક્તિમારગ સોહી,
કહે કબીર સુનો ભાઈ સાધુ, જહાં દેખું વહાં વોહી—હંસા૦

પદ ૫૧

પ્રભુભક્તિકા ગુણ કહા, એ જગત ભગત જન એક સમાના,
કે તો વહ ભગત નહીં, કે તો અડા હૈ ખાના જગ૦
માનસરોવર ગુણ કહા, હંસ એ નહીં દુખયારી,
કે તો વહ સરવર નહી, કે બગુલા હૈ મેચારી જગ૦
પુષ્પવાસ કા ગુણ કહા, એ અલિ× સે નહીં વાન.
કે તો વહ નહિ પુષ્પ હૈ, કે તો ભમર કિસાન જગ૦
કલ્પવૃક્ષકા ગુણ કહા, નહીં કલ્પના જાહ,
કે તો વો સુરવૃક્ષ નહીં, કે સેવક જૂઠા હિ જગ૦
સાધુસંગકા ગુણ કહા, મનકા ભરમ ન જાઇ,
કે તો વો સાધુ નહીં, કે મનમેં કુટિલાઇ—જગ૦
દાતારતાકા ગુણ કહા, એ કછુ દાન ન દીના,
કબીર વહ દાતા નહિ, કે લિખુ કરમ વિહીના—જગ૦

પદ ૫૨

મનુ! હમ પહેલું સાહિબ, દેખી ઉઠે કા ઉતપાત,
[illegible] ... મનુને ...!—મનુ૦

જહાં દયા તહાં ધર્મ હૈ, જહાં લોભ તહાં પાપ,
જહાં ક્રોધ તહાં કાલ હૈ, જહાં ક્ષમા તહાં આપ-સાધુ૦
કરગસ સમ દુર્જનવચન, રહે સંતજન ટારી,
બિજલી પરે સમુદ્ર મેં, કહા સકેગી જારી!-સાધુ૦
ખોદ ખાદ ધરતી સહે, કાટ કુટ બનરાય,
કુટિલ બચન સાધુ સહે, ઔર સે સહા ન જાય-સાધુ૦

પદ ૫૩

અંધો ચાલ અલત તું જૂઠી, તેરી અખિયાં દોનું ફૂટી....(ટેક)
દમડી કારન મન લલચાવે, વાણી મેં બલતાની,
ઇંદ્રિય કે મદ રાતામાતા, ડૂબ મૂઆ અભિમાની—અંધે૦
જબ લગ તેલ દીવામેં બત્તી, તબ લગ થા સંસારા,
જલ ગયા તેલ બૂઝ ગઇ બત્તી, મ્હેલ હુઆ અંધિયારા—અંધે૦
આસપાસ તેરે સ્નેહી ઝૂરે, બાહેર ઝૂરે ભાઈ;
ઘર ભીતર તેરી જોરૂ ઝૂરે, ગલિયાં ઝૂરે માઈ—અંધે૦
કિસ કી જોરૂ, કિસ કી માઈ, કિસ કા ભાઇ લોગાઇ?
પંથ ચલે લે પાંચ બંધવા, હંસ એકલા જાઈ—અંધે૦
યે સંસાર તો સ્વારથસ્નેહી, અપનો નાહીં કોઈ,
કહે કબીર સુન ભાઈ સાધુ, રહે રામકો હોઈ—અંધે૦

પદ ૫૪

ખેલ દુનિયામેં પૈસેકા, સબ કુછ ખાતાં હે પૈસા!....(ટેક)
પૈસા જોરૂ, પૈસા લડકા, પૈસા બાબા બ્હેના,
[illegible]

પૈસા દેવ, પૈસા ધરમ, પૈસા સબ કુછ ભાઈ,
પૈસા રાજા રાજ્ય કરાવે, પૈસા કરે લડાઈ–ખેલ૦
પૈસા હાથીસે ઉતરાવે, પૈસા ગાદી બેઠાવે,
એક દિન પૈસા બદલ ગયા તો,પાઉમેં લંગર પહેરાવે–ખેલ૦
પૈસા ચેલા, પૈસા ગુરુ, પૈસા ભક્તિ કરાવે,
કહત કબીરા સુન ભાઈ સાધુ, પૈસા ધૂમ મચાવે–ખેલ૦

પદ ૫૫

સબ હે પૈસેકા ભાઈ, અપના સાથી નહીં કોઈ....(ટેક)
ખાનેપીનેકુ પૈસા હોય તો, જોરૂ બંદગી કરે,
એક દિન ખાના નહીં મિલે તો, ફિર કે જવાબ કરે–સબ૦
જબ લગ પૈસા પાસ મેં, તબ લગ લોક દ્વાર મેં ડોલે,
અપના પૈસા નિકલ ગયા તો, કોઈ ન મીઠા બોલે–સબ૦
ભાઈબંધ ઔર સગાંસંબંધી, સબ પૈસેકા ભાઈ,
[illegible] આપ્પી કોઈ નહીં, યે કબીર કેહત સુનાઈ–સબ૦

પદ ૫૬

[illegible] કોન કરે! હમારો, તીરથ કોન કરે!
[illegible] કોન ફિરે! હમારો તીરથ કોન કરે!
[illegible] મનમેં જમના, મનમેં સ્નાન કરે,
[illegible] મનમેં, મનમેં ધુની જલે–હમારો૦
[illegible] મનમેં આસન, મનમેં ભક્તિ કરે,
[illegible] મનમેં આશા, મનમેં ધ્યાન ધરે–હમારો૦
[illegible] મનમેં, મનમેં જ્ઞાન ભરે,
[illegible] કોન ઘરે–હમારો૦

પદ ૫૭

કબ સુમરેગે રામ, અબ તુમ કબ સુમરેગે રામ! (ટેક)
ગર્ભવાસ મેં જપતપ કીનો, નિકલ હુવા બેઈમાન-અબ૦
બાલપણા હસીખેલ ગમાયો, તરૂપન મેં કામ-અબ૦
હાથપાવ જબ કંપન લાગે, નિકલ ગયે અવસાન-અબ૦
જૂઠી કાયા, જૂઠી માયા, આખર મોત નિદાન-અબ૦
કહેત કબીરા સુનો ભાઇ સાધુ, દો દિનકે મિજબાન-અબ૦

પદ ૫૮

મેં ગુલામ, મેં ગુલામ, મેં ગુલામ તેરા,
તું હે સાહેબ-પ્રભુ, મેં હું તેરા ચેરા—મેં૦
રૂપ નહીં, રંગ નહીં, વર્ણ નહીં છાયા,
નિરાકાર નિર્ગુણ પ્રભુ, તું હે રામરાયા—મેં૦
એક રોટી દો લંગોટી, દ્વાર તેરે પાઉં,
કામ-ક્રોધ છાંડી પ્રભુ, તેરા ગુણ ગાઉં—મેં૦
મહેરબાન મહેરબાન, મ્હેર ચ્હાઉં તેરી,
દાસ કબીર ચરણ ખડા, નજર રખો મેરી—મેં૦

પદ ૫૯

ભઈયા! રામ કહો, સુખસે રામ કહો,
સંતશરણ રહો, સુખસે રામ કહો-ભઈયા!૦
જાવે અંબર, જાવે ધરણી, જાવે ચંદર સૂર,
ગંગા, સાગર, જમુના જાવે, પાણી પવન પૂર-ભઇયા!૦
કાયા જાવે, માયા જાવે, જાવે તીનો
કબીર દશ્ય રૂપ સબ જાવે, [illegible]

પદ ૬૦

કલજુગમે ભજન નહીં કલજુગવા-કલજુગમેં!
માલ મીઠાઈ, લડુ મેવા, જોરૂ કું ખિલાવે,
વાસી રૂખા સુખા ટુકડા, માતપિતા નહીં પાવે-કલજુગમેં૦
પાન સુપારી લવિંગ એલાચી, જોરૂ કું ખિલાવે,
ચના તમાકું તપકીર ચપટી, માતપિતા ન પાવે-કલજુગમેં૦
ગાલદુવાલા પલંગ બિછાને જોરૂ કું પોઢાવે,
ટુટી ખાટ મુંગની ટાટ, સો માતપિતા ના પાવે-કલજુગમેં૦
કહત કબીર સુન ભાઇ સાધુ, દુનિયા એસી દીવાની,
માતપિતાકું તો છોડ દીયા, ઓર પૂજે લોક ભવાની-કલજુગમેં૦

ઇડા, પિંગલા, સુષુમના નાડી, વિરલા જાનત પીર-કોઈ૦
રામનામ તીરથ બડા પાવન, ન્હાવે નિર્મલ નીર-કોઈ૦
કહત કબીરા સુનો ભાઈ સાધુ, બના બેફિકર ફકીર-કોઈ૦

પદ ૬૩

રામ ન જાને ઓર જાને સે કયા હો! (ટેક)
રામઅમીરસ હૈ જિન માંહી, ઔર દૂજા રસ પીનેસે કયા હો! રા૦
ભક્ત સોહી હરિકે ગુન ગાવત, ઔર દૂજા ગુન ગાનેસે કયા હો! રા૦
જાપ સોહિ ગુરુમંત્ર જપે નિત, ઔર જાપ જપનેસે કયા હો! રા૦
દેખે સો ગુરુમૂરતિ અખંડિત, ઔર ઠાઠ ઠગબાજીસે કયા હો! રા૦
જન્મ લિયો હરિકે ગુન ગાવન, ઔર ગપાષ્ટક ગાનેસે કયા હો! રા૦
કહત કબીરા સુનો ભાઈ સાધુ, સુકૃત બિન બહુ જીનેસે કયા હો! રા૦

પદ ૬૪

અમને નુગરા મળજો એકમતી,
સુગરા મળજો લાખ, મળજો-જતી સતી૦
અલખને દરબાર મળજો,
સાહેબને દરબાર મળજો-જતી સતી૦
ખેતર બગાડયું ખણસલે ને,
સભા બગાડી કુડ ભાઈ ભાઈ;
સંત બગાડયા લાલચે,
જેમ કેશર મળી ગઈ- ધૂળ મળજો-જતી સતી૦
આંબો જાણી મેં સેવિયો,
પણ આંબો પાકયો કૈલાસ ભાઈ ભાઈ;

સદા મત જાનો એ દેહા, લગાવો રામસેં નેહા;
છૂટેગી જનમકી ફાંસી, કહે કબીર અવિનાશી-જ૦

પદ ૬૬-રાગ માઢ

થોડી ધીરે ગાડી હાંકો રે, મેરા રામ ગાડીવાલા !
રામ ગાડીવાલા, મેરા સદ્દગુરુ ગાડીવાલા—મેરા૦
ગાડી મારી અજબ રંગીલી,બેલ જોડયા બે-ચાર;
હાંકનવાલા છેલછબીલા, બેઠનવાલા લાલ રે—મેરા૦
ગાડી છૂટી રેતમેં ને, મંજલ પડ્યા હૈ દૂર;
સાચા સદ્દગુરુ જો મિલે તો, પેહોંચાડે હજૂર રે—મેરા૦
ઘોડા છૂટ્યા સ્થાનસેં ને, પીછે પડયા હૈ પોકાર;
દશ દરવાજા બંધ કર્યા પણ, નીકળી ગયો અસવાર રે—મેરા૦
જંતરે મારું ઝાંઝવું ને, તૂટી ગયા સહુ તાર;
જંતર બિચારા કયા કરે, ગયો બજાવનહાર રે—મેરા૦
ગંગાકિનારે ઘર કરો ને નાવો નિરમળ નીર;
દત્ત વિના નવ પામીએ એમ કહી ગયા દાસ કબીર રે—મેરા૦

પદ ૬૭

કાયા માયા કોઇકી નાહીં ભાઇ,સબ કહેતે અપનીઅપની....(ટેક)
સતયુગમેં ભયે હરિશ્ચંદ્ર રાજા, સત્યકી સત્ય કઈ;
એક સત્યકે કારન, અપની કાયા બેચ દઈ—સબ૦
ત્રેતામેં રાવન ભયે રાજા, કંચન કોટ સહી;
એક લક્ષ પુત્ર સવા લક્ષ નાતી, વાકું લકડી નહિ મિલી—સબ૦
દ્વાપરમેં ભયે દુર્યોધન રાજા, પક્ષીને સહાય કરી;
એક સમય ભારતકે ભીતર, વાકી કાયા ગીર પરી—સબ૦

કલિયુગમેં ભયે કૃષ્ણચંદ્ર રાજા, કંસકો માર દઈ;
[illegible] [illegible] પ્રગટ કીનો, ગોપી વનમાં રઈ—સબ૦
[illegible] જબ છોડ ગયા તનસેં, માયા ભી મીટ ગઈ;
[illegible] નર જવા, ઉસને કાયા અપની કઈ—સબ૦
[illegible], ત્રેતા, દ્વાપર, કલિયુગ ચારેં યુગ સહી;
[illegible] નાઈ [illegible], માયા આંહીકી આહીરહી—સબ૦

પદ ૭૦

ક્યા ગુમાન કરના એ, મિટ્ટીસે મિલ જાના.... (ટેક)
મિટ્ટી ખોદ કર મહેલ બનાયા, ગંવાર કહે ઘર મેરા;
આ ગયા ભૈંવરા, લે ગયા જીવડા, ઘર તેરા નહિ મેરા. ક્યા૦
મિટ્ટી ખાના, મિટ્ટી પીના, મિટ્ટી કરના ભોગ;
મિટ્ટીસેં મિટ્ટી મિલ ગઈ તો, ઉપર ચલે સબ લોગ. ક્યા૦
હાડ જલે જૈસે લકડીકી મૂલી, બાલ જલે જૈસો ઘાસ;
સોને સરીખી કાયા જલે, કોઈ સગા ન આવે પાસ. ક્યા૦
કહત કબીરા સુન ભાઇ સાધુ, જૂઠી હૈ સબ માયા,
ભજન કરો કુછ ધ્યાન ધરો, તો પવિત્ર હોયગી કાયા. ક્યા૦

પદ ૭૧

પ્રભુ મૈં કીતી કરું પોકાર, શ્રવન સુનેજી લોકા.... (ટેક)
કબીરકી જનની કબીરા જનમા, કબી ન પાયા સુખ;
ડાલી ડાલી કબીરા ફિરિયા, પાને પાને દુઃખ.—પ્રભુ મૈં૦
સોના પહેરો, રૂપા પહેરો, પહેરો પિત્તલ કાંસા;
રૂપિયે ગજકી મશરૂ પહેરો, નહિ જીવનકી આશા.—પ્રભુ મૈં૦
બાજિંદેસેં બાજિંદા મિલ ગયા, જૈસા કમલકા ફૂલ;
દો દિનકે એ જીવના, આખર હૈ ધૂલકી ધૂલ.—પ્રભુ મૈં૦
કોડી કર કર જોડ જુડાઇ, પાન ખાના જોડ;
નારાયનકી ચિઠ્ઠી ઉતરી, ચલા લંગોટી ખોલ.—પ્રભુ મૈં૦
નદીકિનારે ઘોર ખોદી, ન્હાયો નિર્મળ નીર;
કિયા સોઈ ફલ પાવેગા, કહેતે દાસ કબીર.—પ્રભુ મૈં૦

પદ ૭૨

કૈસા જોગ કમાયા બે, યે કયા ઢાંગ મચાયા બે! (ટેક)
જટા બઢાઈ, ભભૂત ચઢાઈ, જગમેં કહતા સિદ્ધા;
સિદ્ધન કી તો બાત ન જાને, બાલપનોંકા ગદ્ધા.–કૈસા૦
ભગવે કપડે, શીશ મુંડાયે, કહતા મેં સંન્યાસી;
સંન્યાસી કી ગત હૈ ન્યારી, પેટનકે ઉપદેશી.–કૈસા૦
ગલેમેં કફની શિરપેં ટોપી, કહતા ફકીર મૌલા;
ફકીર હૈ તો સબસેં ન્યારા, એ તો ફજીતખોરા.–કૈસા૦
કાન ફાડ કર મુદ્રા ડારી, નાથ કહાવે ભારી;
નાથનકી તો ગત હૈ ન્યારી, દેખત પરકી નારી.–કૈસા૦
કહત કબીર સુનો ભાઈ સાધુ, સબ સંતનકા છોરા;

જીવત પિતૃકોં મારે ડંગા, મુવા પિતૃ લે ઘાલે ગંગા;
જીવત પિતૃકું અન્ન ન ખિલાવે, મુવા પીછે પિંડ ભરાવે.
જીવત પિતૃકું બોલે અપરાધ, મુવા પીછે દેત સરાધ;
કહે કબીર મોહી અચરજ આવે, કઉવા ખાય પિતૃ કયૂં પાવે !

પદ ૭૫

પહેલે પૂત પીછે રે માઈ, ગુરુ લાગે ચેલેકે પાંઇ;
એક અચરજ તુમ દેખો ભાઈ, દેખત સિંહ ચરાવત ગાઇ.
જલકી મછલી તરવર વિઆઇ, દેખત કૂતા લે ગઈ બિલાઇ;
તલે રે ડાલી ઉપર મૂલા, તિસકે પેટ લગા ફુલફૂલા.
ઘોડે ચડ ભેંસ ચરાવન જાઇ, બાહર બેલ ગોન ઘર આઈ;
કહેત કબીર જો ઈસ પદ બૂઝે, રામ રમત એ સબ કુછ સૂઝે.

૭૬—પરચૂરણ દોહા

કબીર કહે કમાલકુ, દો બાતાં લીખ લે;
કર સાહેબકી બંદગી, ભૂખેકુ કુછ દે.

કબીર યહ મન લાલચી, સમજે નહીં ગઁવાર;
ભજન કરનેકા આળસુ, ભોજનકા હુશિયાર.

કબીર ગર્વ ન કીજીએ, રંક ન હસીએ કોય;
અપનો નાવ સમુદ્રમેં, ના જાને કયા હોય.

કબીર દર્શન સાધકા, સાહેબ આવે યાદ;
લેખેમેં સોઈ ઘડી, બાકીકે દીન બાદ.

કબીર સબ જગ નિર્ધના, ધનવંતા નહિ કોઈ;
ધનવંતા સોઈ જાનિયે, રામનામ ધન હોઈ.

કબીર તેરી ઝોંપડી, ગલા કટન કે પાસ;
કરેંગા સો પાવેગા, તું કયું રહત ઉદાસ!

કબીર કોઠી કાષ્ટકી, ચોફેર લગા અંગાર;
માંય પડ્યા સો ઊગર્યા, જલ ગયા દેખનહાર.

કબીર જીવત હરિ ભજું, મરને મુક્તિ પાઉં;
મોદક હોતું હાથમેં, મન માને સો ખાઉં.

કબીર માયા સાપની, માંગી મિલે ન હાથ;
મનસે આશા જે તજી, તો લગી ડોલને સાથ.

કબીર માયા પાપની, બહુત મિલાઈ લોગ;
પૂરી કીને ન ભોગવી, આખર રહ્યો વિયોગ.

કબીર તે નર અંધ હય, ગુરૂકું કહેતે ઓર;
હરિ રૂઠે ગુર મીલસી, ગુરૂ રૂઠે નહીં ઠોર.

કબીર હરિકી ભક્તિ બિન, રાજ ગદ્ધા હોય;

કબીર પ્યાલા પ્રેમકા, અંતર લિયા લગાય;
રોમરોમમેં રમ રહા, ઔર અમલ ક્યા ખાય!

કબીર છીપ સમુદ્રકી, રટે પિયાસ પિયાસ;
ઔર બુંદકો ના ગ્રહે, સ્વાતિબુંદ કી આશ.

કબીર મેરે સાધકી, નિંદા કરો મત કોય;
જોપે ચંદ્ર કલંક હય, તો ઉજિયારા હોય.

કબીર નિંદક મત મરો, જીવો આદ જુગાદ;
હમતો સદગુરુ પાઇયા, નિંદક કે પરસાદ.

કબીર આપ ઠગાઈએ, ઔર ન ઠગીએ કોય;
આપ ઠગે સુખ ઊપજે, ઔર ઠગે દુઃખ હોય.

કબીર જપ હરિનામ તું, મુખસે કછુ ન બોલ;
બાહેરકા પટ બંધ કર, અંતરકા પટ ખોલ.

કબીર પંડિતકી કથા, જૈસી ચોરકી નાવ;
સુનકર બેઠે આંધરે, ભાવે વહાં લે જાય.

કબીર ક્યા મેં ચિંતવું, ચિત ચિંતવે ક્યા હોય?
અપનો ધાર્યો હોય ના, હરિ કરે સો હોય.

કબીર નોબત આપની, દિન દશ લેહુ બજાય;
યે પુર પટ્ટન યે ગલી, ફિર ના દેખે આય.

કબીર વો હે જગતગુરુ, તજે જગતકી આશ;
જો વે ચાહે જગત તો, જગદગુરુ વો દાસ.

કબીર હરિકે નામસે, કોટિ વિઘન ટલ જાય;
રાઈ સમાન બસુંદરા, કોટિક કાષ્ઠ જલાય.

કબીર ડાલી પ્રેમકી, ફલ કોઈ વિરલા ખાય;
નહિ એહી વાઘની, ગીરે તો માર્યો જાય.

કબીર વાટમેં જા રહ્યા, સુમરન કરતા રામ;
ચલતા ચલતા વહા ગયા, ગામ ઠામ નહિ નામ.

મન દિયા કહીં ઓર હી તન સાધુકી સંગ;
કહે કબીર કોરી ગજી કેસે લાગે રંગ!

ગાંઠી દામ ન બાંધહી, નહિ નારી સો નેહ;
કહે કબીર તા સાધકી, હમ ચરનનકી ખેહ.

સ્મરણસિદ્ધિ યું કરો, જ્યું સુરભી સુત માંહી;
કહે કબીર ચારો ચરી, બિસરે કબહું નાહી.

સમરણ સિદ્ધિ યૂં કરો જૈસે દામ કંગાલ;
કહે કબીર બિસરે નહીં, પલ પલ લે સંભાળ.

સુમરનસે સુખ હોત હે, સુમરનસે દુઃખ જાય;
કહે કબીર સુમરન કીયે, સાંઈ માંઇ સમાય.

જાન બૂઝ જડ હો રહે, બલ તજી નિર્બલ હોય;
કહે કબીર તા દાસકું, ગાંજ શકે ના કોય.

ભૂપ દુઃખી, અવધુ દુઃખી, દુઃખી રંક વિપરીત;
કહે કબીર યે સબ દુઃખી, સુખી સંત મનજિત.

સમરણસિદ્ધિ યું કરો, જ્યું ગાગર પનિહાર;
હાલે ચાલે સુરતમેં, કહે કબીર વિચાર.

ઔર પરાયા આપના, ખાવે સો મર જાય;
કોહું ન રક્ષા કર શકે, કહે કબીર સમજાય.

તીરથ નાહે એક ફલ, ગુરુ મિલે ફલ ચાર;
સદગુરુ મિલે અનેક ફલ, કહે કબીર [illegible]

મન મરે ન માયા મરે, મર મર જાત શરીર;
આશાતૃષ્ણા રહે ગઇ, કહ ગયે દાસ કબીર.

સુખમેં સુમરન ના કિયા દુ:ખમેં કીયા યાદ;
કહે કબીર તા દાસકી, કૌન સુને ફરિયાદ !

શીશ ઉતારે ભોંય ધરે, ઉપર રાખે પાવ;
દાસ કબીર યું કહે, એસા હોય તો આવ.

१४–कमाल

पद ७७

સમજ બુઝ દિલ ખોજ દીવાને, આશક હોકર શોના કયા હૈ!
આયા હૈ તો કર લે સોદા, પાયા હૈ તો ખોના કયા હૈ!
જબ તું આયો પ્રેમગલીમેં, શીશ દિયા ફીર રોના કયા હૈ!
ઝીન નેનોસે નિંદ ગવાઈ, તકિયા ઔર બિછોના કયા હૈ!
કહત કમાલ રામકા ટુકડા, રૂખાસૂખા સલોના કયા હૈ!

१५–कल्याण

પદ ૭૮–લલિતછંદ

રઘુપતિ કરે શોક તો ઘણો, ધરણીમાં ઢળ્યો વીર લક્ષમણો;
ઝટ તમે ઉઠો છોડી ઘાતને, અરર શું થયું મુજ ભ્રાતને?
મરકટાં બધાં સેનમાં રૂવે, ટળવળી સહુ આંસુડાં લૂવે;
સુભટ સૌ રુવે જાણી વાતને, અરર શું થયું મુજ ભ્રાતને?
અરર તાત કાં બોલતા નથી, તુજ બળે કરી જીતિયા રથી;
રઘુકુળી તમે રાખી ખાંતને, અરર શું થયું મુજ ભ્રાતને?
જનકનંદની કારણે કરી, તન તજી ગયા આજ આ ઘડી;
ધીરજતા દિયો શીસ જાતને, અરર શું થયું મુજ ભ્રાતને?
ધનુષબાણને લૈ કરી વીરા, દસમુખો હણો થઈ અતિ ધીરા;
અસુરનાં કરો ભંગ ગામને, અરર શું થયું મુજ ભ્રાતને?
વીર તને તજી સુખ શું લઈ, અવધપુરમાં શું કહું જઈ?
ધીરજતા દઉં શીદ માતને? અરર શું થયું મુજ ભ્રાતને?

ભરત આદિ તો વાટ સૌ જુવે, જનની સર્વ તો દુઃખથી રુવે;
દુઃખ ઘણું થશે સ્વર્ગી તાતને, અરર શું થયું મુજ ભ્રાતને!
પવન નંદ જે બુટ્ટી લાવિયા, રઘુપતિ કૃપાથી વીર ઊઠિયા;
જશ કલ્યાણ કે શર તાતને, અરર શું થયું મુજ ભ્રાતને!

પદ ૭૯—રાગ ધોળ

હરિ ભજવાનું ચોઘડિયું તે, ફરી ફરી કયાં મળશો રે!
ચોંપ કરીને ચેતી લેજો, ભવનાં તારણ તરશો રે—હરિ૦
મનુષ્ય દેહ તો મટી જશે, ને પશુપંખી અવતરશો રે;
વરણાગીમાં વાટ કાઢશો, કેઈ ખાઈ રડવડશો રે!—હરિ૦
મનુષ્ય દેહ પામીને જો કોઈ, હરિ ભજે તે બળિયો રે;
માયાની મમતાને છાંડી, સુખ સન્મારગ કળિયો રે—હરિ૦
દુ:ખ લાગે તો પહેલું લાગો, કાયાકાપું ચાલ્યું રે;
માને ઉદર શું બોલ્યો'તો, શું બોલ્યો શું પાળ્યું રે!—હરિ૦
જોબન જાશે ને જરા આવશે, નેન નાસિકા ગળશે રે;
[illegible]સનેહી સુખનાં સેવી, અંતે અળગાં રહેશે રે—હરિ૦
[illegible] નો હારી બેઠો, વિષયોમાં વીંટાયો રે;
[illegible] દેહ ખોવાણી, મોહમાં લૂંટાયો રે—હરિ૦
[illegible] નો કીધો કદાપિ, પાપ ન કર્યો પ્રાણી રે;
[illegible] ન માને, પ્રેમ ઉપર પાણી રે—હરિ૦

પદ ૮૦—રાગ પ્રભાતી

[illegible]
[illegible]

ધનને કાજે તન ગાળીને, ભૂમિ ભેગું ભરવું રે;
ઘડી એક તો ખારી જાય છે, તારે તો છે મરવું રે—સગ૦
ઊંચા ઊંચા મહેલ બનાવી, ફરશાં ફરશાં ફરવું રે;
એ મંદિરમાં કોણ મ્હાલશે! તારે તો છે મરવું રે—સગ૦
અચકે બાંધ્યા વસ્ત્ર ને વાઘા, પણ પહેરવું ગરવું રે;
પટોળાં તારાં કોણ પહેરશે! તારે તો છે મરવું રે—સગ૦
ઘોડા હાથી માલ ખજાના, સુખપાલમાં ફરવું રે;
એમાં જોને કોણ મ્હાલશે! તારે તો છે મરવું રે—સગ૦
ભજન કરી લે મન વૈરાગી, કૂટ દૈયાના કૂટ્યા રે;
કહે કલ્યાણ કહ્યું નવ માને, એમ દિવસ તને રૂટ્યા રે—સગ૦

પદ ૮૧-રાગ ઓખાહરણની ચોપાઈ

ભક્તિ એવી રે ભાઈ એવી, જેમ તરસ્યાં ને પાણી જેવી!
એક ગૌધન ચરવાને જાય, એની સુરતા વાછરડાં માંય;
ચરણે ફરવું ને ચોદિશ ચરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું-ભ૦
એક યુવતી જળ ભરવાને જાય, સાગી સખીઓથી વાતો થાય
માથે બેડું ને લે છે તાળી, મુખે હસે છે વારી વારી;
બેડું ચિત્તથી નથી રે વીસરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું-ભ
એક ભ્રમર કમળમાં રહે છે, તેને વાસના લેવી ગમે છે!
સાંજ પડીને કમળ બિડાયું, અકળાયો ને ક્યાંય ના જવાયું;
એને કમળની પ્રીતે રે મરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું-ભ
એક મૂઢમતિ નર જેહ, પરનારીની સાથે સ્નેહ;
જાય છે અધમ અધમ ડગ ભરતો, પરનારીની પૂંઠે ફરતો;
એને શળીની પેરે રે ડરવું, એવું હરિચર૨ . રવું-

એક માછલી જળમાં વસે છે, તેને પાણીનો પ્રવાહ ગમે છે;
કોઈ પાપીએ બાહેર કાઢી, તલ તલ જીવ થયો રે ઉદાસી;
[illegible] વિનાનું કે મરવું, એવું હરિચરણે ચિત્ત ધરવું-ભ૦
એક [illegible] નૃત્ય કરે છે, મનગમતા શણગાર સજે છે;
[illegible] અતિ અભિમાની, નખશિખ નિરખે છે નારી,
[illegible] તાનું કરવું. એવું હરિચરણે ચિત્ત ધરવું-ભ૦
[illegible] કરે છે, પર મંદિરે ફેરા ફરે છે;
[illegible] નારી. મુરખ ડરનો નથી રે લગારી;
[illegible] એવું હરિચરણે ચિત્ત ધરવું-ભ૦
[illegible] પ્રેમભક્તિ તમે ગ્રાહો;
[illegible] અનુપમતાં દષ્ટિને બાંધો;
[illegible] હરિચરણે ચિત્ત ધરવું-ભ૦

પદ ૮૩

મ પિયારા, કૃષ્ણ હમારા, તુંહી તુંહી પ્રભુ, તુંહી તુંહી હમ!
તુંહી તુંહી, રામા, તુંહી તુંહી, હમ (૨)
તુંહી તુંહી પ્રભુ, તુંહી તુંહી હમ—રામ૦
બલિહાર જાવાં, કુરબાન જાવાં, (૨)
સદકેમેં જાવાં હરિ, તુંહી તુંહી હમ—રામ૦
તુજ બિન મેરા, ઓર ન કોઈ, (૨)
એકો અલખ સ્વામી, તુંહી તુંહી હમ—રામ૦
કયે દ્વાર જાવાં, જાયે સુનાવાં, (૨)
જ્યાં દર નાંહી, એક તુંહી તુંહી હમ—રામ૦
કલ્યાણ હાર પડયો, શરણ તુમારે, (૨)
રાખો હે લાજ, હરિ તુંહી તુંહી હમ—રામ૦

પદ ૮૪

ધન્ય એકાદશી, એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ.
મારે એકાદશીનું વ્રત કરવું છે, મારે ધ્યાન હરિનું ધરવું છે,
મારે વૈકુંઠમાં જઈ જઈ ઠરવું છે—ધન્ય એકાદશી૦
મારે એકાદશીનું વ્રત સારું છે, એ તો પ્રાણજીવનને પ્યારું છે;
એતો વૈકુંઠ લઈ જનારું છે—ધન્ય એકાદશી૦
જે કોઈ બાર માસ કરશે એકાદશી, તેના અંતરમાં વસે અવિનાશી;
નહીં કરશે તે જશે હાથ ઘસી—ધન્ય એકાદશી૦
મારે ગંગાઘાટે જાવું છે, મારે જમુના જળમાં ન્હાવું છે;
મારે ભવસાગર તરી જાવું છે—ધન્ય એકાદશી૦

૧૬—કહાન

પદ ૮૬—રાગ ધનાશ્રી

અરસિક કેમ બન્યું! મન તું, અરસિક કેમ બન્યું! (ટેક)
જગપાલક પ્રભુજીનું શરણું, શું તુંને ન ગમ્યું!—મન તું૦
નિર્મળ હરિજન હલકા લેખી, નિષ્ઠુરને જઈ નમ્યું—મન તું૦
રગ રગ ભક્તિરસ ઉભરાયે, તે રસને નહિ રમ્યું—મન તું૦
કહાન વિચાર કરી જો તુજને, શા માટે નિરમ્યું!—મન તું૦

પદ ૮૭

દર્શન દેજો આપ, દયાનિધિ! દર્શન દેજો. —— (ટેક)
જેવો તેવો તો ય તમારો, લાગી લગન મન છાપ—દયા૦
પાપ અમાપ અમારાં તોપણ, સુણીને પશ્ચાત્તાપ—દયા૦
બહુ દિન આપ વિયોગે કાઢ્યા, વેઠ્યો અતિ સંતાપ—દયા૦
માતપિતા ને સખા સ્વામી છો, કહાન આપ ને આપ—દયા૦

પદ ૮૮

છે અમૃતમાં ઝેર, મિત્રો, છે અમૃતમાં ઝેર.—— (ટેક)
અસત સુખો ને મિથ્યા રસમાં, શી અમૃતની પેર?—મિત્રો૦
સ્નેહનું સુખ પણ થોડી પલનું, ઝૂરી મરે આખેર—મિત્રો૦
સ્વાર્થત્યાગ નહિ કોઈ સ્થિતિમાં, ફરી વળો ચોફેર—મિત્રો૦
રાજપાટ સાહેબી શોભા, છે સંઘે અંધેર—મિત્રો૦
અમૃતનો આભાસ પરંતુ, છે જ હળાહળ ઝેર—મિત્રો૦
વેરબુદ્ધિએ વાસ કર્યો ત્યાં કાળો કળિયુગ કેર—મિત્રો૦
કહાન હરિરસ પાન કરે છે, તેને લીલાલ્હેર—મિત્રો૦

જેણે એકાદશીનાં વ્રત કીધાં છે, તેનાં પાંચ પદારથ સીધ્યાં છે;
તેને પ્રભુએ પોતાનાં કરી લીધાં છે—ધન્ય એકાદશી૦
અંબરીષે એ વ્રત કીધાં છે, દંડ દુર્વાસાએ દીધા છે;
રસ કલ્યાણરાવે પીધા છે—ધન્ય એકાદશી૦

પદ ૮૫

આજ એકાદશી તન-મન, પાવન કરનારું વ્રત એકાદશી૦
આજ હરિજન હૈયે હોંસ ધરી,
કરો ભજન પ્રભુનું ભાવ ધરી;
અંતરથી ઉપાધિ અળગી કરી—આજ એકાદશી૦
આજ હરિજનને હરિગુણ ગાવું,
આજ અન્ય રંગે નવ ચપટાવું;
[illegible] અમૃત પીવું પાવું—આજ એકાદશી૦
[illegible] શુભ એકાદશી;
[illegible] જનને હરખે વશી;
[illegible] કરી—આજ એકાદશી૦
[illegible] ધરી,
[illegible] કરી;
[illegible] ભરી—આજ એકાદશી૦
[illegible]
[illegible]
[illegible]—આજ એકાદશી૦

१६—कहान

પદ ૮૬—રાગ ધનાશ્રી

અરસિક કેમ બન્યું! મન તું, અરસિક કેમ બન્યું !- (ટેક)
ગોપાલક પ્રભુજીનું શરણું, શું તુંને ન ગમ્યું !–મન તું૦
નિર્મળ હરિજન હલકા લેખી, નિષ્ઠુરને જઈ નમ્યું–મન તું૦
રંગ રંગ ભક્તિરસ ઊભરાયે, તે રસે નહિ રમ્યું–મન તું૦
કહાન વિચાર કરી જો તુજને, થા માટે નિરમ્યું !–મન તું૦

પદ ૮૭

દર્શન દેજો આપ, દયાનિધિ! દર્શન દેજો. —— (ટેક)
જેવો તેવો તો ય તમારો, લાગી લગન મન છાપ—દયા૦
પાપ અમાપ અમારાં તોપણ, સુણીને પશ્ચાત્તાપ—દયા૦
બહુ દિન આપ વિયોગે કાઢ્યા, વેઠ્યો અતિ સંતાપ—દયા૦
માતપિતા ને સખા સ્વામી છો, કહાન આપ ને આપ—દયા૦

પદ ૮૮

છે અમૃતમાં ઝેર, મિત્રો, છે અમૃતમાં ઝેર.—— (ટેક)
અસત સુખો ને મિથ્યા રસમાં, શી અમૃતની પેર ?–મિત્રો૦
સ્નેહનું સુખ પણ થોડી પલનું, ઝૂરી મરે આખેર–મિત્રો૦
સ્વાર્થત્યાગ નહિ કોઈ સ્થિતિમાં, ફરી વળો ચોફેર–મિત્રો૦
રાજપાટ સાહેબી શોભા, છે સંઘે અંધેર–મિત્રો૦
અમૃતનો આભાસ પરંતુ, છે જ હળાહળ ઝેર–મિત્રો૦
વેરબુદ્ધિએ વાસ કર્યો ત્યાં કાળો કળિયુગ કેર–મિત્રો૦
કહાન હરિરસ પાન કરે છે, તેને લીલાલ્હેર–મિત્રો૦

પદ ૮૯

જળ બુદ્દબુદના જેવું, જગત છે જળ બુદ્દબુદના જેવું.....(ટેક)
મન મોહક છે રૂપ રંગ પણ, શું એમાંથી લેવું ! —જગત છે૦
તન ધન મિથ્યા સાધન મિથ્યા, સઘળે સંકટ રહેવું. —જગત છે૦
હોવાનું દુ:ખ, ખોવાનું દુ:ખ, જોવાનું શું કે'વું ! —જગત છે૦
નાચ નચાવે સૂત્રધાર ત્યમ, વેષ ધરીને રે'વું. —જગત છે૦
લેવાની છે નીત પરંતુ, કહાન ગમે નહિ દેવું. —જગત છે૦

પદ ૯૦—સાખી, મરાઠી ચાલ

આપતિ વિઘ્ન પ્રાણેશ્વરનું, ધ્યાન હૃદયમાં ધરીએ;
[illegible] મન [illegible] ખને ખરચીને, સત્કર્મો આચરીએ,
[illegible] ચીએ, અમંગ નહિ ઉચ્ચરીએ.
[illegible] પઢને, થશે કુશળ જયકારી:
[illegible] કહાન સરગ સુખકારી,

આવિ લાભ બધ લોકાં કરે, અભિમાન વચનો ઉચ્ચરે;
પળની ખબર નહિ આપણે, કહાન કાળ કેમ વહી ગયો–વિસાર૦

પદ ૯૨–કાફી

હરિના દાસ કહાવે, ઉરમાં દોલિક આશ.... (ટેક)
નામ વદેથી પ્રગટ હરિનું, ભક્તિ તણો આભાસ.–હરિના૦
લોભ, મોહ, માયા ના છૂટે, પ્રગટે પાપ પ્રકાશ.–હરિના૦
પૈસા આપી પુણ્ય ખરીદે, રીઝે શું અવિનાશ!–હરિના૦
ભેદ અને ભિન્નત્વ ભર્યું તો, શાનો ભક્તિ વિલાસ!–હરિના૦
કહાન તજી સહુ દંભ ઉપાધિ, રાખ અચળ વિશ્વાસ–હરિના૦

પદ ૯૩

જય જય ગૌમાત પ્રણમું સકળ સુખકારી,
પ્રાત સમે પ્રેમથી કરું, પ્રાર્થના તમારી—જય જય૦
નિર્મળ નીરખી સ્વરૂપ, અતુલ ઉપકારી,
હૃદયમાં દયા ન માય, જાઉં બલિહારી—જય જય૦
પુનિત ને પ્રતાપી તું છે, તુંજ સહાયકારી,
તુંજ પુંજપુણ્યનો, ખરેખરી ન તારી—જય જય૦
કિટકથી કરી સરીખ સકળ દેહધારી,
જન્મ થકી મૃત્યુ લગી, તુજને આભારી—જય જય૦
ધર્મશાસ્ત્ર અર્થશાસ્ત્ર, સ્તુતિ કરે તારી,
સહસ્ર જીભે શેષ વદે, તોય જાય હારી—જય જય૦
વિશ્વપોષિણી વિલોકી, સુંદર છબી તારી,
કહાન ઉરાનંદ વૃંદ, છંદમાં ઉતારી—જય જય૦

પદ ૬૬

[illegible] ગાય છે.(ટેક)
[illegible] ગાય છે રે-પ૦
[illegible] થાય છે રે-પ૦
[illegible] આવતા [illegible] થાય છે રે-પ૦
[illegible] રે-પ૦
[illegible] આત્મામાં [illegible] છે રે-પ૦
[illegible] કહાન સિદ્ધાંત સધાય છે રે.

ઃ પ્રભુ બિન ઔર ન કોઈ, કિસીકે સુખકે મીત દેખે;
સિહા કેવલ પદ સહારા, ક્યાં કિસીકા હૈ માગ માગા-તેર૦

પદ ૯૬

જૂઠા જિસને ત્યાગ દિયા ઔર સત્યકો મિત્ર બનાયા. ...(ટેક)
મોક્ષકા મારગ ઉસીને નિશ્ચિત મનકે હાથમેં પાયા.-જૂઠા૦
દુઃખોકા મારગ ઉસને પકડા, બુદ્ધિહીન કહાયા;
જગત્ પિતાકી જગતમેં જિસને, ઔરોંકા શીસ નવાયા. જૂઠા૦
દુઃખ ઔર દર્દ કલેશ કોઇ ભી, ઉસકે પાસ ન આવે.
એકાગ્રહ જો મનકો કરકે, શરણ પ્રભુકા આયા-જૂઠા૦
અપની અપની જિન ચીજોંકો, કહ કર જતન હૈ દેના;
મૂરખ અપને મનમે સમઝ તું, સાથ લિયા કુછ લાયા. જૂઠા૦
સારે પદાર્થ પડે રહેંગે, કોઈ ન સાથ ચલેગા;
ખાલી હાથ જાયગા યહાં સે, ખાલી હાથ થા આયા.-જૂઠા૦
જીતે જીકે સબ સાથી હૈ, મરે પર કામ ન આવે,
બેટા બેટી સાલા સસરા, જોરૂ ચાચા તાયા. જૂઠા૦
કેવલ અતિ આનન્દમેં નિસદિન, રહતા હૈ મન મેરા;
જગતપિતાસે નિશ્ચય કરકે, જબસે નેહ લગાયા.-જૂઠા૦

પદ ૯૭-રાગણી ભૈરવી, તાલ તીન

પાલન કરતા દુઃખકા હરતા, સકલ વિશ્વાધારા,... (ટેક)
દુર્ગુણ નાશક જ્ઞાન પ્રકાશક, મુક્તિ દેનેહારા-પાલન૦
દુષ્ટ જનોંકો દંડકો દાતા, શિષ્ટોંકા સુખદાઈ;
ઋષિયો મુનિયો વિદ્યાવાનો, ભક્ત જનોંકા પ્યારા-પાલન૦

નસ ઓર નાડીકે બંધનમેં, કભી નહિં વહ આતા;
હર્ષ શોક ઔર જન્મ મરણસે, સદા રહે વહ ન્યારા—પાલન૦
સંકટ હરતા દયાકા સાગર, બડા બડી સુખદાયક;
બુદ્ધિ ઉસકા થાહ ન પાવે, હૈ વહ અગમ અપારા—પાલન૦
ચારો દિશામેં નીચે ઉપર, અંદર બાહર વ્યાપક;
જ્ઞાન નેત્રસે દ્રષ્ટિગોચર, ઉસકા હૈ ચમકારા—પાલન૦
નહીં કભી વહ ગર્ભમેં આવે, નહીં વહ કાયા ધારે;
જો ઉસકા અવતાર બતાવે, વહ બુદ્ધિકા મારા—પાલન૦
સબકા સ્વામી અંતર્યામી, સદા એક રસ રહતા;
કેવલ ઉસકી કૃપાહીસે, હોવે પાર ઉતારા—પાલન૦

જૈસા કિસીકા હી અમલ, વૈસાહી વહ પાતા હૈ રૂપ.
દુ:ખોંકા રૂપ મિલતા હૈ, જિસકા હોતા દુ:ખ હરણ.
આપ દયાસ્વરૂપ હૈ, આપ હીકા અબ હૈ આસરા;
કૃપાદૃષ્ટિ કીજિયે મુઝ પર, હો નષ્ટ જન્મ મરન.
મનમેં મેરે હી વાસના, ઐસા કરના જિંદ
મારકે મન જી કેવલા, ઇંદ્રિયાં કેરે દમન.

૧૮—કેશવ

પદ ૯૯—રાસ

હરિને ભજતાં રે હો વારે, તેને લઇ ઘાલે યમને બારે (ટેક)
પાપીડા પરલે રે હો થાશે, નિંદાના કરતલ નરકે જાશે.
હરિજન લોકડાં રે હો દાઝે, વાલો મારો ગોકુળિયામાં ગાજે–હરિ૦
હેતે ચિત્ત બાંધે રે હો હરિસેં, તે કેમ પાછાં પગલાં ભરશે!
નાથ હમારો રે હો લાજે, શિરપર શામળિયો વર છાજે–હરિ૦
શિરને સાટે રે હો નવ મૂકું, અવસર આવ્યો તે કેમ ચૂકું!
તનધન જાયે તો રે હો જાજો, કેશવ હેતે હરિના ગુણ ગાજો–હરિ૦

પદ ૧૦૦

મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે.. (ટેક)
હરિ મને પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે—મારી૦
અનાદિ વૈદ આપ છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા,
વધુ ન ચાલે વાચા, વેળા વાળજો રે—મારી નાડ૦
પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઊભરાતું
મને હોય જ થાતું, નાથ નિહાળજો રે—મારી નાડ૦

વિશ્વેશ્વર ના મને વિસારો, આપને હાથ છું પાર ઉતારો;
મદા મૂંઝારો મારો, નટવર ટાળજે રે—મારી નાડ૦
કેશવ હરિ મારું શું થાશે, ઘાણ વળ્યો જો ગઢ ઘેરાશે;
લાજ તારી જાશે, ભૂધર ભાળજે રે—મારી નાડ૦

પદ ૧૦૧

ના વિસારીએ રૂડા હૃદયમાંથી રામ.... (ટેક)
હરતાં જઇએ, ફરતાં જઇએ, કરીએ ઘરનું કામ;
હરિગુણ ગાતાં જીભલડી! તુંને શું બેસે છે દામ!—ના વિ૦
પગ આપ્યા તીરથ કરવા, હાથ સેવા કરવા શ્યામ;
નયન આપ્યાં પ્રભુ નીરખવા, કીરતન સાંભળવા કાન—ના વિ૦
ફુ તને વાર જીભલડી, તું મેલ્યને આળપંપાળ;

ઘણા ઘણાની વ્હારે ધાયા, સેવકને ટાણે સંતાયા;
માધવ ન કરો માયા, નયન ભરાય છે રે. —હાં૦
કેશવ હરિ બહુ કઠણ ન થાશો, નિર્દય થઇને દૂર ન જશો;
પ્રિય કરુણામૃત પાશો, જીવન જાય છે રે —હાં૦

પદ ૧૦૩–રાગ દરબારી કાનરો

પોપટ પીંજરું નહિ તારું, અંતે ઊડી જવું પરબારું ....(ટેક)
છે પરનો પણ પરિચયથી તું માની બેઠો શું મારું!
તું કયાંનો! આ પીંજર કયાંનું!(૨)સમજ તો બહુ સારું–પો૦
મનુષ્ય દેહ છે મહાદુર્ગંધી નર્ક સમાન નઠારું;
તેને તું કંચનમય માને (૨) આવડું શું અંધારું!–પો૦
બીજું જોયા જેવું આ પણ નામ છે કેવળ ન્યારું;
સર્વ પ્રકારે સાચવતો તું (૨) અંતે છે પડનારું–પો૦
સાર અસાર વિચાર કરે તો, છે ભવસાગરનું બારું;
કેશવ હરિ કારીગર તેને (૨) વીસરું નહિ, સંભારું–પો૦

પદ ૧૦૪–રાગ–ભૈરવી

અભિમાન ધરે શા માટે! (૨) આવ્યા સૌ એક જ વાટે રે....(ટે
ખર ખોટી મોટાઇ કરે તે થાપ કરે છે ત્રાટે;
ખોટા ખેલખેલ મેલી દે, આખર એમ ન ખાટે રે–અભિમાન
આડ ધડે ધાયો શું અંધા, ધન યોવનને કાંટે!
અંતે સૌની એક દશા છે, દાઉ કરે કે દાટે રે–અભિમાન
સુત દારા ખારામાં ખૂંચ્યો ગોથાં ખાય ગપાટે;
ધામધરાદિક વૈભવમાંથી ઝડપે કાળ ઝપાટે રે–અભિમાન

નીતિ ન્યાય ને પુણ્યમાં પ્રીતિ, શમ દમ કરે શિર સાટે;
ધર અંતરમાં કેશવ હરિને,જન્મમરણ ખત ફાટે રે–અભિમાન૦

૧૯–કેશવલાલ

પદ ૧૦૫–રાગ ભેરવી

દીનાનાથ દયાળ નટવર, હાથ મારો મૂકશો મા....(ટેક)
હાથ મારો મૂકશો મા, હાથ મારો મૂકશો મા–દીનાનાથ૦
આ મહા ભવસાગરે ભગવાન હું ભૂલો પડ્યો છું;
ચૌદ લોકનિવાસી, રમાકાન્ત, આ તક ચૂકશો મા–દીનાનાથ૦
જોગ ઈશ્વર આપની, સાધન વિધિ સમજું નહિ હું;
પ્રાણપાલક પોત એક, થંભ આખર ફૂંકશો મા–દીનાનાથ૦
માત તાત ભ્રાત સહોદર, જે કહું તે આપ મારે;
હે કૃપાસિન્ધુ મનોહર, દાસ મારું ચૂકશો મા–દીનાનાથ૦
[illegible] કેશવલાલનું છે, [illegible] હે હરિરામ નાથ,
[illegible] મૂકશો મા–દીનાનાથ૦

ાટ પીતાંબર ના હમ ચાહત, ના ઓઢું શાલદુશાલા રે—રામ૦
ામભરોસો બહુ સુખ પાવે, ચરણકમલ પદ પાવે રે—રામ૦
ૃપા નિવાસી ભજ રે મનવા, ઈશ પ્રભુ દીનદયાળા રે—રામ૦

૨૧—કૃષ્ણદાસ

પદ ૧૦૭—ગરબો

જોબન સસલો જરા સ્વાને જો ઘેરિયો,
(તોય) સાધન કરવા મન ના માને મૂઢ જો;
કાલ આહિર તે પૂંઠે આવે મલપતો,
જમડા ભમરા વેરી તારા પ્રૌઢ જો—જોબન૦

આવી પહોંચે અચિંત લાગ્યો ચેતવા,
દવ લાગ્યો તવ કૂપ જ ખણવા જાય જો;
ચોરો ચોરી ધન સઘળું લઈ ગયા,
જાગીને પછી દીપ કરે શું થાય જો—જોબન૦

પહેલી પાળ ન બાંધી પચ્છમ બુદ્ધિએ,
અવસર ચૂકે હાથ ઘસે શું થાય જો?
ઝાંઝવે તરસ ન છીપે બેઠો આશાથી,
ઉશનાં મોતી કામ ન આવે કાંય જો—જોબન૦

ત્રિવિધ તાપ ને લક્ષ ચોરાશી પરજલે,
હરિ ભજ્યા વિણ જાય ન દારુણ રોગ જો;
કૃષ્ણજી કેવળ રામને ભજિયે ભાવસું,
ફરી ના આવે મનસા દેહી જોગ જો

પદ ૧૦૮

અનુભવીને એકલું, આનંદમાં રહેવું રે: ... (ટેક)
ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે—અનુ૦
એકજ જાણી આતમા કોઈને દુ:ખ ન દેવું રે: (૨)
સુખદુ:ખ આવે સહેજમાં તે તો સહીને રહેવું રે—અનુ૦
[illegible]મિને બીજી તૃષ્ણાથી, અળગું રહેવું રે: (૨)
સમદષ્ટિ સમતાને ગ્રહી, આપ ખોવું રે—અનુ૦
આદિ, અંત, મધ્ય, એકાદ્વૈત ભાસ્યું રે (૨)
આતમાના ઉદય થકી અજ્ઞાન નાસ્યું રે —અનુ૦
[illegible] જોયા, પુરાણ જોયાં, સરવે તપાસી: (૨)
[illegible] નામથી કોઈ ન મોટું, સંત ઉપાસી—અનુ૦
[illegible] સેવતાં મારું મનડું મોહ્યું રે: (૨)
[illegible] મોહ્યું રે—અનુ૦

અડસઠ તીરથ સાધુને ચરણે, પ્રીને એને અનુસરિયે રે—સં૦
હરિકથા હરિજન નિત બોલે, દેતે તે કાને ધરિયે રે—સં૦
કાને ધરી દઢ દિલમાંહી ધારી, ફરી ચોરાશી નવ ફરિયે રે—સં૦
હરખ હૈયામાં હિંમત રાખી, વૈકુંઠનાથને વરિયે રે—સં૦
કૃષ્ણદાસ કે, કૃષ્ણને પામી ફરી ન જનમિયે ન મરિયે રે—સં૦

પદ ૧૧૦–રાગ ઠૂમરી

લે હરિનામ કા નાવ જાકું સંત ચલાવે.... (ટેક)
ઉતારે ભવપાર, પ્રભુજી સેં જાઈ મિલાવે—લે હરિ૦
એક પલકકે માંહીં અનંત લખ યોજન ચાલે;
સો એસી તરેહ લેઈ જાય પેટમેં પાની ન હાલે—લે હરિ૦
લેવત નહીં કછુ દામ જાહજમેં જાઈ બેઠાવે;
સો વૈકુંઠ ધામ કે બીચ જહાજકું જાઈ ઝુકાવે—લે હરિ૦
સદા હી કરો સતસંગ ગુણ ગોવિંદકા ગાઓ;
ભવસાગર તરી જાઓ પરમપદ પ્રેમશું પાઓ—લે હરિ૦
સદ્ગુરુ કિયા ઉપદેશ જમકા જોર ન ચાલે;
દેખાડે હાલ ઉલ્લાસ પ્રભુજી કે મનહી ભાવે—લે હરિ૦
નિર્ભય ભયા નર સોઈ જો ઇન જહાજમેં બેઠે;
કહે કૃષ્ણદાસ ઉલ્હાસ સાહેબ કેરા મેહેલોમેં પેઠે—લે હરિ૦

પદ ૧૧૧–હોરી

સુન લે કંથ શીખ હમારી કહત મનોહરી નારી....(ટેક)
રામચંદ્રકા નિરંજન જાનકું માનકું અજ અવિકારી;
વિશ્વરૂપ રઘુવંશમણિ હે ભક્તઅર્થ તનુ ધારી;
કહત હે નિગમ પુકારી —સુન લે૦

પદ પાતાલ શીશ અજ ધામહીં, ભ્રકુટી કાલ ભયકારી,
નેન દિવાકર કચ વનમાલા, નિશિદિન નિમિષ અપારી;
શ્રવણ દિશા દશ ભારી. —સુન લે૦
નાસા અશ્વિનિકુમાર બિરાજત, સુરત શ્વાસ સુખકારી,
અધર લોભ જમ દશન કરાલા, વાણી બંધ અનુસારી;
બહુ દિગ્પાલ પ્રહારી. —સુન લે૦
અનંત અનલ વરુણ રસનામેં, માયા હાસ મોહકારી,
ધરની ચરણ રોમ દ્રુમ શાખા, સરિતા નસ નાડી;
હાડ અષ્ટાદશ ભારી. —સુન લે૦
અહંકાર શિવ બુદ્ધિ અજ જાણો મન શશી શીત મદારી;
કૃષ્ણ પ્રભુ કું એસો જાણો સમજ લિયો મન મારી;
જગત પતી બાન રવારી. —સુન લે૦

રામચંદ્રકો રૂપસુધાનિધિ, નેન પ્રેરહુ રસ પીજે,
કૃષ્ણદાસ પ્રભુ ઉર ઉપર, નિશિદિન ધ્યાન ધરીજે;
જાતે ભવસિંધુ તરીજે. —જનની૦

પદ ૧૧૩

બનહુસેં આવત ધેનુ ચરાવે.... (ટેક)
આગે આગે ધેનુ પીછે પીછે જદુનંદન, વૃજરજ મુખ લપટાવે—બન૦
મોર મુકુટ મકરાકૃત કુંડલ, ઉર વનમાલ સુહાવે;
બાહુ બિશાલ બિભૂષણ સોહે, કર ગહી કમલ ફિરાવે—બન૦
ચંદન ચરચિત અંગ મનોહર, ભૃગુ લક્ષણ છબી છાવે;
શેષ સહસ્ર મુખ રટત નિરંતર, સો વાંકો પાર ન પાવે—બન૦
કંબુકંઠ કૌસ્તુભ મણિ રાજે, શોભા વરણી ન જાયે;
ઘૂંઘર વારે અલક વદન પર, મધુકર રહે લોયે—બન૦
ચઢે વિમાન દેવ મુનિ હરખેં, પુષ્પમાલ ઝરિ લાયે;
કૃષ્ણદાસ પ્રભુકી છબી નીરખે, ચરણકમલ ચિત્ત લાયે—બન૦

પદ ૧૧૪

અકલ કળા ગત ન્યારી, જગતમેં સંત બડે ઉપકારી....(ટેક)
પરદુઃખસેં દુઃખી હોત સંત, પર સુખસેં સુખ ભારી રે જી—અ૦
મુખ પ્રસન્ન ઝળકત હે, જાકે નેનનમેં ગિરધારી રે;
ભક્તિ, વિવેક, જ્ઞાન, ગુણસાગર, નાગર ચતુર વિહારી રે—અ૦
જાકી બાંય પરમ પરમારથ, સ્વારથ નહિ સંસારી રે;
જાકે ચરણ ન્હાય તે પાવત, ધર્માદિક ફલ ચારી રે—અ૦
સુરતરુ કામધેનુ ચિંતામણિ, ઉપમા કહું કહારી રે;
આતમરૂપ કરત એક પલમેં, કામ ક્રોધ મદ ટારી રે-અ૦

આચારરહિત નિગાથા ખેરી, જાનત કોઈ અધિકારી રે;
એસે સંત સેવત જન કોઈ, કૃષ્ણદાસ બલિહારી રે—અ૦

૨૨—કૃષ્ણરામ

પદ ૧૧૫—રાગ પ્રભાત

આવી એકાદશી, આજ સુખદાયકા,
લાયક વિઠ્ઠલપદવીની, દાતા—આવી૦
દીધિ એકાદશી, ભક્તિ દિલ રહે વસી,
હરજી આવે હસી, હૃદયમાંહી,
ઇંદ્રિયાગણિત મન દમન કરી અર્પવું,
ભાવ કરી એમના ચરણમાંહી—આવી૦
[illegible] મર્મનું બીજ, તેમ ધર્મનું
[illegible] એકાદશી, જાણવી [illegible];
[illegible] યુગયુગમાં [illegible],
[illegible]માં [illegible] તેમ [illegible]—આવી૦
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પ્રેમથી આવીએ, ગાઈ-ગવરાવીએ,
શીખી-શિખાવીએ, કૃષ્ણ કહીએ,
કૃષ્ણકરુણા થકી કૃષ્ણરામે કહ્યું,
વાજતે ડંકે વૈકુંઠ જાઇએ—આવી૦

૨૩–खेमसाहेब

પદ ૧૧૬–રાગ ઠૂમરી
જિન મુખસેં સિયારામ ન સુમરેં,
તિન મુખમેં તો ધૂલ પરી રે....(ટેક)
ધિક્ તેરો જન્મ જીવન તારો ધિક્ હૈ,
ધિક્ ધિક્ મનુષ્યકી દેહ ધરી રે;
જીવત તાત મૂવે નહીં તેરા,
કયું જનમ્યો તું પાપ કરી રે ?—જિન૦
રામ નામ બિન રસના કૈસી?
કરો ઉનકી ટુકડા ટુકડી રે;
જિન નૈનનેં પ્રભુરૂપ ન નિરખ્યો,
ઉન નૈનનમેં લૂણ ભરી રે—જિન૦
રતન પદારથ જન્મ મનખો,
આવત નહીં સો ફરી ફરી રે;
અબ તેરો દાવ બન્યો હૈ મૂરખ,
કરના હોય સો લેને કરી રે—જિન૦
હાથ પસાર કિયો નહીં સુકૃત,
તપ તીરથ કછુ ડગ ના ભરી રે;

ખેમ કહે તું ભૂલો આયો,
ખાલી તેરી ખેપ પડી રે—જિન૦

પદ ૧૧૭—ભજન

માન બડા મેમંતારે, માન સબદોં મારે. (ટેક)
માને રાવણ રાજ ગુમાયા, માને દુર્યોધન દુઃખ પાયા;
માને હરણાકંસ અથડાયા, ગયે જનમ હારી—માન૦
માન ન કીજિયે હે મન મેરા, પકડ સંત જબ પાવે સેરા;
નાદ અજ્ઞાન મટે અંધેરા, શબ્દોં જે સારે—માન૦
માને નરખ બયા મતહીના, સેવા સમરન કછુ ન કીના;
નાદ નામમેં રૈન આપીના, વાંકો સદગુરુ કર્યો તારે—માન૦
[illegible] બલખકી રાજ, સુલતાનેં સારે સબ કાજ.
[illegible] છોડી લજ્જા, નો નામકો નિરધારે—માન૦
[illegible] દે [illegible] ગયા ક્યારા, કોઈ કોઈ નિકસ બયા ન્યારા,
[illegible]—માન૦

૨૫–ગણપતરામનાં પદો

અથ મંગળાચરણ

દોહા–શ્રીવર છો અશરણ શરણ, તારણ ભવ કીરતાર;
વિઘ્ન નિવારણ ચરણ તવ, વંદું વારંવાર.

છંદ ત્રિભંગી

શ્રીવર જયકારી, દેવ ઉદારી, ભવભયહારી અવિકારી,
કર બંસી ધારી, ગૌ વન ચારી, તવ ગતિ ન્યારી તપધારી;
સમરે ત્રિપુરારિ તત્ત્વ વિચારી, વરણી તારી કૃતિ સારી;
–જય જય મોરારિ૦

જયજય મોરારિ, ગિરિવરધારી, કુંજવિહારી સુખકારી,
અવિચળ અવિનાશી, વિશ્વવિલાસી, ઘટ ઘટ વાસી ગુણરાશિ,
અણિમાદિક દાસી અલખત ખાશી, પુરણ પ્રકાશી જગવાસી,
કદી નહીંજ ઉદાસી, ધરમ ઉજાશી, નજર સુધાશી વૃતધારી;
–જય જય મોરારિ૦

ઘેંગાજન ધામી, સદ્‌ચિદ્‌સ્વામી, અલક અકામી, જગ જામી,
નિર્મળ બહુનામી, કોઈ ન દામી, અંતરજામી નહીં ખામી,
હરિજનના હામી, વૈકુંઠગામી, નિગમ નમામિ અસુરારિ;
–જય જય મોરારિ૦

કોટી જગકરતા, અભરણ ભરતા, વળી જગ હરતા આચરતા,
માયા આદરતા, અમૃત ઝરતા, ધરણી ધરતા, અઘહરતા,
થીરતાથી ઠરતા જે અનુસરતા, તે જન તરતા ભવવારિ;
–જય જય મોરારિ૦

દુનિયાના દાતા છો પિતુમાતા, ભૂધર ભ્રાતા શોભાતા,
ગુણ સુરનર ગાતા, વિશ્વવિધાતા, સ્થિર મન થાતા વિખ્યાતા,
પૂરણ રસ પાતા, જગના જાતા, સત સોહંતા જઉં વારી;
—જય જય મોરારિ૦

જય દીનદયાળા, દ્વિજપ્રતિપાળા, કાનડ કાળા ગોવાળા,
જપું છું તુજ માળા, વાત વિચાળા, તન દુ:ખ ટાળા ઉપકારી;
—જય જય મોરારિ૦

જમુનાતટ જઇને, શીરમન થઇને, રાસ રચઇને, ધુમ મચઇને;
વેણુ ગીત ગઇને, અતિ ચિત ચહીને, અમૃત પીને, ગુણિ રહીને;
કરી અતિ અધિકઇને, વળી સુખ દઇને, સંગે લઇને વ્રજનારી;
—જય જય મોરારિ૦

[illegible] પાવે, મન સુહાવે, દરશન પાવે અતિ ભાવે,
[illegible] ધ્યાન મન ધ્યાવે, નિરમળ લાવે ચિત સદાવે,
[illegible] દાન કહાવે, પદ પર [illegible] બલિહારી,
—જય જય મોરારિ૦

લક્ષ લાભ પુત્ર લેવા, સુરનર કરે સેવા;
દેવ માંહી મુખ્ય દેવા રે. —ગણાધિપતિ૦
સમરતાં સુખ થાય, દેહ કેરાં દુઃખ જાય;
માતા અંબિકાજી માય રે. —ગણાધિપતિ૦
પિતા તો શંકર સ્વામી, દેવ કોઈ નાવે દામી;
નિરંજન નામી રે. —ગણાધિપતિ૦
નામથી વિઘન નાસે, પાપ કદી ના'વે પાસે;
વિશ્વમાંહી વસ્યા વાસ રે. —ગણાધિપતિ૦
પૂજું ગુરુ તારા પાયે, જગમાંહી જશ થાયે;
ગણપત ગુણ ગાયે રે. —ગણાધિપતિ૦

પદ ૨

જ્ઞાન માટે ગુરુ કરો રે,
નક્ટ નર નૂગરા કદી ન ફરો રે..... (ટેક)
નૂગરા જે નર ફરો, તેથી નહિ ભવ તરો;
કોડે સતગુરુ કરો રે—નક્ટ નર૦
નારદે ન ગુરુ કર્યા, વૈકુંઠથી પાછા ફર્યા;
ગુરુ મળ્યે ઠામે ઠર્યા રે—નક્ટ નર૦
નૂગરાનું પુન્ય નાસે, પ્રભુ નવ આવે પાસે;
બ્રહ્મ કદી નહીં ભાસે રે—નક્ટ નર૦
નૂગરાનું સુખ ન્યાળે, ક્લેશ ઊપજે તે કાળે;
ભક્તિ કદી ન ભાળે રે—નક્ટ નર૦
દાનવ માનવ દેવા, સતગુરુની કરે સેવા;
કહીએ એથી મોટા કેવા રે—નક્ટ નર૦

મોટા જન જેને મજ્યા, ભાવે ભક્તિમાં ભજ્યા;
વૈકુંઠની વાટે વજ્યા રે—નફ્ટ નર૦
પૂજે ગુરુજીના પાયા, મૂકી જગ કેરી માયા;
ગણપતે ગુરુ ગાયા રે—નફ્ટ નર૦

પદ ૪

ચેતે તો ચેતાવું તુંને રે
મૂરખ મન ! ચેતે તો ચેતાવું તુને રે.... (ટેક)
સજી અલખત સારી, મિથ્યા કહે છે મારી મારી;
નથી કાંઈ તારી ન્યારી રે. —મૂરખ મન ચેતે તો૦
છે આ સુપનાની બાજી, છત કોઈની નવ છાજી;
પ્રભુ ભજી લેને પાજી રે. —મૂરખ મન ચેતે તો૦
જોતાં જોતાં સહુ જાશે, થનાર વસ્તુ તો થાશે;
કશું ન કરી શકાશે રે. —મૂરખ મન ચેતે તો૦
ખંખેરીને હાથ ખાલી, આવ્યા એમ જશો ચાલી;
કરી માથાકૂટ ખાલી રે. —મૂરખ મન ચેતે તો૦
માંખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું;
લૂંટનારે લૂંટી લીધું રે. —મૂરખ મન ચેતે તો૦
તન પડી જાશે તારું, મિથ્યા કહે છે મારું મારું;
ખળતામાંથી ખોળ ખારું રે. —મૂરખ મન ચેતે તો૦
મરણ ભમે છે માથે, હાથે કર્યું આવે સાથે;
નીમેલું છે જગનાથે રે. —મૂરખ મન ચેતે તો૦
સમજે તો સુખ થાયે, જનમનું દુઃખ જાયે;
ગણપત ગુણ ગાયે રે. —મૂરખ મન ચેતે તો૦

પદ ૫

(ભક્તિ એવી રે ભાઈ એવી—એ રાગ)
બ્રહેવંતીને વરને વરવું, એવું ભક્તિમાં ચિત્ત આદરવું.
નટ દોર ઉપર ચડે છે, સાત બેહેડાં તે શિર ધરે છે,

તાણી તેગ બે કરમાં તે વાર, નીરખે સહુ મળી નરનાર;
પટા ખેલીને પાર ઉતરવું, એવું ધ્યાન પ્રભુજીનું ધરવું.
સતી સ્વામી મુવા જે વાર, ધરે અંગે તે સોળ શણગાર,
જાયે જુવતી તે બળવા જોને. પાછી વળે કદાપિ ન પોતે.
એને પતિની પ્રીત્યશુ મરવું. એવું ભક્તિમાં ચિત્ત આદરવું.
શુરો સંગ્રામમાં સંચરે, ભર પગલું પાછું નવ ભરે,
મરે ત્યાં લગી મામ ન મુકે, ચોટ થતાની એ ન ચૂકે;
એને ફિકર તજીને ફરવું, એવું ધ્યાન પ્રભુજીનું ધરવું.
દેખી દીપકનો દેદાર, ઉડી આવે પતંગ એ વાર,
ઝંપલાવે તે આગમાં જ્યારે. તેને ફરવું મરે તે વારે.
એને તનમન અરપણ કરવું, એવું ભક્તિમાં ચિત્ત આદરવું.
[illegible] બાર માસ વાણી, પીએ પ્રેમથી સ્વાતિનું પાણી,
એને [illegible] પડ્યું નવ ભાવે. [illegible] નીર તે કામ ન આવે
[illegible] પટમાં ભરવું, એવું ધ્યાન પ્રભુજીનું ધરવું.
[illegible] ચિત્ત. પુરી [illegible]
[illegible]
[illegible] એવું ભક્તિમાં ચિત્ત આદરવું
[illegible]
[illegible]
[illegible] પ્રભુજીનું ધરવું.

[illegible]

ગૌણભક્તિ પુરાણે પ્રમાણી, પરાભક્તિને વેદે વખાણી;
અન્ય સાધન ઉરમાં આવે, તોયે ભક્તિને તોલે ના'વે.
એમ શીખે તું પુરાણ અઢાર, જો તું મુખે વદે વેદ ચાર,
જે તું ભણે, બીજાને ભણાવે, ચિત્તમાંહીથી જ્ઞાન ચલાવે;
જો તું સપ્ત સ્વરથી ગાવે, તોયે ભક્તિને તોલે ના'વે.
ગંગાજળ ચડાવે શિવલિંગ, જો તું પુષ્પ ચડાવે બહુ રંગ;
સ્તોત્ર મંત્રને ધૂપદીપ સાધે, એમ ઉમિયાપતિને આરાધે;
બંને કરથી તાલ બજાવે, તોયે ભક્તિને તોલે ના'વે.
જો તું જટા વધારે શિષ, જો તું ભસ્મ ધરે અહોનિશ;
જો તું શબ્દ શંખનો સુણાવે, બની સીધ દુનિયાને ડરાવે;
તોયે ભક્તિને તોલે ના'વે૦
જો તું મૌન ધારી થયો મુનિ, જોઈ જગ્યા પકડે સૂની;
લાવી લાકડાં ધૂણી ધખાવે, મીંચી નેત્ર ને માળા ફેરાવે;
જો તું સાન કરી સમજાવે, તોયે ભક્તિને તોલે ના'વે
જો તું કાન ફાડી મુદ્રા ડારે, મૂકી વસ્ત્ર લંગોટી મારે;
જો તું તૂંબડ તાર બજાવે, ભજન બોલીને જન ભરમાવે;
જો તું વીર થઇ પુજાવે, તોયે ભક્તિને તોલે ના'વે.
બની વિપ્ર ને વેદ ઉચારે, પાળે શૌચ અતીશે આચારે;
જો તું અન્ન વિના કરે આહાર, આવી નમે નર ને નાર;
ગુણ ગણપત વરણવી ગાવે, તોયે ભક્તિને તોલે ના'વે.

પદ ૭

જો તું સાધન સર્વ સોહાવે, તોયે ભક્તિને તોલે ના'વે.
જો તું ખાંતે લૈરવજવ ખાય, કાશી કરવતે વેરાવે કાય;

મરે જઇને હેમાળા માંયે, તપ માંડે તરૂવર છાંયે;
જો તું શૂન્ય સમાધી લાવે, તોયે ભક્તિને તોલે નાવે.
વાંચી વેદાંત વાદને માંડે, છળકપટ અંતરથી ન છાંડે;
પદ્માસન વાળીને બેસે, બની ધ્યાની ગુફામાં પેસે.
જો તું દસ વાર દીનમાં નહાવે. તોયે ભક્તિને તોલે નાવે.
જો તું શિવલિંગ બાંધે શીશ, રાખે શંખ ન છોડે રીસ,
જોગી જંગમ થઇ કરે જ્ઞાન, કુળ આશ્રમનું અભિમાન;
બની જતીને જોગ જગાવે. તોયે ભક્તિને તોલે નાવે.
જો તું સરોવર કૂપ ખોદાવે. ભલા પીના દવાદા મગાવે.
અભિમાન તપે ઉપાયે. નાખી સાકરને પાયે ગાયે.
જો તું ગંગામાં જઇ મજાવે. તોયે ભક્તિને તોલે નાવે.
દીક બનાવે દેવળ દ્વાર, જો તું બધાવે સંધાર [illegible]
[illegible] દાન [illegible] દાના. [illegible]
જો તું [illegible] તોયે ભક્તિને તોલે નાવે.
જો તું [illegible] નાહાવે, [illegible] પાપ ન [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

નીચ કુળના ગુરુ નવ કરવા, એથી અંતે ન પામે ઊગરવા;
એમ હરકત જગની હરવા, તેને સતગુરુ સાચા કરવા.

ગુરુ વિના જ્ઞાન ન થાયે, મોટા મુનિજન કથે મહિમાયે;
જે અજ સનકાદિક શેષ, આદિ વિષ્ણુએ કર્યો ઉપદેશ;
અવિનાશીનું ધ્યાન આદરવા, તેને સતગુરુ સાચા કરવા.

જનક જેવા વિદેહી જેહ, ગુરુ અષ્ટાવક્ર કર્યા તેહ;
પામ્યો પરીક્ષત પદ નિરવાણ, ગુરુ શુકદેવ મળિયા સુજાણ;
સત્ય ધામે જે ધારે સંચરવા, તેને સતગુરુ સાચા કરવા.

સકળ મુનિ અને શિવ–શક્તિ, ભાવે કરે સતગુરુની ભક્તિ;
રહુગણને મળ્યા મુનિરાય, સાચી કીધી તે ભરથે છાંય;
વિશ્વપતિને ઇચ્છે કરવા, તેને સતગુરુ સાચા કરવા.

રામે વશિષ્ટ ગુરુજીને વંદ્યા, કૃષ્ણે સંદીપ કર્યા સુખકંદા;
ઉદ્ધવ અર્જુનને આપ્યું જ્ઞાન, ગુરુ થયા શ્રીભગવાન;
શ્વાસોશ્વાસ હરિ સમરવા, તેને સતગુરુ સાચા કરવા.

નવનાથ ચોરાશી સીધ, ગુરુ શરણથી પામ્યા નવનીધ;
ગુરુ પ્રસન્ન હરિ પ્રસન્ન, દેખે એમ ગુરુ દરશન;
એમ અગમ પંથ અનુસરવા, તેને સતગુરુ સાચા કરવા.

સંસાર સાગર, નરહરિ નાવ, ભક્ત કોઇક રાખે ભાવ;
ગુરુ ખેવટિયા ગુણવાન, મટે મોહ માયા અભિમાન;
કહે ગણપત ઠેકાણે ઠરવા, તેને સતગુરુ સાચા કરવા.

પદ ૯

(હરિભજન થકી, છું તો દેવ ન સદ્ગુરુ મોટા ગાયે-એ રાગ)

સતસંગ વિના, સમજણ સાધન અંતરમાં નહીં આવે;
સતગુરુ વિના હરિ મળવાનો મારગ કોણ બતાવે! (ટેક)
સતગુરુને પ્રથમ શરણે જાશો, ત્યારે જગ ભ્રાંત ભમણા જાશે;
એમ અંતરમાં પ્રભુ ઓળખાશે, —સતસંગ વિના૦
સતસંગ વિના નવ જ્ઞાન જડે, ગુરુજ્ઞાન દોરી ન ખબર પડે,
કેમ તાણી પડે ન એક ઠામ ઠરે, સતસંગ વિના૦
સતસંગ થકી નર કંઈ સુધર્યા, તન ત્યાગી ભવજળ તેજ તર્યા,
ઘણું સતી કરી વિકારને વર્યાં, સતસંગ વિના૦
સતસંગ થકી તો મુક્તિ મળે, સતસંગે પ્રેમની રીત પળે,
[illegible] નમિ માંહી ભળે, સતસંગ વિના૦
[illegible] પર પામે, થકી ધ્યાન દઈ અક્ષર પામે,
[illegible] નાથાપનરાગી. —સતસંગ વિના૦

શુદ્ધ ચિત્ત વિના પાઠ પૂજન કરે,
શુદ્ધ ચિત્ત વિના બગ ધ્યાન ધરે;
શુદ્ધ ચિત્ત વિના ન કેડ જાઇ ઠરે—શુદ્ધ ચિત્ત વિના૦
શુદ્ધ ચિત્ત વિના ગુરુ જ્ઞાન કથે,
માખણ જ્યમ ન મળે પાણી મથે;
જેમ પ્રેમ વિના પળે તીરથ પથે—શુદ્ધ ચિત્ત વિના૦
માટે ચિત્ત હરિ ચરણે ધરવું,
તજી કપટ હરિ સમરણ કરવું;
તેને ગણપત ભવસાગર તરવું—શુદ્ધ ચિત્ત વિના૦

પદ ૬૧

(ચતુરા ચેટક એવું જાણે રે, કેઇ વેળાનું કામણ કર્યું છે–એ રાગ)

કામના કોપથી ઊગર્યા દોક રે, લાજ મૂકીને ચાલે લોક.
સુતાનું લાંછન લાગ્યું, બ્રહ્માનું સત્ય ભાગ્યું;
ફજેતી થઈ જગતમાં ફોક રે, લાજ મૂકીને ચાલે લોક.
મહાદેવે તપ માંડ્યું, માયામાંથી મનડું છાંડ્યું;
સતીને મોહીને થયો શોક રે, લાજ મૂકીને ચાલે લોક.
ધર્યું રૂપ ગૌતમ ધામે, ઇંદ્ર અહલ્યા કામે;
મેળવ્યો જુવતી સાથે ઝોક રે, લાજ મૂકીને ચાલે લોક.
પારાશર પૂરા થયા, ચ્યવન તો ચૂકી ગયા;
રાવણ તો રણમાં રહ્યો થોક રે, લાજ મૂકીને ચાલે લોક.
કર્યો કામ ઠામ કુઠામે, ગાયા ગુણ ગણપતરામે;
દિલ વિચારી ડોલાવો ડોક રે, લાજ મૂકીને ચાલે લોક.

પદ ૧૨

લોભે લલચાયા જગતના લોક રે, કળિકાળમાં ઉગર્યો કોક.
સહસ્ર અર્જુન ગયો, પાપી થયો રણમાં પૂરો:
કૃષ્ણ પદે જીવન કીધું કોક રે, કળિકાળમાં ઉગર્યો કોક.
કૌરવ તો ગજને કાજે, લોભી થયા લોપી લાજ:
મારી સજ્જનને પામ્યો શોક રે. કળિકાળમાં ઉગર્યો કોક.
જમ અગ્રે ભારી. નમે જેને નર ને નારી,
મણિ માટે થઈ કૃજતી કોક રે. કળિકાળમાં ઉગર્યો કોક.
નંદ લાખ ટનં નાણું. લાવીને આંગણે આણ્યું:
[illegible] પાથરી પાટી પોક રે, કળિકાળમાં ઉગર્યો કોક.
[illegible] ભજ રામને કામે. આપ્યા ગુરુ ગણપતરામે:
[illegible] આ કોક રે. કળિકાળમાં ઉગર્યો કોક

પદ ૧૪

કપૂતનો કોઈ કરે રખે સંગ રે, ભક્તિમાં પાડે ભંગ.
સુગરીએ શિખામણ દીધી, વાંદરને વાત કીધી;
ફરી ઘર ભાગ્યું કોપ્યો કુસંગ રે, ભક્તિમાં પાડે ભંગ.
આભાર ઉંદરનો કીધો, પ્રીતિએ પાંખમાં લીધો;
વપુએ વરવો થયો વિહંગ રે, ભક્તિમાં પાડે ભંગ.
સજીવન મંતર સીધ્યો, જાણી સિંહ જીવતો કીધો;
અભાગીએ ખાધું વિપ્રનું અંગ રે, ભક્તિમાં પાડે ભંગ.
ભસ્માંગદ તપનો ભોગી, જપ્યા દિગંબર જોગી;
પાપી કર્યો સતિ હર્યાનો પ્રસંગ રે, ભક્તિમાં પાડે ભંગ.
કહ્યું સમજુના કામે, ગાયું એમ ગણપતરામે;
સતિયા છોડો એનો કુસંગ રે, ભક્તિમાં પાડે ભંગ.

પદ ૧૫

સ્વાદને વશ સહુ સંસાર રે, કોણ અહી ત્યાગી નરનાર.
સ્વાદે છળ્યા શૃંગીઋષિ, પ્રેમદાને પેર ન પૂછી;
આવ્યા અયોધ્યામાં એ વાર રે, કોણ અહી ત્યાગી નરનાર.
વિષય વશ રાજા–રાણી, પીએ મદિરાનાં પાણી;
વંદને નાવે કાંઇ વિચાર રે, કોણ અહી ત્યાગી નરનાર.
સ્વાદી નર નીચનું ખાયે, ચોરી જારી કરવા ચાહાયે,
વળી જેને વહાલો નહીં વહેવાર રે, કોણ અહી ત્યાગી નરનાર.
સ્વાદી કરે દલથી દગો, ન ગણે સજ્જન સગો;
એના તો પાપનો નાવે પાર રે, કોણ અહી ત્યાગી નરનાર.
કરો નહી મતિએ કામે, ગાયું એમ ગણપતરામે;
સાચો છે હરિભજનમાં સાર રે, કોણ અહી ત્યાગી નરનાર.

પદ ૧૬

સતીને સ્વામીની કરવી સેવ રે, જાણી દલ ભીતરના હેત.
પ્રભાને પતિને પૂછે, સ્વામીજી કામ શું છે:
તેવી નિત્ય તનમાં રાખવી ટેવ રે, જાણી દલ ભીતરના હેત.
ગ્યામાને સરવે સૂઝે, પતિ ગુરુ પ્રભુને પૂજે,
કદાપિ કે નહિ કરેવ રે, જાણી દલ ભીતરના હેત.
[illegible] પૃથ્વીમાં કેવા, જાણે બાઈ બાપના જેવા,
[illegible] વાત તજે તતખેવ રે, જાણી દલ ભીતરના હેત.
[illegible] શોભે, લવગાય ન કરી લોભે:
[illegible] નાખે ગમે દેત રે, જાણી દલ ભીતરના હેત.
[illegible] નગરા રામે, ગાયું એમ ગણપતરામે:
[illegible] મીઅદ મેવ રે, જાણી દલ ભીતરના હેત.

પદ ૧૮

(મારગ મોરાને કહું છું કાના કયારની જો-એ રાગ)

ચેતી લેને જગત ચાલ્યું જાય છે જો.... (ટેક)
થાક પામી શું આળસુ થાય જો—ચેતી લેને૦
મળ્યો મનુષ્યા જનમ મોંઘા મૂલનો જો,
એવો મળે નહીં એ સમતુલ્યનો જો—ચેતી લેને૦
રાવણ જેવા હતા જગતમાં રાજિયા જો;
છત્ર ભોગવતા એકે નવ છાજિયા જો—ચેતી લેને૦
સુખ ભોગવતા અતિ સંસારમાં જો,
ચડપ ઊડી ગયા એતો પળ ચારમાં જો—ચેતી લેને૦
તરુ સરિતા કિનારે ઊગે શૂરમાં જો,
પલક માંહી તે તણાઇ જાય પૂરમાં જો—ચેતી લેને૦
કહું જીવડલા સમજ તારા કામની જો,
શીખ સાંભળ ગણપતરામની જો—ચેતી લેને૦

પદ ૧૯

તારા માથે નગારાં વાગે મોતનાં જો.... (ટેક)
ખોટાં થાશે જરૂર સુખ ખાંતનાં જો-તારે માથે૦
ઇંદ્રજિત જેવા રાજવી ઊડી ગયા જો,
બળિયા કુંભકર્ણ જેવા કંઇ બૂડી ગયા જો—તારે માથે૦
માન શૂરનાં મુકાવતા જ મહારથી જો,
જોતાં નામ તેનાં જડતાં નથી જો—તારે માથે૦
ખડગ ધારી બેસી ઘોડીલા ખેલાવતા જો,
એવા ઊડી ગયા નજરે નથી આવતા જો—તારે માથે૦

મહા શૂરવીર ધાક જેની મલકમાં જો,
પોહ્યા જઈને મશાણ એક પલકમાં જો—તારે માથે૦
દેહ દેવની છે ઝબૂક જેવી દામની જો,
ગણ શિખામણ ગણપતરામની જો—તારે માથે૦

પદ ૨૦

કૃષ્ણભજન વિના કાયા શા કામની જો (ટેક)
ભાવે ભક્તિ કરી લે રૂડા રામની જો—કૃષ્ણભજન૦
સુખ સ્વપ્ના જેવું છે સંસારનું જો,
નામ ભજવું ભગવતદાસનું જો—કૃષ્ણભજન૦
જળ ઝાંઝવાનાં જેમ જણાય છે જો,
તેમ તૃષ્ણાને પૂરું શું થાય જો—કૃષ્ણભજન૦
[illegible] પૈસા [illegible] જો,
[illegible]

ધારી જોને દશેળિયાની ધાંખના જો,
મોઢે આવે તો મજે ભોગ માંખના જો—કાળ જાળમાં૦
વસે જઇને વિહંગ વિશ્વાસમાં જો,
પડે ઓચિંતો પારધીના પાસમાં જો—કાળ જાળમાં૦
ફરે દેખીને હરણ ચાલે દોટમાં જો,
ચડપ આવે જેમ સિંહ તણી ચોટમાં જો—કાળ જાળમાં૦
કાળ આગળ નથી અકલ કશા કામની જો,
રાખ્ય શિખામણ ગણપતરામની જો—કાળ જાળમાં૦

પદ ૨૨

(કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે-એ રાગ)

કયમ તું ભૂલ્યો ઉપકાર જગત ધીરતારનો રે.... (ટેક)
કાન કથા સાંભળવા દેવા, મુખ હરિગુણ ખાવાને મેવા;
લ્હાવો આવ્યો લેવા શુભ સંસારનો રે. —કયમ તું૦
કર આપ્યા સેવા કરવાને, ચરણ તીરથ ગતિ આચરવાને;
તન આપ્યું તરવાને કહું છું ક્યારનો રે. —કયમ તું૦
મતિ આપી જગને મહારાજે, કૃત્ય રુડાં કરવાને કાજે;
ગુણ અનુપમ ગાજે ભવ ધીરતારનો રે. —કયમ તું૦
એનાથી કોણ છે ઉદારી, દેખી જો તેની દાતારી;
શું ગુણ મૂકે વિસારી સરજનહારનો રે. —કયમ તું૦
મૂરખ શીદ રખડાઈ મરે છે, કહ્યું કરી લે ગણપતરામ કહે છે;
ફોગટ શીદ ફરે છે વિના વિચારનો રે. —કયમ તું૦

પદ ૨૩

ગોવિંદ ગાયા વિના તેં જનમ ગમાવિયો રે.... (ટે

ભજન હરિનું કયમ ગયો ભૂલી, દુનિયાના ડાહાપણમાં ફૂ

ફરે શીદને ફૂલી ઘણો ફુલાવિયો રે. —ગોવિંદ ગાય

માયાને શું માને મારી, તરિયા તે પણ નહિ કાંઈ તા

વિશ્વપતિ વિસારી લગની લાવિયો રે. —ગોવિંદ ગાય

મોટું કુળ ને મંદિર મેડી, પાપી તારા પગમાં બે

તને ભજે જમ તેડી ભવ ભમાવિયો રે. —ગોવિંદ ગાય

તન [illegible] તારું, માન્યું કહ્યું તું મૂરખ મા

[illegible] કપટી કહાવિયો રે. —ગોવિંદ ગાય

[illegible] નહિ તું જનમ [illegible], [illegible]

[illegible] આવિયો રે. —ગોવિંદ ગાય

સમરી લ્યો ગણપતનો સ્વામી, પુરણ પદને લ્યો પામી;
બળિયો છે બહુ નામી એનો આશરો રે. —આયુષ્ય૦

પદ ૨૫

કળિયુગનું કારણ આગળ એવું થશે રે.... (ટેક)
ગંગા, ગીતા ને ગાયત્રી, વણિક, વિપ્ર ને ખરા જ ક્ષત્રી;
પ્રેમદા નહિ પવિત્રી, સત્ય સહુનાં જશે રે. —કળિજુગનું૦
જતી, સતી, સંન્યાસી, જોગી, ભવમાં સહુ માયાના ભોગી;
રાય, રંક ને રોગી વેરે સહુ વસે રે. —કળિજુગનું૦
ઊંચ નીચ એક આરે, ધાક ધણીની સૌ નહિ ધારે;
કોઈ કોઇને ન વારે હોનારું હશે રે. —કળિજુગનું૦
પાખંડીને સરવે પૂજે, સાચાની સંગત નહિ સૂઝે;
ધરા અધરમે ધ્રૂજે કંઈ જન કંપશે રે. —કળિજુગનું૦
ભવમાં ચઢિયો જૂઠે ભામે, પંથ પ્રભુનો એ નહિ પામે;
ગાયું ગણપતરામે ફંદે શું ફસે રે! —કળિજુગનું૦

પદ ૨૬

સતગુરુ સાચા કરીને ગા ગોવિંદને રે.... (ટેક)
સતગુરુ સાચા જેને મળિયા, ફેરા તેને સવળા ફળિયા;
પ્રેમપંથમાં પળિયા ફેડી ફંદને રે. —સતગુરુ૦
વેદવચનમાં જે જન વળિયા, ભાવ કરી ભક્તિમાં ભળિયા;
ચિત્ત વિષે નવ ચળિયા, મળ્યા મુકુંદને રે. —સતગુરુ૦
સુરનર, મુનિવર, શંકર જેવા, અજ, વિષ્ણુ ને દેવી દેવા;
સદા કરે ગુરુસેવા, કરમ-નિકંદને રે. —સતગુરુ૦

વેદ ભણે પણ ભેદ ન જાણે, ઈશ્વરને અંતર નવ આણે;
ત્યાગ ન આવે ટાણે મૂરખ મંદને રે. -સતગુરુ૦
અંધાપણમાં શીદ રહે છે? કારજ કરી લે ગણપત કહે છે;
રૂડવાણી રીઝે છે વિઠ્ઠલ વંદને રે. -સતગુરુ૦

પદ ૨૭

(કુંવરીએ ફલ વધાવ્યું રે, આ શું રે કીધું?-એ રાગ)

મન માન શિખામણ મારી રે, ભવદુઃખ ભારી.
છે કાયા નરકની ક્યારી રે, ભવદુઃખ ભારી.
આવે છે ગર્ભમાં અતિ ઊંધા અવતાર,
ત્યાં પાપ તણો નહિ પાર રે, ભવદુઃખ ભારી.
અંડજ, ઉદ્ભિજ, સ્વેદજ ને જરાયુજ,
[illegible] ભારી.
[illegible]
[illegible] ભવદુઃખ ભારી.
[illegible]

પદ ૨૮

મળી મનુષ્યા દેહ, અમુલો રે, ભક્તિ ગયો ભૂલી.
તું ડહાપણમાં ગયો ફૂલી રે, ભક્તિ ગયો ભૂલી.
ઉદરમાંથી તું કોલ કરીને આવ્યો;
પણ ગોવિંદ ગુણ ન ગાયો રે, ભક્તિ ગયો ભૂલી.
બાળાપણ માંહી બુદ્ધિ વિના નવ બુઝયો,
સાચો મારગ નવ સુઝયો રે, ભક્તિ ગયો ભૂલી.
તરુણપણામાં તરુણી સંગાથે લાગી તાળી;
ભરમાવો વૈભવ ભાળી રે, ભક્તિ ગયો ભૂલી.
પરિવાર પૂરો ગાદી–તકિયાને ઘોડાગાડી,
લાખેણી પામ્યો લાડી રે, ભક્તિ ગયો ભૂલી.
ભરેલાં ભવન બેઠક બંગલા ને બારી;
વિઠ્ઠલ મેલ્યા વિસારી રે, ભક્તિ ગયો ભૂલી.
વૃદ્ધપણામાં વધી છે અંગમાં વ્યાધિ;
તેં બોળી ઉમર બાધી રે, ભક્તિ ગયો ભૂલી.
પ્રભુને ભજને પાર આ ભવનો તું પામે;
ગુણ ગાયા ગણપતરામે રે, ભક્તિ ગયો ભૂલી.

પદ ૨૯

પળમાંહી તનડું પડશે રે, ચેતીને ચાલો;
જોતાં પાછું નવ જડશે રે, ચેતીને ચાલો.
રાજા રાવણે અલખત ઇંદ્રની આણી;
પણ પીવા નવ રહ્યો પાણી રે, ચેતીને ચાલો.
સગરરાજાને જાર પુત્ર પૂરા;
તે ણમાં શૂરા રે, ચેતીને ચા

ચાંપાનેર જેવાં શહેર હતાં, જગતમાં ચાલતાં;
　　એ ઉજ્જડ પડિયાં આવાં રે, ચેતીને ચાલો.
નદીઓનાં નીર આવે ને ઊતરી જાય;
　　એમ આયુષ્ય ઓછું થાય રે, ચેતીને ચાલો.
તન, ધન, જોબનની આશા તે મૂરખે જાણે એવી;
　　જૂઠી સપનાના જેવી રે, ચેતીને ચાલો.
હાથે કે સારો, પેટ ભરે છે પાણી;
　　ડગલાં લેને જાણી રે, ચેતીને ચાલો.
હરખીને ચાલો, હરજીને ભજવાને હામે;
　　ગુરુ ગાયા ગણપતરામે રે, ચેતીને ચાલો.

પદ ૩૦

માને કે મનડા મારું રે, શા જુગ્યા મારું.
મારું કહેતાં નથી મારું, શા જુગ્યા મારું.
[illegible]
　　[illegible] રે, [illegible]
[illegible]

મરવું તે સાચું અંતે જરૂર માની લેને,
તું દાન દયાથી દેને રે, શા જીવ્યા સારુ.
હું ને મારાથી હરજી હજાર ગૌ રહે છે,
કાંઈ સંત પોકારી કહે છે રે, શા જીવ્યા સારુ.
દેખીને જમડા લાલચ પામે ન દામે,
ગુણ ગાયા ગણપતરામે રે, શા જીવ્યા સારુ.

પદ ૩૧

જબરાને હરિજન ઝાલો રે, મનશૂરો મોટો;
એને ઘેરી ઘરમાં ઘાલો રે, મનશૂરો મોટો.
કાયાનગરીમાં મનવો તે રાજ કરે છે,
એનું માર્યું સર્વ મરે છે રે; મનશૂરો મોટો.
ક્ષણમાંહી ખોળી ખબર ખલકની એ લાવે,
વળી પળમાં પાછો આવે રે; મનશૂરો મોટો.
પૃથ્વીથી પહોળો નક્કી, પાતાળથી યે નીચો,
આકાશ થકી છે ઊંચો રે; મનશૂરો મોટો.
જંગમને જોગી, જતી, સતી ને સંન્યાસી,
કોણ વરતી ને વનવાસી રે; મનશૂરો મોટો.
મન માતંગે આતમ કરે અસવારી,
ધીરજનો અંકુશ ધારી રે; મનશૂરો મોટો.
પરાશર, સુગ્રીવ, એકલશૃંગી પછાડ્યા,
તે પળમાં પાછા પાડ્યા રે; મનશૂરો મોટો.
ઠરી રહ્યા છે વિશ્વમાં સઘળા ઠામે,
ગુણ ગાયા ગણપતરામે રે; મનશૂરો મોટો.

પદ ૭૨

મરજીવે મેલી માયા રે, દુનિયામાં ડાહ્યા;
કરી પ્રભુને અરપણ કાયા રે, દુનિયામાં ડાહ્યા.
અહંકાર રોમે રોમે રોપ્યો છે જે રીતા,
મન મારે તે મરજીવા રે, દુનિયામાં ડાહ્યા.
હું ને તે મારું મેલી ચતુર થઈ ચાલે,
જે ઈશ્વર માટે આલે રે, દુનિયામાં ડાહ્યા.
સુખદુઃખ, સારું ખોટું ને સરખું માને,
જે અંતરમાં હરિ આણે રે, દુનિયામાં ડાહ્યા.
દેખીને કોઈનો દોષ ન દ્રષ્ટિમાં લાવે,
ના ગુણ પોતાના ગાવે રે દુનિયામાં ડાહ્યા.
[illegible] બુદ્ધિ [illegible] નાખે અળગી,
હરિજનને લાગે વળગી રે, દુનિયામાં ડાહ્યા.
[illegible]
[illegible] રે, દુનિયામાં ડાહ્યા.
[illegible]
[illegible] રે, દુનિયામાં [illegible]

ઇંદ્રિયો જીણે જીતી અધિકારી એવા,
જાણો જનકના જેવા રે, એને રે કહીએ.
સમજણ સેવાને ધ્યાન ધરમ રક્ષા ધારી;
એ નીરખે નહીં પરનારી રે, એને રે કહીએ.
વાણી વશ જેના વૈરાગને જાઉં વારી;
પરનિંદા નહીં પ્યારી રે, એને રે કહીએ.
એ આદિક ત્રીસ લક્ષણ છે પાળવાનાં તેને,
જમદૂત ન આવે જેને રે, એને રે કહીએ.
જ્ઞાની ગુણવાળા ઠગાય નહીં કોઇ ઠામે,
ગુણ ગાયા ગણુપતરામે રે, એને રે કહીએ.

પદ ૩૪

બાંધી ગર્ભવાસમાં બાધા રે, પાપીડા પ્રાણી!
તેં મોટા સોગન ખાધા રે, પાપીડા પ્રાણી.
એક વરસ લગી તો અન્ન–ઉદક નવ લેવું,
નરવું પય પીને રેહેવું રે, પાપીડા પ્રાણી.
ઘણા દિવસ તો માથે નહીં પાઘડી ઘાલું,
ચરણે દશ મહિને ચાલું રે, પાપીડા પ્રાણી.
બે વરસ લગી તો મુનિપણે નહીં બોલું,
હવે દિલ સાથે નહીં ડોલું રે, પાપીડા પ્રાણી.
પાંચ વરસ લગી તો પાયે પેજારાં ન ધરું,
તમો માનો મોહન મારું રે, પાપીડા પ્રાણી.
નવ વરસ લગી તો નાગાની લાજ ન લાવું,
હવે આ ઠામે નહીં આવું રે, પાપીડા પ્રાણી.

કૃપા કરીને સંકટ મારું કાપો,
મને દેહ મનુષ્યનો આપો રે. પાપીડા પ્રાણી.
જમાની આણી જમડાની આગો આ ઠામે,
ગુણ ગાયા ગણપતરામે રે. પાપીડા પ્રાણી.

પદ ૩૫

([illegible] રાગ)

ન હોય મગ ગગન ઝિનાઝનું. [illegible]
[illegible] વિચાર, પરખી લેને પ્રાણિયા (ટેક)
[illegible] ન હોય [illegible]
[illegible] પરખી લેને પ્રાણિયા
ન હોય [illegible] ન હોય પાણીનો [illegible]
[illegible] લેને પ્રાણિયા
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જૂઠો જન્મ જીવણ નવ જાણિયા, જૂઠું ગુરુગમ વિનાનું જ્ઞાન;
માગણ કેરું માન, કહો શા કામનું ?
જૂઠી ભક્તિ જાણો અણભાવની, અનામીકનો ઊંચો મહોલ;
કુબુદ્ધિનો ઢોલ, કહો શા કામનું ?
જૂઠો દિનકર આગળ દીવડો, જેવી લંપટ સાથે લહેર;
મૂરખની શી મહેર ? કહો શા કામનું ?
બળી જાઓ પરાણે પ્રીતડી, બળી જાઓ અદાતાના દામ;
કહે ગણપતરામ, કહો શા કામનું ?

પદ ૩૭

પ્રભુ રૂઠયાનું પરખી લ્યો પારખું, નવ ગોઠે રૂડે ગુરુજ્ઞાન;
અતિ અભિમાન, પૂરવ કેરા પાપથી........ (ટેક)
પુણ્ય પરવાર્યું પાપ આવી મળ્યું, ત્યારે ઊકલે એવી સૂઝ;
બળી એની બૂઝ, પૂરવ કેરા પાપથી.
મૂકી મોહનને ભજે ભૂતને, નવ ઊકલે સત્ય ઉપાય;
જૂઠા સંગે જાય, પૂરવ કેરા પાપથી.
અતિ અવગુણ ઊપજે ઉરમાં, ગતિ તેની તો ગળી જાય;
કરમ કૂડું થાય, પૂરવ કેરા પાપથી.
આવ્યું અમૃત હાથ ઉશેટિયું, તજી પારસ કરમાં લે પાહાણ;
એ બુદ્ધિ અજાણ, પૂરવ કેરા પાપથી.
શિખામણ સાચી શ્રવણે ન સાંભળે, ઠરશે જઈ નબળે ઠામ;
કહે ગણપતરામ, પૂરવ કેરા પાપથી.

પદ ૩૮

કોટી ઉપાય કરીએ જો કાગને દશ વાર ધોઈ દૂધ પાય;
હંસ ન થાય, જ્ઞાન વિના ભ્રાંતી. ...... (૨૩)
[illegible] [illegible] સેવીએ શ્વાનને, તો યે ભસવાની ટેવ ન જાય;
અનેક ઉપાય, જ્ઞાન વિના ભ્રાંતી.
[illegible] [illegible] કરીએ કથીરને, તો યે કંચન તે ના થાય
[illegible] [illegible] જાય. જ્ઞાન વિના ભ્રાંતી.
[illegible] [illegible] નવરાવીએ ગુમને, તો યે ઉરમાં ના થાય [illegible]
[illegible] [illegible] જ્ઞાન વિના ભ્રાંતી.
[illegible] [illegible] [illegible] ગંગામાં કેરની, પાણી ગંગાનું પીને [illegible]
[illegible] [illegible] જ્ઞાન વિના ભ્રાંતી.
[illegible] [illegible] ઉપાય આદિ [illegible]
[illegible] [illegible] ભ્રાંતી

અહીંયાં આવ્યો ત્યારે શું લાવિયો રે?
જતાં સાથે તે શું લેઈ જાય!—માટે૦
કંઇક કહેશે તે કાંઈ માણે નહીં રે,
તારી ઠાલી ફજેતી થાય—માટે૦
આજ અવસર રૂડો આવિયો રે,
હરિ ભક્તિમાં રાખો હેત.—માટે૦
મોંઘો મનુષ્યા જનમ હવે નહીં મળે રે,
તારે ચેતવું હોય તો ચેત.—માટે૦
જમરાજા ને હાથે જ્યારે જશો,
કરી કૂડાં જગતમાં કામ. —માટે૦
એક ઈશ્વર ભજે તે ઉગરે રે;
ગુણ ગાય તે ગણપતરામ. —માટે૦

પદ ૪૦

કહ્યું કૃષ્ણે ગુરુ સંદીપને રે, આપો અધ્યાત્મનો ઉપદેશ;
શિષ્ય સાચો જ હોય સંસારમાં રે.... (ટેક)
ગુરુ થકી તે જ્ઞાન ઇચ્છે ઘણું રે,
નહિ પાપ તણો પરવેશ—શિષ્ય સાચો૦
ગુરુશરણે રહીને કરે સેવના રે,
ગુરુદ્રોહ ધરે નહિ મન—શિષ્ય સાચો૦
વચન પાળે ગુરુનું વિશ્વાસથી રે,
ધરે ચરણોમાં તન મન ધન—શિષ્ય સાચો૦
ગુરુ માટે તે પ્રાણ પોતે તજે રે,
ગુરુગોવિંદ જેવા જણાય—શિષ્ય સાચો૦

પૂરણ પ્રેમે ગુરુની પૂજા કરે રે,
  આપે ભક્તિ હરિની અથાગ—શિષ્ય સાંભળો
જગત્ આશા અને ઉચાટો રે,
  પૈશુન્ય ને વાદ વિવાદ—શિષ્ય સાંભળો
પરનિંદા અને પરનારીને રે,
  છોડે ઇંદ્રી વિષેના સ્વાદ—શિષ્ય સાંભળો
આઠ આનંદ મુમુક્ષુના મનમાં રે,
  તેને ઉપદેશનો અધિકાર—શિષ્ય સાંભળો
સત ગૌરીપત શ્રી ગુરુદેવના રે,
પદ હરિના નિજ વિચાર. —શિષ્ય સાંભળો

બાજીગરે આ ખેલ બનાવિયો રે,
જાણે કોઈક સંત સુજાણ—સહુ૦
કળા કોઈ ન જાણે કિરતારની રે,
કરે વહાલાનાં વેદ વખાણ—સહુ૦
સાચું જૂઠું છે સુખ સંસારનું રે,
તેમાં કરો કલ્યાણનું કામ—સહુ૦
ભવસિંધુ તરો ભક્તિ વડે રે,
ગુણ ગાય તે ગણપતરામ—સહુ૦

પદ ૪૨

નીચ કુળમાંહી રોહિદાસ નીપજ્યો રે,
તો યે પ્રભુએ ઉતાર્યો પાર;
એવા અધમ ઉદ્ધારણ શ્રીહરિ રે........ (ટેક)
પુત્ર નામે અજામેળ પાપીને રે,
મુકાવ્યો તેને જમનો માર. —એવા અધમ૦
સુખ આપ્યું તે સજના કસાઈને રે,
ભવ તાર્યો તે શ્રી ભગવાન. —એવા અધમ૦
દાસ કીધો દરજી નામદેવને રે,
ઘણું આપ્યું કબીરને જ્ઞાન. —એવા અધમ૦
કંસ કેરી તે દાસી કુબજ્યા રે,
તેને રાણી કરી છે રણછોડ. —એવા અધમ૦
વળી સવરી કોળીના સાથમાં રે,
કર્યા પ્રભુએ પૂરણ કોડ. —એવા અધમ૦

પાપમુક્ત કરી ગુણકા પિંગલા રે,
બહુ કરુણી ઉગારી મીરાંબાઈ, —એવા અધમ૦
વનવાસી વાંદરને વહાલાં કર્યાં રે,
મળ્યા સુગ્રીવ ને કરી મિત્રાઈ. —એવા અધમ૦
એ આદિક અનેક ઉગારિયા રે,
સુખદાયક સુંદર શ્યામ. —એવા અધમ૦
માટે ભજો ભજો ભગવાનને રે,
સુખ પામ ને આણુપતરામ. —એવા અધમ૦

—

પદ ૪૩

પદ ૪૪

આરાધે ઈશ ફળે,
સમજી લ્યો સંતો; આરાધે ઈશ ફળે હેજી.... (ટેક)
સંતોભાઈ રે આજના તે વેદ અસુર લેઈ આવ્યો,
અસુર લેઈ આવ્યો, તો જીવન પ્રગટ્યા જળે—સમજી૦
સંતોભાઈ રે પીડે પિતા જ્યારે પ્રહ્લાદજીને,
તો પ્રભુ આવ્યા તે પળે, સમજી લ્યો સંતો.
સંતોભાઈ રે તેલકઢામાં સુધન્વાને તાવતાં તો,
સહાય કરી શામળે, સમજી લ્યો સંતો.
સંતોભાઈ રે સંકટ જાણીને સુર સરવેનું તો,
દૈત્યને પ્રભુજી દળે, સમજી લ્યો સંતો.
સંતોભાઈ રે કહે ગણપત કોઈ હરિગુણ ગાશે,
તો મોહન તેને મળે, સમજી લ્યો સંતો.

પદ ૪૫

મુનિવર મોટા મળે,
આ દુનિયા માંહી; મુનિવર મોટા મળે હોજી.... (ટેક)
સંતોભાઈ રે, દરશન કરતાંમાં દુઃખ ટળી જાયે;
ભાઈ દુઃખ ટળી જાયે તો, બોધથી પાપ બળે—આ દુનિયા૦
સંતોભાઈ રે, આત્મદરશી ને અખંડ આનંદી;
ભાઈ અખંડ આનંદી તો, પોતાનું બોલ્યું પળે—આ દુનિયા૦
સંતોભાઈ રે, કામ, ક્રોધ, મોહ, મમતાને મારે;
ભાઈ મમતાને મારે તો ત્રિવિધ તાપ ટળે—આ દુનિયા૦

સંતોભાઈ રે, શોધ્યું સુરતા ને સેજ સમાધિ;
ભાઈ સેજ સમાધિ તો, આવશી હરિમાં અંતે-આ દુનિયા૦
સંતોભાઈ રે, ગણપતને ગુરુએ દયા કરી;
કરી દયા કરી તો, તનનાં તે દુઃખ ટળે-આ દુનિયા૦

પદ ૪૬

કોઈ જન જોગ કરો, આ જુગમાં જનમી (ટેક)
કોઈ જન જોગ કરો તો જ.
સંતોભાઈ રે, યમ, નિયમ, આસન, પ્રાણાયામ
પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ધરો આ જુગમાં જનમી
સંતોભાઈ રે, પ્રેમ કરીને [illegible]
[illegible] આ જુગમાં જનમી
[illegible]

જગ જેમ ઈશ્વર કેરી, શોભા દઈ સમાણી;
મારો એમ એજે જશે, વેદ વદે છે વાણી—પ્રેમે૦
ણ બીક માથે છે મોટી, સૂતો સોડને તાણી;
જ અચાનક આવી પકડશે, ઉર ભક્તિ નવ આણી—પ્રેમે૦
યા માયા નથી કોઈની, કોણ રાજા કોણ રાણી!
નમ ધરી જીવન નવ જાણ્યા, ભવની જાળ જરાણી—પ્રેમે૦
ણપત કહે તમે ગોથાં ખાશો, ઘરધંધાની ઘાણી;
વિચાર સરવે વહ્યા જશે, દુશ્મન કાળ છે દાણી—પ્રેમે૦

પદ ૪૮

ગુરુ વિના જ્ઞાન નહીં આવે, પ્રાણી પૂરણ બ્રહ્મ નહીં પાવે (ટેક)
ગુરુગમ વિના જ્ઞાન કથે ને, ખડ કુત્તા જેમ ખાવે;
વેદ ભણે પણ ભેદ ન જાણે, ગળા સવાદે ગાવે—પ્રાણી૦
મન માયા ને આતમ કેરો, બોધ કોણ બતાવે;
પરાભક્તિ પરમેશ્વર કેરી, ભ્રાંતિ ટળે તો ભાવે—પ્રાણી૦
કર્તા કેરું રૂપ છે કેવું, એ સતગુરુ ઓળખાવે;
ત્વંપદ તત્પદ ત્યાગ કરીને, લક્ષ અસીમા લાવે—પ્રાણી૦
ગુણાતીત ગુણ બહાર રહ્યો તે, ગુણ વિષે કેમ ગાવે?
વાંચ્યામાંહી વિશ્વંભર નાવે, અલક્ષ કરી ઓળખાવે—પ્રાણી૦
નિરાકાર, નિરગુણ, નિરંજન, જોતાં કોણ જણાવે?
ગણપત કહે ગોવિંદનો મારગ, સતગુરુએ સમજાવે—પ્રાણી૦

પદ ૪૯

(નારાયણનું નામ લેને તું પ્રાણી રે—એ રાગ)

આવો નરદેહ ફરી નહીં આવે રે, ભૂંડા જગમાં શું જનમ ગમાવે.
આવો નર દેહ ફરી નહીં આવે રે... .... (21)

[illegible] આવે રે, [illegible] ન [illegible] રે.
[illegible] આવો નરદેહ ફરી નહિ આવે રે.
[illegible] રે, [illegible] રે
[illegible] આવો નરદેહ ફરી નહિ આવે રે.
[illegible] રે, ફરી [illegible] રે
[illegible] આવો નરદેહ ફરી નહિ આવે રે.
[illegible] રે, [illegible] રે
[illegible] આવો નરદેહ ફરી નહિ આવે રે
[illegible] રે, [illegible] રે
[illegible] આવો નરદેહ ફરી નહિ આવે રે

કર્યો અર્ક ઉદ્યોગ આદરવા રે, આપી ઇંદ્રિયો ક્રિયાને કરવા રે;
તન આપ્યું તે ભવજળ તરવા, હરિ વિના બીજો નહિ હિતકારી રે.
કહી શીખ આ સમજુનાં કામ રે, ભજો ભાવથી સુંદરશ્યામ રે;
ગુણગાયા તે ગણપતરામ, હરિ વિના બીજો નહિ હિતકારી રે.

પદ ૫૧

સંસારનું સુખ માને ક્યમ સાચું રે !........ (ટેક)
આતો કાયા નગર છે કાચું, સંસારનું સુખ માને ક્યમ સાચું રે.
થીર નીર ખાડામાંહી થાશે રે, વાયુ તડકાનો જ્યારે વાશે રે;
સાચું જેને તે જરૂર સુકાશે, સંસારનું સુખ માને ક્યમ સાચું રે.
પડે પૃથ્વીમાં મેઘનું પાણી રે, ભલી નદીઓ છે સરવે ભરાણી રે;
ઉનાળે નથી એની એંધાણી, સંસારનું સુખ માને ક્યમ સાચું રે.
તું તો વૈભવ માને છે તારો રે, એ તો રહેવા તણો છે ઊધારો રે;
જેવો વીજળીનો ઝબકારો, સંસારનું સુખ માને ક્યમ સાચું રે.
જેને ઘડીઘડી પળપળ જાશે રે, થયું પ્રાતઃ ને મધ્યાહ્ન થાશે રે;
થયું વીત્યે રાત્ય ને વહાણું વાશે, સંસારનું સુખ માને ક્યમ સાચું રે.
કહેને સુપનાનું સુખ છે કેવું રે, જેને ઝાંઝવાના નીર જેવું રે;
કહે ગણપત અંતે છે એવું, સંસારનું સુખ માને ક્યમ સાચું રે.

પદ ૫૨

ગુરુ તણા જ્ઞાનથી ગમ પડશે રે, જીવ જાગે તો મારગ જડશે. (ટેક)
રાખે ગુરુગમ કેરી રીતિ રે, પૂર્ણાનંદ સાથે પ્રીતિ રે;
જાણી લ્યો તો જશો જગ જીતી. —ગુરુ તણા૦
પડી ગમ ગોપીચંદ ભારી રે, છોડી સોળસેં સુંદર નારી રે;
જેના વૈરાગને જાઉં વારી. —ગુરુ તણા૦

પદ ૫૪

સંત કોઈ સાચા રે, રીત જેની હોય રૂડી.... (ટેક)
વિમળ જેની વાણી રે, કરણી નહીં કોઈ કૂડી—સંત કોઈ૦
શત્રુ-મિત્રને સરખા જાણે, રાખ-કુંદન એક રીત,
પરનારીનો પરસ કરે નહિ, જગમાં તેની જીત;
પરમપદ એ પામે રે, ભાખે નહીં વાત ભૂંડી—સંત કોઈ૦
વિવેક વૈરાગ્ય ખટ સંપત્તિ, મુમુક્ષુના કહેવાય,
ચારસાધન જેના ચિત્તમાં રે ચોટે, એ ઘણા જ્ઞાની ગણાય;
સદાનંદ શોભે રે, ગર્વ જેણે નાખ્યો ગૂડી—સંત કોઈ૦
તન ને મનથી ત્યાગ રાખે, હરિ ભજ્યાનું હેત,
આશા કો'ની ઉરમાં ન આણે, સુરતા કરી સંકેત;
મુનિવર એ મોટા રે, ઇચ્છા નહિ ઉર ઊંડી—સંત કોઈ૦
કનકકાન્તા સંપત્ત ન સેવે, દુનિયામાં એ દેવ,
ગણપત કહે એને ગુરુ માની, સજ્જન કરજો સેવ;
તારણતરણ તેવા રે, એને સમજણ ઊંડી—સંત કોઈ૦

પદ ૫૫

ધ્યાન ધરો ધ્યાની રે, જ્ઞાની કોઈ ગુણકારી.... (ટેક)
ભવદુઃખ ભારી રે, નારાયણ જપો નરનારી. —ધ્યાન ધરો૦
પાતંજલમાં કહ્યું પોકારી, અઢાર એમાં ઉપાય,
સાધન કરતાં સિદ્ધિ પામે, જોગ જીવનનો થાય;
દલમાંહી દેખે રે, સુંદરવર સુખકારી. —ધ્યાન ધરો૦
અંગૂઠા ઉપર આંખ્ય ઠરાવી, જપે અજપા જાપ,
આસપાસ પ્રકાશને પેખે, મન વશ કરવાનું માપ;
જોગી એને જાણો રે, ભક્તિ જેને હોય ભારી. —ધ્યાન ધરો૦

પ્રાતઃસમે કે પાછલે પહોરે, સૂર્ય સામું જોય;
નેત્ર વડે નીરખે નર નેગી, હરિ કિરણમાં હોય;
જાણે દુઃખ ભાગે છે, વિષયની વાત વિસારી. —ધ્યાન ધરો૦
ચંદ્ર તારા આભમાં દેખે, જમણે સુર જોવાય,
[illegible] પુરુષ કરી [illegible], દેહ [illegible] દેખાય
ગણપત કહે છે જ્ઞાની છે, જેને [illegible]. —ધ્યાન ધરો૦

પદ ૫૭—રાગ કેદારો

પામર નર પરનિંદા કરે તે, જમને હાથે જાય રે.... (ટેક)
કર્યા ગુણને જે ન જાણે, એ કૃતઘ્ની કહેવાય રે. —પા૦
કુટુંબવિરોધી ને ગુરુનો દ્રોહી, ઝાઝો લોભ છે જેને રે;
ક્રોધ ઘણો ને વળી કડું બોલે, કપૂત કહીએ તેને રે—પા૦
પેટને માટે પાખંડ કરીને, ધન હરવાને ધાય રે,
પોતાનું બોલ્યું પોતે નહિ પાળે, કલ્યાણ કેમ કરી થાય રે!—પા૦
દોષ પોતાના દિલમાં ન દેખે, કૂડાં કલંક ચઢાવે રે,
જનમ્યો ત્યાંથી જૂઠું બોલે, એ પરમપદ કયમ પાવે રે!—પા૦
દુર્જનનો સ્વભાવ એ દેખો, વળી દુનિયામાં થાય ડાહ્યો રે;
વિશ્વભરની વિનતા વહાલી, મોહ ઘણો ને માયા રે—પા૦
અન્ન સરખું ઓસડ નહિ એવું, નિંદક નરકનો ઠામ રે;
હરિ સમો નહિ બીજો હેતુ, ગાયે ગણપતરામ રે—પા૦

પદ ૫૮

હરિ ભજતાં કો આવીને આડે, તેનો કરિયે ત્યાગ રે;
સારા માણસને સમજી લેવું, દેહે ન લાગે ડાઘ રે. હરિ૦
પ્રહ્લાદે જુઓ પિતાને તજિયો, વિભીષણે તજ્યો ભાઈ રે;
ભક્ત ભરથરીએ તજી નિજ પત્ની, કંથ તજ્યો મીરાંબાઈ રે. હરિ૦
નાત તજી નરસિંહ મહેતાએ, ચિત્તથી હરિ નવ ચૂક્યા રે;
પાંડવ હરિજન પોતા માટે, મૂરખ કૌરવ મૂકયા રે. હરિ૦
પતિ તજી ઋષિપત્નીઓ ચાલી, મોહન મળવા માટે રે;
લોકલાજ તજી વ્રજવિનતાઓ, ગઈ જમુનાને ઘાટે રે. હરિ૦
ભૂપ ભીમકે પુત્ર પરહર્યો, જદુપતિ કરવા જમાઈ રે;
કૌદંડ ઋષિએ તજી કામની, અતિ જેની અનવાઈ. હરિ૦

વિઠ્ઠલ ભજતાં જે જન વારે, અજગા રહીએ એવી રે;
કહે ગણપત અમજીને કામે, જીવન રીત્ર જેવી રે. હરિ૦

પદ ૫૯

પ્રેમરંગ પુરુષોત્તમ કેરો, વિકટ છે તે પાંડી નમગી રે; (ટેક)
પીશે તે પરમપદ પામે, રેખો હો અમિ ઝરમી રે-પ્રેમ૦
હો મુનિ જેના ઉરમાં આવે, અમરલોક તેડી જાય રે,
પ્રેમરંગ પીને છેડી પુરા, જુવ મરી ફિર થાય રે-પ્રેમ૦
પહેરો જુ. [illegible] પીતાં, માથે વિતા નોન મુંગા રે;
નેત્રોમાં નહીં [illegible] [illegible] રે-પ્રેમ૦
[illegible]
[illegible] રે-પ્રેમ૦
[illegible]
[illegible] રે-પ્રેમ૦
[illegible]
[illegible] રે-પ્રેમ૦

અંતે સંરવે રહેશે અળગો, પોતાનો પરિવાર રે; (ટેક)
છ મહિને નહિ કોઈ સંભારે; વારુ કરને વિચાર રે. ઓ૦
કામ, ક્રોધ, મદ, લોભ કરીને, કર્મ અઘટતું કીધું રે;
ઘરડો થયો પણ જ્ઞાન ન આવ્યું, નહિ નામ હરિનું લીધું રે. ઓ૦
મનમાં સમજીને કરને મૂરખ, ટરવા કેરો ઠામ રે;
સાચો સગો એક શામળિયો છે, ગુણ ગાયે ગણપતરામ રે. ઓ૦

પદ ૬૨–રાગ કેદારો

કહું ભવિષ્ય કળિયુગનું કારણ, નીરખી લ્યો નરનારી રે; (ટેક)
દાખવ્યું છે એ તુલસીદાસે, ઉત્તરકાંડે ઉચ્ચારી રે.
ઈશે કહી ઉમિયાની આગળ, કળિયુગ કેરી કરણી રે;
કાગભુસંડીએ કહ્યું ગરુડને; વિવિધ રીતે વરણી રે–કહું૦
દાંભિક લોક કળિમાં દેખો કપટે પંથ બહુ કરશે રે;
વરણાશ્રમના ધર્મ વિસારી, અવળી રીતે આચરશે રે–કહું૦
ચાર વરણ સત્ય મૂકીને ચાલે, નિગમ વિરોધી નરનારી;
રાજા રૈયતનું રક્ષણ છોડી, કરશે એકાકારી રે–કહું૦
જે જેને મન ભાવે જેવો, એવો ધર્મ આચરશે રે;
પાખંડી પંડિત બનીને, કર્મકથાઓ કરશે રે–કહું૦
કરે દંભ તે સંત કહેવાશે, દ્રવ્ય હરે તે ડાહ્યા રે;
વેદવચન આચાર ન વરતે, જ્ઞાની એહ ગવાયા રે—કહું૦
નિર્મળ ધર્મ નિરંતર નિંદે, એ મોટો આચારી રે;
ગુણહીણ સાકુટ એ ગુણવાળો, એ જગમાં ઉદાસી રે–કહું૦
જટા મોટી, મોટા નખ જેને, તે તપસ્વી ત્યાગી રે;
ભૂંડો વેષ અભક્ષણ ભક્ષે, એ સિદ્ધ નર સુહાગી રે—કહું૦

શાસ્ત્ર, ગાય, બ્રાહ્મણ ને સાધુ, નિત્ય એને જે નિંદે રે;
કહેવાશે તે મહાઅશુભ કરમી, વિમ તેને સહુ વંદે રે—૧૩
મરકટ જેમ નચાવે મદારી, એમ નરને નચાવે નારી રે;
કળિનાં લક્ષણ ગણપત કહે છે, આગળ વાત ઉચ્ચારી રે—૧૪

પદ ૬૨

કલયુગ કેવું છે કળિયુગનું, સાચી વાત ન મળે રે;
ભગતિને માનત નહિ માને, પ્રભુને કોઈ નવ પૂજે રે. —કળ૦
[illegible] આશ્રમને, ઉપવીત [illegible] રે
[illegible] પાપી કળિને [illegible] રે. —કળ૦
[illegible]

એક કલ્પ સુધી નર એવા, ઠરશે નરકને ઠામે રે;
વેદમાર્ગથી અવળા વર્તે, ગાયું ગણપતરામે રે. —કારણ૦

પદ ૬૩

કાગભુસંડીએ કથા કહી છે, અગમ વાત ઉચ્ચારી રે; (ટેક)
તે કથા સંભળાવું તમને, વિવેકી લેજો વિચારી રે—કાગ૦
નીચ લોકની નારી મરે કે, ઘરસંપત ગઈ નાસી રે;
મૂંડ મૂંડાવી મોનત બનશે, શૂદ્ર થશે સંન્યાસી રે—કાગ૦
કાશીમાં જઈને તે કરશે, વિપ્ર સાથે વિવાદ રે;
શિલટો તે ઉપદેશ આપશે, મૂકી લાજ-મરજાદ રે—કાગ૦
અભણ બ્રાહ્મણ થાશે એવા, કપટી, લોભી, કામી રે;
નિરાચારી કૃત કરશે નીચાં, ગુણકા કેરા ગામી રે—કાગ૦
જપ, તપ, વ્રત વિધવિધ શૂદ્રજનં કપટ કરીને કરશે રે;
શૂદ્ર મોટે સિંહાસન બેસી, એ જ પુરાણ ઊચરશે રે—કાગ૦
કલ્પિત જ્ઞાન સઉ જનને કથશે, કહેવાય નહિ એમ કરશે રે;
મત પાખંડી કરશે મમત, તેમાં કોઈ નવ તરશે રે—કાગ૦
પ્રજા વર્ણશંકર સૌ પાકે, જાય શોક રોગ વિયોગી રે;
વિષયમોહને વશ કરીને, ભક્તિના નહિ ભોગી રે—કાગ૦
વેદમારગ, વિવેકને મૂકી, જૂઠા પંથમાં જાશે રે;
ધન ભેગું કરી ધામ બંધાવે, ત્યાગી એવા થાશે રે—કાગ૦
તપસ્વી પૈસાવાળા તેવા, બહુ નિરધન ઘરબારી રે;
વિષયે જેની વૃત્તિ હરેલી, કોણ નરને કોણ નારી રે ?—કાગ૦
કંથ સતીને કાઢી મૂકે, પેટ ભરે પર ધામે રે;
માતાપિતાને અણપરણ્યાં માને, ગાયું ગણપતરામે રે—કાગ૦

પદ ૬૪

કળિમાં એવું કૌતક થાશે, ભવ કહે સુણો ભવાની રે. (ટેક)
કાગભુસંડીએ કહ્યું ગરુડને, સુણજો ગુણિયલ જ્ઞાની રે–કળિમાં૦
પાપપરાયણ ભૂપતિ ભાખે, ધર્મ રહે નહીં ધારે રે;
જનોઈથી બ્રાહ્મણ જણાશે, વેદહીન એ વારે રે–કળિમાં૦
વારે વારે દુકાળ દેશમાં, અન્ન વિના અકળાશે રે;
કામ, ક્રોધ, મદ, લોભ ને દ્વેષી, બ્રહ્માંડ સઘળે ભાસે રે–કળિમાં૦
તામસ ધર્મ જપતપ આચરશે, જુઓ એના જુગે રે;
વ્રતદાને વરસાદ ન વરસે, અન્ન વાવ્યું નહીં ઊગે રે–કળિમાં૦
દુઃખી ધન વિનાની દુનિયા, પણ મમત નહીં મૂકે રે;
પૈસો ચાહે ને ધર્મ ન પાળે, ચિત્તમાં લોભ ન ચૂકે રે–કળિમાં૦
અકારણ વડીલોના વિરોધી, વિશ્વ સૌમાં વાસે રે;
પંદર વરસ પુરુષનો આયુષ્ય, પણ કલ્પે ગુમાન ન નાસે રે–કળિમાં૦
સર્વે આ માની લેજો સાચું, નથી જૂઠું લગાર રે;
ધર્મ નહિ રહે ધરણી ઉપર, પાપ તણો નહિ પાર રે–કળિમાં૦
આ યુગમાં ગુણ એક છે એવો, હૃદિયે રામને રાખે રે;
કલૌ કેશવ કીર્તનાત્, એમ ભાગવતમાં ભાખે રે–કળિમાં૦
દાનમાં અન્નનું દાન ઉત્તમ, નામમાં રામનું નામ રે;
દેહીમાં આ દેહ મનુષ્યનો, ધામમાં અક્ષર ધામ રે–કળિમાં૦
કળિજુગ જેવો અન્ય નહીં જુગ, વર્તે જે વિશ્વાસે રે;
ગાઈ રામગુણ ગાયુપન કરે છે, ભવ તરે વિના પ્રયાસે રે–કળિમાં૦

પદ ૬૫—ગરબી

જેને અવસર આવો જાય રે—જીવડા જો જાગી;
ખોટા ખેલમાં શું ગોથાં ખાય રે !—જીવડા જો જાગી.
હીરો આવ્યો છે તારે હાથ રે—જીવડા જો જાગી.
હવે નક્કી ભજી લે નાથ રે—જીવડા જો જાગી.
દેવે દીધો મનુષ્યનો દેહ રે—જીવડા જો જાગી.
તક પ્રભુ ભજ્યાની તેહ રે—જીવડા જો જાગી.
ચેત ચેતાવું તુજને અચેત રે—જીવડા જો જાગી.
કર વૈકુંઠ જવાનો વેત રે—જીવડા જો જાગી.
ધન, દારા અને સુત, ધામ રે—જીવડા જો જાગી.
કોઈ આવે ન તારે કામ રે—જીવડા જો જાગી.
જપ્ય રામને આઠે જામ રે—જીવડા જો જાગી.
ગુણ ગાય છે ગણપતરામ રે—જીવડા જો જાગી.

પદ ૬૬

કાળ આગળ ન ઊગરે કોઈ રે—મનડા લે માની;
મૂઢ રહ્યો માયામાં મોહી રે—મનડા લે માની.
અર્ક ઊગેને આથમી જાય રે—મનડા લે માની.
જેમ સાપ ઊંદરને સ્હાય રે—મનડા લે માની.
જેવો વીજળીનો ઝબકાર રે—મનડા લે માની.
એવો અલ્પ જીવત અવતાર રે—મનડા લે માની.
જેને વાદળ આવે ને જાય રે—મનડા લે માની.
એમ આયુષ્ય ઓછું થાય રે—મનડા લે માની.
જેવું ઝાંઝવાનું નીર જણાય રે—મનડા લે માની.

એમ ઊપજે ને અલપાય રે—મનડા લે માની.
હરિ ભજ્યામાં રાખે હામ રે—મનડા લે માની.
ગુણ ગાય છે ગણપતરામ રે—મનડા લે માની.

પદ ૬૭

હરિ સાથે ન કીધું હેત રે, પ્રાણિયા તેં પાપી.
ફંદ કરીને થાય ફજેત રે, પ્રાણિયા તેં પાપી.
વળી સાચી વહાલી નહિ વાત રે, પ્રાણિયા તેં પાપી.
ઘણી કરે લોકોની ઘાત રે, પ્રાણિયા તેં પાપી.
પરનારી સંગાથે પ્રીત રે, પ્રાણિયા તેં પાપી.
રામ ભજવાની રાખી ન રીત રે, પ્રાણિયા તેં પાપી.
ભજન–ભક્તિ ઉપર નહિ ભાવ રે, પ્રાણિયા તેં પાપી.
જેના દિલમાં છે ભૂંડો દાવ રે, પ્રાણિયા તેં પાપી.
ગમે નહિ ગુરુનું જ્ઞાન રે, પ્રાણિયા તેં પાપી.
આડો અંતરનો અભિમાન રે, પ્રાણિયા તેં પાપી.
નવ ભજ્યો પ્રભુનું નામ રે, પ્રાણિયા તેં પાપી.
ગુણ ગાય છે ગણપતરામ રે, પ્રાણિયા તેં પાપી.

પદ ૬૮

ઉરમાં અખંડ આનંદ રે, સાચા એ સાધુ.
ફરે નહિ કદી ભવ ફંદ રે, સાચા એ સાધુ.
નહિ નિંદાનું જાણે નામ રે, સાચા એ સાધુ.
તજે તનમાંથી દારા ને દામ રે, સાચા એ સાધુ.
પર ઉપકારી પરમ દયાળ રે, સાચા એ સાધુ.

જેને હીણી તે વાત હરામ રે, સાચા એ સાધુ.
રટે રુદિયામાં રૂડા રામ રે, સાચા એ સાધુ.
બહુનામીનો આપે બોધ રે, સાચા એ સાધુ.
કોઈ દહાડો કરે નહીં ક્રોધ રે, સાચા એ સાધુ.
જેને હરિ ભજ્યાની હામ રે, સાચા એ સાધુ.
ગુણ ગાય છે ગણપતરામ રે, સાચા એ સાધુ.

પદ ૬૯–ગરબી

જનમ પામી જીવન નવ જાણ્યા રે, મૂરખા મોટા રે.
મૂઢ માયાના રસ તેં માણ્યા રે, મૂરખા મોટા રે.
ભાંડ ભવાઈ જુએ છે ભાવે રે, મૂરખા મોટા રે.
હરિભક્તિમાં આઘો નવ આવે રે, મૂરખા મોટા રે.
વાગે ડાકલું તો દેખવાને દોડે રે, મૂરખા મોટા રે.
કૃષ્ણકથા ન સાંભળી કોડે રે, મૂરખા મોટા રે.
રોજ રાવણે રખડવાને રાજી રે, મૂરખા મોટા રે.
પરનિંદા પ્યારી તુંને પાજી રે, મૂરખા મોટા રે.
જમરાજાનું જોર ન જાણે રે, મૂરખા મોટા રે.
તારા તનમાં પેસીને પ્રાણ તાણે રે, મૂરખા મોટા રે.
હેત રાખી હરિ ભજ હામે રે, મૂરખા મોટા રે.
ગુણ ગાયા છે ગણપતરામે રે, મૂરખા મોટા રે.

પદ ૭૦

કૃષ્ણ સાથે તેં પ્રીત નવ કીધી રે, પાપિયા પૂરા રે;
સારા સંતોની શીખ નવ લીધી રે, પાપિયા પૂરા રે.
જૂઠી બાજી સંસારની જોઈ રે, પાપિયા પૂરા રે.

મોહ માયામાં મૂઢ રહ્યો મોહી રે, પાપિયા પૂરા રે.
દામ દારાનાં કામ કરે કેવાં રે, પાપિયા પૂરા રે.
લોક પાસેથી લૂંટી લેવાં રે, પાપિયા પૂરા રે.
માથે મરવાની બીક નવ માની રે, પાપિયા પૂરા રે.
છળ રાખીને ઘાત કરે છાની રે, પાપિયા પૂરા રે.
ભોળા માનવીને ભાળી ભમાવે રે, પાપિયા પૂરા રે.
આવો અવતાર ફેર નહિ આવે રે, પાપિયા પૂરા રે.
ભલું ભાવે તો ઠરે શુભ ઠામે રે, પાપિયા પૂરા રે.
ગુણ ગાયા છે ગણપતરામે રે, પાપિયા પૂરા રે.

પદ ૭૧

કરી ભક્તિ ને ભ્રાંત નાખ ભાગી રે, ભાવના ભોગી રે.
જ્યોત રુદિયામાં જીવની જાગી રે, ભાવના ભોગી રે.
હું ને મારું બે મૂકી દેને રે, ભાવના ભોગી રે.
લ્હાવો જીવન મુક્તિનો લેને રે, ભાવના ભોગી રે.
દયા લાવીને શુભ દાન દેને રે, ભાવના ભોગી રે.
કોડે કોડેથી રામનામ કહેને રે, ભાવના ભોગી રે.
કરે હાથે તે આવશે સાથે રે, ભાવના ભોગી રે.
માન કહ્યું દુ:ખ નહિ રહે માથે રે, ભાવના ભોગી રે.
સંતસેવાનું સુખ ઘણું સારું રે, ભાવના ભોગી રે.
તેથી થાશે તે કારજ તારું રે, ભાવના ભોગી રે.
કર મહેનત કિરતારને કામે રે, ભાવના ભોગી રે.
ગુણ ગાયા છે ગણપતરામે રે, ભાવના ભોગી રે

પદ ૭૨

ભાવ રાખે તું રામજી ભજ્યામાં રે, સજ્જન શાણા રે.
તાન રાખે તું ક્રોધ તજ્યામાં રે, સજ્જન શાણા રે.
મન માને તેનાથી મળીએ રે, સજ્જન શાણા રે.
વંઠ લોકોની વાટે ન વળીએ રે, સજ્જન શાણા રે.
ચિતડામાં હરિરસ ચાખે રે, સજ્જન શાણા રે.
ટેવ નબળી તું ટાળી નાખે રે, સજ્જન શાણા રે.
મોહ કાઢે તો મુક્તિ મળશે રે, સજ્જન શાણા રે.
બોધ સુણે તો કર્મ બધાં બળશે રે, સજ્જન શાણા રે.
રાખે શ્રદ્ધા તો જ્ઞાન થાય સારું રે, સજ્જન શાણા રે.
બૂડવાનું મટી જાય બારું રે, સજ્જન શાણા રે.
જપ્ય જીવનને આડે જામ રે, સજ્જન શાણા રે.
ગુણ ગાય છે ગણપતરામ રે, સજ્જન શાણા રે.

પદ ૭૩—લાવણી

કળિમાં કાળ કોપથી રે, કાંઇ નહીં ઊગર્યાની આશા. (ટેક)
ગળફા ગળિયું શૂળ પાંસળિયું, કે કાગળિયું કહાવે;
મોત મરદને કદી ન મૂકે, ઓચિંતાનું આવે—કળિમાં૦
વંઠલ વાડો આવે આડો, દુઃખનો દહાડો દેખે;
ગોથાં ખાતા ઘણા ગયા નર, લાલી તારે લેખે—કળિમાં૦
તાવજ તરિયો ભરપૂર ભરિયો, દુઃખનો દરિયો દાખે;
આણું આવે નાણું આપે, રાય રંક નહીં રાખે—કળિમાં૦
વાણે વળિયો મહા દુઃખ મળિયો, બાપો નીકળ્યા બળિયો;
તનડું ત્યાગ્યું પાણી લાગ્યું, કશો રોગ નવ કળિયો—કળિમાં૦

રોગ રગતિયો પૂરણ પતિયો, થયો અવગતિયો ઠામે;
જમને હાથે જરૂર જાશે, ગાયું ગણપતરામે-કળિમાં૦

પદ ૭૪

કોઇને કાળ ન મૂકે રે, કાંઈ સમજી લ્યો તો સારું.... (ટેક)
જમની જુક્તિ કોઈ નવ જાણે, રોગ થઈ રંજાડે;
પ્રાણી માત્ર જે પૃથ્વીના, પલક એકમાં પાડે-કોઇને૦
મૂઠ, મૂંઝારો, ઝાડા ફેરો, વંતર આવી વાગે;
ડાકેણ, શાકેણ, ભૂત ને ભૈરવ, ઝાંપડી આવી જાગે-કોઇને૦
કર્મ કઠોદર જુઓ જળોદર, ઉદર આફરો આવે;
તાણ અને રાંઝણ અમૂંઝણ મહા દુઃખ કોણ મિટાવે?-કોઇને૦
જારણ, મારણ ને ઉચ્ચાટણ, મોહની મંતર મારે;
અંતકાળની ઘાંટી અઘરી, આવી કોણ ઉગારે?-કોઇને૦
સૌથી શૂરા બળમાં પૂરા, નેકદાર જે નામે;
જરૂર એ ઓચિંતા જાશે, ગાયું ગણપતરામે-કોઇને૦

પદ ૭૫

મન તું મોહ ન મૂકે રે, કાંઈ મરણ ભમે છે માથે .. (ટેક
નિરમળ નારી શોભા સારી, રોતી મેલી રાને;
અણબોલે જાશો એકલડા, કદો ભળાવી કોને?—મન તું૦
તન જે તારો પૂરણ પ્યારો, કષ્ટ વિસારો કરશે:
માગે જાણે છે તે મિથ્યા, મૂરખ એ તો મરશે—મન તું૦
રાજ રૂપાળું વૈભવવાળું, સુખ માને છે સારું
એક દિવસ અંધારું થાશે, તેમાં કાંઈ નથી તારું—મન તું૦

જૂઠી બાજી જોઈને, [illegible] ;
[illegible] [illegible] ફ્યો૦
[illegible] [illegible] ;
[illegible] [illegible] ફ્યો૦
[illegible]

ફ્યો૦

પદ ૭૬

[illegible] ;
[illegible] ફ્યો૦
[illegible]
વીજળીનાજું જે ઝબકારું, [illegible]
પાણીનો જે પરપોટો, [illegible] (૨૬)
[illegible]
મૃગજળ જેવું મનડું મોહ્યું, [illegible] ફૂલ્યો૦
[illegible] [illegible]
[illegible] મનની માયા [illegible] ફૂલ્યો૦
[illegible]
જૂઠી બાજી [illegible] ફૂલ્યો૦
[illegible] રાખો, [illegible] ફૂલ્યો૦

પદ ૭૭

પામર [illegible] પંખી રે, માથે મોત [illegible] ફૂલ્યો૦
[illegible] (૨૬)
[illegible] મોત જેમ નવ [illegible]
[illegible]
[illegible] પછી રહે, [illegible]

હરણી જેમ સિંહણની આગળ, ઇચ્છે મન ઊગરવું;
જબરો છે એમ કાળઝપાટો, માન્ય જરૂર છે મરવું. —પામર૦
આવે મુખ ડસિયલને ઉંદર, જીવ્યાતણું જેમ જાણે;
એવું છે તારા શિર ઉપર, અભિમાન શું આણે? —પામર૦
જોને સૌ મૂકીને જાવું, ધન દોલત ને ધામે;
રાખ ભરૂંસો રાધાવરનો, ગાયું ગણપતરામે. —પામર૦

પદ ૭૮

હેતે ભજો હરિને રે, જેથી જન્મમરણ દુઃખ જાશે..... (ટેક)
એ ત્રિભોવનતારણ, અધમઉધારણ, કષ્ટનિવારણ કહાવે;
જનપ્રતિપાળા, દીનદયાળા, ભૂધર મનમાં ભાવે—હેતે૦
ભવભયભંજન, નામનિરંજન, દુરમતિગંજન દેવા;
એ પિતુમાતા, વિશ્વવિધાતા, સદા કરી લ્યો સેવા—હેતે૦
નિર્મળનામી સૌનો સ્વામી, પાર શકે કોણ પામી!
ધિ ગો ધામી, અંતરજામી, નિગમ કહે નમામિ—હેતે૦
વિશ્વવિલાસી, નહીં ઉદાસી, પૂરણ પ્રકાશી પોતે;
ઘટઘટવાસી, છે અવિનાશી, જગતઉજાશી જોતે—હેતે૦
ભવમાં ભરિયો, ડહાપણ દરિયો, હરિયો સઘળે ઠામે;
જો અનુસરશો તો ભવ તરશો, ગાયું ગણપતરામે—હેતે૦

પદ ૭૯

ભૂલ્યો શીદ ભમે છે રે! આ તો આવ્યું ઉત્તમ ટાણું.. (ટેક)
લખ ચોગાશી વળી ગર્ભવાસી, નરકનિવાસી થઇને,
અતિ ઉદાસી કાળની ફાંસી, જમને હાથે જઇ ને—ભૂલ્યો૦

હરતાં, ફરતાં, ભગવત ભજતાં, નર નહિ બેસે નાણું;
પરવાર્યામાં આવી પહોંચશે, ઓચિંતાનું આણું–ભૂલ્યો૦
બાગ બનાયા, સુંદર છાયા, માયા લાગી મનમાં;
ગાતરગળિયાં,પહોંચ્યાં પળિયાં,તો નવ સમજ્યો તનમાં–ભૂલ્યો૦
ઘોડાગાડી દોડે દહાડી, ફૂલવાડીમાં ફાવે;
મરવું માથે, જનમ્યૂં સાથે, ઉરમાં એ નવ આવે–ભૂલ્યો૦
તનને ત્યાગી, જઈશ અભાગી, જોને જાગી આમે;
રાખ ભરૂંસો રાધાવરનો, ગાયું ગણપતરામે–ભૂલ્યો૦

પદ ૮૦

ફૂલ્યો શું ફરે છે રે? જો ને જરૂર અંતે જાવું.... (ટેક)
સુત જે સારા, તારી દારા, કારાપારા કહેશે;
ઠગશે ઠાલાં વળી જે વહાલાં, રોઈને અળગાં રહેશે–ફૂલ્યો૦
ઊંચી હવેલી મિલકત મેલી, બંધવ બેલી છોડી;
ચિત લલચાવે જોતાં જાવે, કામ ન આવે કોડી–ફૂલ્યો૦
છે તું શાણો પણ છું પાણો, ભરમાણો શું ભાળી?
જિંદગી જૂઠી, જઈશ ઊઠી, ઠાલી મૂઠી વાળી–ફૂલ્યો૦
જ્યાં સુખ ઝાઝાં તે નવ છાજ્યાં, વાજાં ઊંધાં વળશે;
તન આ તારું છે જે સારું, ધરણી ઉપર ઢળશે–ફૂલ્યો૦
નિરમળ નામે ઠરને ઠામે, પાર મરણનો પામે;
રાખ ભરૂંસો રાધાવરનો, ગાયું ગણપતરામે–ફૂલ્યો૦

પદ ૮૧–રાગ લાવણી

મૂરખ તને જન્મ મનુષ્યનો મળ્યો,
ભાગ્યહીણ ભક્તિમાં નવ ભળ્યો........ (ટેક)
બાળાપણમાં બુદ્ધિ વિનાનો, મન ખેલ્યામાં મળ્યો;
તરુણપણામાં તરુણીએ તુંને, શબ્દ બોલીને છળ્યો–ભાગ્ય૦
વૃદ્ધપણામાં વ્યાધિ વળગી, ગાતર તારો ગળ્યો;
દારા સુત દુઃખ દેવા લાગ્યાં, બોલ સાંભળી બળ્યો–ભાગ્ય૦
જન શમશાને જતા જોઈને, ગર્વ કાંઈ નવ ગળ્યો;
કરી કર્મ સુખ કશું ન પામ્યો, ભૂતપ્રેતમાં ભળ્યો–ભાગ્ય૦
ગર્ભ તણા દુઃખમાં ઘેરાણો, તૃષ્ણાથી નવ ટળ્યો;
સંતતણી સુણી નહીં શિખામણ, વળ્યો તું તવ વળ્યો–ભાગ્ય૦
ચાર ખાણ લખ ચોરાશીમાં, ખબર વિનાનો ખળ્યો;
કહે ગણપત સમજ્યો નહી કેમ તું, હરિ સાથે નવ હળ્યો–ભા૦

પદ ૮૨

જીવને જીવન તે કેમ જડે, પૂર્વનાં પાપ જ આડાં પડે....(ટેક)
અમૃત પીવા અસુર આવ્યો, કરી કપટ કે વડે;
સુરપતિએ શિર છેદી નાખ્યું, રણમાં તે રડવડે—પૂર્વનાં૦
સુરપંખા સ્વામી કરવાને, થોભી લક્ષ્મણ થડે;
નાક કાન બે કાપી નાખ્યાં, વનમાં આયુધ વડે—પૂર્વનાં૦
ચૌદ રત્ન લેવા સિંધુસુત, વાસવ સાથે વઢે;
શિવજીએ રણમાં સંહાર્યો, જગમાં તે નવ જડે—પૂર્વનાં૦
કુંભકરણ ઇંદ્રાસન કાજે, બ્રહ્મા સાથે બઢે,
માગતાં નિદ્રાસન મળિયું, પાપી પાછો પડે—પૂર્વનાં૦

નર મન હુંશે નારીને માટે, નિત્ય ઊઠીને નડે;
ગણપત કહે એ ગુણ વિચારો, અહીંથી અહીં આથડે–પૂર્વનાં૦

પદ ૮૩

અરે મન તું ભવસાગર તરે, ભજન કિરતાર તણું જો કરે....(ટેક)
વિષયવાસનામાં રહ્યો વળગી, ફોગટ જ્યાં ત્યાં ફરે;
મૂક મમત મનમાંથી મૂરખ, વિઠ્ઠલ વરને વરે. —અરે૦
ચોરી નિંદા ચાડી ચૂગલી, દોષ થકી જો ડરે;
અંતરમાં ઓળવ અવિનાશી, ધ્યાન હરિનું ધરે. —અરે૦
સ્મરણ સાધન સારું સમજ, હરામી દાનત હરે;
પરમારથમાં પ્રીત કરી જો, પરનારી પરહરે. —અરે૦
નિગમ જ્ઞાનની ગમ નહીં તુજને, મત તાણી શીદ મરે;
ગુરુસેવા ગીત ગોવિંદ કેરાં, અંતરમાં આદરે. —અરે૦
દુઃખ દુનિયાનાં દિલમાં દેખી, ભક્તિ ઘટમાં ભરે;
ગણપત કહે એવી ગમ પડે તો, સર્વ કારજ સરે. —અરે૦

પદ ૮૪

અરે મન નિગમપંથ નિરધાર, પરખી લે પામે ભવપાર. (ટેક)
પ્રથમ જ્ઞાન ગુરુથી પામી, કરો વિવેક વિચાર;
બોલ કદી મુખ બહાર ન કાઢે, એ ભક્તિ અધિકાર–અરે૦
નટ જેમ પટને પાછળ રહીને, સૂતર ઝાલે સાર;
કરે ખેલ પણ કોઈ નવ વરતે, શું જાણે સંસાર?–અરે૦
નીર નદીનામાં કરે નિદ્રા, ઊંઘે મીન અપાર;
જાઓ એની ગત કોઈ નવ જાણે, ત્યમ મેળવ એક તાર–અરે૦

જળકૂકડી જળના જીવ સાથે, આદરવાને આહાર;
બૂડીને જેમ બહાર નીકળે, વિમળો એમ વિચાર—અરે૦
જ્ઞાનીની ગત જ્ઞાની જાણે, સમજણ કરો સાર;
ગણપત ગુરુગમ પૂરા પામે, કોણ નર ને કોણ નાર!—અરે૦

પદ ૮૫—રાગ કાફી

(ત્રટ જમુનાંકીકો તીર, બંસી ધૂન બાજ રહી હે; ત્રટ જમુનાકીકો તીર—એ રાગ)

સેજે તરે સંસાર રે, રાખે રીત રામ ભજ્યાની.... —(ટેક)
તન, મન, ધનની આશા ત્યાગી, રોમરોમ રણકાર રે—રાખે૦
વણદામે વિશ્વંભર પામે, મટે મરણનો માર રે—રાખે૦
વેદનો ભેદ ને નવધા ભક્તિ, તે શું મળે એકતાર રે—રાખે૦
વિવેક વૈરાગ્ય સંપત્તિ મુમુક્ષતા, ચહાવાં એ સાધન ચાર રે—રાખે૦
ગણપત જ્ઞાન ગુરુનું વિચારી, દિલમાં દેખે દેદાર રે—રાખે૦

પદ ૮૬

સંતસમાગમ સાર રે, કરે કોઈ હેતે હરિજન........(ટેક)
શૂળી ઉપર શયન કરાવે, લગની ન છોડે લગાર રે—કરે કોઈ૦
વાણીપાર વસ્તુને વિચારે, બાવનથી જે બહાર રે—કરે કોઈ૦
સેવાસ્મરણ સાધન સાધે, ઉરમાં ન આણે અહંકાર રે—કરે કોઈ૦
મન મદ કામ લોભને મારી, ચહાય પદારથ ચાર રે—કરે કોઈ૦
જ્ઞાની એવા દયાળને ગણપત, વંદે વારંવાર રે—કરે કોઈ૦

પદ ૮૭

ભક્તિ વિના નર ભૂત રે, ભવમાં ચાલે ભટકતા (ટેક)
વિષયસુખમાં રહ્યા વીંટાઈ, ધન ઠગવાના ધૂત રે—ભવમાં૦
પર જીવને કરે પૂરણ પીડા, મોહ જયો મજબૂત રે—ભવમાં૦

કામ, ક્રોધ ને કપટ કરે પણ, દેખે જમના દૂત રે–ભવમાં૦
સંત ઘણું સમજાવે શઠને, કહ્યું ન માને કપૂત રે–ભવમાં૦
ગણપત કહે ગુરુજ્ઞાન વિચારે, સારો કોઈ સપૂત રે–ભવમાં૦

પદ ૮૮

આ ભવમાં આભાર રે, કેવો માનું હરિજન કેરો !.... (ટેક)
ભૂલું ભજન તો આગળ આવી,સંભારી આપે હરિ સાર રે–કેવો૦
પ્રેમસભામાં પ્રશ્ન પૂછે, આનંદ વાધે અપાર રે–કેવો૦
વૈષ્ણવજનને વહાલા વિશ્વંભર, ચિત્તમાં નામ ઉચ્ચાર રે–કેવો૦
ગણપત કહે જ્ઞાનીજન કેરો સંગ ન છોડું લગાર રે–કેવો૦

પદ ૮૯–રાગ ઠૂમરી

માની લેને શિખામણ મારી, અંતર વાત ઉતારી રે... (ટેક)
સમરણ–બખ્તર પેહેર શરીરે, ઢાલ ધીરજની ધારી રે–મા૦
શબ્દ તણી સમશેર સાહીને, મોહને નાખે મારી રે—મા૦
જન્મમરણનું દુઃખ છે જબરું, ભવની પીડા ભારી રે–મા૦
જમને હાથે જશો જ્યારે જીવડા,ત્યાં ગતિ થાશે તારી રે–મા૦
ભક્તિ વિના ભગવંત ન ભેટે, વેદની વાણી જો વિચારી રે–મા૦
ગણપત કહે ગોવિંદગુણ ગાતાં, નક્કી તરે નરનારી રે–મા૦

પદ ૯૦

જાણી લેને જરૂર છે જાવું, ફરી આવે નહીં તન આવું રે.(ટેક)
કહ્યું વચન તું કાને ધરે નહીં, શું તુજને સમજાવું રે–જાણી૦
કાળની જાળમાં કંઈ ઝપટાયા, બહુ તુજને બતાવું રે–જાણી૦
ગર્વ થકી કરે ખર્ચ ઘણેરાં, ધર્મમારગ નવ ધાવું રે–જાણી૦

ભેળું કરી ધન ભંડાર ભરિયો, વાંસે કાંઈ નવ આવ્યું રે-જાણી૦
કહે ગણપત કર હાથે એ સાથે, પછી થશે પસ્તાવું રે-જાણી૦

પદ ૯૧

આવો અવસર ઉત્તમ આવ્યો,
માટે ગોવિંદના ગુણ ગાવો રે....(ટેક)
જે જે કરશો તે થાશે આ જનમે,
લ્યોને લાખેણો લ્હાવો રે—આવો૦
મનુષ્યા જન્મ જેવો બીજો મળે નહીં,
શરણું હરિનું સાહાઓ રે—આવો૦
અલ્પ જીવન ન કરે લાંબી આશા,
શાને મોહ મચાવો રે—આવો૦
સંતસમાગમ કરીને સમજો,
ભૂધરને મન ભાવો રે—આવો૦
ગણપત કહે ગુરુજ્ઞાન વિચારી,
પ્રેમ-પ્રભુ-રસ પાવો રે—આવો૦

પદ ૯૨

અલખેલો અંતરજામી, એને પાર શકે કોણ પામી રે (
અનંત શક્તિ એ ઉપજાવે, દૂજો નથી કોઈ દાગી રે અ
ઇંદુ સુરજ ઉડુગણ આદિ ઓપે, ખેલ એનામાં નથી ખામી રે અ
પવન પાણી આકાશ ને અગ્નિ, જમીન જુક્તિએ જામી રે અ
ગોવિંદ વ્યાપક સૌના ઘટમાં, શેષ મહેશનો સ્વામી રે અ
ગણપત કહે પગપાર પ્રભુ જ્યાં, વેદની વાણી વિરામી રે

પદ ૯૩—ગરબી

બ્રહ્મજ્ઞાન જેને ભાવે, સોહાગિયા રે લોલ;
અહંકાર જેને ભાવે, અભાગિયા રે લોલ.
ઈશ ઉરમાંહી આણે, સોહાગિયા રે લોલ;
ભણી ભેદ નવ જાણે, અભાગિયા રે લોલ.
શીખ જેને લાગે સારી, સોહાગિયા રે લોલ;
ખરી વાત લાગે ખારી, અભાગિયા રે લોલ.
કામ ક્રોધ નાખ્યા કાપી, સોહાગિયા રે લોલ;
વિષય વાસનાઓ વ્યાપી, અભાગિયા રે લોલ.
ગુણ ગણપત ગાશે, સોહાગિયા રે લોલ;
નામ સાંભળીને નાસે, અભાગિયા રે લોલ.

પદ ૯૪

લક્ષ રોજ રહ્યો લાગી, આનંદિયા રે લોલ;
તન મન થકી ત્યાગી, આનંદિયા રે લોલ.
માયા મોહની ન માગી, આનંદિયા રે લોલ;
જ્યોત જીવ કેરી જાગી, આનંદિયા રે લોલ.
ભ્રાંત મનડાની ભાગી, આનંદિયા રે લોલ,
રાગ છોડી વિતરાગી, આનંદિયા રે લોલ.
વ્હાલો વિશ્વમાં વખાણે, આનંદિયા રે લોલ.
જીવન્મુક્તિ જોગ જાણે, આનંદિયા રે લોલ.
ગણપત કહે જ્ઞાની, આનંદિયા રે લોલ;
મને સાચી વાત માની, આનંદિયા રે લોલ.

પદ ૯૫

હું ને મારું બે જ મૂકે, એ ભક્ત છે રે લોલ;
ચિત્ત પ્રભુથી ન ચૂકે, વિરક્ત છે રે લોલ.
ધર્મધારણા ને ધ્યાની, એ ભક્ત છે રે લોલ;
ગુણસાગર ને જ્ઞાની, વિરક્ત છે રે લોલ.
ભેદ વેદ કેરો ભાવે, એ ભક્ત છે રે લોલ;
લક્ષ બ્રહ્મ કેરો લાવે, વિરક્ત છે રે લોલ.
દયા દીન પર દાખે, એ ભક્ત છે રે લોલ;
હૃદે રામજીને રાખે, વિરક્ત છે રે લોલ.
ગુણ ગણપત ગાશે, એ ભક્ત છે રે લોલ;
જીવ દશા જેની જાશે, વિરક્ત છે રે લોલ.

પદ ૯૬

બ્રહ્મરંધ્રને જ ભેદે, તે જોગિયા રે લોલ;
સત્ય જ્ઞાન ધર્મ છેદે, વિયોગિયા રે લોલ.
પહેલે યમનિયમ પાળે, તે જોગિયા રે લોલ,
ભોળા શુભ કર્મ બાળે વિયોગિયા રે લોલ.
તરે પોતે ને તારે, તે જોગિયા રે લોલ;
મોહ મન નવ મારે. વિયોગિયા રે લોલ.
સેજ સમાધિમાં શૂરા, તે જોગિયા રે લોલ,
પાપકર્મમાંહી પૂરા, વિયોગિયા રે લોલ
ગણપત ધ્ન લાગ્યુ, તે જોગિયા રે લોલ;
જીવન બધું, વિયોગિયા રે લોલ

પદ ૯૭

(અલબેલી અંબેમાત જોવાને જઈએ-એ રાગ)

જેને પૂરવ જનમની પ્રીત, પ્રેમની પ્રીત પળે.... (ટેક)
રાખે ચકોર ચંદ્રમાં ચિત્ત, મોહન તેને મળે-પ્રેમની૦
મોહન મળે ને તાપ ટળે છે, બળે કર્મનાં બીજ રે;
પ્રેમપંથ કોઈ પૂરા પાળે, રામજી રાખે રીઝ-પ્રેમની૦
દશમી ભક્તિ ગોપીએ દાખી, જોગ જીવનનો જાણી રે;
શુકદેવજી એના છે સાખી, વ્યાસ મુનિએ વખાણી-પ્રેમની૦
બ્રહ્મજ્ઞાન જેના મનમાં ભાસે, જગત જૂઠું જણાય રે;
પ્રેમી પતંગ દીપકમાં દાઝે, જેની સુરતા હરિમાં સમાય-પ્રેમની૦
કામની કૃષ્ણ જમાડવા જાતે, નારી રોકી નાથ રે;
પ્રાણ ગયો સૌ પહેલી પહોંચી, મળી મોહન સાથ-પ્રેમની૦
આઠ અંગ જેના ઉરમાં આવે, સાત્વિક જન સોહાય રે;
પ્રેમપંથ પરખી લ્યો પ્રાણી, ગણપત એ ગુણ ગાય-પ્રેમની૦

પદ ૯૮

પ્રાણી પરખો પ્રભુનો પંથ, ગુરુગમ જ્ઞાન વડે.... (ટેક)
ગુણ ગાય ઘણા ઘણા ગ્રંથ, જીવન તેને જડે-ગુરુગમ૦
જીવન જડે પૂરી ખબર પડે, જો સંતસમાગમ થાય રે;
ભક્તિમાં ભેદ ભવજળ તરવા, ગોવિંદના ગુણ ગાય-ગુરુગમ૦
મન વશ કરતાં માયા જીતે, જપે અજંપા જાપ રે;
શબ્દવિવેક સુરતા સાંધે, અંતરમાં જુએ આપ-ગુરુગમ૦
સાધન, સમરણ, સેવા કરો, વળી આવે વિચાર રે;
ધ્યાનધારણા કાયાશોધન, તનમાં મળે એકતાર-ગુરુગમ૦

બ્રહ્માંડ સઘળે ભરપૂર ભાસે, દ્વૈતભાવ ટળી જાય રે;
અદ્વૈતરૂપ અંતરમાં આવે, અરૂપમાં રૂપ સમાય-ગુરુગમ૦
મહાપદ લાધ્યું તે નર મોટા, વેદતણો વિચાર રે;
ગણુપત કહે એ જ્ઞાન જે જાણે, પહોંચે માયાપાર-ગુરુગમ૦

પદ ૯૯

મન મારી શિખામણ માન, મનુષ્યા દેહ મળી.... (૨૬)
દે પાત્રને અન્નનું દાન, તારું જાય પાપ ટળી-મનુષ્યા૦
તાપ ટળે ને પાપ બળે, રાખે રામ ભજ્યાની રીત રે;
ભક્તબીજ હોય તે કરે ભક્તિ, પૂરવજન્મની પ્રીત-મનુષ્યા૦
તું કોણ તારું આપ તપાસે, આ જગમાં કેમ આવ્યો રે?
શરીર સંગાથે જન્મ્યો ત્યારે શી શી વસ્તુ લાવ્યો?-મનુષ્યા૦
કરી કર્મ તેં કાંઈ નવ જાણ્યું, મરવાનું દુઃખ મોટું રે;
કાયા માયા ડાહાપણ ડાહ્યા, ખલકનું સુખડું ખોટું-મનુષ્યા૦
હરિસ્મરણ કરવાને હરિએ, આપ્યો આ અવતાર રે;
તે માટે હું તુજને કહું છું, શોધી લે સજ્જનદાર-મનુષ્યા૦
જડ ચૈતનમાં જગપતિ જામ્યો, ઠાલો નથી કો ઠામ રે;
નર અંગમાં નારાયણનું ગાયે ગણપતરામ-મનુષ્યા૦

પદ ૧૦૦

દુર્જનના કહું છું દોષ, સુણો [illegible] ગાયા (૨૬)
જેના કર્મના ફૂટ્યા હોય, [illegible] નવ જાણ્યા [illegible]
સાચે ને [illegible] શ્વાનને [illegible], [illegible] ને [illegible] રે
[illegible] [illegible], [illegible] નામ [illegible]

અદેખો નર તે થાય અંધો, કહ્યું કર્મવિપાકે રે;
મહા દુઃખ માણે મર્મ ન જાણે, ટોક બોલે નવ થાકે–સુણી૦
હરિભજનમાં આઘો ન આવે, પરનિંદામાં પૂરો રે;
પોતાનો અવગુણ તે નવ પેખે, સ્વારથમાંહી શૂરો–સુણી૦
ચોરી ચાડી કરતાં ચૂગલી, લેશ લાજ નવ લાવે રે;
શ્રીરતનમાંહી કર્મકથા કરે, અણતેડાવ્યો આવે.–સુણી૦
મોત ભમે છે માથા ઉપર, જૂઠા જન નવ જાણે રે;
કહે ગણપત ગમ નહીં ગોવિંદની, તોય મૂરખ મત તાણે–સુણી૦

પદ ૧૦૧

(હરિભજન થકી, છોટા હોય તે સૌથી મોટા થાય–એ રાગ)

કાયામાં કોણ બોલે ? તેને બૂઝો પામર પ્રાણી.... (ટેક)
તારું તુજ તપાસ, અંતરમાં આતમને લે મત જાણી—કાયામાં૦
એનું ઠેકાણું કોણ ઠાર છે ? એ નપુંસક કે નાર છે ?
એ સાકાર કે નિરાકાર છે ? —કાયામાં૦
એ નજીક છે કે દૂર છે ? એ અનુભવી કે ભૂર છે ?
એ કાયર છે કે શૂર છે ? —કાયામાં૦
સોહં શબ્દ કયાંથી ઊઠે છે ? તે કયાં જઈને ઊગો રહે છે ?
એ તે ફરતો કે વાસો રહે છે ? —કાયામાં૦
એનું સ્વરૂપ કેવું કહાવે છે ? એ તનમાં કઈ પેરે માવે છે ?
એને પંચ વિષય કેમ ભાવે છે ? —કાયામાં૦
તમે તેનો તપાસ કરો ભારી, હોય હરિભક્તિના અધિક[illegible]
વદે ગપણત વા[illegible] વિચારી.

પદ ૧૦૨

અનુભવી નરનાર, આવો વાતો કરિયે વિમળ વિચારની. (ટેક)
સોધો સાર અસાર, શી વસ્તુ સાચી છે સકળ સંસારની.
તું સાચું જો જીવડા જાણે, કરે મારું મારું મત તાણે;
તને ખરી ખબર મરવા ટાણે. —અનુભવી૦
જો જીવતાં યથારથ ના જાણો, તમો મૂઆ કેડે શું માણો!
તેને પ્રેમ કરી પહેલું જાણો. —અનુભવી૦
જુવો સ્વારથીઓ જગ સહુ કહાવે, તે અંત સમે પાસે આવે;
જમકિંકરથી કોણ છોડાવે? —અનુભવી૦
તમે ખોટી બાજી શું ખેલો? એ મિથ્યા સુખ મનથી મેલો;
ત્યારે અંતે આવે અલબેલો. —અનુભવી૦
તન તૂટે તારો કયાં વાસો? શી વસ્તુ સાથે લેઈ જાશો!
કહે ગણપત પાછળ પસ્તાશો. —અનુભવી૦

પદ ૧૦૩

જેને જીવ અજાણ, સ્વારથ તો સહુ કોને વાટે ઘાટે....(ટેક)
પ્રાણી પેખ્ય પુરાણ, પરમારથ કરવું તે શિરને સાટે.
પહેલું સદ્ગુરુનું શરણ થાશે, ત્યારે ભૂલ ભ્રાંત ભમણા જાશે;
પછી ગુણ ગોવિંદ કેરા ગાશે. —જેને જીવ૦
હેમ ગંગે ન ચાએ જાશે, કદી થિર ત્યાંથી ડોલશે.
તેનું પદ પ્રભુ સનમુખ થાશે. —જેને જીવ૦
એમ ગણપત પામ્યો જોઈએ ગાય. ગુરુવચને તન કરે સમર્પણ
તે ભક્ત પ્રભુના છે પૂરા. —જેને જીવ૦

મ શીશ ગુરુને શરણે ધરે, મરજીવો થઇ જગમાંહીં ફરે;
ને દેખીને જમદૂત ડરે. —એને જીવ૦
ભક્તિની જુક્તિ જાણે, તે ઠરીને બેઠા ઠેકાણે;
કહે ગણપત અમરાપર માણે. —એને જીવ૦

પદ ૧૦૪

કાંઈ કરને વિચાર, આવ્યો કયાંથી જીવડા! ને કયાં જવું! (ટેક)
તારું તું જ તપાસ, લાવ્યો શું ને સાથે શું લેઈ જવું!
માયા છે મોહનની નારી, તેને મૂરખ માને છે મારી;
તન તૂટે ફજેતી છે તારી. —કાંઈ કરને વિચાર૦
પ્રાણી પંચવિષય તુજને ભાવે, વળી જગત પદારથ જે કહાવે;
એ અંતે ભેળા નહીં આવે. —કાંઈ કરને વિચાર૦
ધન નારી વિષે મનડું જાવે, તે સ્વારથિયાં સઘળાં કહાવે;
એ અંતે ભેળાં નહીં આવે. —કાંઈ કરને વિચાર૦
કોટી જન્મ લગી ધરી તેં કાયા, તો યે છૂટી નહીં જગની માયા;
વળી વહેમે વિષે વેગે વાહ્યા. —કાંઈ કરને વિચાર૦
દિસે મૃગજળ—તૃષ્ણા બહુ ભારી, વપુ પીવાનું તે નહીં વારિ;
કહે ગણપત ભજને ગિરિધારી. —કાંઈ કરને વિચાર૦

પદ ૧૦૫

(હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને—એ રાગ)
ભેદ વિના ભક્તિ કરવાથી, જન્મમરણ નવ જાય જોને.
કલ્પ ઝાડ કાને સુણ્યાથી, દુખડું દૂર નવ થાય જોને.
અખેપાત્રનો જાપ જપ્યાથી, ભાઇઓ ભૂખ નવ ભાગે જોને.
મેં મીઠો મેહરામણ પીધો, તૃષા તે નવ ત્યાગે જોને.

પદ ૧૦૮

ગુરુ વિના ગોવિંદ મળે નહીં રસ્તો, સાચી વાત એને.
તમે તમારું શોધી કહાડો, જુઓ તે જીવની જાત એને.
કેવું રૂપ છે કરતા કેરું, કહો વસે કોણ ઠામ એને?
મૂળ વાતમાં મન નવ બાંધ્યું, કેમ કરી થાશે કામ એને?
તે માટે તનમાંહી તપાસો, દેખો નિજ દેદાર એને.
અનુભવ સૂરજ ઉદે થાશે, પામો ભવનો પાર એને.
હું મારું હ્રદયેથી ટાળો, રહેજો રૂડી રીત એને.
ગણપતના સ્વામીની સાથે, પૂરણ બાંધો પ્રીત એને.

પદ ૧૦૯—રાગ બિલાવલ

વાતે તો ભવ વહી ગયો, નાવ્યો દુઃખનો આરો. (ટેક)
અગણિત યુગથી આથડ્યો, ખોયો તેં જનમારો—વાતે૦
કોટિ જન્મ કાયા ધરી, ભમ્યો ભવમાંહી ભારી;
દારુણ દુઃખ ત્યાં ભોગવ્યાં, ન ભજ્યા ગિરિધારી—વાતે૦
આળસમાં આયુષ ગયું, વૃદ્ધ થયો વધી વ્યાધિ;
એક ઘડી ઈશ્વર તણી, પ્રાણી તેં ન આરાધી—વાતે૦
ઘરમાં કોઈ ગણે નહીં, બુદ્ધિ ગઈ બદલાઈ;
જમના કિંકરે ઝાલિયો, અંતકાળમાં આઈ—વાતે૦
સગાંસંબંધી સહુ મળ્યાં, કોઇનું બળ નહીં ફાવે;
ગણપત કહે હરિગુણ વિના, કહો કોણ મુકાવે?—વાતે૦

પદ ૧૧૦

જગમાં તેં જનમીને શું કર્યું, ઓળખ્યા નહિ અવિનાશી.(ટેક)
ખબર વિના ખૂંચી રહ્યો, ચાલી ખાણ ચોરાશી—જગમાં૦
ધંધો કરી ધન મેળવ્યું, અહોનિશ અથડાયો;
પાપે પૈસો મેળવ્યો, નવ ખરચ્યો ન ખોયો—જગમાં૦
મોટા થવા નાતજાતમાં, માન બીજાનું મોડે;
લાંચો લીધાના લાલચું, દયા દિલમાં ન જોડે—જગમાં૦
દશ ગ્રહ દુનિયા વિષે, દુઃખ દીનને દીધું;
જઠરામાં જેણે જાળવ્યો, તેનું કામ ન કીધું—જગમાં૦
જમાન દેઇ જમદૂતને, જુગમાં તું જાયો;
ગણપત ગોવિંદ ના ભજ્યો, જોતાં જનમ ગમાયો—જગમાં૦

પદ ૧૧૧

જરૂર જવુ છે જીવડા, ઉગરવાનો ઉધારો;
રડાપણ તો રોકડું, કાંઈ વાત વિચારો—જરૂર૦
ઉગે એ તો આથમે, જન્મે તે મરી જાશે;
અવિચળ નહિ આ લોકમાં, સુણ શી ગતિ થાશે!—જરૂર૦
ના[illegible] ન ગયું ગજ નંદનું, સુત સગરજ કેરા;
[illegible] ઘાગે દિનમાં, કાળ મારે છે ફેરા—જરૂર૦
[illegible] નાએ કરી મરો, જયા તેવા જ જાશો;
[illegible] શું લાવિયા! જતાં શું લેઈ જાશો!—જરૂર૦
[illegible] નરનારમાં, રાય, રંક કે રાણી;
ગણપત [illegible] વિચારિયે, ઓળખો એ એંધાણી—જરૂર૦

પદ ૧૧૨

અકળ સકળ જગમાં રહ્યા, એક શ્રી અવિનાશી.... (ટેક)
અગણિત કોટી ઇંડનો, પ્રભુ પૂર્ણ પ્રકાશી—અકળ૦
પાંચ રૂપે પ્રગટ થયા, પુરુષોત્તમ પોતે;
ઇચ્છાથી અવનિ રચે, જગજીવન જોતે—અકળ૦
એજ અવની આકાશને, પાણી પૃથ્વી કહાવ્યો;
પવન પાહાડ ઝાડ જેટલાં, સૃષ્ટિ રૂપ સોહાવ્યો—અકળ૦
કોટી કળા કિરતારની, કોઈ જીવ ન જાણે;
આતમરૂપને ઓળખે, ઠરી બેસે ઠેકાણે—અકળ૦
બીજમાં વૃક્ષ વસી રહ્યું, બીજમાં વૃક્ષ થાશે;
ગણપત સદ્‌ગુરુ જ્ઞાનથી, પ્રભુ પરખી લ્યો પાસે—અકળ૦

પદ ૧૧૩—રાગ સામેરી મેવાડો

સતગુરુ સંગે રે નરનારી સુધરે રે,
આપે ગુરુ જ્ઞાન તણો ઉપદેશ;
પારસને પરસે રે, લોહ પલટાય છે રે,
દેખો એવો અનુભવીનો દેશ—સતગુરુ૦
આવી પાંખો અને રે ઈયળ લાગી ઊડવા રે,
સાચો એને મળિયો છે ભમરીનો સંગ;
તરુ થાય તેવાં રે, ચંદન પાસે ચોટિયાં રે;
લાગે જેને પવન તણો પરસંગ—સતગુરુ૦
અગ્નિની આંચે રે, આયસ અગ્નિ બને રે,
સંતના સંગે સંત સોહાય;
પંડિતના સંગે રે, પુરાણી નર નીપજે રે,
જ્ઞાનીના સંગે જ્ઞાની ગણાય—સતગુરુ૦

જાળંધર કેરો રે જોગ ગોપીચંદને રે,
ઝટ બન્યો જોતાં જોગીરાજ;
ભરથરી ભૂપ રે, ગોરખમુનિ ભેળિયા રે,
કરી કૃપા કીધું ઉત્તમ કાજ—સતગુરુ૦
સંગત વિનાનો રે, કોઈ ન સુધરે રે;
આપ મતિ કરે કોટી ઉપાય;
સંગ વડે સાધન રે જેને હોય શીખવું રે,
ગુણ તેના ગણપત વરણવી ગાય—સતગુરુ૦

પદ ૧૧૪

સમજણ સાધન રે સૌ થકી સાર છે રે,
પામે તે ઊતરે પેલે પાર;
મારું દેઈ મૂકી રે હરિ ભજ હેતશું રે,
કૃપા તેને કરે જગ-કિરતાર—સમજણ૦
સત જ્ઞાન વડે રે વસ્તુ સાંપડે રે,
ઓળખે અંતરમાં અવિનાશ;
દેહમાંહી દેખે રે અનુભવી આતમા રે,
પૂરણ રૂપ તણો પ્રકાશ—સમજણ૦
હરિ હરિ રટતાં રે, હરિરૂપ હોઈ રહે રે,
[illegible]મ ધૂની ઊઠે અપાર;
[illegible]દથ પૂરા રે કાપટે એ શમે રે,
[illegible] માંહી મળી રહે એક તાર—સમજણ૦
[illegible]ગન્ય માંહી રે વાજાં વાગશે રે,
[illegible]ના સુણે મનોહર નાદ;

ભાન જ્યારે ભૂલે રે ભાળી ભગવંતને રે,
વળી નવ કરે વાદ વિવાદ—સમજણ૦
જગ થાય જૂઠો રે બ્રહ્મ એક ભાસતાં રે,
કરવું તેને સાધન રહ્યું નહીં કાંય;
ગણપત ગાય રે એવા ગુરુ ઓળખો રે,
મળે જેમ સરિતા સાગર માંય—સમજણ૦

પદ ૧૧૫

મારાપણું મૂકી રે મળે મહારાજને રે....(ટેક)
મુનિવર મોટા એ જ ગનાય;
જુઓ જગમાંહી રે, કોણ કોણ જાગિયા રે
કથા ભવમાંહી જેની કહેવાય—મારાપણું૦
રાજઋષિ કહ્યા રે વિશ્વામિત્રને રે,
વસિષ્ઠ ઉપર રાખ્યું વેર;
શત પુત્ર માર્યા રે શોક તોય નવ ધર્યો રે,
મનમાંહી લાગ્યા ગ્રાઝી મેહેર—મારાપણું૦
જનકપુર જ્યાંહી રે અષ્ટાવક્ર આવિયા રે,
કરે નિત્ય હરિકથાનું કામ;
લાગી લહાય મહેલે રે જનકે તે જાણિયું રે,
સ્થિર રહ્યા ડગ્યા નહિ તે ઠામ—મારાપણું૦
મોરધ્વજ કને રે મસ્તક માગવા રે,
આવ્યા અરજુન હરિએ વારી;
વેરી વપુ વગેરે આપિયું એ ઘડી રે,
તાણે નિજપુત્ર પોતાની નારી—મારાપણું૦

સગાળશા શેઠે રે સત્ય થયું સામટું રે,
આપે સુખ માગ્યું દાન અપાર;
ગણપત જ્ઞાની રે જુગમાં થયા ઘણા રે,
સુત મારી આપ્યો સંતને આહાર—મારાપણું૦

પદ ૧૧૬

સૌ નથી સરખું રે આ સંસારમાં રે.... (ટેક)
ઓળખીને લેજ્યો એ એંધાણ;
હીરો તો હજારે રે મૂલે નાવે હાથમાં રે,
પૈસા માટે મળશે પાષાણ. —સૌ નથી૦
કુંદન હોય કેતું રે જડે મણિ જેહમાં રે,
કથીર તો કાંઇ ન આવે કામ;
સૌ માંહી સરખો રે નથી મારો નાથજી રે,
બરોબર ન આવે મહોર બદામ. —સૌ નથી૦
પ્રભુ અન્ય પુરુષ રે આવે નહિ આળમાં રે,
સંત સૌ સરખા તે નવ રે ગોહાય;
પંડિત પુરાણી રે સમાન નહિ સર્વમાં રે,
કેમ હંસ બગને તુલ્ય કહેવાય. —સૌ નથી૦
મનુષ્યને મુરખ કે એની એક ઉપમા રે,
આપે કેમ ગુણ[illegible] ગણાય
[illegible]ની આગે કે આવે કેમ આગિયો રે,
[illegible] [illegible] તેને [illegible]. —સૌ નથી૦
[illegible] ને વિવેક કે [illegible] ન્યાય છે રે,
[illegible] [illegible] દેવો દાન

આદિને અનાદિ રે એક અખંડ છે રે,
ગુણ તેના ગાયે ગણપતરામ —શી નગી૦

પદ ૧૧૭

(કબ સમરોગે રામ, પ્રાણી તુમ કબ સમરોગે રામ-એ રાગ)

ભાવે ભજો ભગવાન, પ્રાણી તમે ભાવે ભજો ભગવાન....(ટેક)
પ્રસવ થયા પહેલું ઉપજાવ્યું, પીવાને પયપાન—પ્રાણી૦
ઇન્દ્રિય અંતઃકરણની આદિ, દીધું દેહનું દાન—પ્રાણી૦
અન્ન ઉદક ખાવાને આપ્યું, બુદ્ધિ ધરવા ધ્યાન—પ્રાણી૦
મુખ આપ્યું ખાવાને મેવા, ગાવા હરિગુણગાન—પ્રાણી૦
કહે ગણપત કરો કૃષ્ણનું કીર્તન, મૂકી મોહ ને માન—પ્રાણી૦

પદ ૧૧૮

કૃષ્ણ જગત કિરતાર, ભજ મન કૃષ્ણ જગત કિરતાર.....(ટેક)
પશુપંખીનો દેહ પડાવી, આપ્યો મનુષ્ય અવતાર-ભજ૦
સંસારમાં જેણે મહાસુખ સરજ્યું, દુનિયાનો દાતાર-ભજ૦
જેનું જિવાડયું સર્વે જીવે છે, ભૂલ્યો કેમ આભાર-ભજ૦
બળિયો આદિ અંતનો બેલી, મુકાવે જમનો માર-ભજ૦
કહે ગણપત હરિગુણ વિચારો, સમરણ સાધન સાર-ભજ૦

પદ ૧૧૯

પ્રભુ તણો પરતાપ, આ જુગમાં પ્રભુ તણો પરતાપ.....(ટેક)
પવન, પાણી, આકાશ, અવની, તેજ ત્રિલોચન તાપ—આ૦
અરણવ આજ્ઞા મૂકી ન આવે, મોહને બાંધ્યું માપ—આ૦
અનેક ભાતનાં અન્ન ઉપજાવ્યાં, આરોગવાને આપ—આ૦

માને સુખ સંસારનું સરખું, જેવું જેનું પુન્ય ને પાપ—આ૦
ગણપત કહે એ ગોવિંદ કેરો, જપો નિશદિન જાપ—આ૦

પદ ૧૨૦

બ્રહ્મ ભર્યો ભરપૂર, સૌમાં બ્રહ્મ ભર્યો ભરપૂર .... (ટેક)
સ્થાવર, જંગમ, જડ, ચેતનમાં, દેખો નજીકને દૂર—સૌમાં૦
પશુ, પંખી, નર ને નારી, કોણ તે સુર-અસુર—સૌમાં૦
ભરપૂર બાહ્ય-ભીતર ભાસે, નારાયણનું નૂર—સૌમાં૦
સામાન્ય વિશેષે સરખો નરખો, ભેદ લહે નહિ ભૂર—સૌમાં૦
ગણપત કહે ગુણ ગોવિંદ કેરા, આરાધી લેજે ઉર—સૌમાં૦

પદ ૧૨૧

(ગરબે સતગુરુને રમીએ-એ રાગ)

ભજન વિના ભવદુ:ખ નહિ ભાગે (ટેક)
લગની જ્યારે હરિવરથુ લાગે. —ભજન વિના૦
કહે તન થકી વિષીયા સુખ ત્યાગે, બ્રાંત જેના મનડાની ભાગે;
જોગ જેને જીવનનો જાગે. —ભજન વિના૦
મીરાંબાઇએ મહા મુક્તિ માણી, વિશ્વમાહી ગ[illegible] [illegible]ખાણી;
શામળિયાના સ્વરૂપમાં સમાણી —ભજન વિના૦
[illegible] ગી ગવરી બની મારી, [illegible] ગુરુ [illegible] અ[illegible]ગી;
[illegible] [illegible]ને [illegible] નરનારી. —ભજન [illegible]
ભજન [illegible] ને કરીને [illegible], પૂરણ પદ પોતે [illegible]
[illegible] —ભજન [illegible]
વિચારી [illegible] [illegible] મનને [illegible] [illegible]
ગણપત કહે [illegible] —ભજન [illegible]

પદ ૧૨૨

ભુને ભજી લ્યો પામર પ્રાણી, જવું જગમાંથી જરૂર જાણી. (ટેક)
થી કોઈ અમર નરનારી, ભલો ભૂપ રાય કે ભિખારી;
ાઇની એમાં ચાલે નહિ કારી. —પ્રભુને૦
સતી સત્યવાદી અને શૂરા, પાખંડી પુરાણી એને પૂરા;
ર્યા કાળે ચાવાવા ચતુર ચૂરા. —પ્રભુને૦
હાકે જેની મેરુમંડળ હાલે, ચક્રવરતી સરખાનું નવ ચાલે;
જીતે જગસિંહને જે ઝાલે. —પ્રભુને૦
અલોપ થઇ ઊડી ગયા એવા, જોદ્ધા મોટા જાદવના જેવા;
કાળે કૂટી નાખ્યા કેવા કેવા. —પ્રભુને૦
શરણું એક હરિવરનું સહાજો, જવાય તો સતસંગમાં જાજો;
ગણપત ગુણ ગોવિંદના ગાજો. —પ્રભુને૦

પદ ૧૨૩

અરે જીવ આ ભવમાં આવી........... (ટેક)
ભૂધર કેરી ભક્તિ નવ ભાવી. —અરે જીવ૦
ઉત્તમ નરદેહ તારે આવ્યો, કોટીધ્વજ દામપતિ કહાવ્યો;
લેને હવે લાખેણો લ્હાવો. —અરે જીવ૦
મંદિર, મોટા માળ અને મેડી કોઈ યે નહિ આવે તારે કેડી;
પડી રહેશે પ્રેમદાને પેડી. —અરે જીવ૦
દગો કરી દોષ ભર્યા દહાડી, કબુદ્ધિ ઘટમાંથી નવ કહાડી;
અંતરની વાત કરી આડી. —અરે જીવ૦
કરી લે બહુનામી બેલી, શિખામણ આ તુજને છેલ્લી;
મનમાંથી હુંપદ દે મેલી. —અરે જીવ૦

ઠરવું હોય હરિવરને ઠામે, કહી રીત સમજીને ઠામે;
ગાઇ કથ્યા ગુણ ગણપતરામે. —અરે જીવ૦

પદ ૧૨૪

લગન મારૂં હરિવરશું લાગ્યું, કે ભવદુ:ખ જનમમરણનું ભાગ્યું;
લગન મારૂં હરિવરશું લાગ્યું (ટેક)
નથી વ્હાલું ભાવ્યું કે નાવ્યું, નથી વ્હાલું તનસુખ કે ટાળ્યું;
જીવનદોરી જીવનને જાણ્યું. —લગન મારૂં૦
મારે નથી વ્હાલું તારૂં મારૂં, વિશ્વસુખ વ્હાલા ઉપર વારૂં;
ધણી એક ધરણીધર ધારૂં —લગન મારૂં૦
વીંધાણી છું વિઠ્ઠલના વેણે, મુઝાઉં નહિ મૂરખના મેણે;
જનમ આપ્યો આ જગમાં જેણે. —લગન મારૂં૦
સુખ મુને લાગે નહિ સારૂં, મોહ્યું મન મોહનશું મારૂં;
ખલકસુખ લાગે છે ખારૂં. —લગન મારૂં૦
પ્રભુવરે પૂરણ પદ પામી, જાણે છે જે અંતરનો જામી;
આવી ભેટો ગણપતનો સ્વામી. —લગન મારૂં૦

પદ ૧૨૫–રાગ ધનાશ્રી

(... ૬ ૧ ચડી રે, ચેતન દડી રમત હાથ ચડી–એ રાગ)
... ...ની ને નવ જડી, પરીક્ષા પ્રભુ તણી નવ પડી. (ટેક)
... ...યો અતિ મોંઘો, બાંધ ધર્મની ઘડી;
... ... નવ આવ્યા, જરા આવીને અડી–પરીક્ષા૦
... ... જમાવી, ગર્ભમાં કાયા ઘડી;
... ... પડમાં, ... ચડી–પરીક્ષા૦

નક્કી બોહોતેર હજાર નાડી, એક એકને અડી;
બહોતેર બેઉ પંદર બારી, માલેકે બાંધી મડી–પરીક્ષ
શૂન્ય શિખર ગઢ છે એક સારો, જ્યાંહાં નૂરની ઝડી;
ઝળહળ જોત હીરા–મણિ ઝળકે, કોઈ ન આવે કડી–પરીક્ષ
રાતદિવસ રટ રામ રૂદેમાં; ભજનભાવમાં ભડી;
ગણપત કહે એ ગુણ વિચારી, સ્મરણની લે છડી–પરીક્ષ

પદ ૧૨૬

કોઈ પૂરાને ખબર પડી રે, મહામણિ ચેતન ચિત્તમાં ચડી.(
દ્વાદશ મુદ્રામાં જે મોટી, ખેચરી સૌમાં ખડી;
નીચેની નસ કાપી કરો દોહન, એ તરવેણીએ અડી રે–મ
ડાબી ઈંગળા, જમણી પિંગળા, મધ્યે સુષુમણા મડી;
ભર્યું ભ્રૂકુટીમાં ચંદ્રામૃત, પીએ અમર એ ઘડી રે–મ
છિદ્ર તળાવે છે એક સુંદર, જીભ પ્રવેશે પડી;
અમૃત પડી આવે એના પર, ચોટ બચાવી જાય ચડી રે–મ
ગાંધારી, ગવરી, હસ્તની, જિહ્વા, વળી સૌમાં એથી વડી;
અન્ન ઉદક નવ જોઈએ એને, ભેદ અમરમાં ભડી રે–મ
અણિમાદિક સિદ્ધિઓ આવે, છત ઝાઝી સાંપડી;
સ્મરણ ગણપત કર સુષુમણા, ધર્મની બાંધી ઘડી રે–મહ

પદ ૧૨૭

મન તને મનુષ્યાદેહ રૂડી મળી, પ્રભુની પ્રેમભક્તિ નવ પળી.(
ઘરધંધામાં ખાધાં ગોથાં, રહ્યો ગર્વમાં ગળી;
કીર્તન હરિનું કાંઈ નવ કીધું, માયા તુજને મળી–પ્રભુન

સ્મરણ, સાધન, ધ્યાન ન સૂઝે, બુદ્ધિ તારી બળી;
પરમારથને પથ ન પેખે, કુડ કપટમાં કળી–પ્રભુની૦
સંતતિ સંપત્તિ પામ્યો સારી, સુંદર લીધો છળી;
જનમ ધરી જીવન નવ જાણ્યા, ભાવે ભજનમાં ભળી–પ્રભુની૦
હરિજન સાથે હેત નવ કીધું, લ્હાવો ન લીધો લળી;
દોષ કરી દિલમાં નવ દેખે, ચીતડા વિષે ચળી–પ્રભુની૦
સંતસમાગમમાં નવ સમજ્યો વૃત્તિ વિષયમાં વળી;
કહે ગણપત કથા ગોવિંદ કેરી, ભાવે નવ સાંભળી–પ્રભુની૦

પદ ૧૨૮

કળિમાં કીરતન હરિનું કરો, તેથી ભવસાગર પ્રાણી તરો.(ટેક)
છૂટે માયા, સુધરે કાયા, ધ્યાન હરિનું ધરો;
પ્રભુ વિસારી પાપ કર્મમાં, ફોગટ શીદને ફરો ?—કળિમાં૦
સતગુરુ ને ગોવિંદની સેવા, કોડ થકી એ કરો;
દયા ધરમ દિલમાંહી દેખો, દામ રૂદે જઈ ઠરો—કળિમ
સપનાવત સંસાર સાહેબી, વિઠ્ઠલ વરને વરો;
[illegible] જમડા નવ આવે, ખલકમાં જીવ્યો ખરો—કળિમ
[illegible] વિના પાર પડે નહીં પરો;
[illegible] સમરણ, સારું, અંતરમાં આદરો—કળિમાં
[illegible] ગાજે, ભક્તિ ઉરમાં ભરો;
[illegible] વિચારી, ઠરકત અવની હરો—કળિમાં

પદ ૧૨૯

(કર પ્રભુ સંગાથે દૃઢ પ્રીતડી રે-એ રાગ)

હરિજનનો અવગુણ આવે ઉરમાં રે, પરનિંદા ઉપર ઘણો પ્યાર.
પ્રભુ રૂઠયાનું જુવો કોઈ પારખું રે.... (ટેક)
મન મેલું ને કામ રૂડાં કરે રે;
ભરે માથે ભૂંડાઈનો ભાર, પ્રભુ રૂઠયાનું જુઓ કોઇ પારખું રે.
મેહેનત મોટી ફળ નાનું મળે રે,
વળી ભક્તિ ઉપર નહીં ભાવ, પ્રભુ રૂઠયાનું જુઓ કોઇ પારખું રે.
અતિ ઉદ્યમ અહોનિશ આદરે રે,
દેખો એકે ન સુધરે દાવ, પ્રભુ રૂઠયાનું જુઓ કોઇ પારખું રે.
વેદ વારે વારે આવે આંગણે રે,
કહાડી બેસે દેવાળાં દ્વાર, પ્રભુ રૂઠયાનું જુઓ કોઇ ચારખું રે.
માણસ ઘરનાં તે સૌ માંદાં પડે રે,
ગુરુજ્ઞાન ન ગોઠે લગાર, પ્રભુ રૂઠયાનું જુઓ કોઇ પારખું રે.
પરઘેર તે પુન્ય પ્રાણી કરે રે,
એમાં આવીને આડો થાય, પ્રભુ રૂઠયાનું જુઓ કોઇ પારખું રે.
હરિ કીરતન કાને નવ સાંભળે રે,
ગીત ગુણકાનાં જોવા જાય, પ્રભુ રૂઠયાનું જુઓ કોઇ પારખું રે.
મદ્ય-માટી, ચોરી-જારી જે કરે રે,
ફૂડ કપટીનાં કાળાં કામ, પ્રભુ રૂઠયાનું કોઇ પારખું રે.
નક્કી નિરખો એ નરક નિશાનીઓ રે,
ગુણ ગાયે તે ગણપતરામ, પ્રભુ રૂઠયાનું જુઓ કોઇ પારખું રે.

પદ ૧૩૦

સાચા સંતોની શીખ નવ સાંભળે રે, મૂરખ લોકોનાં માને વચનઃ (ટેક)
રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે....
મુખે બોલે તેવું ચાલે નહીં રે,
રાખે રુદિયામાં મેલું મન; રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે.
વેદવાણીની વાત વહાલી નહીં રે,
ઘણાં ગપ્પાં મારે એ ગમાર; રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે.
વણ વાંકે તે પ્યાર ખોટા કરે રે,
જીવ જમપુરના જનાર; રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે.
દાહાડી દૂભે ગરીબનાં દિલડાં રે,
પરનિંદા ઉપર ઘણો પ્યાર; રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે.
સૌ સજ્જનથી હું શિરોમણિ રે,
અણસમજે કરે અહંકાર, રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે.
સત્ય છોડી અસત્યને આદરે રે,
વિપ્ર સાધુ સાથે રાખે વેર, રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે.
સ્વારથ માટે સંહાર સૌનો કરે રે,
પરમારથની પ્રીતે નહીં પેર, રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે.
[illegible] પૂરવ જનમનાં પ્રગટિયાં રે,
[illegible] રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે.
[illegible] રે,
[illegible] રામ રૂઠ્યા જરૂર એના જાણજો રે.

પદ ૧૩૧

નાથે નિરમેલું તેને માને નહીં રે, વાધરીનો રાખે વિશ્વાસ;
વહેમે વાહ્યાં એ મૂરખ માનવી રે.... (ટેક)
બાધા રાખી પણ કાંઈ બન્યું નહિ રે,
તેઓ તાનમાં ન ઊપજે ત્રાસ—વહેમે૦
નીચ કર્મે તે નીચ બુદ્ધિ થઇ રે,
માટે માને છે નીચનો નેહ—વહેમે૦
ભૂત પેહું તે કોઈએ ભાળ્યું નહિ રે,
જુઓ જાતાં જણાય નહિ જેહ—વહેમે૦
દેહતો રે ઘડેલો ગોવિંદનો રે,
કરનારાથી જબરો કહેવાય—વહેમે૦
સાડાત્રણ કરોડ છે શરીરમાં રે,
કેશ ધોળા તે કાળા ન થાય—વહેમે૦
ધૂણી ધૂણીને ડોક લાગી દૂખવા રે,
આખી રાતના ઉજાગરા થાય—વહેમે૦
દુઃખ દૂર દેવાળા કરે દેહનાં રે,
કાઢનારા તે કેમ મરી જાય—વહેમે૦
પેટ ચોળીને સૌ પીડા કરે રે,
હાથે કરીને થાય હેરાન—વહેમે૦
કહે ગણપત ભજ ગોવિંદને રે,
હરિકથા સુણી લેને કાન—વહેમે૦

પદ ૧૩૨–રાગ ધોળ

વિષ્ણુ ઉપાસી વૈષ્ણવજનનાં, નિમ કહું નિરધાર જોને;
ધરમ સનાતન ઊરમાં ધારી, સેજ તરે સંસાર જોને.
બે ઘડી રજની પાછલી બાકી, જાગે હરિના જન જોને;
પૂજા માનસી મનમાં કરવી, પ્રભુ કરો પાવન જોને.
શૌચવિધિથી શુદ્ધ થઇને, દાતણપાણી કરીએ જોને;
સ્નાન કરી સૌ તીરથ કેરાં, નામ મુખે ઊચરીએ જોને.
આસન ઉપર પૂરવ મુખે, અથવા ઉત્તર કરીએ જોને;
આચમન પ્રાણાયામ કેરું, નિત્ય નિયમ એ ધરીએ જોને.
તિલક કરી દેવાર્ચન કરવું, પ્રભુપ્રાર્થના મન જોને;
અન્નજળ લીધા પહેલાં કરવાં, સતગુરુનાં દર્શન જોને.
ઘરધંધો ઘરધણી ના ગમતો, પાણી ગાળી પીવું જોને;
છાણાં લાકડાં જોઈને બાળવાં, જીવહિંસાથી બીવું જોને.
પ્રથમ પ્રભુને જમાડી જમવું, છેટો અભોટ આચાર જોને;
પવિત્રાઈથી પ્રભુ છે રાજી, વિવેક ને વિચાર જોને.
સંતસમાગમ નિત્યે કરવો, કથા સુણવી કાન જોને;
વિવેકવાણી વિદ્યા ભણવી, અહેતુ ગુરુનું જ્ઞાન જોને.
[illegible] દરશન મેળવીએ, કોટિ કોટિ રીઝ જોને;
[illegible] કરીને, પ્રેમે હરિરસ પીજે જોને.
[illegible] મનમાં [illegible], [illegible] ગુરુનું ધ્યાન જોને
[illegible] ભગવાન જોને
[illegible]
[illegible]

નૃસિંહ ચૌદશ, વામન બારસ, એ કરવા ઉપવાસ જો ને;
ચંડે વીશ ને નવ વ્રત પૂરાં, વૈષ્ણવ પેરે વાસ જો ને.
માન પામીને ગોવિંદ ગાઇએ, રાખી રૂડી રીત જો ને;
ગણપતના સ્વામીની સાથે, પુરણ બાંધી પ્રીત જો ને.

પદ ૧૩૩

(સોના વરતના ચાબખાનો રાગ)

દુનિયા દેખાદેખી રંગે રે, એની ખબરો પડશે ખરે....(ટેક)
ભક્તિ કરવા લાગવાં પડેરે, ભક્તો ભેગાં ભળે;
ભલું કરતાં ત્યાગી વીત્યાં, દિલના દોષ ન ટળે રે–દુનિયા૦
સ્વારથ તો પોતાનો સાધે, બીજાને કોઇને બળે;
ઉપર વેષને અચ્છો બનાવે, માંહે તો માલ ન મળે રે–દુનિયા૦
જીવતાં જગજીવન નવ જાણ્યા, મૂએ હરિ કેમ મળે
પાણીમાં વાલોણું વલોવે, ભીતર ...
... થઇ સંગ્રામે કોઇ, વાગ્યા તે ... રે–દુનિયા૦
ગણપત ગરબી હરને દેખી, શીતલ ...

પદ ૧૩૪

પદ ૧૩૭

માનને માટે મત તાણે રે, ભરવા પોતાને ભાણે....(ટેક)
સઉ સઉના સ્વારથને સાધે, આપાપું વખાણે;
જમરાજાને હાથે જાશો, ઘાલશે એ ઘાણે રે—માનને૦
પાપમારગની પહેલ કરે ને, મનને બાંધ્યું નાણે;
અંતકાળે જીવ આડું આવશે, ખબરો તે ટાણે રે—માનને૦
મહારાણી દેહ મનુષ્ય કેરો, પટકે છે પાહાણે;
જન્મમરણનું દુઃખ છે જબરું, ઉરમાં નવ આણે રે—માનને૦
આપ ન શોધે, પર પરબોધે, જુક્તિ નવ જાણે;
ગણપત કહે ગોવિંદભજનમાં, મૂરખા મત તાણે રે—માનને૦

પદ ૧૩૮—રાગ ગોડી

ગોડી સમે ગિરધારી, તું ભજ મન ગોડી સમે ગિરધારી.....(ટેક)
જેનું નામ જપી વ્રજ જુવતી, શ્વાસોશ્વાસ સંભારી—તું૦
પરમગતિ ઋષિપત્નીઓ પામી, એનું નામ ઉચ્ચારી;
વાસવે સાત દિવસ કરી વૃષ્ટિ, એથી રહ્યો પણ હારી—તું૦
અતિ વિષથી સઉ ગોપ ઉગાર્યા, ફણિધરને ફટકારી;
ગણપત એ પ્રભુના ગુણ ગાને, અંતર મૂરતિ ઉતારી—તું૦

પદ ૧૩૯

સંધ્યા સમે શ્રીહરિને, સમર મન સંધ્યા સમે શ્રીહરિને...(ટેક)
સમરણબખ્તર પહેર શરીરે, ધીરજની ઢાલ ધરીને—સમર૦
સતસમશેર-થકી કર છેદન, અંતરે ક્રોધ અરિને;
ભાવસ્વરૂપી ગ્રહી કર ભાલો, કુડને વધ કરીને—સમર૦

પદ ૧૩૭

માનને માટે મત તાણે રે, ભરવા પોતાને ભાણે....(ટેક)
સઉ સઉના સ્વારથને સાધે, આપોપું વખાણે;
જમરાજાને હાથે જાશો, ઘાલશે એ ઘાણે રે—માનને૦
પાપમારગની પહેલ કરે ને, મનને બાંધ્યું નાણે;
અંતકાળે જીવ આડું આવશે, ખબરો તે ટાણે રે—માનને૦
મહારાણી દેહ મનુષ્ય કેરો, પટકે છે પાહાણે;
જન્મમરણનું દુઃખ છે જબરું, ઉરમાં નવ આણે રે—માનને૦
આપ ન શોધે, પર પરબોધે, જુક્તિ નવ જાણે;
ગણપત કહે ગોવિંદભજનમાં, મૂરખા મત તાણે રે—માનને૦

પદ ૧૩૮—રાગ ગોડી

ગોડી સમે ગિરધારી, તું ભજ મન ગોડી સમે ગિરધારી.....(ટેક)
જેનું નામ જપી વ્રજ જુવતી, શ્વાસોશ્વાસ સંભારી—તું૦
પરમગતિ ઋષિપત્નીઓ પામી, એનું નામ ઉચ્ચારી;
વાસવે સાત દિવસ કરી વૃષ્ટિ, એથી રહ્યો પણ હારી—તું૦
અતિ વિષથી સઉ ગોપ ઉગાર્યા, ફણિધરને ફટકારી;
ગણપત એ પ્રભુના ગુણ ગાને, અંતર મૂરતિ ઉતારી—તું૦

પદ ૧૩૯

સંધ્યા સમે શ્રીહરિને, સમર મન સંધ્યા સમે શ્રીહરિને...(ટેક)
સમરણબખ્તર પહેર શરીરે, ધીરજની ઢાલ ધરીને—સમર૦
સતસમશેર થકી કર છેદન, અંતરે ક્રોધ અરિને;
ભાવસ્વરૂપી ગ્રહી કર ભાલો, કુડને વધ કરીને—સમર૦

પદ ૧૩૭

માનને માટે મત તાણે રે, ભરવા પોતાને ભાણે....(ટેક)
સઉ સઉના સ્વારથને સાધે, આપાપું વખાણે;
જમરાજાને હાથે જાશો, ઘાલશે એ ઘાણે રે–માનને૦
પાપમારગની પહેલ કરે ને, મનને ખાંચ્યું નાણે;
અંતકાળે જીવ આડું આવશે, ખબરો તે ટાણે રે–માનને૦
મહારાણી દેહ મનુષ્ય કેરો, પટકે છે પાહાણે;
જન્મમરણનું દુઃખ છે જબરું, ઉરમાં નવ આણે રે–માનને૦
આપ ન શોધે, પર પરબોધે, જુક્તિ નવ જાણે;
ગણપત કહે ગોવિંદભજનમાં, મૂરખા મત તાણે રે–માનને૦

પદ ૧૩૮–રાગ ગોડી

ગોડી સમે ગિરધારી, તું ભજ મન ગોડી સમે ગિરધારી....(ટેક)
જેનું નામ જપી વ્રજ જુવતી, શ્વાસોશ્વાસ સંભારી—તું૦
પરમગતિ ઋષિપત્નીઓ પામી, એનું નામ ઉચ્ચારી;
વાસવે સાત દિવસ કરી વૃષ્ટિ, એથી રહ્યો પણ હારી—તું૦
અતિ વિષથી સઉ ગોપ ઉગાર્યા, ફણિધરને ફટકારી;
ગણપત એ પ્રભુના ગુણ ગાને, અંતર મૂરતિ ઉતારી—તું૦

પદ ૧૩૯

સંધ્યા સમે શ્રીહરિને, સમર મન સંધ્યા સમે શ્રીહરિને...(ટેક)
સમરણબખ્તર પહેર શરીરે, ધીરજની ઢાલ ધરીને—સમર૦
સતસમશેર થકી કર છેદન, અંતરે ક્રોધ અરિને;
ભાવસ્વરૂપી ગ્રહી કર ભાલો, કુડને વધ કરીને—સમર૦

પદ ૧૪૨

ગુરુ મળ્યાથી જ્ઞાન આવે, દુષ્ટતા ટળે;
પાપ કોટી જન્મ કેરાં પલકમાં બળે–ગુરુ મળ્યાથી૦
પારસપરશે લોહ કેરું હેમ હોય છે;
સદગુરુ મળ્યાથી જીવ શિવ થાય છે–ગુરુ મળ્યાથી૦
કલ્પવૃક્ષ તળે બેઠે કલ્પ ના ટળે;
ચિંતામણિ ચઢ્યો હાથ માગે તે મળે–ગુરુ મળ્યાથી૦
કામધેન ઘેરે મન કામના ધરે,
અનુભવી આતમ કેરા દોષને હરે–ગુરુ મળ્યાથી૦
ગણપત ગોવિંદ કેરી ભક્તિ ટેકની,
રંગ પોત બે જ હોય, કસર એકની–ગુરુ મળ્યાથી૦

પદ ૧૪૩

જો વિચારી જીવ તારી શી ગતી થશે.... (ટેક)
તજી જર જોરુ જમીન અંતે એકલો જશે–જો વિચારી
બેસી ઘોડાગાડીએ બજારમાં ફરો;
પેટનું કર્યાના ભેગું દેહનું કરો–જો વિચારી૦
કાલ્યની છે કોને ખબર આજનું કરો;
જમનું જોર જબરું શિર દિલમાં ડરો–જો વિચારી૦
કોટી કલ્પથી જ સુખ–દુઃખ ભોગવ્યું;
માણી માયા તોયે મન તૃપ્ત ન થયું–જો વિચારી૦
વિષયવાસના તો દ્વાર નર્કનું ગણો;
ગણપત ગોવિંદજીને ભાવથી ભણો–જો વિચારી૦

નરસિંહ ચૌદશ, વામન બારશ, એ કરવા ઉપવાસ જો ને;
એકે વીશ ને નવ વ્રત પૂરાં, વૈષ્ણવ ઘેરે વાસ જો ને.
જ્ઞાન પામીને ગોવિંદ ગાઇએ, રાખી રૂડી રીત જો ને;
ગણપતના સ્વામીની સાથે, પુરણ બાંધી પ્રીત જો ને.

પદ ૧૩૩

(બોજા ભગતના ચાબખાનો રાગ)

…નિયા દેખાદેખી રળે રે, એની ખબરો પડશે ખળે….(ટેક)
…ક્તિ કરવા ભગતાં પહેરે, ભક્તો ભેગાં ભળે;
…ડું કરતાં ત્યારી વીત્યાં, દિલના દોષ ન ટળે રે—દુનિયા૦
…રથ તો પોતાનો સાધે, બીજાને જોઈને બળે;
…ર વેષને અચ્છો બનાવે, માંહે તો માલ ન મળે રે—દુનિયા૦
…તાં જગજીવન નવ જાણ્યા, મૂએ હરિ કેમ મળે!
…ીમાં વાલોચું જણાવે, ભીતર ભડકા બળે રે—દુનિયા૦
… થઈ સંગ્રામે દોડે, વાગ્યા તે નવ વળે;
…પત ગજબી દળને દેખી, ચીતડા વિષે ચળે રે—દુનિયા૦

પદ ૧૩૪

… દીવાની તો થઇ રે, અક્કલ સદ્ગુરુ વિના ગઇ….(ટેક)
…ામાં ઢૂંકડા ન આવે, જુવે નાટકો જઈ;
…ાં હજારો વાવરે, પુન્યમાં ન વાવરે પાઈ રે—દુનિયા૦
…જવાનો લાગ ન આવે, નિંદામાં નવરાઈ;
…જઇને ગપ્પાં મારે, આખી ઉમ્મર ગમાઈ રે—દુનિયા૦
…જરી કરવા સારુ બેસે ભેળા થઈ;
…ી નજરે ન્યાળી, નિંદે જુદા રહી રે—દુનિયા૦

પદ ૧૩૭

માનને માટે મત તાણે રે, ભરવા પોતાને ભાણે....(ટેક)
સઉ સઉના સ્વારથને સાધે, આપોપું વખાણે;
જમરાજાને હાથે જાશો, ઘાલશે એ ઘાણે રે—માનને૦
પાપમારગની પહેલ કરે ને, મનને બાંધ્યું નાણે;
અંતકાળે જીવ આડું આવશે, ખબરો તે ટાણે રે—માનને૦
મહારાણી દેહ મનુષ્ય કેરો, પટકે છે પાહાણે;
જન્મમરણનું દુઃખ છે જબરું, ઉરમાં નવ આણે રે—માનને૦
આપ ન શોધે, પર પરબોધે, જુક્તિ નવ જાણે;
ગણપત કહે ગોવિંદભજનમાં, મૂરખા મત તાણે રે—માનને૦

પદ ૧૩૮—રાગ ગોડી

ગોડી સમે ગિરધારી, તું ભજ મન ગોડી સમે ગિરધારી.....(ટેક)
જેનું નામ જપી વ્રજ જુવતી, શ્વાસોશ્વાસ સંભારી—તું૦
પરમગતિ ઋષિપત્નીઓ પામી, એનું નામ ઉચ્ચારી;
વાસવે સાત દિવસ કરી વૃષ્ટિ, એથી રહ્યો પણ હારી—તું૦
અતિ વિષથી સઉ ગોપ ઉગાર્યા, ફણિધરને ફટકારી;
ગણપત એ પ્રભુના ગુણ ગાને, અંતર મૂરતિ ઉતારી—તું૦

પદ ૧૩૯

સંધ્યા સમે શ્રીહરિને, સમર મન સંધ્યા સમે શ્રીહરિને...(ટેક)
સમરણબખ્તર પહેર શરીરે, ધીરજની ઢાલ ધરીને—સમર૦
સતસમશેર થકી કર છેદન, અંતરે ક્રોધ અરિને;
ભાવસ્વરૂપી ગ્રહી કર ભાલો, કુડને વધ કરીને—સમર૦

પદ ૧૪૨

ગુરુ મળ્યાથી જ્ઞાન આવે, દુષ્ટતા ટળે;
પાપ કોટી જન્મ કેરાં પલકમાં બળે—ગુરુ મળ્યાથી૦
પારસપરશે લોહ કેરું હેમ હોય છે;
સદ્‌ગુરુ મળ્યાથી જીવ શિવ થાય છે—ગુરુ મળ્યાથી૦
કલ્પવૃક્ષ તળે બેઠે કલ્પ ના ટળે;
ચિંતામણિ ચઢ્યો હાથ માગે તે મળે—ગુરુ મળ્યાથી૦
કામધેન ઘેરે મન કામના ધરે,
અનુભવી આતમ કેરા દોષને હરે—ગુરુ મળ્યાથી૦
ગણપત ગોવિંદ કેરી ભક્તિ ટેકની,
રંગ પોત બે જ હોય, કસર એકની—ગુરુ મળ્યાથી૦

પદ ૧૪૩

જો વિચારી જીવ તારી શી ગતી થશે.... (ટેક)
તજી જર જોરુ જમીન અંતે એકલો જશે—જો વિચારી
બેસી ઘોડાગાડીએ બજારમાં ફરો;
પેટનું કર્યાના ભેગું હેઠનું કરો—જો વિચારી૦
કાલ્યની છે કોને ખબર આજનું કરો;
જમનું જોર જબરું શિર દિલમાં ડરો—જો વિચારી૦
કોટી કલ્પથી જ સુખ–દુઃખ ભોગવ્યું;
માણી માયા તોયે મન તૃપ્ત ન થયું—જો વિચારી૦
વિષયવાસના તો દ્વાર નર્કનું ગણો;
ગણપત ગોવિંદજીને ભાવથી ભણો—જો વિચારી૦

ગામમાં ઘૂમડિયા કે ગુણકા આવે, સામા જઈ કરે સનમાન;
ચોરી, જારી પાખંડી નરને, આપે અતિશે માન;
અભાગીને એવું રે, હરિનું નામ નવ લેવું. —જગતને૦
જપ, તપ, તીરથ, જાગ કરે, કે દાન દે કોઈ જન;
જશહીણના જાણ્યામાં આવે તો, ભાવે નહિ ભોજન;
ગણપત જ્ઞાની જને રે, પાપીથી પાછું રેહેવું.—જગતને૦

પદ ૧૪૬

સંતો ભાઈ સાકુટનો રે, કદી સંગ ના કરિયે.... (ટેક)
નર નારી જ્યાં નૂગરાં રે, ઠામ તેવે ના ઠરિયે. —સંતો૦
જ્ઞાની રાવણ ઘણો હતો, જેણે વેદ ઉપર કર્યું ભાષ,
પાપીને પાસે રાખ્યા તો, કુળનો કરાવ્યો નાશ;
દુઃખ દુરિજનમાં રે, પ્રેમે તેને પરહરિયે. —સંતો૦
વસિયા પાંડવ હસ્તિનાપુરમાં, કુડમતિ કૌરવની પાસ;
ધૂત આરંભીને દગો દીધો, સતિયા કાઢ્યા વનવાસ;
સદાય શઠ તો એવા રે, એથી દિલમાં ડરિયે. —સંતો૦
નળરાજ વનમાં નીકળ્યો, લાગી દીઠી લહાય;
કરકોટક કર ઝાલીને કાઢ્યો, થયો કુરૂપો રાય;
ઉગારવા એવાને રે, ધીરજ ત્યાં ના ધરિયે. —સંતો૦
હંસ ઉંદર ને હેત થયું, વસાવ્યો નિજ વાસ;
પળમાં પાંખો કાપી નાખી, દુઃખ પામ્યો ખટ માસ;
ગણપત ગોવિંદ ગાઈએ રે, એવાથી અળગા થઇએ—સંતો૦

પદ ૧૪૭

જેમે જદ વાગી રે, વાગે સરખે વાદા ... (ટેક)
સમજણ વિના સાકુટ રે, કયા કોરા કાયા. —જેમે૦
એક જાદુગર એવો આવ્યો, ઉડાડિયા નવ તાડ;
ખરી કરામત કરી કેરી, ગોખમાં ઉતારે ઝાડ;
માને ગપ માનવનાં રે, જૂઠા માનો જગરાયા—જેમે૦
સાધી હીકાનત મેલડી મોટી, આપે દીકરા અપાર;
હજારો વાંઝણી ફરતે દેખી, માને નર ને નાર;
પામર ન પિછાણે રે, મોટી હરિની માયા—જેમે૦
શામળાજી ને ડોટેશ્વરમાં, જાય ભૂત તે દાર;
ત્રણ વરસ લગી ટાંપાં ખાધાં, જઈ પૂણે નર ને નાર;
શું ગયું, શું આવ્યું રે, તો ય ત્યાં જાય ધાયા—જેમે૦
ભૂવા માત્ર ભીખ માગે, એ તો માતાની મેહેર;
વાઘરી સરવે વાડીઓ વાવે, એઠું ખાય ઘેર ઘેર;
એ માને અભાગી રે, ગણપત ગોવિંદ નવ ગાયા—જેમે૦

પદ ૧૪૮

ગપ્પાં મારે ગપ્પી રે, મૂરખ માની લે છે... (ટેક
તપાસ નહિ તેનો રે, ખરાને ખોટું કહે છે—ગપ્પાં મારે૦
કોને કહ્યું ને કોણે સાંભળ્યું, જોતો નથી એની જાત;
બિલાડી ઊંટને લેઈ ચાલી, એ તો સાચી વાત;
વાત ન વિચારો રે, વહેતા સાથે વહે છે—ગપ્પાં મારે૦
સોયના નાકામાં ગજરાજ નીકળિયો, પૂંછ રહ્યું અટકાઈ;
સારા પુરુષે શાસ્ત્રમાં લખ્યું છે, એ તો જૂઠું નહિ;
રે, એવું કોઈ પૂછે છે—ગપ્પાં મારે૦

વાઘેણ વિયાણી તેને બકરી આવી, સાપેણને ઉંદર સાર;
કીડીને કુંજર સાંપડિયો, તેનો કોઈ ન પામે પાર;
જેવાં કર્મ જેતાં રે, રૂદે એવું રહે છે—ગપ્પાં મારે૦
જૈન મતમાં અદકું છે આવું, એ તો મોટી ભૂલ;
સાગરોપમ પલ્લોપમનાં આયુષ્ય લખ્યાં છે, એ આને સમતુલ;
ગણપત ગુરુ જ્ઞાની રે, શાણા કોઈ શોધે છે—ગપ્પાં મારે૦

પદ ૧૪૯

ભાઇઓ શીદ ભમો છો રે, કહું એક વાત ખરી.... (ટેક)
જગકરતાને જાણો રે, ના'વો ગર્ભવાસ ફરી. —ભાઈઓ૦
એકવીસમા બ્રહ્માંડમાં વસે અવિનાશી, તેનું તેજ અપાર;
તે કોઈના કળ્યામાં ન આવે, એવો ભવ ભરતાર;
ભોમા પુરુષ રહ્યો છે રે, ભોમાં વૈકુંઠ ઠરી. —ભાઈઓ૦
એ જાણવાનો ઉપાય છે એવો, તૃષ્ણાક્ષય જો થાય;
મનની વૃત્તિ વિરામ પામે તો, અકળ રૂપ ઓળખાય;
ઘટ ઘટ માંહી વ્યાપ્યો રે, પ્રતિબિંબ રૂપે હરિ. —ભાઈઓ૦
એ પ્રતિબિંબ આતમમાં દેખો, તો આપે થાય પ્રકાશ;
જોગ જુગતીએ જાણશો, જો રાખો વિશ્વાસ;
દેદાર દાહાડી દેખો રે, હરદમ ધ્યાન ધરી. —ભાઈઓ૦
અગણિત કોટી ઈંડ ઉપજાવે, એ તો આપ આધાર;
દેવ, દાનવ, માનવીનો, એ તો છે કિરતાર;
કહે ગણપત ગોવિંદને રે, વિવેકથી હેયાને વરી. —ભાઈઓ૦

પદ ૧૫૦

પ્રશ્ન એક પૂછું રે, પ્રેમે કરીને પુરાણી.... (ટેક)
જગ કર્યું જગદીશે રે, એની કઈ એંધાણી! —પ્રશ્ન૦
ઈંડ ઉપજાવતાં પહેલું શું ઉપજ્યું, કેડે શું કહેવાય!
તનમાં પહેલું તે શું બનિયું, પાછળથી શું થાય!
શોધ કરીને શાણા રે, વિચારીને વદો વાણી. —પ્રશ્ન૦
ઉડુગણમાં આદિ કોણ કહીએ, તત્ત્વમાં પહેલું તે વાર;
દિન રજનીમાં આદિ શું કહીએ, પહેલો નર કે નાર!
ભ્રાંત ભાગો તેની રે, સંતો સાચું જાણી. —પ્રશ્ન૦
પિંડમાં પાછળથી શું આવે, પંડ પડે શું પમાય!
જીવ ને દેહ જુદાં પડે ત્યારે, કાળ આવી શું ખાય!
મહા પ્રલયની માંહી રે, ક્યાં રહે એ પ્રાણી! —પ્રશ્ન૦
બ્રહ્મકલ્પ ને પદ્મકલ્પ આદિ, એનું કહો ને જ્ઞાન;
સાતમો કલ્પ વરાહ ચાલે છે, એનું બતાવોને ધ્યાન;
ગણપત ગુરુગમથી રે, અગમ ઉરમાં આણી. —પ્રશ્ન૦

પદ ૧૫૧

અદ્વૈતના ઉપાસી રે, અરજ ઉરમાં ધરજો... (ટેક)
પ્રશ્ન પૂછું પ્રેમે રે, એનો તો ઉત્તર કરજો—અદ્વૈત૦
કરતા કેરું રૂપ છે કેવું, ઈંડસ્વરૂપ શું હોય!
ઈંડમાંહી કોણ વસે છે, ઈંડ પાર કહો કોય!
એનો ભેદ બતાવી રે, જ્ઞાનમાં ગતિ કરજો—અદ્વૈત૦

અવનિનો અવતાર છે કેવો, નાદબુંદનો જોગ;
નિરાકાર તે કોને કહીયે, જીવ ઈશ્વરનો ભોગ;
કોણ પાપ પુન્ય કરનારો રે, એને અનુસરજો—અદ્વૈત૦
આવાગમન કોણ કરે છે, પંડિતે કોણ પુરાણ?
પંડ થકી બ્રહ્માંડ કિયું, વેદના વાદની વાણ;
જરા મરણ કાળ કિયો રે, એથી અળગા ફરજો—અદ્વૈત૦
ઓંતિ ઓંકારજ કોને કહિયે, મુક્તિનું કિયું દ્વાર?
ગુરુ ચેલાનો ભેદ છે કેવો, કિયા બ્રહ્માંડે વસે કિરતાર?
ગણપત ગુરુ જ્ઞાની રે, આગમ વાત ઉચરજો—અદ્વૈત૦

પદ ૧૫૨

શોધ કરો સૃષ્ટિનો રે, પૂરા કોઈ પુરાણી.... (ટેક)
અકળ માપ ઈશ્વરનું રે, વિચારીને વદો વાણી—શોધ કરો૦
પ્રકૃતિ પુરુષથી પ્રધાન પુરુષ થયો, તેણી મહતત્ત્વ કહેવાય;
તેથી અહંકાર ત્રણે કહાવે, આકાશ ઉત્પન્ન થાય;
વાયુ વસુધા વહ્નિ રે, પાંચમું છે પાણી—શોધ કરો૦
આકાશ કેટલા જોજન ઊંચું, લાંબુપોહોળું કહેવાય;
વાયુમાં બળ કેટલું કહાવે, પાણીનું તોલ બંધાય;
પડ કેટલું પૃથ્વીનું રે, વજન જાડું જાણી—શોધ કરો૦
નવ લાખ તારામાં નર કેટલા, કેટલી તેમાં નાર?
અમર કેટલા ને નાશ કોણ છે, કેટલા છે બ્રહ્મચાર?
તેનો ભેદ બતાવો રે, ઉરમાં ઊલટ આણી—શોધ કરો૦
સકળ બ્રહ્માંડમાં ભાર છે કેટલો, તેનો કરો વિચાર;
ધ્રુવને આધારે છે આ ધરણી, ધ્રુવને કોનો આધાર;
ગણપત ગોતી કાઢો રે, જ્ઞાની કોઈ ગુણખાણી—શોધ કરો૦

પદ ૧૫૩—ભજનનો રાગ

જૂના ધરમ લ્યો જાણી,
મારા સંતો જૂના ધરમ લ્યો જાણી હે જી.... (ટેક)
નદીકિનારે કોઈ નર બેઠો, તૃષા નહિ સમાણી હે જી;
કાં તો આળસુ અંગ એનું, સરિતા ખારે સુકાણી—મારા
કલ્પતરુ તળે કોઈ જન બેઠો, ક્ષુધા ખૂબ પિડાણી હે જી;
નહિ કલ્પ, એ બાવળિયો, કે બાપરેખ બેળાણી—મારા
સદ્‌ગુરુ સેવે શિષ્ય નવ સુધર્યો, વિમળ મળી નહિ વાણી હે જી;
કાં ગુરુજી છે જ્ઞાન વિનાના, કાં પામર એ પ્રાણી—મારા૦
ભક્તિ કરતાં ભવદુઃખ આવે, ધીરજ નવ ધરાણી હે જી;
કાં સમજણ તો રહી છે છેટે, નહિ નામ નિરવાણી—મારા૦
ચિંતામણિ મળી પણ તોયે, ચિંતા નવ ઓસાણી હે જી;
નહિ ચિંતામણિ નક્કી એ પથરો, વસ્તુ નવ ઓળખાણી—મારા૦
મળ્યું ધન તો યે મોજ ન માણી, કહું કરમની કહાણી હે જી;
કાં તો ભાગ્ય બીજાનું ભળિયું, કાં તો ખોટી કમાણી—મારા૦
અમૃત મળ્યું પણ અમર થયો નહિ, પીવાની જુક્તિ ન જાણી;
કાંતો ઘટમાં ગયું નહિ કે, પીવામાં આવ્યું પાણી—મારા૦
ધર્મ, કર્મ ને ભક્તિ જાણે, ભેદ વિના ધૂળધાણી હે જી;
કહે ગણપત સમજી લ્યો સંતો, પૂરી પ્રીત પ્રમાણી—મારા૦

પદ ૧૫૪

હૃદિયે હિંમત ધરો મારા,
હરિજન હૃદિયે હિંમત ધરીએ હેજી.... (ટેક)
જવું તે તો જરૂર જવાનું, વિઠ્ઠલવરને વરીએ હે જી,
શિર સાટે સદ્‌ગુરુ મળે તો, પાછી પૂંઠ નવ કરીએ—હરિ૦

હરિ ભજવામાં હિંમત રાખો, દુરિજનથી નવ ડરીએ હે જી;
મહા પંથનો મારગ મેલી, અવર ઠામ નવ ઠરીએ–હરિ૦
સ્મરણ કરીએ સોહંરામનું, વેદવચન ઉચરીએ હે જી;
ભક્તિભાવથી ભવદુઃખ ભાગે, ભવસાગરને તરીએ–હરિ૦
કામ, ક્રોધ ને મમતા માયા, એને નવ અનુસરીએ હે જી;
જપ અજપા જુગતિએ જપીએ, ધ્યાન ધણીનું ધરીએ–હરિ૦
અમૃતરસ અખંડ સ્વામીનો, ભેદ જાણીને ભરીએ હે જી;
સદા બ્રહ્મ ભરપૂર ભર્યો છે, અનુભવને આદરીએ–હરિ૦
કાચા કુંભ સરખી કાયા, જાતાં વાર ન જરીયે હે જી;
ગોવિંદના ગુણલા ગાતાં, ભવજળ પાર ઊતરીએ–હરિ૦
મનુષ્યાજનમ મળ્યો છે મોંઘો, ફંદ માંહી નવ ફરીએ હે જી;
નાભિકમળથી ચાલી સુરતા, શ્વાસોશ્વાસે સમરીએ–હરિ૦
સાચો સંતસમાગમ કરીએ, વાણી વિમળ ઊનરીએ હે જી;
કહે ગણપત સદ્‌ગુરુને સેવો, પંથ બીજા પરહરીએ–હરિ૦

પદ ૧૫૫

અગમ પંથ નિરવાણી—

મારા સંતો અગમ પંથ નિરવાણી હેજી;.... (ટેક)
એક થકી અનેક બન્યા ભાઈ, સહુ પશુ, પંખી ને પ્રાણી હે જી;
કર્મ, સાંખ્ય બે યોગ કહાવ્યા, વેદધરમ પરમાણી—મારા૦
પતિવ્રતા જેમ પતિ તજીને, પર પુરુષ લે જાણી હે જી;
જારધરમ એ જીવનો જાણો, પડે ચોરાશી ખાણી—મારા૦
એક ગુરુને એકજ ઈશ્વર, એક નામ–નિશાની હે જી;
એક ટેકને આપ જ ધારે, સતભક્તિ સમરાણી—મારા૦

પેચ પરાની પાર પ્રભુનો, વિરલે વાતો જાણી હે જી;
અજર અમર રસ કોઈ જન જીરવે, મરજીવા લે માણી—મારા૦
સગુણ નિરગુણથી તો ન્યારો, ગુણાતીત ગુણખાણી હે જી;
જે વસ્તુ જેનાથી ઉપજે, તે તો તેમાં સમાણી—મારા૦
કોટી કલ્પથી જનમ મરણ છે, ઉર ભક્તિ નવ આણી હે જી;
ગુરુગમ વિના ગોથાં ખાધાં, મૂવો મતને તાણી—મારા૦
ઝળહળ જ્યોતિ નિરંતર ઝગમગે, સુરતા ત્યાં ઠેરાણી હે જી;
મૂળાધારથી બ્રહ્મરંધ્રમાં, પીએ ચઢીને પાણી—મારા૦
અકળ સકળ ઘટવ્યાપક સતો, પરખો પુરુષ પુરાણી હે જી;
કહે ગણપત સદ્‌ગુરુની સેવા, અખંડ ઉરમાં આણી—મારા૦

પદ ૧૫૬

નમિયા સો નર ભારી, મારા સંતો નમિયા સો નર ભારી હે જી—ટેક
પાંડવ સતધર્મને પાળે, કૌરવ થયા દુઃખકારી હે જી;
દગો કરીને દ્યૂત રમાડ્યા, હરામી બેઠા હારી—મારા૦
હરિશ્ચંદ્ર હેરાન થયા પણ, ધીરજ ઉરમાં ધારી હે જી;
સતિયાએ તો સત નવ મેલ્યું, મળિયા દેવ મોરારિ—મારા૦
જનકવિદેહી જુગમાં દેખો, વૈરાગને જાઉં વારી હે જી;
એક હાથ તરિયાતન ઉપર, બીજે અગની ઝારી—મારા૦
બળિરાય સરખો નહીં કોઈ બળિયો, બળને જાઉં બલિહારી હે જી;
તન, મન, ધન અરપણ કરી દીધું, સત રાખ્યું સંભારી—મારા૦
અમરિષે ભક્તિ અતિ આદરી, દાસી દાસ નર નારી હે જી;
શિરને સાટે સેવા કીધી, ભેટ્યા ત્યાં ભયહારી—મારા૦

મોરધ્વજરાય મહા સતવાદી, દયા દિલ ઉતારી હે જી;
તન તરિયાએ મસ્તક વેહેર્યું, પરખો પર ઉપકારી–મારા૦
રંતિદેવની રીત રૂપાળી, મનને નાખ્યું મારી હે જી;
ઉપોષણ અડતાળી દિનનાં, તોહે ન ટેક વિસારી–મારા૦
લઘુતાઈ છે સહુથી મોટી, જુઓ વેદ વિચારી હે જી;
ગુરુ ગણપત ગોવિંદને ગાવા, પ્રગટ કહું પોકારી–મારા૦

પદ ૧૫૭

ગગન ઘટા લ્યો ગોતી,
મારા સંતો! ગગન ઘટા લ્યો ગોતી હે જી........ (ટેક)
અરધ ઉર્ધ્વ ઘાટકે અંદર, ત્યાં નાહાતી ત્યાં ધોતી હે જી;
તરવેણી ટંકશાળ પડે જ્યાં, ઝળહળ ઝળકે જ્યોતિ–મારા૦
પાળ વિના જ્યાં પાણી ભરિયાં, સરિતા મળી સમોતી હે જી;
અમૃતધારા અખંડ ચાલે, ઝરમર વરસે મોતી–મારા૦
શૂન્ય શિખર, ગઢશોભા સારી, અરક વિના ઉદ્યોગી હે જી;
વણ મુખ બ્રહ્મા વેદ ભણે જ્યાં, નહીં પુસ્તક કે પોથી–મારા૦
વણવાવ્યે ફૂલી ફૂલવાડી, જાઈ–જૂઈ જુવતી જોતી હે જી;
એ વાડીમાં અખંડ સ્વામી, નીરખી મનમાં મોહાતી–મારા૦
ગગન ગુફામાં ચલી ગરજના, હરદમ ધૂની હોતી હે જી;
કહે ગણપત વિરલા જન જાણે, પરમ પદમાં રહેતી–મારા૦

પદ ૧૫૮

મરજીવા રસ માણે, મારા સંતો! મરજીવા રસ માણે હે જી...(ટેક)
કઠણ દૂધ છે વાઘણ કેરું, પીવા ઇચ્છા આણે હે જી;
નિજ બાળક વિણ કોઈ જન ચાહે, પ્રાણ તજે તે ટાણે–મારા૦

મહારોગ છે જેના મનમાં, બૂઝ્યો રહે ભરે ભાણે હે જી;
અગર અજર રસ કેરાં સુખ તો, વિરલા વાનો જાણે—મારા૦
ગુરુગમ વિના ગોથાં ખાશો, પટકે પારસ પાહાણે હે જી;
હરિ–હીરો હરદામાં રાખો, જેને વેદ વખાણે—મારા૦
જનમમરણનું દુઃખ છે જબરું, પૂરવનું પુન્ય પ્રમાણે હે જી;
સાકુટ નૂગરા તે શું સમજે! મૂરખા મતને તાણે—મારા૦
શિર સાટે સતગુરુને સેવો, પામે પદ નિરવાણે હે જી;
ગણપત ગુરુગમ જે જન જાણે, આગળની ઓળખાણે—મારા૦

પદ ૨૫૯

ક્ષમા ખડગ કર ધારો,
મારા સંતો ! ક્ષમા–ખડગ કર ધારો હે જી... (ટેક)
સતસમશેર ને ભાનુ બરછી, જ્ઞાનઘોડો શણગારો હે જી;
લક્ષ–લગામને પ્રેમ–પલાણો, ચિતનો ચાબુક મારો—મારા૦
ધીરજની ઢાલ, ભજનનો ભાલો, સનનો બખ્તર સારો હે જી;
કાયાનગરમાં મન મેવાસી, વેગેથી વિડારો. —મારા૦
કામ, ક્રોધ ને મોહ મમત એ, વેરી તમારા વારો હે જી:
જો જીત્યા તો જગ જશ પામો, હારો તો નરક સધારો—મારા૦
વિચારમાં આયુષ્ય વહી જાશે જુગ, એનો શો ઉધારો હે જી!
જુગ જેવી પળ એક જાય છે, ગુરુ જ્ઞાન વિચારો—મારા૦
આ ભવમાંહી આતમ આવ્યો, એને તો ઉગારો હે જી;
ગણપત કહે ગોવિંદ ભજો તો, આવે દુઃખનો આરો—મારા૦

પદ ૧૬૦–પટ્ચક્રની લાવણી

પ્રથમ ચક્ર આધાર પિછાનો, ગુદાસ્થાન ઉનકા કહાવે;
રક્ત બરન ગણપતિ દેવતા, સિદ્ધિ શક્તિ સોહાવે.
ક્રમ ઋષિને મૂષક વાહન, અપાન વાયુ વાં રહેતા;
ઉરમિ–કળા સાલોક્ય મોક્ષતા, સંકોચન મૂળબંધ હતા.
ચતુર્દળને ચતુર માત્રા, વંસંશંષં હે વરના;
આનંદ યોગાનંદ કહાવે અજપા જપ ઉનકા કરના.
છસેં તેર મંત્ર સોહાવે, એસા ધ્યાન ધરે કોઈ;
ગણપત ગણપતિ દેવકું દેખે, સદા સુખમેં રહે સોઈ.

પદ ૧૬૧

દ્વિતીય સ્વાધિષ્ઠાન કહાવે, લિંગસ્થાન ઉનકા બાસા;
પિત બરનને રજોગુણ હે, અકાર માત્રા હે ખાસા.
બ્રહ્મ ઉસકા દેવ ભનિ જે, સાવિત્રી શક્તિ શાતા;
વરુન રસી કામાગ્નિ કહેતા, ઉદાન વાયુ વાં રહેતા.
સ્થૂળ દેહ જાગ્રત અવસ્થા, વૈખરી વાચા હે સાચી;
રઘુવેદ ને લિંગ ભૂમિકા, સાયુજ્ય મોક્ષ વદો વાતી.
હંસા વાહન ખટ દલબરના, બંભંમંયંરં લંકા;
ખટ હજાર સત બત્તિસ મંત્ર, ગણપત ઉસમે નહિ શંકા.

પદ ૧૬૨

તૃતીય ચક્ર તો મણિપુરકા, નાભિસ્થાનકમેં રહેના;
કપિલ બરના ઉકાર માત્રા, સત્ત્વગુણ ઉસકા કહેના.

વિષ્ણુ દેવતા લક્ષ્મી શક્તિ, ગરુડ વાહન ગુણ લેના;
વાયુ જેની સમાન વાયુ હૈ, લિંગ દેહ ઉસકુ કહેના.
સ્વપ્નાવસ્થા મધ્યમ વાચા, યજુર્વેદ અધ્યાન ખરા;
સ્થિતિભોગી આનંદરૂપ વાસના, દશ દલકુ તું દેખ ખરા.
[illegible] ડ ઢ ણ ત થ દ ધ ન પ ફં કુ ફિર પેખો;
ખટ હજાર [illegible] મંત્ર, ગણપત વાકું ગુણ દેખો.

પદ ૧૬૩

ચોથા ચક્ર અનાહત જાનો, શામ બરન ઉનકા કહાવે;
તમોગુણને મકાર માત્રા, શિવ દેવતા સોહાવે.
ઉમાશક્તિ હિરણ્યગર્ભ હૈ, પ્રાણ ધ્યાન વાહન કહેતા;
સુષોપતિ પશ્યંતિ વાચા, નામ વેદકા સુખ લેતા.
સત્વાપતિ ભોમિકા એહેલી, દ્વાદશ દલમે દરસાવે;
કં ખં ગં ઘં ઙં છં, જં ઝં ટં ઠં સોહાવે.
ખટ હજાર છાસેટ મંત્ર ત્યાં, જપ લેના મેરે ભાઈ;
ગણપત ખોજ કરો ઘટ માંહિ, ગુરુને ગરુગમ બતલાઈ.

પદ ૧૬૪

પંચમ પદ્મ બિશુદ્ધિ પરખો. કંઠસ્થાન કહો સાગ;
ધૂમ્ર બરનને જીવો દેવતા, અવિદ્યા શક્તિ સો દાગ
ઋષિ વિરાટ ને વાયુ વાહન, ઉદાન વાયુકો જાના,
મહા કારણ દેહ ઉનકા, તુરિયાવસ્થામે રહેના
અથરવેદને પરાહિ વાચા, સોલ બરન ઉસકા સચ્ચા,
અં આં ઇ ઈ ઉ ઊ ૠ ૠં લૃ લૄં, સો નહિ હૈ કચ્ચા.

એ ઐ ઓ ઔ અં અઃ તો, ગણપત સબ ગુરુ હૈ જ્ઞાના;
બટ હજાર છાસેટ મંત્રકા, વાંહિ ધર લેના ધ્યાના.

પદ ૧૬૫

જ્ઞાનચક્ર છઠ્ઠો હૈ જ્ઞાની, ત્રિકુટી સ્થાન બાદલ બરના;
અગ્નિ દેવતા સુષુમણા શક્તિ, હંસ રસીકા હૈ સરના.
ચૈતન વાહન જ્ઞાન દેહ, વિજ્ઞાન અવસ્થા ઉર અગ્નિ;
અનુપમા વાચાથી બાની, સૂક્ષ્મ બેદલ દો જાની.
અરધ માત્રા દ્વિદલ બરના, હંસં અક્ષરકુ બોલો,
એક હજાર છાસટ જપ ત્યાંહી, અપને દિલ માંહી ખોલો.
આસન બાંધી સુરતા સાંધી, જાપ અજપાકા કરના;
ગણપત ગુરુને જ્ઞાન બતાયા, ઓહી ધ્યાન નિશદિન ધરના.

પદ ૧૬૬

બ્રહ્મરંધ્રકા ભેદકું દેખો, મૂર્ધની સ્થાનક કે માંહી;
અહંબ્રહ્મ બોલો દિલ ભીતર, બ્રહ્મ દેહ દરસે ત્યાંહી.
સુષુપ્તિ અવસ્થા સારી, એક હજાર ત્યાં દલ દરસે;
ગુરુ દેવતા ચૈતન શક્તિ, પરમ જ્યોતિકુ વાં પરસે.
સાક્ષી સર્વાત્મા હૈ જીનકા, તુર્યાવસ્થા યાં દેખો;
સગુણાતીત ચૈતન આત્મા, સબી બરન સરખા પેખો.
સ્થિતિ અવસ્થા પરહે વાચા, સોહં રામ રમે જ્યાંહી;
અનુપમા સ્થાનક આનંદી, ગણપત ગોપ રહ્યા [illegible]

એક ચૈતન અખંડનું રે, ભરી રહ્યું ભરપૂર;
જીવ ઈશ્વર કૂટસ્થ બ્રહ્મનું રે,
એ ચારેનું એક જ નૂર, અખંડને આરાધવા.
નવ સોહંના ઉપરી રે, દશમો સોહં સાર;
કુલાંટ ચક્રને ભેદીને રે,
નિજ રૂપનો કરજો વિચાર, અખંડને આરાધવા.
પરા, પશ્યંતી, મધ્યમા રે, વૈખરી જે કહેવાય;
અનુપમા આવી મળે રે,
ત્યારે આતમરૂપ ઓળખાય, અખંડને આરાધવા.
ભૂચરી ખેચરી અગોચરી રે, ચાચરી જેનું નામ;
ઉન્મનિએ દરસે ખરો રે,
આદિ કરતા કેરો ઠામ, અખંડને આરાધવા.
પદ્માસન વાળીને રે, પ્રણવરૂપે થાય;
નિર્વિકલ્પના નિશાનમાં રે,
સંકલ્પ વિકલ્પનો રે લય થાય, અખંડને આરાધવા.
કૈવલ્યમુક્તિ પામિયો રે, અરૂપમાં રૂપ સમાય;
કહે ગણપત ગુરુગમ મળે રે,
ત્યારે કારજ સિદ્ધિ થાય, અખંડને આરાધવા.

ગમ [illegible]

[illegible]—પૃષ્ઠ૦

[illegible]—પૃષ્ઠ૦

[illegible]—પૃષ્ઠ૦

[illegible]—પૃષ્ઠ૦

નિત્ય [illegible]

[illegible]—પૃષ્ઠ૦

કર્મ [illegible]

અચેત [illegible]

ગણુપત [illegible] પૃષ્ઠ૦

[illegible]

હીરે પોતે પોતાનો [illegible]

હેનો [illegible]

હીરા હીરે હીરા [illegible]

હીરે નિજ હીરા તણું રે, [illegible]

આતમજ્ઞાને આતમા રે, [illegible]

મૂળ ઠામને જે મળે રે, [illegible]

એક બીજમાં એક વડ રે, વડમાં બીજ [illegible]

એમ જ્ઞાનીને સમજાવા રે, [illegible]

નામ ગુણ રૂપ એક છે રે, [illegible]

એક થકી અનેક છે રે, તેનો [illegible]

મનુષ્ય બુદ્ધિએ માનવી રે, દેવે દેવ દેખાય;
ઈશ્વરબુદ્ધિ આવે અંતરે રે, ત્યારે અખંડ રૂપ ઓળખાય.
એક આદિ ઓંકારથી રે, બનિયા અંક અપાર;
સત્પંડિત તેને સાધીને રે, રાખે એક ઓગકાર રે—ઓ૦
તે માટે તનમાંહી તપારી, કરજે તત્ત્વવિચાર;
કહે ગણપત ગુરુગમ મળે રે, તો પામે ભવપાર-ઓ૦

પદ ૧૭૧–ધોળ

(પ્રથમ ગુરુને ગોવિંદ કરી જાણો—એ રાગ)

નિગમ નિરંતર નેતી રે કહે છે, જીવ માયા થકી જુદો રે રહે છે;
જેવું કરમ તેમાં તેવો વસે છે, તો અગમ પુરુષની અગમ ગતિ રે.
પિંડ બ્રહ્માંડનો પૂરણ પ્રકાશી, જળચર સ્થળચર જંતુનો વાસી;
અખંડ અનાદ એ તો અવિનાશી, તો કહેવાય કેમ કોની વતી રે.
ગુરુગમ વિના તો ગોત્યો ન લાધે, પ્રેમથકી કોઇ પ્રેમી આરાધે;
સાધન સઘળાં સેજમાં સાધે, તો અનુભવ જ્યારે આવી મળે રે.
મહાશૂરવીર કોઈ અમીરસ માણે, વંકનાળ કેરી વાટ્યો રે જાણે;
બ્રહ્મરંધ્રના ભેદ પ્રમાણે, તો દેખતાં દીપ કોટિ બળે રે
પીયૂષગંગામાં પ્રેમથી નાહાવે, પીએ અમૃત તેને પાણી ન ભાવે;
જાત્ય જોઈ જીવનો શિવ થાવે, તો અમર થયો નવ આથમે રે.
ભેદુ વિના કોણ ભેદ જ ભાગે, જળહળ જ્યોત્ય નિરંતર જાગે;
સંત શૂરતણાં શર આવી વાગે, તો ગણપતરામને તે ગમે રે.

પદ ૧૭૨

આજ આનંદ મારા ઉરમાં રે આવ્યો,
શાન્ત દેશ સદ્ગુરુજી બતાવ્યો;
આપમાં અલખ પુરુષ ઓળખાવ્યો,
તો ભરપૂર સકળ બ્રહ્માંડમાં રે.

જાપ અજપાનો જપિયો રે જ્યારે,
તનના તે તાપ બુઝાણા રે ત્યારે;
અનુભવ સુરજ ઉગ્યો એ વારે,
તો પેખ્યાને જોયું પિંડમાં રે.

ગગન ગફામાં થઈ ધૂન્ય ઘેરી,
અર્ણવ પ્રણવકેરી ચાલી રે લેહેરી;
પચીશ પાપી થયા વશ વેહેરી,
તો ઓળખીઓ નિજ આતમા રે.

તન મન કેરી તો તૃષ્ણા રે ત્યાગી,
પંચ વિષય થકી થયો અનુરાગી;
નિર્ભય નાદની નોબત વાગી,
તો પોતે દેખ્યાં પરમાતમા રે.

ભ્રાન્તિનો ભેદ ગયો સહુ ભાગી,
વીરહાક અનહદમાં રે વાગી;
લક્ષ હરિમાં રહ્યો નિત્ય લાગી,
તો આપ ભળ્યો જઇ આપમાં રે.

બ્રહ્મ અગ્નિમાં જેણે બીજ બાળ્યાં,
હરદમ તાર ઊઘડિયાં છે તાળાં,
ગણપતરામ જાળ્યાં મોહ જાળાં,
તો નાવે માયાના પાપમાં રે.

પદ ૧૭૩

હરિ ગુરુ સંત એક રૂપે જાણો, એક પલકમાં અંતર નવ આણો;
મહાપદમાંહી મહા સુખ માણો, તો સમજો ગુરુજીની સાનમાં રે.
પોતાની મેળે તરે કોઈ પ્રાણી, વિચારીને જુઓ વેદની વાણી;
ગુરુગમ વિના થયા ધૂળધાણી, તો ધારીને દેખજો ધ્યાનમાં રે.
મહા બળ દિસે હરિની રે માયા, સકળ બ્રહ્માંડમાં સરખી રે છાયા;
દેવ, દાનવ ને મોહ્યા મુનિરાયા, તો ઊગરનારાજ ઊગરે રે.
જીવ માયાને જુદાં કરી આપે, કોટી જનમ કેરાં કુકર્મ કાપે;
અમર કરીને અભેપદ આપે, તો સદ્‌ગુરુ વિના ન સુધરે રે.
પોતે પોતાને જો નવ જાણે, પરમ પુરુષને તે શું પરમાણે!
કામક્રોધ કેરો અંત ન આણે, તો ખળશે ચોરાશીની ખાણયમાં રે.
કારજ તારું તું કરવાને, વિશ્વપતિજીને જો વરવાને;
ગણપત ગુરુજી વિના તરવાને, તો જીવડા આશા નવ જાણમાં રે.

પદ ૧૭૪

શુદ્ધ જગ્યા કરી સુરતાને સાંધો, આસન પદ્મા કરી પગ બાંધો;
કામ ક્રોધ કેરો ટાળિયે વાંધો તો, નાસાગ્ર દ્રષ્ટિને દેખિયે રે.
એકડા પ્રાણ અપાનને કીજે, વ્યાન, ઉદાન, સમાનને લીજે;
દેહ આતમા થકી જુદો ગણી જે, તો અહંબ્રહ્મ એમ ઉચારિયે રે.
નેત્ર મીંચી નિરમાન કરી જે, પ્રગટ અજપાનો જાપ જપી જે;
વંકનાળ કેરી વાટ વળી જે, તો દેવ રુદેમાંહી દેખિયે રે.
સહસ્ર પાંખડી તો સૂર્ય આકારે, તે મધ્યે ચોતરો મણિમય ધારે;
મૂરતિ મનોહર ચિહ્‌ન અઢારે, તો ધ્યાન કરીને ધારિયે રે.

નખશિખ નીરખીએ નિરમળ નેણે, વદાસપણું વૈરાગને વેણે;
સુરતા સાંધો સદ્‌ગુરુજીને કેણે, તો અખંડ પુરુષને આરાધિયે રે.
આતમરૂપ ત્યારે ઓળખાશે, એ મૂરતિમાંહી મન મળી જાશે;
ગણપત સોહંગ શાસોશ્વાસે, તો સચરાચરમાં સંભારિયે રે.

પદ ૩૭૫

સદ્‌ગુરુ શ્રીપતિને શીશ નામી, પૂરવની પ્રીત્યે અમર વર પામી;
વેદના સઘળી વેગગથી વામી, તો આનંદસાગર આવિયો રે.
વસંત વધામણી વેગેથી આવી, પહેલું પ્રભુજીનું લાવ્યું પહેરાવી;
સત શણગાર સહિત સોહાવી, તો સોમા પુરુષ મને ભાવિયો રે.
પુન્ય પવિત્રાં અશોક અંગૂઠી, જગત માયા સહુ થઈ ગઈ જૂઠી;
અચાનક ઊર્મિ અંતરમાં ઊઠી, તો સત સ્વામીના શણગાર ધરું રે.
કરુણાનાં કલ્લાં ને તપ કેરા તોડા, શાંતિનાં સાંકળાંના બેઉ જોડા;
અનુભવના મળિયા અંકોડા, તો હરખ હવેલીમાં હું ફરું રે.
ચતુરાઈ ચણિયો પ્રેમ પટોળી, હેત હેમ કેરા હારડા ઓળી;
મનમંદિરિયું લીધું છે ધોળી, તો કૃષ્ણ કંચુકી કાડશું રે.
પ્રીત પાટિયા મુક્તિની માળા, રસિક સૂડા ચતુરાઈના રૂપાળા;
ગુરુગમ કૂંચી ઊઘડિયાં તાળાં, તો જગપતિ કેરી જોડશું રે.
અનુભવ અંજન આંખમાં કરિયાં, મંગળ મોડ માથા પર ધરિયાં;
વિઠ્ઠલવરને અમે તો વરિયાં, તો અનહદ વાજાં વાગિયાં રે.
જ્ઞાનનાં ગીત ગવાણાં ને વેળા, ભાવિક સંત થાય છે ભેળા;
ગણપત ગુરુના મળિયા છે મેળા, તો કડિયાં કપટિયાં ભાગિયાં રે.

પદ ૧૭૬—ભજન, રાગ લાવણી

શિષ્ય પૂછે છે સદગુરુ રાયા, ભૂલ ભ્રાંત્ય ભાગો મારી;
આ રે જગત ઈશ્વરે ઉપાયું, પહેલો નર, પહેલી નારી—શિષ્ય૦
બીજ વૃક્ષ બેમાં કોણ આદિ, જીવ શિવમાં પહેલું કોણ કહાવે?
કર્મને વશ જીવ, જીવને વશ કર્મ, તેનો ભેદ કોઈ બતાવે—શિષ્ય૦
અગ્નિ બાળી નવ શકે, વળી વાયુ થકી નવ શોષાયે;
જળમાંહી કદી નવ કોહે, શસ્ત્ર થકી નવ છેદાયે—શિષ્ય૦
નાદ બુંદનો જોગ છે કેવો, નિરાકાર કોને કહાવે?
દેહ જીવ બે જુદાં પડે ત્યારે, કાળ આવીને શું ખાવે?—શિષ્ય૦
મારુતનું તો મૂળ બતાવો, કયાંથી આ દુનિયા આવી?
કહે ગણપત ગુરુદેવ બતાવો, પ્રશ્ન પૂછું તમને ભાવી—શિષ્ય૦

પદ ૧૭૭

આદિ રે કરતા છે અવિનાશી, કૈવલ્યધામ કેરે માંહી;
ભોમા રે નર તેનું નામ કહાવે, ઉત્પત્તિ કરે બેઠા ત્યાંહી—આ૦
નરમાં છે નારી ને નારીમાં નર છે, જુગતી એની છે જોડે;
વૃક્ષમાં બીજ ને બીજમાં વૃક્ષ છે, કહું છું ભાઈ તમને કોડે—આ૦
જીવ શિવ બે છે રે અનાદિ, પરમ શિવ પહેલો કહાવે;
કરમ જીવ એ બે છે જોડે, સાથે શરીર છાયા થાવે—આ૦
અગ્નિ બાળી ન શકે આત્મા, મારુત મૂળ નાભિ માંહી;
નાદ બુંદ તો પુરુષ-પ્રકૃતિ, નિરાકાર આતમ ભાઈ—આ૦
દીન રજની એ બે છે સાથે, કૈવલ્યથી દુનિયા આવી;
દેહ પડે કાળ સુરતાને ઝાલે, ગણપત ગુરુગમ બતાવી—આ૦

પદ ૧૭૮

એક અગંમો એવો રે દેખ્યો, અર્ક વિના જ્યાં ઉજિયાળ
વણ વાદળ જ્યાં વીજળી ચમકે, જળધર વિણ વરસે ધારા—એ
બુદ્ધિ રે મનનું બળ નવ ચાલે, રામ અખંડ રમે જ્યાંહી
ગાંધર્વ વિના વાજાં વાજે, ઘોર શબ્દ ગાજે ત્યાંહી—એ
પાળ વિના જ્યાં પાણી ભરિયાં, બીજ વિના તરુવર ડોલે
અનહદ નાદ ઊડયો એ વેળા, વાણી વિના હંસો બોલે—એ
શૂન્ય શિખરગઢ દીઠા મીઠા, ઝળહળ જ્યોતિ જ્યાં જાગી
નર નારીની નથી નિશાની, અલખ પુરુષથી લેહે લાગી—એક
ઘંટાનાદ ગગનમાં ગાજે, ઘૂઘરી કેરો ધમકારો;
કહે ગણપત ગુરુદેવ બતાવ્યો, દેખો દેશ એ અમારો—એક

પદ ૧૭૯—રાગ ભજનનો

આજ આનંદ મારા ઉરમાં આવ્યો, અનુભવસાગર છોળ્યો રે જી
નિગમ જેને નેતી રે કહે છે, ખલકપતિને ખોળ્યો રે જી.
વિંશતિ એક હજાર છસે દમ, ઊડે નાભિની માંહી રે જી,
સ્વરધૂનિ ચાલી સોહં સાથે, શૂન્ય શિખરગઢ જ્યાંહી રે જી.
નખશિખ માંહી ભરપૂર ભાસ્યો, જેસો ચિદાકાશી રે જી;
સ્થૂળ સૂક્ષમ કારણ જે કહાવે, તેનો પૂરણ પ્રકાશી રે જી.
એક અખંડ તુરીયાતીત માંહી, કોણ શિવ કોણ જીવા રે જી;
બ્રહ્મની કેરૂ વ્યાપી ઘટભીતર, રોમરોમમાં દીવા રે જી.
પ્રગટ જાપ અજપા જપીએ, નીરખે નૂર અપામા રે જી;
ગણપત એક ઓંકાર અનાદિ, એ ગુરુદેવ અમારા રે જી.

પદ ૧૮૦

મ પરદેશી આ દેશે આવ્યા, દેશી ન દેખ્યા અમારા રે જી;
શી અમારા અમને મળે તો, તેને કહું સમાચારા રે જી.
ણ રે વાદળ જ્યાં વીજળી ચમકે, કોટી મેઘ મલ્હારા રે જી;
અમૃત સઘળે આભ જ છાયો, અસંખ્ય વરસે ધારા રે જી.
અગમપુરીની રીત અગમ છે, વિના અરક અજવાળાં રે જી
ભંડાર કોટી ધનના ભરિયા, નહિ કૂંચી નહિ તાળાં રે જી.
ઝગમગ જ્યોત નિરંતર ઝળકે, વિના સમુદર પાણી રે જી
કોટી રવિ શશિથી તેજ કહાવે, વિના શબ્દ જ્યાં વાણી રે જી.
પરમ શૂન્યમાં પરમ તુરીપદ, પરમ પુરુષ દેખાયા રે જી
ગણપત કોટી જગ જ્યાં જાયા, તે ગુરુગમ પદ પાયા રે જી.

પદ ૧૮૧

પ્રથમ જ્ઞાનીને પ્રશ્ન અમારો, શૂન્ય ઉપર શું હોઈ રે જી;
અષ્ટ સમાધિ સબકો જાણે, નવમી બતાવો કોઈ રે જી.
ચાર વેદ તો જુગમાં ચાહાવા, પાંચમો કોણ કહાવે રે જી;
ઘટ, મઠ, મહદા, ચિદા કહાવે, તા પર કોઈ પરખાવો રે જી.
ક્યાં રહી કોટી ઇંડ ઉપજાવે, દેશ તેનો દરશાવો રે જી;
જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ કહાવે, તેથી જુદાને જોવો રે જી.
ચારે પ્રલયમાં તો ચિંતા રે થાવે, પંચમે અનુભવ આવ્યો રે જી;
એક થકો અનેક થઇને, અનેક એકમાં સમાવ્યો રે જી.
પંચમા પદમાં પૂર્ણાનંદા, નહિ જપ, તપ કે ધ્યાની રે જી;
કહે ગણપત કોઈ ગોતી કાઢે, એહી સંતગુરુ જ્ઞાની રે જી.

પદ ૧૮૨

શબ્દબ્રહ્મકી સુરતા સાંધી, ફોડી ગયી બ્રહ્માંડા રે જી;
સગુણ નિરગુણ સંશે ટળિયા, ચઢિયા તે અલખ અખંડા રે જી.
ઓહંગ સોહંગ હુવા એકડા, મધ્યે મૂવા મન બંડા રે જી;
ગેબી શુન્ય ઘોર ગાજે ગગનમાં, નિર્ભય નિરગુણ ઝંડા રે જી.
ઝળહળ જ્યોત નિરંતર ઝળકે, પૂરણ પૂરણાનંદા રે જી;
ભેદ અભેદ કછુ નહિ દીસે, છૂટ ગયા ભવ ફંદા રે જી.
ઉન્મુનિ ઘેરે અજર ઝરે, જ્યાં ઝાલરીના ઝણકાર રે જી;
નિરાધાર આધારકુ નીરખ્યા, ઘૂઘરીના ધમકા રે જી.
શેષ દલ પર કમળમેં ભમરા, ઘોર કરત ગુંજારા રે જી;
કહે ગણપત કોઈ ખોજકે દેખે, સો ઊતરે ભવપારા રે જી.

પદ ૧૮૩

પરમ કુલાંટમાં ખડકી દેખી, અજબ તમાસા વાંહી રે જી;
દોહીનો દરવાજો ભેદી, જાતું અભેપદ જ્યાંહી રે જી.
અજબી સ્થાન અઢારેમાં આંહી, નવ-દસમાં મંમાયા રે જી;
વિંશતિ એક બ્રહ્માંડ કે માંહી, જ્યાંહી વસે જગરાયા રે જી.
અગમ ભેદને અગમ વાણી, અગોચર ગોચરાયા રે જી;
સગુણ નિરગુણ, નિરગુણ સગુણ, સંશે સરવે સમાયા રે જી.
આકાર તે નિરાકાર થયા ભાઈ, નિરાકાર આકાર રે જી;
અહંકાર તે આકાશ થયા ભાઈ, આકાશ છે અહંકારા રે જી.
ભેદ હતો તે અભેદ હુવો ભાઈ, અભેદ ભેદમાં આયા રે જી;
અહંબ્રહ્મ રૂપ સકળમાં દેખ્યા, ગણપત ગોપ સમાયા રે જી.

પદ ૧૮૪

(ભજન-ધન્ય ગુરુદેવા મારા ધન્ય ગુરુ દાતા રે-એ રાગ)

આદિ અવિનાશી વ્હાલા અક્ષરવાસી રે.... (ટેક)
અરજી આ ઉરમાં ઉતારોજી;
આરાધ આપનો આજ આદરું,
તો ત્રિકમ ભવજળ તારોજી—આદિ૦
પૃથ્વી તું, પાણી તું, તેજ ત્રિભુવન,
પવન આકાશ દીસે પોતેજી;
સૂરજ સોમ ઉડુગણના આદિ તો,
જળહળ ઝળકે છે જોતેજી—આદિ૦
ઝાડ તું, પહાડ તું, વાડ વિશ્વંભરા,
મેરુ થકી પણ મોટોજી,
સ્થૂળ સુક્ષમ ને કારણ કહીએ તો,
છોટા થકી પણ છોટોજી—આદિ૦
માત તું, તાત તું, ભ્રાત તું ભૂધરા,
બળવંત તું દીનબંધુજી;
ગંગા તું, જમના તું, સરિતા સરોવર,
સરજ્યો સંસાર સુખસિંધુજી—આદિ૦
પરા ને પાર તું બાવન બહાર તું,
બાહર ભીતર બોલેજી;
દાનવ માનવ દેવ તું દેવા તો,
તારે નથી કોઇ તોલેજી—આદિ૦
ઘાટ તું, ઠાઠ વૈરાટ વખાણું તો,
સર્વે સુંદર શ્યામજી;

ભરપૂર ભરિયો ડહાપણ દરિયો, ઠરીયો તે સર્વે ઠામ જી;
દાસ જાણી પુર આશ પુરુષોત્તમ, કર હરિજનનાં કામ જી—દે૦
મનનો રે મેળો ભાવ ભક્તિના ભેળો રે, કળી શકે નહીં કોઇ જી;
આપો મતિ એવાં કીરતન કરીએ તો,સમજણ સાધન સોય જી—દે.
તન મન વારી કરુ ભક્તિ તાહારી રે, ધારીને અક્ષર ધામ જી;
વિશ્વાસીને વાલા દગો ન દીજે તો,ગુણ ગાય ગણપતરામ જી—દે.

પદ ૧૮૭

તન તરવેણીમાં તીરથ મોટું રે, નિરમળ મનથી જે નહાય જી;
પ્રાગને પાંદડે પોઢયા પરિબ્રહ્મ, દેવનાં દરશન થાય જી—તન૦
ઈંગળા ને પિંગળા મધ્ય સુષુમણા રે, સૂર્ય ચંદ્ર ને અગ્નિદેવ જી;
ભૂતભવિષ્યવર્તમાનને ભાખે રે, સેવક થઈને કરો સેવ જી—તન૦
એના ઉપર શૂન્યની શોભા રે, ઊઠે અનહદ નાદ જી;
પંચરંગી ત્યાં જ્યોતિ દયો પરણી રે,જોતા જાય વિવાદ જી—તન૦
ત્રિકુટી કમળથી ત્રણ તસુ પર, ચંદ્રામૃત ઝરે જ્યાંય જી;
તેને નીચે છે એક નાગણી સંતો રે,પડે તેના મુખમાંય જી—તન૦
બ્રહ્મમંડળથી ધારીને જોજો રે, દ્વાદસ આંગળ દેશ જી;
સહસ્ર પાંખડી સૂર્ય આકારે રે, મધ્ય તે પરમ મહેશ જી—તન૦
બે ને બારથી સાત ને ચારથી, ન્યારો થાય જી;
કાળનું ત્યાં કાંઈ ન ચાલેને, ગણપત એ ગુણ ગાય જી—તન૦

આકળ સકળ તુંને કોઈ કળે નહિ,
ગુણ ગાયા ગણપતરામજી—આદિ૦

પદ ૧૮૫

ધન્ય ધન્ય કરતા રે ભવભયહરતા રે, ધરતા ધરણી આકાશજી;
એકથી અનેક પ્રગટિયો પોતે, તું ઘટ ઘટ વસિયો વાસજી—ધ૦
સગુણ તું નિરગુણ સૌનો સ્વામી, તો પાર શકે કોણ પામીજી;
વેદ તું, ભેદ તું, ભવના ભરતારે, ખલક રચ્યો નથી ખામીજી—ધ૦
ધ્યાન તું જ્ઞાન તું મનના રે મોહન, સત્ય સમાધીમાં શોભેજી;
જોગી તું ભોગી તું વસ્તીને વન વસે, લક્ષણ જોઈ મન લોભેજી—ધ૦
કાળનો કાળ તું પ્રજાનો પાળ તું, જારણ મારણ જેહજી;
મોહન સ્થંભન વળી વશીકરણ તું, ઉચ્ચાટન કહીએ એહજી—ધ૦
વૈકુંઠવાસી તું પૂરણ પ્રકાશી તું ઠાકોરજી;
ગોલોકવાસી તું ગોકુળ આવી રે, ચતુર્ભુજ માખણ ચોરજી—ધ૦
જગ્ય તું જગના રે જીવન, કળિમાં છવાઈ રહ્યો કેમજી;
ગણપત કહે ગુરુ દેવ દયા કરો, પૂરણ રાખો પ્રેમજી—ધ૦

પદ ૧૮૬

દેવના દેવ સુરનર કરે સેવા રે, ભક્તવત્સલ ભગવંતજી....(ટેક)
પંડિત પુરાણી ગાય વેદ વખાણી રે, સમરણ સાધે સંતજી.
કળી ગ્યો કોપી લાજ મરજાદ લોપી રે, વારે ચડો વનમાળીજી;
દુખિયાં ગાય સંત બ્રાહ્મણ દુખી રે, ભાવટ ભાગોને ભાળીજી—દે૦
નમો નમો જગનાથ નિરંજન, ભવભયભંજન ભૂપજી;
જગના રે કારણ કષ્ટનિવારણ, તારણ સુખરૂપજી. —દે૦

ભરપૂર ભરિયો ડહાપણ દરિયો, ઠરીયો તે સર્વે ઠામ જી;
દાસ જાણી પુર આશ પુરુષોત્તમ, કર હરિજનનાં કામ જી—દે૦
મનનો રે મેળો ભાવ ભક્તિના ભેળો રે, કળી શકે નહીં કોઇ જી;
આપો મતિ એવાં હીરતન કરીએ તો,સમજણ સાધન સોય જી—દે.
તન મન વારી કરુ ભક્તિ તાહારી રે, ધારીને અક્ષર ધામ જી;
વિશ્વાસીને વાહ્લા દગો ન દીજે તો,ગુણ ગાય ગણપતરામ જી—દે.

પદ ૧૮૭

તન તરવેણીમાં તીરથ મોહું રે, નિરમળ મનથી જે નહાય જી;
પ્રાગને પાંદડે પોઢયા પરિબ્રહ્મ, દેવનાં દરશન થાય જી—તન૦
ઈંગળા ને પિંગળા મધ્ય સુષુમણા રે, સૂર્ય ચંદ્ર ને અગ્નિદેવ જી;
ભૂત ભવિષ્ય વર્તમાનને ભાખે રે, સેવક થઈને કરો સેવ જી—તન૦
એના ઉપર શૂન્યની શોભા રે, ઊંડે અનહદ નાદ જી;
પંચરંગી ત્યાં જ્યોતિ લ્યો પરખી રે,જોતા જાય વિવાદ જી—તન૦
ત્રિકુટી કમળથી ત્રણ તસુ પર, ચંદ્રામૃત ઝરે જ્યાંય જી;
તેને નીચે છે એક નાગણી સંતો રે,પડે તેના મુખમાંય જી—તન૦
ધ્રુવમંડળથી ધારીને જોજે રે, દ્વાદસ આંગળ દેશ જી;
સહસ્ર પાંખડી સૂર્ય આકારે રે, મધ્ય તે પરમ મહેશ જી—તન૦
બે ને બારથી સાત ને ચારથી, ન્યારો થાય જી;
કાળનું ત્યાં કાંઈ ન ચાલેને, ગણપત એ ગુણ ગાય જી—તન૦

સુમતિનો વિવાહ

પદ ૧૮૮-રાગ ધોળ

પ્રથમ પૂજું પ્રીતે રે, સતગુરુ રૂડી રીતે રે;
સુમતિવિવાહની કહું વારતા રે.
પિતા છે વિવેક રે, બુદ્ધિમાતને કરે નેક રે;
નરનારી નિત્ય વિચારતાં રે.
વર જોગી કન્યાય રે, થઈ ન રખાય રે;
જુઓ ને જગત થકી વર રૂડો રે.
વિવેકને વિચાર રે, બન્યો બંધુ સાર રે;
ખોજ કરીને વર ખોળતા રે.
ત્યાંથી ચાલ્યા જાય રે, જન તપ માંય રે;
મહરને ગાંધર્વ લોકો પરવર્યા રે.
સત્ય દેવ લોક રે, જુએ છે વિવેક રે;
મેરુ મૂકી લોક લોક આવિયા રે.
આવ્યો ત્યાં અંધકાર રે, આગળ તેજ અપાર રે;
અરધ ઉરધ ડેરા ઘાટમાં રે.
મધ્યે મહા શૂન્ય રે, ભેદી મહા પુન્ય રે;
અક્ષર મૂકી પરમ અક્ષરે પહોંચિયા રે.
પિંડ ને બ્રહ્માંડ રે, જોયાં કોટી ઈંડ રે;
સુમતિ સરીખો વર ના મળ્યો રે.
અમરાપુરની વાટ રે, ચઢિયા અવઘટ ઘાટ રે;
હદ મેલી બે હદમાં આવિયા રે.

સાં સદ્દચિદ્દઆનંદરૂપ રે, કોટી કામ અનુપ રે;
સોહં સ્વામી ભાવથકી ભેટિયા રે.
કબૂલ કંકુ સાર રે, મનની મહોરો ચાર રે;
સત્યનું શ્રીફળ આપ્યું હાથમાં રે.
હૈડે પામી હામ રે, ગાયે ગણપતરામ રે;
સગાઈ કરીને ઘેર સંચર્યા રે.

પદ ૧૮૯—રાગ ધોળ વધાવો

સુમતિ બાઈનાં લગન સોહામણાં,
એમને પરણે છે આતમરામ, વધાવો ગુરુજ્ઞાનનો.
ઈંદ્ર શૈલ્ય તામ્ર ગભસ્તિ ગણો,
સૌમ્ય ગાંધર્વ કહ્યા જેહ, વધાવો ગુરુજ્ઞાનનો.
વરુણ ભરતખંડ મન ભાવિયે,
સૌને કહાવિયે બેઉ કરજોડ, વધાવો ગુરુજ્ઞાનનો.
નવ ખંડમાં મોકલો નોતરાં,
એના આવશે દેવ સમસ્ત, વધાવો ગુરુજ્ઞાનનો.
દયા ક્ષમા કરુણાને કહાવિયે,
ભક્તિ મુક્તિ વિના ન સરે અર્થ, વધાવો ગુરુજ્ઞાનનો.
શાંતા તે સખીઓ સોહામણી,
વૃદ્ધ માતાનું વૃત્તિ છે નામ, વધાવો ગુરુજ્ઞાનનો.
પિંડબ્રહ્માંડે વધામણી મોકલો,
થાય જુગમાં તે જયજયકાર, વધાવો ગુરુજ્ઞાનનો.
ગુરુ સંતની માગીએ સહાયતા,
ગુણ ગાય તે ગણપતરામ, વધાવો ગુરુજ્ઞાનનો.

પદ ૧૯૦-ધોળ

(વર તો બહુ રે રંગીલો, વર તો બહુ રે છુંદાલો-એ રાગ)

ધર્મ જ્ઞાન ભક્તિ વૈરાગ્ય થાંભલા રે,
ગગન ચંદરવો શોભે ચારે પાસ રે, મંડપની શોભા બની રે.
ઝરણા ઝમ્મર જોડાજોડે બાંધિયાં રે,
હરખ હાંડીઓ હારોહાર રે, મંડપની શોભા બની રે.
ત્યાં તો અનહદ વાજિંત્ર વાગિયાં રે,
દેખો રવિ-શશિ દીવીદાર રે, મંડપની શોભા બની રે.
અઢાર ભારનાં તોરણ ઓપતાં રે,
દીપે નવલખ દીવ તેણે ઠામ રે, મંડપની શોભા બની રે.
મંગળ ધુની ત્યાં ગીત ગાય માનુની રે,
બુદ્ધિબાઈનો હરખ ન માય રે, મંડપની શોભા બની રે.
હરિરસનો માણકથંભ રોપીઓ રે,
અનવળાઈ ઉકરડી ભારી ભૂમિ માંય રે, મંડપની શોભા બની રે.
નવીન રંગ નારાયણ નામનો રે,
ચિત્ત ચિત્ર દરી રહ્યાં તે ઠામ રે, મંડપની શોભા બની રે.
મોક્ષ-મારગની વાટો વળાવિયો રે,
ગુણ ગાય તે ગણપતરામ રે, મંડપની શોભા બની રે.

પદ ૧૯૧–ધોળ

(આડા રે ઘૂંઘટ વહુને વ્હાલેરા લાગે–એ રાગ)

ાહશાંતિ કરવા બુદ્ધિબાઈ બાજઠે બેઠાં,
ંચ વિષયનાં પક્ષાં કીધાં હો પ્રાણિયા,
ાવે રે ગીત ગુણવંતી ગોરી .... (ટેક)
ાામ ક્રોધ કેરાં લાકડાં લાવો,
ગર્વનાં ઘી હોમાવો પ્રાણિયા, ગાવે રે ગીત ગુણવંતી૦
ગરુડ ગાંધર્વ યક્ષ કિન્નરને કહાવો,
વિદ્યાધરને તેડાવો હો પ્રાણિયા, ગાવે રે ગીત ગુણવંતી૦
રવિ શશિ ભોમ બુધ ગુરુ ગુણવંતા,
શનિ શુક્ર પૂજે ટળે ચિંતા હો પ્રાણિયા, ગાવે રે ગીત ગુણવંતી૦
શેષ શંકર શક્તિ વિષ્ણુ વિવેકી,
પંચ દેવ સેવો નેકી હો પ્રાણિયા, ગાવે રે ગીત ગુણવંતી૦
જૂઠના જવ–તલ જરૂર હોમાવો,
અવસર નહિ આવે આવો હો પ્રાણિયા, ગાવે રે ગીત ગુણવંતી૦
ગણપત કહે ગ્રહશાંતિને કીજે,
મનુષ્યાજન્મ લહાવો લીજે હો પ્રાણિયા, ગાવે રે ગીત ગુણવંતી૦

પદ ૧૯૨–રાગ ધોળ

ચાક વધાવાને ચિત્તડું હો કીધું, કરમ ધરમ અક્ષાણું લીધું;
મતિ રે કુંભારીને આપવા રે.
શાંતિ બુદ્ધિ સાથે ગીતડાં ગાતાં, વરઘોડો ભરવા કુંભારી ઘેર જતાં;
કરુણાના કુંભ મંગાવિયા રે.

બ્રહ્મજ્ઞાનરૂપી ભારે છે દરિયો, ત્યાં જઈને ગુરુજ્ઞાન વરઘ્યો રે ભરિયો;
સંશે ને શોક ટળી ગયા રે.
બોલાવો ગરીબાજી નાની વહુવારુ, કરુણાના કુંભ ચડાવાને સારુ;
આપણ ચાર વરઘ્યો લેઈ શોભશું રે.
ગમનો ગોતરડો ગરીબ વહુએ લીધો, શાંતિ તે બાઈને સાદ જ દીધો;
ટકને તોરણ આવિયાં રે.
ગરીબાજી વહુ કે' હું કુંભ નહિ ઉતારું, આપો મુને કાંઈ સારામાં સારું;
હરિગુરુ સંતની સેવના રે.
ધન્ય રે ગરીબ બહુ ભાગ્ય તમારું, હરિ ગુરુ સંત સેવે સુખ સારું;
જેથી પરમપદ પામીએ રે.
એટલે ગરીબ વહુએ કુંભ ઉતાર્યો, આપો બુદ્ધિબાઈ લાગ અમારો;
ગણપત ગુરુ ગોવિંદને રે.

પદ ૧૯૩

આવી આવી અગમપુરીની જાન રે.
મન માતંગે બેઠા છે શ્રીભગવાન રે.
લહે લુણારી વરજીને લુણ ઉતારે રે.
જે જેકાર થઈ રહ્યો જુગ સારે રે.
દશ બારીને બંગલે કરિયા મુકામ રે.
જશરૂપી છે જાનીવાસાનું નામ રે.
નિરગુણ વરને પ્રેમ–પાથરણાં દીધાં રે.
ભાવિક ભક્તે દોડીને દરશન કીધાં રે.
વાલાજીનાં વેદ કરે છે વખાણ રે.
ગુરુ ગણપતનો દીસે છે ચતુરસુજાણ રે.

પદ ૧૯૪
(અનિરુદ્ધજીની ઘોડલી—એ રાગ)

આવ્યા સોહં સ્વામી સુજાણ, સામૈએ સંચરો.... (ટેક)
બુદ્ધિબાઇને માથે છે મોડ, રામણ દીવો કર ધર્યો—સા૦
શાન્તાઇ લીધાં સુખડાં રે જરણા ઝારી શિર;
જ્ઞાનરૂપી પાણી ગોળનું રે, આવ્યાં જમાડવાને જુગદીશ—સા૦
ભેટયો કીધી ભાવની રે, મળ્યા વિવેક વેવાઈ;
તન મન ધન આરોપિયાં રે, જેણે જગપતિ કીધા જમાઈ—સા૦
મનકામના કંકાવટી રે, ચાંદલો કીધો કપાળ;
નામ નાકને તાણિયું રે, ત્યારે હસિયા દીનદયાળ—સા૦
ગાય ગીત ત્યાં ગોરડી રે, સારા સુંદરશ્યામ;
મન હરખ્યાં મહાજન તણાં રે, ગુણ ગાયે ગણપતરામ—સા૦

પદ ૧૯૫

જુઓ જુઓ જગતના લોક, વરઘોડો નિરગુણ નાથનો....(ટેક)
જેનું નામ જપે નરનાર, મેળો સંત સાથનો—વર૦
પંચરંગી છે ઘોડલી રે, પ્રેમ તણાં છે પલાણ;
લક્ષ લગામ નિજ નામની રે, બેઠા સોહંગ ચતુર સુજાણ—વર૦
તેજ તોપમાં દમનો દારૂ, પ્રેમ પલીતા પાય;
ભજન ભડાકા ભાવના રે, તેણે કૂડકપટ ઊડી જાય—વર૦
ઈર્ષા વાડી ઓપતી રે, ફરતાં ફૂલ અપાર;
કામ ક્રોધ ને મમતા માયા, લૂંટાવી દીધાં તે વાર—વર૦
પ્રીત પખાજ ભેર ભુંગળો રે, શરણાઈ વાગે સાર;
કરમની કોઠીઓ ફોડીઓ રે, ભલાઈ ભૂંગળાંના ભભૂકાર—વર૦

જ્ઞાનઘોડાને ફૂદાવતા રે, અલગેલો અસવાર;
નિર્ભય નિશાન શોભી રહ્યાં રે, ઊડે આતશબાજી અપાર-વરુ૦
અનહદ વાજાં વાગિયાં રે, આનંદ અદકો થાય;
ટેક તોરણે આવિયા રે, ગુણ ગણપત વરણવી ગાય-વરુ૦

પદ ૧૯૬-ધોળ

(સર્વે સખી જીવન જોવાને ચાલો રે-એ રાગ)

સોહંજીને બુદ્ધિ સાસુ છે સારી રે.
પોંખવાને આવી છે દેવ મોરારિ રે.
ધર્મનું ધુંસળ રીત રવૈયો રે.
અભિમાન ઈંડી-પિંડી ને સરીઓ રે.
મોહ મુશળ ત્રાકને તોરણ અડાડી રે.
અમ્મર વરને જગતની રીત દેખાડી રે.
કુટિલતાનાં કોડિયાં ભાગીને આજ રે.
ગણપત ગુરુ તો માંહ્ય રે આવ્યા મહારાજ રે.

પદ ૧૯૭-ધોળ

હાં રે સુમતિ કન્યાનું સાજન સારું રે.
સિદ્ધિબુદ્ધિ શાન્તા ને અકલ વહુવારુ રે.
જાનૈયા ને જમવાને ઉકાડો રે.
ભાવતાં ભોજનિયાં પીરસાવો રે.
પ્રેમ પડિયાને પ્રીત પતરાળી રે.
સોહંવરના સારુ સોનાની થાળી રે.

બહુનામીને બાજઠિયે બેસાડો રે.
કળશ કંચનના તે નીરે ભરાવો રે.
ઘેબર ધારી કચોરી ને કંસાર રે.
પુરી પેંડા સુંદર સેવો સાર રે.
પોળી લાડુ પકવાનનો નહીં પાર રે.
છૂટા દળમાં ગુણીએ તે ઘીની ધાર રે.
શીરો સુખડી છૂટી દાળ વધારી રે.
અડદ તુવેરની દાળ ઉકાળી સારી રે.
ચણા ચોળા વાલ વટાણા સોહીએ રે.
વડી વઘારી પાપડ મઠિયાં જોઇએ રે.
આદુ લીંબુ મરચાં તણાં અથાણાં રે.
છત્રીશાં શાકનાં ભરિયાં ભાણાં રે.
કુર કમોદનો શ્રીધો છે કોડે રે.
જાનૈયા તો જમે છે જોડાજોડે રે.
મુખવાસ મનમાન્યો મંગાવી રે.
પાકા પાનની બીડી આપો બનાવી રે.
તજ ઈલાયચી ઉપર દીજે લાવી રે.
કેશર કસ્તૂરી માંહી મિલાવી રે.
લવિંગ સોપારી જાવંત્રીને ભેળી રે.
ગાવા ગીત માનુની સઘળી મળી રે.
સુંદર વરની શોભા કહી નવ જાય રે.
ગુણ તેના ગણપત વરણવી ગાય રે.

જ્ઞાનઘોડાને કરાવ્યા રે, અલખેલો અસવાર;
નિર્ભય નિશાન ગોળી ચલાવ્યાં રે, છૂટે આતશબાજી અપાર-વરરા
અનહદ વાજાં વાગિયાં રે, આનંદ અઢળો થાય;
દેવ તેત્રીસ આવિયા રે, ગુણ ગણપત વરણવી ગાય-વરરા

પદ ૧૯૬–ધોળ

(મારે સખી હવન જોવાને ચાલો રે-એ રાગ)

મોહજીને બુદ્ધિ સાસુ છે સારી રે.
પોંખવાને આવી છે દેવ મોરારિ રે.
ધર્મનું ધૂંસળ રીત રવૈયો રે.
અભિમાન ઈંડી–પિંડી ને સરીઓ રે.
મોહ મુશળ ત્રાકને તોરણ અડાડી રે.
અમ્મર વરને જગતની રીત દેખાડી રે.
કુટિલતાનાં કોડિયાં ભાગીને આજ રે.
ગણપત ગુરુ નો માંહ્ય રે આવ્યા મહારાજ રે

પદ ૧૯૭–ધોળ

[illegible] સન્મતિ કન્યાનું સાજન સારું રે.
નિર્બુદ્ધિ શાન્તા ને અક્કલ વહુવારુ રે.
[illegible] ને જમવાને ઉડાડો રે.
[illegible] ભોજનિયાં પીરસાવો રે.
[illegible] પદ્મિનીને પ્રીત પતરાળી રે.
[illegible] વરના સારુ સોનાની થાળી રે.

બહુનામીને બાજઠિયે બેસાડો રે.
કળશ કંચનના તે નીરે ભરાવો રે.
ઘેબર ઘારી કશેરી ને કંસાર રે.
પુરી પેંડા સુંદર સેવો સાર રે.
પોળી લાડુ પકવાનનો નહીં પાર રે.
છૂટા દળમાં ગુણીએ તે ઘીની ધાર રે.
શીરો સુખડી છૂટી દાળ વઘારી રે.
અડદ તુવેરની દાળ ઉકાળી સારી રે.
ચણા ચોળા વાલ વટાણા સોહીએ રે.
વડી વઘારી પાપડ મઠિયાં જોઇએ રે.
આદુ લીંબુ મરચાં તણાં અથાણાં રે.
છત્રીશાં શાકનાં ભરિયાં ભાણાં રે.
કુર કમોદનો શીધો છે કોડે રે.
જાનૈયા તો જમે છે જોડાજોડે રે.
મુખવાસ મનમાન્યો મંગાવી રે.
પાકાપાનની બીડી આપો બનાવી રે.
તજ ઈલાયચી ઉપર દીજે લાવી રે.
કેશર કસ્તૂરી માંહી મિલાવી રે.
લવિંગ સોપારી જાવંત્રીને ભેળી રે.
ગાવા ગીત માનુની સઘળી મળી રે.
સુંદર વરની શોભા કહી નવ જાય રે.
ગુણ તેનાં ગણપત વરણવી ગાય રે.

પદ ૧૯૮

(ઓ ગાગ શ્રીકૃષ્ણ દ્વારિકામાં જઈને રવા-એ રાગ)

હવે સુમતિને શણગારિયાં, શોભા બની નખશિખ રે;
મરજાદ માંભો માંહ્યરે, લાવિયા તેને દિશ રે;
ભક્તિરૂપી ઘાલી વરમાળ, મંગળ ગાય માનુની....(ટે
મધુપરક મન હરખનો, વિધિ વેદ ભણતા જાય રે;
ગુરુગમ છેડા ગાંઠિયા, સુમતિનો હરખ ન માય રે-ભક્તિ
ચારે દેહની ચોરી કરી, ચાર વાણીની ચાલી ધુન્ય રે;
મનોહર બેઠા માહ્યરે, મારું પૂરવ કેરું પુન્ય રે-ભક્તિ
બુદ્ધિએ મોડ માથે ધર્યો, દે વિવેક કન્યાદાન રે;
અમરવરને ઓળખ્યા, સદ્દગુરુએ આપ્યું જ્ઞાન રે-ભક્તિ
જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ, તુરીયા ત્યાં વરતાય રે;
મંગળ વરત્યાં મોક્ષનાં, આનંદ અઢેકો થાય રે-ભક્તિ
હાથેવાળો મેળવ્યો, લાગ્યું ચતુરવરશું ચિત્ત રે;
ગેબી નગારાં ગડગડ્યાં, ઊઠ્યા પરણીને અદ્વૈત રે-ભક્તિ
પંચ કોષની પાલખી, બેસિયાં નર ને નાર રે;
ગુરુ ગણેશને પૂજવા, ચાલિયાં તેણી વાર રે-ભક્તિ
મન મીંઢળને છોડિયું, સોંપ્યું સદ્દગુરુને હાથ રે,
ગુરુજી ગણપતરામના વર્યા સુમતિ વૈકુંઠનાથ રે-ભક્તિ

પદ ૧૯૯

(ગોરસવાળી ગોપિકા, મહી વેચવા ચાલી-એ રાગ)

સુમતિબાઈ સોહામણી, સાસરીએ ચાલી.
બળવંત બહુનામી તણું, બાનું બાવડું ઝાલી

ખટચક્રની કરી ખોજના, વંકનાળની વાટે;
અનહદ ધૂની ઊપડી, ત્રિકુટીને રે ઘાટે.
પચરંગી ત્યાં દીવડો, જ્યોતિ ઝળહળ જાગી;
બ્રહ્મભોવન ત્યાં ઊઘડ્યાં, વહાલા થયા વિતરાગી.
શૂન્ય શિખર શોભા ઘણી, કોટી ભાણ પ્રકાશી;
અધર સિંહાસન ઉપરે, બેઠા શ્રી અવિનાશી.
વણ વાદળ ત્યાં વીજળી, વણ રવિ અજવાળું;
સોહં સ્વામી સર્વમાં, એક સરખા ભાળું.
ઘંટા નાદ ગગનમાં, જોગ ઝાલરી વાગી;
સદ્‌ગુરુ શાને ઓળખ્યા, લેહ લક્ષમાં લાગી.
અરસપરસ એક એકમાં, મેળો મુખ્ય મુકામે;
સરિતા સાગરમાં ભળી, ગાયું ગણપતરામે.

પ્રભાતિયાં

પદ ૨૦૦–છંદ ઝૂલણા

(તને રોકી રહી રાધિકા રંગ જામ્યો ઘણો–એ રાગ)

કરણી કિરતાર સંસાર કેવો કર્યો.... (ટેક)
પ્રાણી ભવ પાર તો કોઇક પામે;
કર્મ અકર્મ વિકર્મ વ્યાપી રહ્યાં,
ભૂલથી ચઢ્યા જૂઠે ભામે. —કરણી કિરતાર૦
પૃથ્વી ને પાણી વળી તેજ ને પવન તે,
અકળ આકાશ એ સકળ શોભે;
દીસતા દિવ્ય તારા અતિ ઓપતા,
ભાણ શશિ ભાળીને મન લોભે. —કરણી કિરતાર૦

જળ તણા બિંદુના દેહ આ દેખી લ્યો,
જીવ જમાવિયો જુક્તિ દેવી;
હાડ ને માંસ નાડી ત્વચા રોમ,
એ ઇંદ્રિયો આપી દશ ઈશ એવી. —કરણી કિરતાર૦
પિંડ બ્રહ્માંડમાં એક રચના રચી,
બાહારે ભીતરે કોક બૂઝે;
સાચ કે જૂઠ એ કાંઇ કહેવાય નહિ,
જાહેર જગતમાં લોક ઝૂઝે. —કરણી કિરતાર૦
ઝાડ ને પહાડ જળ જુવોને સમુદ્રનું,
હદ મેલી નવ આઘું આવે;
ખટરસ ખલકમાં બીજ વાવે બને,
ખાંતથી ભાવિકો સર્વ ખાવે. —કરણી કિરતાર૦
વ્યાપક એક આ વિશ્વમાં શ્રીહરિ,
સગુણ કે નિરગુણ નામ કહિયે.
દાસ ગણપત તણી આશ પૂર શામળા!
ચરણને પૂજવા શરણ રહિયે. —કરણી કિરતાર૦

પદ ૨૦૧

જાગીને જોને તું જીવ ગુરુ જ્ઞાનમાં,
ભાવે ભગવાનની ભક્તિ કરવા,
તન ને મન વળી ધન તારું નથી,
ત્યાગ તૃષ્ણા ભવસિંધુ તરવા. —જાગીને જોને તું૦
ભક્ત ભગવંત વળી સંતને સદ્ગુરુ,
રૂપ છે એક ને નામ ન્યારું,

ચારનો સાર સંસારમાં સમજવો,
તે થકી કારજ થાય તારું. —જાગીને જોને તું૦

જ્ઞાન અજ્ઞાન વિજ્ઞાનને સમજીને,
બુદ્ધિથી તેહની બૂજ કરવી;
દુઃખને સુખ આવી પડે દેહને,
ધ્યાની જન ભક્તને ધીરજ ધરવી—જાગીને જોને તું૦

માત ને તાત વળી ભ્રાત સુત ભામની,
જામની સ્વપ્નમાં જૂઠી થાય;
જનમી સંસારમાં ચિત્ત ધરણારમાં,
અંતે તજી તેહને જરૂર જાય—જાગીને જોને તું૦

ધામ ને દામ ધરી હામ મારું કહે,
રામ વિસારીને કામ કરતો;
જન્મમરણનો પાર પામ્યો નહીં,
ફોગટ ફંદમાં ચાલે ફરતો —જાગીને જોને તું૦

નાર તલવાર અગ્નિ નહિ આપણી,
તાપણી તાહરી તે જ કરશે;
ગણપતરામ શિશ નામી નરનારીઓ,
તર્ત ભવસાગર એ જ તરશે. —જાગીને જોને તું૦

પદ ૨૦૨

ચેત ચેતાવું અચેત નર તુજને, કાળ વિકરાળની ફાળ ભારી;
અલ્પ અવતાર જમમાર માથે વળી, માન શિખામણ મૂઢ મારી.
—ચેત ચેતાવું અચેત નર તુજને૦

દામિની અમિની [illegible] કાંઈ કામ નાવે;
તન ને ધન [illegible] વળી કાળ આવે.
[illegible] નર તુજને૦

આવિયુ [illegible] તે કેમ મૂકે?
[illegible] નહિ રે ચૂકે.
[illegible] નર તુજને૦

[illegible] જેમ વાણી;
[illegible] પ્રાણી.
[illegible] નર તુજને૦

નામ ને [illegible] કરવો.
[illegible] કરવો.
[illegible] તુજને૦

[illegible]
[illegible] તુજને૦

ચોરી ને જારી સૌ જન ચહાતા ફરે,
બોધ કરનારને બોધ આપે;
જીવ વિમુખનું દુઃખ દુનિયા વિષે,
તુજ વિના કષ્ટ એ કોણ કાપે! —કાંક મેં પાપ૦
કળિતણા કોપમાં લોપ સૌ કો થયા,
ભજન ભગવાનનું કેમ ભાવે!
મરણ માથે ભમે શરણ તો ના ગમે,
અલ્પ આયુષ્ય અભિમાન આવે. —કાંક મેં પાપ૦
મૂકીને ધર્મ કુકર્મ કરતા ફરે,
મર્મ જાણે નહીં કૃષ્ણ કેરો;
સંત અસંતની રીત સમજે નહીં,
ફોગટ ફંદમાં ખાય ફેરો. —કાંક મેં પાપ૦
વેદના ભેદનો ખેદ ખાંતે કરી,
લાજ મરજાદ નહીં લેશ લાવે;
દાસ ગણપત તણી આશ પૂર આ સમે,
નાથ સંસારમાં જનમ ના'વે. —કાંક મેં પાપ૦

પદ ૨૦૪

દીનદયાળ કૃપાળ શ્રીકૃષ્ણનું, ... (ટેક)
નિત્ય ઊઠી અને નામ લેવું;
પાછલી રાત પરભાતના પોહોરમાં,
કૃષ્ણ તું કૃષ્ણ તું મુખ કહેવું. —દીનદયાળ કૃપાળ૦
એ જ નિરગુણ નિરાકાર મારા નાથજી,
સગુણ થઈ સર્વને સુખ આપે;

પિંડ બ્રહ્માંડમાં પૂરણ વ્યાપી રહ્યો,
ભક્તજન કેરાં એ કષ્ટ કાપે. —દીનદયાળ કૃપાળ
કળિમાંહી કૃષ્ણકીરતન કથા જે કરે,
તે તરી તર્ત ભવપાર પામે,
કરી સતસંગ ભગવંત ભજ ભાવશું,
વિશ્વની વેદના સર્વ વામે. —દીનદયાળ કૃપાળ૦
ચપળ આયુષ્ય છે ચેત ચિતડા વિષે,
કાયાનું કામ તો છેક કાચું;
નામ સમાન તપતીરથ આવે નહીં,
શ્યામનું સમરણ માન્ય સાચું—દીનદયાળ કૃપાળ૦
એણે આ અવનિમાં અનેક લીલા કરી,
ગોકુળ ગામમાં ગાય ચારી;
અસુર સંહારિયા, ભક્તને તારિયા,
ધાવતાં માસીને તર્ત મારી. —દીનદયાળ કૃપાળ૦
એ જ અવિનાશ વિશ્વાસીને શિર વસે,
અડગ ઉપાસની જન જાણે;
ગણપતરામ ગોવિંદ ગુણ ગાઈ લે,
જીવતાં મોક્ષનું સુખ માણે. —દીનદયાળ કૃપાળ૦

- - - - -

પદ ૨૦૫

ચપળ મન ચોર કઠોર તું કર કહ્યું, રામનું નામ રુદિયામાં રાખે.
આજ કે કાલમાં જમ આવી ઝાલશે, દાન દેને દયા દલ રાખે.
—ચપળ મન ચોર કઠોર તું કર કહ્યું૦

નાર તલવાર ને અગ્નિ નહીં આપણી, કોપ કરે ત્યારે લોપ થાશે;
સુખમાં દુઃખ અપાર દેખાય છે, દુઃખમાં સુખ ગોવિંદ ગાશે.
—ચપળ મન ચોર કઠોર તું કર કહ્યું૦

ત્યાગી બડભાગી વિતરાગી થઈ વિશ્વમાં,વશ કરી વરતિયો સંતસેવે;
કાળ તજ, ક્રોધ તજ, લોભ તજ લાલચુ, દેહ મનુષ્યનો દીધો દેવે.
—ચપળ મન ચોર કઠોર તું કર કહ્યું૦

ધામ ને દામ માની રહ્યો માહરું, કોઈ તારે નહીં કામ આવે;
નામ, ગુણ, રૂપનો નાશ નકી થશે,ભજન ભગવાનનું શે ન ભાવે?
—ચપળ મન ચોર કઠોર તું કર કહ્યું૦

દેશ વિદેશ હંમેશ ફરતો ફરે, મોત તુજને નહીં એમ મૂકે;
અંતે ભગવંત તને આવી ઉગારશે, ચતુર થઈ ચિત્તમાં કેમ ચૂકે?
—ચપળ મન ચોર કઠોર તું કર કહ્યું૦

દીનદયાળ સંભાળ લે સરવની, નામ પરતાપથી દુઃખ નાસે;
ગણપત ગુણ ગોવિંદના ગાઈ લે, પ્રગટ પરમાતમા તુજ પાસે.
—ચપળ મન ચોર કઠોર તું કર કહ્યું૦

પદ ૨૦૬

જાગ રે જદુપતિ આપ ઉત્તમ મતિ, નાથ તને નીરખવા મન મારું;
શરણ રહી ચરણની નિત્ય સેવા કરું, તરણ તારણ કરું ભજન તારું.
—જાગ રે જદુપતિ આપ ઉત્તમ મતિ૦

તારે મારે પ્રીત પૂરવ તણી, કામ કીરતન વિના કાંઈ ન સૂઝે;
લોકના થોક મળી હોક બોલે વળી, બેસી બળવંતને સંત બૂઝે.
—જાગ રે જદુપતિ આપ ઉત્તમ મતિ૦

જગત જંજાળમાં કાળ માથે ફર્યો, ભાળ લે ભૂધરા દાસ ભાગી;
આશ વિશ્વાસ અવિનાશ છે તારી, તનતણું દુઃખ હરિ નાખ ટાળી.
—જાગ રે જદુપતિ આપ ઉત્તમ મતિ૦

કળિમાંહી કપટની ઝપટ જબરી થઈ, લંપટ થયા લોક કરે કરણી કૂડી;
ચોરીને જારી ચૂગલી ચહાતા ફરે, ભવમાંહી ભાવી કરે વાત ભૂંડી.
—જાગ રે જદુપતિ આપ ઉત્તમ મતિ૦

કર તું કિરતાર રક્ષણ કળિકાળમાં, ઉગાર્યાનો પ્રભુ આપ આરો,
કામ ને ક્રોધ વિરોધ સૌ વિશ્વના, વિષયવિકાર મનમાંથી વારો.
—જાગ રે જદુપતિ આપ ઉત્તમ મતિ૦

ધર્મ શુભ કર્મ વેદ પરમ પદ પામવા, દુઃખ સુખ આપ સારું;
દાસ ગણપત ગુણ તારા ગાય છે, પ્રભુ મને આપનું નામ પ્યારું.
—જાગ રે જદુપતિ આપ ઉત્તમ મતિ૦

પદ ૨૦૭

મૂકીને માન સુણ જ્ઞાન ગોવિંદનું, સાચ માની કરે સંતસેવા;
પિંડ બ્રહ્માંડમાં પૂરણ પ્રકાશ છે, વાસ સૌમાં વસે દેવ દેવા.
—મૂકીને માન સુણ જ્ઞાન ગોવિંદનું૦

અજર અમર ઝરે ધ્યાન હરિનું ધરે, જીવતાં જે મરે નર ને નારી.
કૃષ્ણકિરતન કરે હેઠ દામે ઠરે, તર્ય ભવજળ તરે ભક્ત ભારી
—મૂકીને માન સુણ જ્ઞાન ગોવિંદનું૦

વસ્તી કે વન વસે ધર્મમારગ ધસે, હું ને મારું જરી જોગ જાપે
મુક્તિ તેને મળે પ્રેમભક્તિ પળે, વૃત્તિ પાછી વળે મોક્ષ માપે
—મૂકીને માન સુણ જ્ઞાન ગોવિંદનું૦

શ્રાન્તિને ભાગ્ય ને ત્યાગ તૃષ્ણા વળી, ખોલ પડદો ને બોલ સાચું;
ગર્વ તજીજ્ઞાન તું રાખ્ય રુદિયા વિષે,આત્મ ચિન્યા વિનાકામ કાચું.
—મૂકીને માન સુણ જ્ઞાન ગોવિંદનું૦
જપી લેને જપ બળે પૂર્વના પાપ વળી,ઓળખી આપ સંતાપટાળે;
વાણીને વેદનો જાણી લે ભેદ તું, બ્રહ્મ ભરપૂર ભવમાંહી બાળે.
—મૂકીને માન સુણ જ્ઞાન ગોવિંદનું૦
બહાર ને માંહી વળી ધૂપને છાંય જ્યાં,આંહીને ત્યાંય ભગવંત ભાસે;
ગણપતરામ ઘટ માંહી વાસો વસે, પ્રગટ પરમાતમા તુજ પાસે.
—મૂકીને માન સુણ જ્ઞાન ગોવિંદનું૦

પદ ૨૦૮—શ્રીકલિયુગનો ગરબો

(પૂજું ગણપતિના પાય, પૂજું અંબિકાની પાવડી રે—એ રાગ)

પ્રેમે પૂજું હરિ પાય, આઈ અંબા આરાધીએ રે;
સહાય કરો રઘુરાય, શિવ શક્તિને સાધીએ રે.
કરું ગાન ધરું ધ્યાન, મારી બહુચરાજી બાઈનું રે;
દેવી દીજે બુદ્ધિદાન, માની સાચી સગાઈનું રે.
ભક્તિ કરવા છે ભાવ, દાવ આવ્યો છે આઈજી રે;
કરી રુદેમાં ઉચ્છાવ, નાવ તારોને માઈજી રે.
કળિકાળ તો કઠોર, જોર જબરું છે જેહનું રે;
ભક્તિ ધર્મનો છે ચોર, કામ તેવું છે તેહનું રે.

થયો લાજ કેરો લોપ, કહ્યું માને ન કામિની રે;
એવો કળિ કેરો કોપ, ભૂંડું કામ કરે ભામિની રે.
વિપ્ર મેલીને વેદ, કામ કૃષિનું આદરે રે;
ભાળો ભક્તોના ભેદ, દામ માટે દગા કરે રે.
પ્રગટયા જુગમાં પાખંડ, સંત સાચા સંતાઇ ગયા રે;
જૂઠા જાણો જરૂર, શૂદ્ર સઘળા સાધુ થયા રે.
વણિક માંડી વેપાર, પૂરણ પૈસો ભેગો કરે રે;
લેઈ લોકોના દામ, દગે દેવાળું આદરે રે.
પાડી બીજાનું નામ, હાટ માંડે બજારમાં રે,
કરે કોળીનું કામ, શેઠ શાણા સંસારમાં રે.
થયો ભૂપતિમાં ભેગ, રાજનીજ બદલાઈ ગયાં રે;
મૂરખ મિત્રનો મેળ, રાંક રૈયત દુખિયાં થયાં રે.
જૂઠા જીતે જરૂર, સાચા હારે સંસારમાં રે;
ચડયું પાપ કેરું પૂર, નષ્ટ ગુણ થયા નારમાં રે.
પેઠું કોરટોમાં કૂડ, લોભે થયા છે લાંગિયા રે;
જેમ ઘૂમવે છે વૂડ, પાપ માગ્ગમાં પોગિયા રે
વિપ્ર સાધુની વહાર, કોઈ ક્ષત્રી કરતા નથી રે,
નથી દેશમાં દાતાર, દુઃખ કેને કહીએ કથી રે,
બંધ યજ્ઞ ને હોમ, સુભ ગૃહસ્થી ધાના થયા રે
દુઃખી વાછરૂ ને ગાય, દેખી નાવે દિલમા દયા રે
કરે સાસુની સેવ, માને માને નહિ માનવી રે
અહેન કેરો નહિ બોજ, સાળી પરેઠે સાટી નવી રે
પૂજે પામર પાખંડ, સત્ય ક્યાંઈ સંતાઈ ગયું રે
ખોળી જોયા નવ ખંડ, કાંઈ કહેવાનું નવ રહ્યું રે

કળિમાં તો આવો ફેર, મેહેર કરોને માવડી રે;
પ્રેમે સાંભળી લ્યો પેર, આઈ આવોને આ ઘડી રે.
રક્તબીજ આદિ દૈત્ય પેહેલા, જુગે પેદા થયા રે;
દીધું દેવતાને દુઃખ, ઘર મૂકી નાસી ગયા રે.
સુરપતિ લેઈ સાથ, શ્વેતગિરિ શરણે ગયા રે;
જોઈ માતા કેરું મુખ, હાથ જોડી ઊભા રહ્યા રે.
મેહેર કરીને માત, આઈ અમર ઉગારીએ રે;
કહી માંડીને વાત, માય દાનવને મારીએ રે.
ઊડયાં એ ઘડીએ આપ, આવી અમર ઉગારિયા રે;
કરી દાનવને કોપ, શક્તિ અસુર સંહારિયા રે.
હણ્યા શુંભ ને નિશુંભ, મધુકૈટભને મારિયો રે;
રોળ્યા રાવણ ને કુંભ, રક્તબીજને વિડારિયો રે.
આદિ અંત મધ્ય માંહી, માત સાચી તું સાંભળી રે;
કોઈ પામે ન પાર, કોટી ગળિયા હોયે કવિ રે.
તું હી પૃથ્વી પવન, પાણી પલ્લવને પેખીએ રે;
તું હી અગની ગગન, દશો દિશ માંહી દેખીએ રે.
પંચ વિષય ને પ્રાણ, વાસ તારો વ્યાપી રહ્યો રે;
કરો કાળી કલ્યાણ, આઈ આશરો છે તારો રે.
ગંગ સાગર ને સુર, નૂર તારું નારાયણી રે;
વ્યાપી રહી ભરપૂર, પ્રેમે પૂજું પારાયણી રે.
રાખો બાનાની લાજ, કાજ ભક્તો કેરાં કરો રે;
આઈ અરજી તો આજ, ઊલટ આણી ઉરમાં ધરો રે.
દેશ કહાવે કંઠાવ, ગામ વરસોડું નામ છે રે;
ભલો બ્રાહ્મણનો ભાવ, સાબર કાંઠે મુકામ છે રે.

વિપ્ર જાને [illegible] ગૌતમનું કહાવીએ રે;
આપ્ય કીધમી [illegible] સોહાવીએ રે.
સાંગે ગણપતરામ, [illegible] નામનો રે;
માને કરીને પ્રમાન, [illegible] નનો રે.

પદ ૨૦૯—રાગ ભા.

([illegible])

રામનામ મુખ બોલ, આ શઠના તું રામનામ મુખ બોલ (ટેક)
લખનાં બીજે [illegible] નહિ [illegible]—આ૦
જઠરામાં જેણે તુજને [illegible]—આ૦
ભાવ કરીને રામ ભજી લે, [illegible]—આ૦
અંત સમયે સાથે નવ આવે, [illegible]—આ૦
ગણપત કહે [illegible] નવ [illegible]—આ૦

પદ ૨૧૦

રામ વિનાની વાણ, આ જીવડા તું [illegible] (ટેક)
ચણરજે અહલ્યા ઉદ્ધારી, [illegible] — ૦
નામે રે ગુણકા નાર ઉગારી [illegible] — ૦
ભજન કરે તેની ભાવટ ભાગે, [illegible] — ૦
સગુણ થઈ સહુને સુખ આપે, નિર્ગુણ [illegible] — ૦
ભાવે રે ગણપત ભજન કરી લે, [illegible] — ૦

પદ ૨૧૧

રટને સીતારામ, આ રસના તું રટને સીતારામ.
૦ વિના કોઈ કામ ન આવે, ઘર અંતર સુખ [illegible]

રામભજન દયા દીનતા રાખે, હૈડે ધરજો હામ—ઓ૦
નામ ધૂન રાખ્ય હૃદયમાં, શ્રીપતિ સુંદરશ્યામ—ઓ૦
રામરટણ વિના પળ નવ રહેવું, કર કારજ નિષ્કામ—ઓ૦
જગની રે માયા ગણુપત જૂઠી, સાચા સુંદરશ્યામ—ઓ૦

પદ ૨૧૨

ભવતારણ ભગવાન, ભજ મન ભવતારણ ભગવાન.... (ટેક)
ભવ તારે તેને ભગવત કહીએ, એવું ગુરુનું જ્ઞાન—ભજ મન૦
મહામંતર ઉપદેશને આપે, દેજો મોક્ષનું દાન—ભજ મન૦
હરિસમરણમાં હેત જ રાખો, મૂકી માન ગુમાન—ભજ મન૦
કાયા માયા કામ ન આવે, કરને પ્રભુરસ પાન—ભજ મન૦
ગણુપત કહે ગોવિંદગુણ ગાજે, સમજી સતગુરુ સાન—ભજ મન૦

પદ ૨૧૩—રાગ ઠૂમરી

દિલમાં પ્રગટો દીવડો ગુરુગમ જ્ઞાનનો રે........ (ટેક)
અનુભવસૂરજ ઉદે થાશે, માયાનું અંધારું જાશે;
આતમ રૂપ પ્રકાશે, ધારણ ધ્યાનનો રે. —દિલમાં પ્રગટો૦
વિકાર સઘળા અળગા જાશે, ઉન્મનિએ અજવાળું ભાસે;
તૃષ્ણા ક્ષય થાશે, એ મારગ ધામનો રે. —દિલમાં પ્રગટો૦
નિર્વિકલ્પને નિશ્ચે જાણો, આતમ રૂપ તણું સુખ માણો;
કરતા કોણ પ્રમાણો, પ્રભુ રસ પાનનો રે. —દિલમાં પ્રગટો૦
ભિન્ન મટીને લીન થયો છે, કૈવલ્ય મુક્તિ માંહે ગયો છે;
ગણુપત ગુમ થયો દેહાભિમાનનો રે. —દિલમાં પ્રગટો૦

પદ ૨૧૪

(અલબેલી રે આંખે માન જોવાને જઇએ-એ રાગ)

નૂગરાની સોબત ના કરીએ,કરીએ તો ભવમાં કયાં તરીએ!....(ટેક)
નારદજી જ્યારે નૂગરા હતા, ત્યારે હરિએ મુખ નવ જોયું રે;
શુકદેવજી ગુરુ જનક કરિયા, હું પદ સઘળું ખોયું-નૂગરાની૰
શિવ બ્રહ્મા ને છે સદ્‌ગુરુ, ઇંદ્ર ગુરુની કરે સેવ રે;
પારવતી ગુરુ નારદ કરિયા, ત્યારે વર્યા મહાદેવ-નૂગરાની૰
વસિષ્ઠ ગુરુ શ્રીરામતણા, તેણે કહ્યું જ્ઞાન અગાધ રે;
જોગ વસિષ્ઠનો ગ્રંથ છે મોટો, રામ વસિષ્ઠ સંવાદ-નૂગરાની૰
કૃષ્ણે ગુરુ શુક સંદીપ, કહાવ્યા સીતાના વાલ્મીક રે;
ગણપત નૂગરા નરને તેડે, ના જઈએ નજીક-નૂગરાની૰

પદ ૨૧૫

આ જીવત જૂઠું જાણ, જીવડા જો જાગી..(ટેક)
આવો અવસર એળે જાય, ભ્રમણા ના ભાગી-જીવડા૰
સંસાર સુખ તું સાચું સમજ્યો, કૂડું કીધું કાજ રે,
માનવ તનનો મહિમા ન જાણ્યો. લેશ ન આણી લાજ-જીવ૰
મંદિર મેડી માલ ખજાના, મારું માની મકલાય રે.
આવ્યો ત્યારે કાંઈ ન લાવ્યો, જાતાં શું લઈ જાય રે-જીવડા૰
બાગ બગીચા બેઠક સારી, બંગલા કીધા બેસ રે
ગયું જોબન ને જરા આવી, કાળા મટી ગયા કેશ-જીવડા૰
બગીએ બેસી બજારે ફરતું, બહુવિધ કીધી બહાર રે
ગણપત કે' ભાઈ જ્ઞાન વિચારો, માથે જમનો માર-જીવડા૰

પદ ૨૧૬

(રાગ-સોરઠની ગાયા)

અનુભવસૂરજ ઉદે કરો, જોતાં અંધારું જાશે;
અવસર ગયો તે આવે નહીં, પછી પરતાવો થાશે.
મનખા જનમ હવે નહિ મળે........ (ટેક)
વીરા સદ્દગુરુ સાચા શોધીએ, જુવો જીવોની રે જાતો;
પિંડ બ્રહ્માંડને પેખીએ, એવી વેદની વાતો—મનખા૦
અવનિ અનાદિ કાળની, તેમાં જે નર જોયા;
કાળથી કોઈ ન ઊગરે, કોણ રંક ને રાયા—મનખા૦
મહામણિ મળિયો માનવી, માટે મારગે ચાલો;
અમૃત આવ્યું હાથમાં, તેને ઝડપીને ઝાલો—મનખા૦
ક્યાંથી આવ્યો ને ક્યાં જવું, તેનું કારણ કીજે;
પરખિયે પ્રીત્ય પૂર્વ તણી, પ્રેમનો રસ પીજે—મનખા૦
કાયા માયા છે કારમી, વેગે વણસી રે જાશે;
ગણપત ભજીએ ગોવિંદને, ત્યારે ઠેકાણું થાશે—મનખા૦

પદ ૨૧૭

(મૂરખને જ્ઞાન કદાપિ ન થાય-એ રાગ)

ભજ તું ભાવ કરી ભગવાન, મોહન રાખે તારું માન....(ટેક)
ભજન જુવો અગસ્તનું ભારે, કીધું સાગરસ્નાન;
પ્રતાપ પ્રભુનો પૂર્ણ જુવો, કરણે દીધું દાન—મોહન૦
સગાળશાએ સુત વધેર્યો, ધર્યું હરિનું ધ્યાન;
હરિશ્ચંદ્ર હાથે વેચાણા, મૂકી માન ગુમાન—મોહન૦
પ્રેમ ભક્તિને વશ છે પ્રભુજી, જુવો ગુરુનું જ્ઞાન;
ભાજી વિદુરની ખાધી ભાવે, પડયાં મૂકી પકવાન—મોહન૦

સાત દિવસ શુકદેવે સુણાઈ, કથા પરિક્ષતને કાન;
ગણપતરામ ગયા કહી જોતાં, બેસીને વૈમાન—મોહન૦

પદ ૨૧૮

અલ્યા મન ઓળખ આતમરામ, તુજને જડશે તારો ઠામ. (ટેક)
ઘટમાં ગંગા, ઘટમાં જમના, ઘટમાં તારું ગામ;
ઘટ મઠ મહદાકાશે મહાલે, સઘળે સુંદિરશ્યામ—અલ્યા૦
ઘટમાં ચંદા, ઘટમાં સુરા, તારા તેજ તમામ;
ગોવિંદને તું ઘટમાં ગોતે, રોમ રોમમાં રામ—અલ્યા૦
પિંડ બ્રહ્માંડને પ્રીત્યે પેખો, ઠાલો નથી કોઈ ઠામ;
ઝાડ પહાડ જંતુ ને જળમાં, પ્રગટે પૂરણકામ—અલ્યા૦
જપ તપ તીરથ જોગ કરેને, દાહાડી ખરચો દામ;
સદ્ગુરુ વિના સમજણ નાવે, ગાવે ગણપતરામ—અલ્યા૦

પદ ૨૧૯

અમે રે ગયાંતાં બેની સંત સભામાં, હેને હરિગુણ ગાયો;
પ્રેમરસ ગુરુજીએ પાયો.. (ટેક)
જે રસ શિવ સનકાદિકે પીધો,
ગોપીએ ઘટમાં સમાયો; પ્રેમરસ ગુરુજીએ પાયો.
જે રસ શુક નારદજીને સોહીયો,
એ રસ અમને બતાવ્યો, પ્રેમરસ ગુરુજીએ પાયો
જે રસ મીરાંના મનમાં રે વસિયો.
નરસિંહે જુગમાં જણાવ્યો. પ્રેમરસ ગુરુજીએ પાયો
માથું સમર્પણ રે જગમાં સદ્ગુરુ કેરું,
અનો ને દેશ બતાવ્યો, પ્રેમરસ ગુરુજીએ પાયો

જૂઠું સગપણ રે જીવડા જગતનું જાણો,
માયાના બંધમાં બંધાયો; પ્રેમરસ ગુરુજીએ પાયો.
અખંડ હેવાતણ મારે અવિચળ ચૂડો,
અમરવર ઓળખાયો; પ્રેમરસ ગુરુજીએ પાયો.
મનુષા જનમનો તો મહિમા પિછાણો,
ગણપત ગોવિંદ ગાયો; પ્રેમરસ ગુરુજીએ પાયો.

પદ ૨૨૦

પ્રથમ ગુરુજીને પાગે રે લાગું, જેણે આતમ ઓળખાવ્યો;
અનુભવ મારા ઉરમાં રે આવ્યો......... (ટેક)
સ્થૂળ સૂક્ષ્મ કેરો ભેદ જણાવ્યો, સકળમાં અકળ દેખાવ્યો—અ૦
ઓહંગ સોહંગ તેતો નાભિથી ઊઠે, સત્યમાં જઇને સમાવ્યો—અ૦
દૂર જાણ્યો તો મેં દેવ હમારો, પ્રીત્યે પાસે પરખાવ્યો—અ૦
ભ્રાંત્યો ભાગીને ભેદ ભરપૂર જાણ્યો, સદ્‌ગુરુએ સાનમાં સમજાવ્યો.
અમ્મર મંત્ર અવિનાશીનો આપ્યો, અમરપટો લખાવ્યો—અ૦
ઊઘડયો અનુભવ તારે થયું રે અજવાળું, પ્રેમ પિયાલો પાયો.
કોટી જનમ કેરી કુમતિ કાપી, ગણપત ગોવિંદ ગાયો—અ૦

પદ ૨૨૧

(સુરતા લાગી છે જેની, ભમણા ભાગી છે—એ રાગ)

પાત્ર જોયા વિના પાવ ન ધરિયે, જોઇ જોઈ ડગલાં ભરીયે;
પરખ્યા વિના પ્રિત્ય ન કરિયે......... (ટેક)
કાગની સંગે તો કાળપ કાવે, હંસના ગુણ નવ આવે—પા૦
વટલ્યું વટલાવે ને અભડયું અભડાવે, કહેવત જુગમાં કહાવે—પા૦
નીચની સોબતે નીચાં રે થઇયે, ઊંચમાં ઊંચ ગણાઇયે—પા૦

અજાણ્યાં ફળ ખાધે આડું રે આવે, લોકમાં લાજ ગમાવે-પ્ર૦
જર જશ જોબનની જુગમાં રે હાનિ,વાત રહે નહિ છાની-પ્ર૦
કરમાં દીવો લઈ કૂવે ન પડીએ, ગણપત દુઃખ એની ઘડીએ-પ્ર૦

પદ ૨૨૨

ભ્રાંતિ ભાગી ને હરિભક્તિ આદરિયે,
શ્વાસ ઉચ્છ્વાસે સમરીયે; સંગત સદ્દગુરુની રે કરિયે.
ગુરુગમથી રે ગુણકા જગ જીતી;
રાખી તે રુદિયામાં રીતિ, સંગત સદ્દગુરુની રે કરિયે.
ઊગર્યો અજામીલ એ અવસરમાં,
મુનિવર મળિયા તે પળમાં, સંગત સદ્દગુરુની રે કરિયે.
કબીર ને કરુણા રામાનુજ કેરી,
ફંદ છૂટ્યા ને ટળી ફેરી; સંગત સદ્દગુરુની રે કરિયે.
મીરાંને ગુરુ ગોસાંઇજી મળિયા,
ફેરા સફળ તારે ફળિયા; સંગત સદ્દગુરુની રે કરિયે.
મહેતો તર્યા મહાદેવની મહેરે,
ગોવિંદ આવ્યા ઘેરે; સંગત સદ્દગુરુની રે કરિયે.
ગણપત કહે ગુરુદેવને પૂજી;
શરણું હરિનું સૂઝે; સંગત સદ્દગુરુની રે કરિયે.

પદ ૨૨૩-રાગ ગોડી

આધ પુરુષ અવિનાશી, તું ભજ મન આદ્ય પુરુષ અવિનાશી
જેના નામથકી જમ નાસે, પિંડ બ્રહ્માંડનો પ્રકાશી-તું ભજ૦
કમળાપતિનું સ્મરણ કરતાં, છૂટે સેંજ ચોરાસી-તું ભજ૦

અગમ અગોચર ઈશ્વર એ છે, વિશ્વ સકળનો વાસી–તું ભજ૦
અંતરમાં આરાધ્ય અરે તું, સમરી લે શ્વાસ ઉચ્છ્વાસી–તું ભજ૦
ગણપત કહે જગમાં જન જીત્યા, વેદ વચન વિશ્વાસી–તું ભજ૦

પદ ૨૨૪

રામજી ભાર ન રાખે સમજ મન રામજી ભાર ન રાખે....(ટેક)
આદ્ય અનાદિની રીત્ય છે એવી, વેદશાસ્ત્રની સાખ્યે–સમજ૦
તુચ્છ ભેટ ત્રિકમને કરતાં, નરનાં દુઃખ ખોઈ નાખે–સમજ૦
વિદુરજી વૈકુંઠ વસાવ્યા, ભુધરે ભાજીને પાખે–સમજ૦
તાંદુળ માટે સુદામાને તાર્યો, ભારતી એવું ભાખે–સમજ૦
હરનિશ હરિ ઉપગાર ન રાખે, ગણપત દિલમાં દાખે–સમજ૦

પદ ૨૨૫

(હૈયાના ફૂટયા હરિ સગે હેત ન કીધું–એ રાગ)

અનુભવી જનને, અખંડ આનંદમાં રહેવું.... (ટેક)
બની આવે તો બંદગી કરવી દેવાય તો કાંઈ દેવું રે–અનુ૦
સુખ દુઃખનું કારણ છે સાથે, હરખ શોક નવ કરીએ;
શ્વાસોશ્વાસ હરિનુ સમરણ, આઠો પહોર ઉચરિયે–અનુ૦
કામ ક્રોધ ને મમતા માયા, એ ઉરમાં નવ આણો;
બાજીગરની બાજી તે તો, સરવે જૂઠી જાણો રે–અનુ૦
એક રૂપ આતમનું જાણી, કોઇથી કપટ ન કરિયે;
હરિજન હોય તો હિંમત રાખો, ગણપત દિલમાં ન ડરિયે.

પદ ૨૨૬

એને તું [illegible] જાણીને [illegible] ભૂલી;
[illegible] રહો છે ફૂલી રે–એને૦
[illegible] માંહી,
[illegible] ત્યાંહી રે–એને૦
[illegible] કરવા માટે,
[illegible] માટે રે એને૦
[illegible] ગયો,
[illegible] ગયો રે–એને૦

[illegible]

[illegible] રહે છે;
[illegible]
[illegible]

પદ ૨૨૮–રાગ ભજન

જીવડા ભેદ ન જાણ્યો; જગ સુખ જૂઠું........ (ટેક)

આ રે જગતમાં જે નર જાયા, અમર કાયા નહીં કોઇની રે;
કોણ રંક ને રાયા, જગ સુખ જૂઠું.

દેવ દાનવ મુનિ માનવી મરીઆ, કાળ કરી ગયો કોળિયો;
એમાં કોઇ ના ઊગરિયા, જગ સુખ જૂઠું.

જોગી ભોગી તપસી ને ત્યાગી, દ્રષ્ટિએ કો' નવ દેખિયે રે;
ગયા રાગી વેરાગી, જગ સુખ જૂઠું.

સંસારસાગર મહાજળ માયા, કરતાની કરણી કારમી રે;
કોઇ પાર ન પાયા, જગ સુખ જૂઠું.

મૃગતૃષ્ણા ભવમાં સમ ભાસે, પ્રાણી પીવાને દોડિયા રે,
તેથી તૃષ્ણા ન જાશે, જગ સુખ જૂઠું.

તે માટે તનમાંહી તપાસો, ગણપત ગોવિંદ ગાઇએ રે;
હોય વૈકુંઠ વાસો, જગ સુખ જૂઠું.

પદ ૨૨૯–ઠૂમરી

(સીતારામજી સમા છે સમજ રે–એ રાગ)

અનુભવીઓ આપ વિચારો, કોણ સરજનહાર તમારો રે....(ટેક)

જે જે પદારથ જોવામાં આવે, જુગને કોણ જણનારો રે–અ૦

સર્વેનો સાક્ષી શુદ્ધ ચૈતન છે, સદ્દચિદ્દ રૂપ સંભારો રે–અ૦

મુક્ત થઇને તમે માહારસ પીજો, બીજાને પાઇને ઉદ્ધારો રે–અ૦

કહે ગણપત ગુરુજ્ઞાન જો પામો, તમે એના એ તમારો રે–અ૦

પદ [illegible]-ઠુમરી

([illegible])

[illegible] આવ્યું છે [illegible] (ટેક)
[illegible] મન [illegible] છે-મ૦
[illegible] છે-મ૦
[illegible] આવ્યું છે-મ૦
ગણપત [illegible] છે-મ૦

પદ [illegible]

આનંદી [illegible] -આ૦
[illegible] -આ૦
[illegible]

[illegible]

[illegible]
અખંડ અનાદિ [illegible]
ધર્મ સનાતન [illegible]
નામ થકી અઘ નાસે, [illegible]
સુરનર મુનિવર સેવે, વિશ્વ [illegible]
રવિ શશિ રચિયા વ્યોમે, [illegible]
પૂરણ તત્ત્વ પ્રકાશી, ત્રિગુણ [illegible]
માયા રચી મનમોહન, [illegible]

જગના કરતા જાણી, સંત કરે સેવા; પ્રભુ. (૨)
જે જન જેવા જાણે, તેને છો તેવા—જય૦ જય૦
નામ રૂપથી ન્યારા, અવિચળ અવિનાશી; પ્રભુ. (૨)
ઘટ ઘટ વાસી ગોવિંદ, રસિયા સુખરાશિ—જય૦ જય૦
તત્પદ ત્વંપદ ત્યાગી, અસિપદ ૐકાર; પ્રભુ. (૨)
આનંદરૂપ અનુપમ, પ્રેમીને પ્યારા—જય૦ જય૦
સર્વાત્મા સુખસિંધુ, ભરપૂર રહ્યા ભાસી; પ્રભુ. (૨)
અગમ અગોચર આપે, વિશ્વ રહ્યા વાસી—જય૦ જય૦
એકોહં બહુસ્યામી, એ શ્રુતિ કહે છે; પ્રભુ. (૨)
વેદ તણા જે વેત્તા, રટણ કરી રહે છે—જય૦ જય૦
તુરીયાતીત તમે છો, ત્રિભુવનથી ન્યારા; પ્રભુ, (૨)
ચિદાનંદ ચૈતનમય, શુભ સરજનહારા—જય૦ જય૦
એક થકી છો અનેક, બ્રહ્મ સભર ભરિયા; પ્રભુ. (૨)
સત્યમેવ જયદેવ, ઠામ સકળ ઠરિયા—જય૦ જય૦
સમસ્ત ગુણ નિલયં, કરતા કલ્યાણી; પ્રભુ. (૨)
નાથ નિયંતા ભવના, વેદ વદે વાણી—જય૦ જય૦
પરા પાર પરમેશ્વર, ભાવનથી બહારા; પ્રભુ. (૨)
અકળિત અમિત અનાદિ, નામ થકી ન્યારા—જય૦ જય૦
સ્વયં પ્રકાશી સ્વામી, છો અંતરજામી; પ્રભુ. (૨)
કરુણા કરજે કેશવ, સમરું શિર નામી—જય૦ જય૦
નિરગુણ નાથની આરતી, જે ભાવે ગાશે; પ્રભુ (૨)
કેશવ કેરી કૃપાથી, જન્મ મરણ જાશે—જય૦ જય૦
નિર્માની નિષ્કામી, પદ તારું પામે; પ્રભુ. (૨)
ગોવિંદ તવ ગુણ ગાયા; રચી ગણપતરામે—જય૦ જય૦

પદ ૨૩૦

([illegible] નીચનો રે જી—એ રાગ)

અનુભવી આવો રે, આપણા દેશમાં રે જી….(ટેક)

[illegible] શ્રીભગવાન,

[illegible] તો રે, સતથી દાખીએ રે જી;

[illegible]—અનુભવી આવો રે૦

[illegible] રે, [illegible] મોજે મળે રે જી;

[illegible] મોર,

[illegible] રે, [illegible] જ્યાં [illegible] રે;

[illegible]—અનુભવી આવો રે૦

[illegible] રે, [illegible] અંગમાં રે જી;

[illegible]

[illegible] જતા રે જી,

[illegible]—અનુભવી આવો રે૦

[illegible] રે જી;

[illegible] માનવી રે જી;

[illegible]ભવી આવો રે૦

[illegible] રાગ)

[illegible] (ટેક)

[illegible] રે—જી૦

[illegible] રે—જી૦

શ્વાસઉચ્છ્વાસે શ્યામને સમરે એ સાચા સંજોગી રે–જુ
પોતાનું મેળવેલું પોતે જે વાવરે, એજ ખરા ઉદ્યોગી રે–જુ
પોતાનું મેળવેલું પર હાથે પોક્યું, નક્કી એ નિરઉદ્યોગી રે–જુ
ગણપત ગોવિંદ ઘટમાં બિરાજે, છવત જ્યોતિ જાગી રે–જુ

પદ ૨૩૨–રાગ કાફી

(ધીરાના પદનો ઢાળ)

ગોવિંદ કેરા ઘરની રે, વાતો વિરલા જાણે;
સમજ્યા એ છુપાયા રે, ઠરીને બેઠા ઠેકાણે.... (ટેક
અવિનાશીનું ઘર છે આળગું, જેવી લંબી ખજૂર;
ચડે તો ચાખે પ્રેમરસ, પડે તો ચકનાચૂર;
મહારસ ઘણો મોંઘો રે, મરજીવા મોજે માણે–સમજ્યા૦
બીજબળ હોય તેવું તરુવર ઊપજે, તરુવરથી બીજ થાય;
તરુવરનું મૂળ જે બૂઝે, એ બે પૃથ્વી કહેવાય;
ભ્રમણા તેની ભાગે રે, યુક્તિ કોઈ એ જાણે–સમજ્યા૦
જ્ઞાન ગોવિંદ ઘટમાં બિરાજે, ધ્યાન કર્યે દૃઢ થાય;
કથની કથ્યે કાંઇ પાર ન પામે, સમજે તે સમાય;
મહા મુક્ત હોય મોટા રે, વેદ તેને વખાણે–સમજ્યા૦
પાંચમાં પ્રલયનો પ્રકાશ કરીને, પંદરમાં કરી પ્રીત,
નામરૂપથી પડીઓ ન્યારો, નહીં પરથી પ્રીત;
ગણપત એવા જ્ઞાની રે. અવિનાશી ઉરમાં આણે–સમજ્યા૦

પદ ૨૩૬–ચોવીસ અવતારની આરતી

જયદેવ જયદેવ જય અંતરજામી, પ્રભુ જય અંતરજામી
અક્ષરવાસી ઈશ્વર, બળવંત બહુનામી. જયદેવ જયદેવ
મચ્છ કચ્છ વારાહ, નરસિંહ નારાયણ; પ્રભુ. (૨)
વાસવ માટે વામન પ્રગટ્યા પારાયણ–જય૦
મોહિનીરૂપે મથિયો, સાગર શામળિયા; પ્રભુ. (૨)
આપે સુરના ઉપર, અઢળક થઈ ઢળિયા–જય૦
ધનવંતર દિલ ધારી, વૈદ્ય બન્યા વારુ; પ્રભુ. (૨)
યજ્ઞ થયા હરિ હેતે, યોગ પ્રગટ સારુ–જય૦
નરનારાયણ નૌતમ, તપસ્યા કરી તેવી; પ્રભુ. (૨)
માતાની કરી મુક્તિ, કપિલજી દેવી–જય૦
કરવા જોગનું કાજ, પ્રગટ્યા દત્ત હરિ; પ્રભુ. (૨)
અત્રિ ઘેર અનુપમ, દ્વિજકુળ દેહ ધરી–જય૦
ફરશુરામ લેઈ ફરશી, મહિપતિને માર્યા; પ્રભુ. (૨)
રામે રાવણ રોળી, નિશિચર નિવાર્યા–જય૦
બોધ કર્યો બ્રહ્માને, હંસ થઈ જોને; પ્રભુ. (૨)
પરમ હંસ પદ પામ્યું; વૃષભ થયા પોતે–જય૦
પ્રબળ કરી પૃથ્વીને, પૃથુ થઈ પ્યારા, પ્રભુ. (૨)
હય મુખ હણિયો હયગ્રીવ, હરકત હરનારા–જય૦
નવધા ભક્તિ નિરમી, નારદ રૂપ ધરી; પ્રભુ. (૨)
સનકાદિક વિધિ સુત થઈ, વિચર્યા બ્રહ્મ વરી–જય૦
પુરાણ રચિયાં પાવન, વ્યાસ બની વ્હાલા; પ્રભુ. (૨)
ગજેન્દ્ર માટે ગોવિંદ, ચક્ર ધરી ચાલ્યા–જય૦ જય૦

ગૌલોકેથી ગોકુળ, આવ્યા અલબેલા; પ્રભુ. (૨)
ગોપી ગોપ ઉદ્ધાર્યા, સુંદર વર છેલા—જય૦ જય૦
બુદ્ધસ્વરૂપે બેઠા, કેશવ નિષ્કામી; પ્રભુ. (૨)
કલકી તનુ ધરી કરશો, સતયુગ શુભ સ્વામી—જય૦ જય૦
એ ચોવીસમાં ચિત્ત, થીર જેનું થાશે; પ્રભુ. (૨)
ગણપત ગોવિંદ ગાતાં, જન્મ મરણ જાશે—જય૦ જય૦

પદ ૨૩૭

(શણુમારના ગરબાનો રાગ)

આજ આણંદ અપાર મારા અંગમાં રે લોલ,
ગુણ ગોવિંદના ગાતા સતસંગમાં રે લોલ.
આપે મતિ ઈશ એવું ઉચરાય છે રે લોલ,
કૃપા કેશવની ઠીક જેને થાય છે રે લોલ.
નહિ પિંગળ પુરાણ ભણી ભાખિયું રે લોલ,
રામ નામ એક રૂદે માંહી રાખિયું રે લોલ.
દીન જાણી કવિ પંડિત દયા કરો રે લોલ,
સંત વૈષ્ણવનો આજ મુને આશરો રે લોલ.
કર્યો ગ્રંથ હરિ પંથ પદ પામવા રે લોલ,
વિષયવાસનાને દેહી દુઃખ વામવા રે લોલ.

ગામ સાબર સમીર તીર જાણિયે રે લોલ,
વરસોડું ગામ વિગને વખાણિયે રે લોલ.
વાસ વિશ્વંભરે આપિયો ત્યાં મને રે લોલ,
તાબે સાદરાને પાસ પ્રાંતિજ કને રે લોલ.
ગોત્ર ગૌતમનું ગુણનિધિ જ્ઞાનમાં રે લોલ,
ગણપતરામ ગુણ ગાય, ધરી ધ્યાનમાં રે લોલ.

પદ ૨૩૮-છંદ ત્રોટક

અવિનાશી અખંડ અગમ્ય પ્રભુ; જયતિ સતવ્યાપક વિશ્વ પ્રભુ.
જગના શ્રીહરિ હરિના જગત; જગના શ્રીહરિ નહિ ભિન્નત.
સતજ્ઞાન દયાનિધિ નાયક છો, સુખદાયક ભક્તસહાયક છો.
નિજ નિર્ગુણ નાથ સગુણ બનો; પણ ભેદ શકે નહિ ભક્તજનો.
કરતા જગના કિરતાર ખરા, હરતા ભવના ભવરોગ હાં
અજ વિષ્ણુ અનંતજ શિવ સદા, કરી કર્મ અકર્મ રહોજ કાં
રસરૂપ અરૂપ અનાદિ રહ્યા, ભવતારણ ભેદ અભેદ કર્યા
ઘટવાસ વસ્યા વસુદેવ વળી; કરણી કરતાતણી કો ન કળે
ભરપૂર સદા ભરતાર ભર્યા, નભકોટિક અંડ પ્રકાશ કર્યા
મન માનવ દાનવદેવ થયા; ચિદ્રૂપ વિષે કરી વાસ રહ્યા
ભગતિ કરી નામ નિશાન ચઢે, ભવપાશ પછીથી કદી ન નડે
ભવસાગરમાં ભરપૂરણ છો. વળી વિશ્વ વિકાસથી [illegible] છો
અરુણાદિક તેજમાં તુજ દ્યુતિ, નભ અંડ અનં[illegible]
જગદીશ જપું તુજ નામ બહુ. કરુણા કરીએ [illegible]
ભવનાશ નિરંજન નિત્ય નમું, શુદ્ધ બુદ્ધિનું [illegible]
ભવસાગર તારક દેવ [illegible] ગણપત [illegible]

પદ ૨૩૯—રાગ ધોળ

(માનસીપૂજાનું કીર્તન)

સૂને સવારે વેલા ઊઠી ધરવું ગુરુનું ધ્યાન જોને;
આસન બાંધી સુરતા સાંધી, ભજવા શ્રીભગવાન જોને.
સુંદિર સેજ હરિવર પોઢ્યા, જઈ તેને જગાડો જોને;
કંચન લોટા કરમાં ઝાલી, અવિનાશી ઉઠાડો જોને.
સોનાને બાજઠ બેસાડી, દાતણિયાં કરાવો જોને;
પછી તે ઊનાં પાણી મેલી, વાલાને નવરાવો જોને.
કેશર કેરી આડ્ય કપાળે, કાન કુંવરને કરિયે જોને;
વિઠ્ઠલવરને વાલપણેથી, વારે વારે વરિયે જોને.
જરકશી જામા લાવી સામા, પિયુજીને પેરાવો જોને;
કિરીટ કુંડલ કંકણ મુદ્રા, કાન કોટ ધરાવો જોને.
ગજરા તોરા ગોવિંદજીને, છોગલિયાં સોહાવો જોને;

પદ ૨૪૦—રાગ ઠૂમરી

(કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે—એ રાગ)

અતિ ઉપકાર તજ્યો તેં જીવડા, જગ કિરતારનો રે....(ટેક)
રજવીર્યનો જોગ બનાવ્યો પંચભૂત તે ભેગો આવ્યો;
કેવો દેહ બનાવ્યો છે, નરનારનો રે. —અતિ૦
નીરખવાને નયણાં દીધાં, કરણ નાસિકા કેવાં કીધાં;
રસનાનાં સુખ સીધ્યાં, રસ લ્યો આરનો રે—અતિ૦
અન્ન ઉદકનું દાનજ દીધું, તે ભરવાને ઉદર કીધું;
વળી કર આપ્યા તું કામ કરે વ્યવહારનો રે—અતિ૦
અરક રચ્યો આકાશે કેવો, પ્રકાશ જગતને જોવે એવો;
કે ગણપત તું ભૂલ્યો ગુણ ભરતારનો રે. —અતિ૦

પદ ૨૪૧

(૮૩)

આવે ભજને તુ [illegible] માનજે રે

પ્રાણી તુ [illegible] જનમાંગ જેને જેને;

—આવે૦

[illegible] જાણજે રે

[illegible] સમજ મોટા.

—આવે૦

[illegible] માનજે

માયા છે મોહનની નારી, [illegible] ગી

—આવે૦

કરને વાત વિચારી પ્રભુ [illegible]

જે અવસર જમ [illegible]

ગણપત [illegible]

—આવે૦

આવે ભજને [illegible]

પદ ૨૪૩—રાગ ઠૂમરી

(ખીગરી કૌન સુધારે—એ રાગ)

જાના હે જગકા સુખ છોડી, રહેના વહી કોઈ પાવે રે....(ટેક)
દેખત દેખત સબ કોઈ જાતે, રાજા રંક ફકીરા રે;
મૂરખ પંડિત સબ કોઈ મરતો, અમલદાર અમીરા રે—જાના૦
કાહા જિંદગી બંદગી નહીં કર્તા, ધર્તા નહિ પ્રભુ ધ્યાના રે;
કાંહાંસે આયે કાંહાં જાઓગે, એસા નહીં પહિચાના રે—જાના૦
આજ કાલમે જલમેં જાવે, દુનિયા સબ દુઃખકારી રે;
એહી કારણસે આપ વિચારો, ભજ લ્યો હરિ નરનારી રે—જાના૦
સુપના જેસા હે સંસારા, લોક વિલોક તબ હારા રે;
ગણપત જ્ઞાન ગુરુકા ગાના, એહી બ્રહ્મ આધારા રે—જાના૦

પદ ૨૪૪

મસ્તપણામેં માન રહે હો, માયા કાયા મેરી રે... (ટેક)
નહિ હે મેરી નહિ હે તેરી, સબ જુગ લીના ઘેરી રે;
સો માયાકુ કોઈ જન છોડે, ટળે ભવકી ફેરી રે—મસ્ત૦
જાતે સો નર ક્યા લે જાતે, આવે સો નર ક્યા લાવે રે;
જ્યાંહી જ્યો ઉતપન્ન હુવા હે, એહી ઈહાં સમાયા રે—મસ્ત૦
સુત, દારા, ઘર, સુખ, સંપત્તિ, તામેં નહી કોઇ તેરા રે;
અંતકાલકો ઉપાસન આવે, ફોગટ મારત ફેરા રે—મસ્ત૦
અલ્પ જીવતકી આશા મહોટી, ઓહી અચંબા ભારી રે;
ગણપત જ્ઞાન ગુરુગમ પાવે, સેજ તરે સંસારી રે

પદ ૨૪૫

આપે આપ ભુલાયા આતમ, આપે આપ ભુલાયા રે....(ટે
જલકી મચ્છીયાં જલકુ ઢૂંઢો, જનમ જલમેં પાયા રે;
મરના ફરના સબહી જલમેં, જલમેં જંગ મચાયા રે—આપે
કસ્તૂરીકી બાસ દેખને, મૃગ બનમાંહી ફીરતા રે;
આપકી પાસે ઓહી વસ્તુ હે, નહીં લગી હે સુરતા રે—આપે
પાની પૃથ્વી પવન પહિચાન્યો, અગ્નિ ને આકાશા રે;
તુમ તત્ત્વ તત્ત્વમેં રહેતે, ઉઠત શ્વાસ ઉચ્છ્વાસા રે—આપે
પિંડ બ્રહ્માંડમેં જો કછુ દેખા, સો સુખ તેરા ભાઈ રે;
ગણપત ભવમેં ગોથાં ખાતે, અકલ કહાં ગમાઈ રે—આપે

પદ ૨૪૬

પ્રાણપતિ પરમેશ્વર મ્હારા, સુણિયે અરજી હમારી રે....(ટે
અધમ ઉધારણ, પતિત પાવન, વેદ કહે વિસ્તારી રે;
ઝડ થકી ગજરાજ ઉગાર્યો, તારી ગુણકા નારી રે—પ્રાણપતિ
પંચાળીનાં પટકુળ પૂર્યા, મહેર કરી મોરારિ રે;
પ્રહ્લાદ માટે સ્તંભે પ્રગટ્યા, અર્ભક લીધો ઉગારી રે—પ્રાણપતિ
રંકા વંકા સજ્જન કસાઈ, ભેટ્ય કરી ભયહારી રે;
તેલ કઢા ટાઢી કરી નિકળ, સુધન્વાને ઉગારી રે—પ્રાણપતિ
કોટી ભક્તનાં કામ કર્યા છો, દયા દિલમાં ધારી રે,
ગુરુ ગણપત ગોવિંદને ગાતાં, મેલ ગઈ મમારી રે પ્રાણપતિ

પદ ૨૪૭

સુમતિ આતમ રામકુ ભજરે, પૂરન પ્રીત લગી જાગે રે (ટે)
સુર નર મુનિ જ્યાંકા ધ્યાન ધરત હે, અનન્ત ધામ [illegible]
સત સ્વામી કે સન્મુખ જાયેંગે, કોટી કરમ પલમેં ભાગે રે [illegible]

મનમંદિરમે સેજ બિછાઈ, પિયા બિના નિંદ લગે કેસી રે;
બહુત દિનુકા બિજોગ ગેરે, પ્રીતમ મેરી નહીં પાસે રે–સુ૦
જલ બિન જૈસી મછલી તલસે, તન ઐસા મેરા ત્રાસે રે;
પિંડબ્રહ્માંડકી પાર પરમેશ્વર, ભક્તિ રસમેં ભાસે રે–સુ૦
ખોજત ખોજત આપ ખોવાયે, ઘાટ ગયે કંચન હોઈ રે;
ગણપત જ્ઞાન ગુરુ ગમ પાઈ, સરિતા સિંધુ છુપાઈ રે–સુ૦

પદ ૨૪૮

ભક્તિભક્તિ સબ કોઈ બોલે, ક્યા ભક્તિકા ભેદા રે....(ટેક)
કુંન ધરસે આ જગ સબ આયા, કુને ભક્તિ બનાઈ રે;
કૈસા રૂપ હે ભક્તિ કેરા, મોકુ ધોને બતાઈ રે–ભક્તિ૦
કિસબિધ ભક્તિ કરના હરકી, કીસબિધ ધરના ધ્યાના રે;
બીન જાને ઝઘડા સબ કરતે, નહીં ગુરુગમ કે જ્ઞાના રે–ભક્તિ૦
પ્રેમ ભાવકે ભક્તિ તીનમે, બડા શીસકું દેના રે;
કહો કર્તા અપના કહાં બસતા, નામ કિસ બિધ લેના રે–ભક્તિ૦
બિનુ ભેદ ભક્તિ નહીં પાવે, સુનિ નર સુનિયન કેવા રે;
ગણપત ગુરુગમ નર જો પાવે, સત ભક્તિકી સેવા રે–ભક્તિ૦

પદ ૨૪૯

આતમ ખોજ કરો મેરે ભાઇ, તનમેં કાંહાં છુપાયા રે.... (ટેક)
માતાપિતા કુન આતમ કેરે, કાંહાંસે ઓ ચલી આયા રે;
કુન જગ્યા પર બાસા ઉનકા, કૈસા રૂપ બતાયા રે–આ૦
સ્થૂળ સૂક્ષ્મ કારન મહા કા[illegible] [illegible]ગ્યારકું કાયા કહેના રે·
સબ સુખ હે આતમકે

એક ઉઁકાર સેં બાવન બનિયા, આતમસેં સંસારા રે;
જપ તપ તિરથ યોગ જાગફળ, એ ઉનકા આધારા રે—આ૦
શબ્દાદિક જ્યોં નાદ પ્રણવકા, એક અચંબા વાંહી રે;
ગણપત ગુરુ ધર અપના જાને, પરમાનંદ પદ જ્યાંહી રે—આ૦

પદ ૨૫૦

સંશેને છોડો સહુ પ્રાણી, વદો રામનામ મુખથી વાણી. (ટે૦
સંશયે તો સહુ જગ ખાધો, સંશે ને કોઈ ના ખાય રે;
નર નારને સંશે નાવે, જન્મ મરણ મટી જાય. —વદો
લોમશ મુનિએ સંશે માર્યો, કાળનું કાંઈ ન ચાલે રે;
બ્રહ્માદિકથી આયુષ્ય અદકો, પ્રેમ મગનમાં મ્હાલે. —વદો
પાંડવના જ્યારે સંશે સમિયા, ગયા સુપજને પાસ રે;
દ્રૌપદીએ સેવા સારી કીધી, શંખ બજ્યો આકાશ. —વદો
હરિશ્ચન્દ્ર રાયને સંશે હોય તો, નીચનું કેમ ભરે વારિ રે;
કબીરજીએ સંતને માટે, વેચી પોતાની નારી. —વદો
સગાળશાએ સુત વધેર્યો, રોહિદાસને મળ્યા રામ રે;
સંશે સમીને સંત થયા, તે ગુરુ ગણપતરામના રે —વદો

પદ ૨૫૧

જાગીને જોને જીવ, જગ સુખ જવાનું.
માને છે મારું મન, તે નવ રહેવાનું
સ્વપનામાંથી સૃષ્ટિ દેખી, મહ્યુ મોટું ગાજ રે —
નંદ અને મુકુંદ ગયા તે, ગયા માતનું ગાજ રે
ટોળે એ તો આગળે, તે જાતને તે નહીં જાય —

કાળ કરાળ કઠિણસા વેહેરી, માયાનું બંધન મોહ રે;
જે જાણ્યું છે જેટલું, તે સર્વે થવાનું ખોહ. —જગ૦
મનુષ્ય જનમ અતિશે મોટો, મળે ન વારંવાર રે;
ગણપત ગોવિંદ ગુણ ભજી લે, પામે તું ભવપાર. —જગ૦

પદ ૨૫૨

કૌતકની કહું છું વાત,
કવિજન ધરો,એક બેટિયે જનમ્યો બાપ તે સંદેહ ખરો....(ટેક)
એક અચંબો એવો દેખ્યો, મડું કાળને ખાય રે;
બિંદુમાંહી સિંધુ સમાયો, તમ સૂરજ લઈ જાય–કવિજન૦
પેલા પુરુષથી પુત્રી પ્રગટી, વેગે બોલી વાત રે;
અણજાયા વરને મારે વરવું, નહિ માત ને તાત–કવિજન૦
પિતા કહે પુત્રી પરણાવું, પામે નહિ કોઇ પાર રે;
અણજાયો વર તો નહિ મળે, તારે ને મારે ઘરબાર–કવિજન૦
નહીં નર ને નહીં નારી, નહીં વૃદ્ધ નહીં બાળ રે;
એ દેશમાં એક દેવ નિરંજન, ગણપત લે સંભાળ–કવિજન૦

પદ ૨૫૩

હંસા હારદ વિચારો, ભવ દુઃખ ભારી.... (ટેક)
રાજવી રજનો જોગ બનાવ્યો, એનો તે ઈંડ ઉપજાવિયો રે;
એમાં આતમ આવ્યો, ભવ દુઃખ ભારી.
માતાના ગર્ભમાંહી મૂંઝાયો, ભારે પીડા ભોગવી રે;
સૂક્ષ્મ રૂપે સમાયો, ભવ દુઃખ ભારી.
નવ માસ નરકમાં છાનો છુપાયો, રોમ કોટી કેરી વેદના રે;
ઘણા દુઃખે ઘેરાયો, ભવ દુઃખ ભારી.

જમ જમાની કરી ને રે જાયો, મહા દુઃખથી સુકાવિયો રે;
હરિગુણ નવ ગાયો, ભવ દુઃખ ભારી.
માત તાત ઘણા લાડ લડાવે, ભૂલી ગયો ભવતારને રે;
માયામાં લલચાવે, ભવ દુઃખ ભારી.
બાલપણામાં ખેલ બગાડયો, જવાની જુવતીની જોડમાં રે;
ગણપત જરા ઝંપલાવે, ભવ દુઃખ ભારી.

પદ ૨૫૪

(૨૬)

જેની સુરતા હરિમાં, સોઈ નર શૂરા ......
ચકોર ચંદ્ર લોહચુંબક રીતિ, મન બોધ્યું મોરારમાં રે;
જેની લપટે ન પ્રીતિ, સોઈ નર શૂરા.
ચાતક સ્વાતિ બિંદુને ચાહાયે, મયૂર મેઘમલ્હારને રે;
એમ હરિગુણ ગાયે, સોઈ નર શૂરા.
શમ દમ સાધન સઘળાં સાધે, ડર નહીં દુર્જન લોકનો રે;
એ તો અલક આગધે, સોઈ નર શૂરા.
શીલ સંતોષ સુબુદ્ધિ ન છોડે, સુરતા નૂરતાની શાળમાં રે,
જીવ નથી જીવ જાડે, સોઈ નર શૂરા.
સેજ સમાધિ શ્વાસ ઉચ્છ્વાસે, સમદૃષ્ટિ સમાસમાં રે,
જેને પ્રેમ પ્રકાશે, સોઈ નર શૂરા.
તન મન કેરી તૃષ્ણા ત્યાગી, ગણપત ગુણ સભાગીય રે
વધાવા દેય વિતરાગી, સોઈ નર શૂરા.

પદ ૨૫૫

સોઈ નર જ્ઞાની જેને સંશે સમાયા.... (ટેક)
માયાની પાર સુકામ જમાવ્યો, નહિ વિષય કેરી વાસના રે;
દર દંતાલ ચલાયો, સોઈ નર જ્ઞાની જેને સંશે સમાયા.
મુનિવર લોમશે સંશે સમિયા, કાળ કંપી રહ્યો કોપથી રે;
જેની અમર કાયા, સોઈ નર જ્ઞાની જેને સંશે સમાયા.
જુગમાં હરિશ્ચંદ્રની ભક્તિ જાણી, પુત્ર રોહીદાસ પેખીએ રે;
તારા-લોચના રાણી, સોઈ નર જ્ઞાની જેને સંશે સમાયા.
શેઠ સગાળશાએ સુત વિડાર્યો, જુક્તિએ સંત જમાડિયા રે;
જેને જન્મારો તાર્યો, સોઈ નર જ્ઞાની જેને સંશે સમાયા.
જનકે જશ વિસ્તારજ કીધો, લાહાય લાગીતી મહેલમાં રે;
તોયે પ્રભુ રસ પીધો, સોઈ નર જ્ઞાની જેને સંશે સમાયા.
ગણપત ગુરુગમ જે જન જાણે, સેજે તરે સંસારને રે;
જેને વેદ વખાણે, સોઈ નર જ્ઞાની જેને સંશે સમાયા.

પદ ૨૫૬–ગરબીના ઢાળનો

કલ્યાણ કરાવો છો કોનું,
કાયામાં કલ્યાણ કરાવો છો કોનું.... (ટેક)
મોક્ષનો માર્ગ કોને માનો છો રે,
કોણ છે મોટું ને નાનું, કાયામાં કલ્યાણ કરાવો છો કોનું.
મૂળ ધર્મ તમારો ક્યિો તમે ધાર્યો રે,
કોનું ધરો છો તિલક બાનું, કાયામાં કલ્યાણ કરાવો છો કોનું.
મન બુદ્ધિ ચિત્ત અહંકાર એ ચારમાં રે,
દેહનું કે આતમાનું, કાયામાં કલ્યાણ કરાવો છો કોનું.

કલ્પ કોટીથી છે જનમ મરવું, ફંદમાં ફોગટ શું ફરવું;
ભૂધરનું ભજન ભાવે કરવું. —ચેતે તો૦
સુપન સુખ સાચું શું જાણો, મિથ્યા માયા માનવી શું માણો;
ગોવિંદજીની ગહન ગતિ જાણો. —ચેતે તો૦
સુપનમાંહી સુખદુઃખ જે થાયે, જીવ તેમાં ભરમેથી ભુલાયે;
જાગી જોતાં જરૂર જૂઠું થાયે. —ચેતે તો૦
ધરા ધન ધામ તજી જાશો, ખત્તા જમદૂત તણા ખાશો;
ઈશ ગણપતનો ઉપાસો. —ચેતે તો૦

પદ ૨૬૦

જાગી જોને જીવ જરૂર જાવું,
ઓચિંતુ ઊડી જશે તન આવું.... (ટેક)
શરીર છે વાદળની છાયા, નથી કોઈની અમર કાયા;
તજે દેહ દેવ સમા ડાહ્યા. —જાગી જોને૦
બળિસુત બાણ ઘણો બળિયો, મોહન સાથે મહા યુદ્ધે ગળિયો.
ભૂંડી દશા થઈને ભૂમિ ભળિયો. —જાગી જોને૦
સાંતનું સુત ભીષ્મ ભલા શૂરા, પાંડવ સાથે યુદ્ધ કર્યાં પૂરાં;
એ તો અર્જુને કર્યા ચૂરા. —જાગી જોને૦
જગત જીતી રાવણે જશ લીધો, માયારસ મગ્ન થઈ પીધો;
રામે તેને રણમાં અલ્પ કીધો. —જાગી જોને૦
કાળ કેરી જાળ જબ્બર જાણો, અહંકૃતિ ઉરમાં નવ આણો;
ગુરુ ગણપતનો જીવ તજાણો. —જાગી જોને૦

પદ ૨૬૧

સમજ વિના સાધન શું કરવું, પેખીને કૂપ ઊંડે પડવું.... (ટે)

જરૂર મરવું સુખથી કાં' છે, મૂરખ થઇ માયા માણો છો;
જીવનની ગતિ કાંઇ જાણો છો. —સમજ૦

દેખાદેખી દાહાડી દોડી મરવું, ફાવે તેમ ફંદમાંહી ફરવું;
ભૂધરજીનું ભજન નહીં કરવુ. —સમજ૦

વાવે વિખ બીજ પ્રીતિ પાખે, અમર ફળની આશા રાખે;
નકટ શુભ કર્મ ટાળી નાખે. —સમજ૦

જીવ-શિવની જાત જાણો, વળી વેદ વાયક ઉર આણો;
મૂરખ થઈ મત શાને તાણો. —સમજ૦

કરતા કોઈ જગતનો છે કેવો, એ ધાણીથી ઓળખી લેવો;
ગુરુ ગણપતને સાચો સેવો. —સમજ૦

પદ ૨૬૨

દેહમાં દેવ સકળ દેખો, દૂરની વસ્તુ પાસે દેખો. (ટે)

પૂરણ પેખો પિંડે તે બ્રહ્માંડે, મૂરખ તો ખાળે ખંડે ખંડે;
જરૂર જમદૂત એને દંડે—દેહમાં

બીજમાં વૃક્ષ બને કેવું, વૃક્ષ થકી બીજ બને તેવું
શાણા નરને સમજી લેવું—દેહમાં

આતમ રૂપ અંનગ પરકાશે, પ્રભુ તો પ્રગટ દીસે પાસે
ઓઢું છે આનંદ[illegible]—[illegible]

ચાલો ખટ ચક્ર તણી વાટે, ત્રિકમ મળે ત્રિવેણી [illegible]
સેવો સદ્ગુરુજીને શિર સાટે—[illegible]

વૈરાગનાં બાણ આવી વાગે, ભેદ બધો ભ્રમ ભાગ[illegible]
ગુરુ ગણપતનો જરૂર જાગે—[illegible]

પદ ૨૬૩

આ માયા મોટી જાળ, માનો શું મારી.... (ટેક)
છે પ્રભુ તણો પરિવાર, તરિયા નહિ તારી
ઝાંઝવાનાં જળ જોયામાં આવે, પશુ પીવા જાય રે;
ખારોડમાં જઈ ખાય નિસાસા, ખાલી ખોટી થાય-માનો૦
સ્વપનામાંહી ધરસંપત્તિ દષ્ટિએ દેખાય રે;
સંસારનું સ્વપ્નું મોટું માનો, જાગી જો તે જણાય-માનો૦
પુત્ર મિત્ર પ્યારા હોય પણ, અંતે અળગાં થાય રે;
ઘરમાં ઘરણી રુવે પોકારી, લોકલજ્યાનો ઉપાય. -માનો૦
કયાંથી આવ્યાં કયાં જવાનું, ઠરવું જઈ કોણ ઠામ રે;
તનમાં તપાસ કરી લે તેનો, ગાવે ગણપતરામ. -માનો૦

પદ ૨૬૪

કોઈ હોય હરિના જન, કહું તે કાન ધરો........(ટેક)
વિવેક વિચારી મન, આતમ ખોજ કરો.
સગુણ નિરગુણથી છે ન્યારો, નારાયણ નિરધાર રે;
શુદ્ધ ચૈતન તુરિયાતીત સાક્ષી, દેખો નિજ દેદાર-કહું૦
ઘર બાળે ઘર ઊગરે ને, ઘર રાખે ઘર જાય રે;
એ સમશા અનુભવ કેરી, ગુરુગમથી ઓળખાય-કહું૦
નાભિ કમળથી સુરતા ચાલી, શૂન્ય શિખર ઘડ જાય રે;
મધ્યનામાં છે સ્થાન કમલનું, તેમાં ઘાટ ઘડાય-કહું૦
જગત કેરો જે જાણનારો, તનમાં તેને તપાસ રે;
ગણપત કે' ગુરુ જ્ઞાન મળે તો, પ્રભુ પોતાને પાસ-કહું૦

પદ ૨૬૫

કોઇ દેશી હમારા હોય, તો દલની કહીએ........ (ટે)
જે આવો હમારે સાથ, નિજ ભોવન જઈએ.
શ્રમણા ભાગી તૃષ્ણા ત્યાગી, રાગ થકી વિતરાગી રે;
અખંડ આતમ જ્ઞાન વિચારે, ઝળહળ જ્યોતિ જાગી–તો દલની૦
દીવે દીવા જુદા થયા તે. અગ્નિમાં અવ દઈ યે રે;
ગંગાસાગર માંહી સમાણી, બ્રહ્મપદ ભેળાં થઈ યે–તો દલની૦
ભેદુ વિના કોઈ ને ભેદ દઈ યે તો. જ્ઞાન પોતાનું ગુમાવીએ રે;
શાણા જન સમશામાં સમજે, કુટિલને શું કહીયે–તો દલની૦
ચિંતામણિ જે હાથે ચડિયો, ધન માટે કોણ ધાય રે;
ગણપત કે ગુરુ જ્ઞાન વિચારો, સમજ્યાથી સુખ થાય–તો દલની૦

પદ ૨૬૬–રાગ આશાવરી

જગતમાં જનમી રે કહે જીવ શું કર્યું રે
ધર્યું નહીં જગતપતિનું ધ્યાન.
ઊંચા કુળ માંહી રે, આ તન આવિયાં રે
ભજ્યા નહીં ભાવે શ્રીભગવાન–જગત૦
જન્મ જરાનો રે, જીવડા તું ના જાણ્યો રે
ક્ષમા કેરું ખડ્ગ ધર્યું નહીં હાથ.
ધીરજની ઢાલ્યો રે, મેલી નહીં ઢળતી રે.
શોધ્યો નહીં સંત ગુરુનો સાથ–જગત૦
જ્ઞાન કેરે ઘોડે રે, ચતુર ચડ્યો નહીં રે
વશમાં લીધી હાથ લગામ.

બંદૂકને બરછી રે, ખાંનાની ન કર ધરી રે,
કાપ્યો નહીં ભજન ભડાકે કામ—જગ૦
કરુણાની ભેટે રે કમર કસી નહીં રે,
બુદ્ધિ દૃઢ બખતર પહેર્યું ન અંગ;
પ્રેમની પાંખો રે, ઘોડાને ઘાલી નહીં રે,
જુધે જવા ઉરમાં ન આણ્યો ઉમંગ—જગ૦
મોહ છે મેવાશી રે, તેને તેં માર્યો નહીં રે;
ફેડી નહીં અધર્મ અસુરની ફોજ,
ગુરુ ગણપતનો રે; રામ નવ રીઝવ્યો રે,
તારે તને કેમ કરી મળશે મોજ—જગ૦

પદ ૨૬૭

ધર્મને ધારો રે ભાઇ ધરણી વિશે રે,
જેથી મટે જન્મમરણ જંજાળ........ (ટેક)
ઘર થકી ગાતા રે ભક્તિમાં ધર્મની રે,
સ્વામી છે એનો શ્રીગોપાળ—ધર્મને ધારો૦
ધર્મના વાંસે રે ભક્તિ આવશે રે,
ભક્તિને ભાવે વશ ભગવાન,
સાચું સત્ય સેવે રે, તેને સદ્ગુરુ મળે રે,
તે તો હોય જ્ઞાની ઘણા ગુણવાન—ધર્મને ધારો૦
ધર્મને ભક્તિ રે, જ્યાં ભેળાં વસે રે,
સઘ સત્ય આવે તેણે ઠાર;
એ ત્રણ ભેળાં રે, એને અનુભવ મળે રે,
તેના ઉર માંહી વસે કિરતાર—ધર્મને ધારો૦

ધર્મને ધાર્યે રે આગે સહુ ઊગર્યા રે,
પાંડવ પ્રહ્‌લાદ ને બળિરાય;
વળી વિભીષણને રે, અમરીશ જે કહ્યા રે,
જનક જુવો વિદેહી કહેવાય—ધર્મને ધારો૦
ચાર જુગમાંહી રે, હરિજન જે થયા રે,
ભક્તિ વિના કોઈ ઠર્યા નહિ ઠામ;
ભાવેથી હ્યો ભજી રે શ્રીભગવાનને રે,
ગુણ તેના ગાવે ગણપતરામ—ધર્મને ધારો૦

પદ ૨૬૮

જીવ ગુરુ વિના રે, હરિને જાય જાણવા રે;
અણદેખે મારગે કેમ ચલાય,
ભક્તિરાણી મોટેરી રે, ભવજળના તરણી રે;
બીજી તો સંમાયા કહેવાય—જીવ ગુરુ વિના રે૦

શોક્ય બન્યો થાણી રે,
સકળ સંસારમાં રે, એક એક ઉપર દ્વેષ અપાર
ભક્તિને ભ[illegible] રે, ભક્તને ચાલતાં રે,
આવી મ[illegible] આડે એ વાર—જીવ ગુરુ વિના રે૦

ભક્તિ કેરા [illegible] રે, માયાને ભાવે નહીં રે,
માયા કેરા [illegible] ભક્તિ ન થાય
ભક્તિમાર[illegible] રે, તે [illegible] રે,
[illegible]વાળા તે [illegible] જીવ ગુરુ વિના રે૦

દૈવી ને આસુરી રે, માયા છે બે ભેદની રે;
દૈવી માયા કેરું છે ભક્તિ નામ;
હરિ ભજવામાં રે, આવી આડી ફરે રે,
એ તો છે આસુરી માયાનું કામ—જીવ ગુરુ વિના રે૦
દેવ દહીંત માનવ રે, તેમાં તે વ્યાપી રહી રે;
ઠાલો તે વિનાનો ન દિસે ઠામ;
તે માટે તપાસી રે, ચેતીને ચાલજો રે,
ગોવિંદ ગુણ ગાને ગણપતરામ—જીવ ગુરુ વિના૦

પદ ૨૬૯—રાગ સોરઠની છાયા

મળતા હશે તેને મળે, પૂર્વજન્મની પ્રીત્યે, નવરે ખાતે નવ નીપજે;
ચારે જુગની રીતે, કરતા હશે તે નર કરે. ....(ટેક)
દીવે દીવા બહુ થશે, સૂરજે સૂરજ ન થાય;
નવસો નવાણુંનાં નીર ચડી, સમુદરમાં સમાય. —કરતા૦
હરિજન શૂરા જે હશે, કરે સાધુની સેવા;
દુરિજન તે નિંદા કરે, એ તો એવા ને એવા. —કરતા૦
હાથીના બોજ હાથી ધરે, ખર ભૂંકયામાં જાણે;
સસલો જાળામાં છુપાઈ રહે, સિંહ ભય નવ આણે—કરતા૦
સતી રે જતી સત્યવાદિયાં, તે તો સત નવ ચૂકે;
હરિજન ટેક હરિતણી, માથા સાટે ન મૂકે. —કરતા૦
મરજીવા મહારસ પિયે, પાપી પાછા રે જાશે,
ગણપત સંતસેવા થકી, હરિજન ઓળખાશે. —કરતા૦

સતી રે નારીને ભોરંગમણિ, પર હાથે ન જાય;
ભાત ભલેથી મૂકિયે, બગ મોતી ન ખાય. —પામર૦
અગ્નિને શીત આવી અડે, જળ તરશું રે થાયે;
કે ગણપત મૂરખ માનવી, હરિગુણ નવ ગાયે—પામર૦

પદ ૨૭૨

સતિયા છુપાયા ના રહે, રહે છે અવગતિયા....(ટેક)
વણ સમજે વાતો કરે, એ નો મૂરખ મતિયા—સતિયા૦
ઉગ્ર દશા અનુભવ તણી, છે એ સમજણ મોહોટી;
મન કંચનને કારણે, ગુરુજ્ઞાન કસોટી—સતિયા૦
અરક ઊગ્યો આકાશમાં, જોતાં અંધારું જાશે;
ઇંદુ ઊગે રજની તણું, તમ તરતજ નાસે—સતિયા૦
ધૂમ પડે જ્યારે બારણે, દુનિયા દોડી જાશે;
સાચા શૂરાનાં પારખાં, તલવારો તણાશે—સતિયા૦
ગુરુજી આવ્યા ગામમાં, હરિગુણ પ્રકાશે;
ભક્તિ ભોગી નરનારીઓ, ઝટ સન્મુખ જાશે—સતિયા૦
વિરહ ઘણો વાસુદેવનો, તેનું નામ વેરાગી;
ગણપત ગુરુજને મળે, તેની ભ્રાંતિ રે ભાગી—સતિયા૦

પદ ૨૭૩

(જ્ઞાન કદાપિ ન થાય, મૂરખને જ્ઞાન કદાપિ ન થાય—એ રાગ)
મૂરખતા તારી તે નવ મટી ગયો, જનમારો જોતાં ઘડી....(ટેક)
બાળાપણમાં ખેલ બગાડ્યો, રઘુવર ભજ્યા ન રટી;
તરુણપણામાં તરુણી સંગે, ખેલ માંડયો ખટપટી—મૂરખ૦

પ્રેમ ભક્તિને વશ છે પ્રભુજી, જીવો ગુરનું જ્ઞાન;
ભાજી વિદુરજીની ખાધી, ભાવે પડ્યાં મૂકી પકવાન્ન. —મોહ૦
સાત દિવસ શુકદેવે સુણાઈ, પરીક્ષતને કાન;
ગણપતરામ ગયા કહી જોતાં, બેસીને વિમાન —મોહ૦

ભક્તિ વિષે

પદ ૨૭૬—રાગ ગરબીના ઢાળનો

પહેલી રે ભક્તિ શ્રવણ પરમાણો, શબ્દ સુણી અંતરમાં આણો.
કાને સુણો હરિકથા કેવી, શ્રવણ કરી મનમાં લેવી;
એકચિત્તે અંતરમાં આણો, નિદિધ્યાસ નામને જાણો—પહેલી૦
પાષાણ કેરી પ્રતિમા જેવી, હાલે ન ચાલે બોલે નહિ એવી;
એવા રે થઈ સભામાં આવો,
લ્યોને રે તમે લક્ષ્મીથી લહાવો—પહેલી૦
પરીક્ષિને સત્ય કથા જાણી, પીધી રે પ્રેમે શુકની વાણી;
જુઓ રે પંથ જીવનનો ઝાલ્યો,
વિમાને બેસી મોક્ષમાં ચાલ્યો—પહેલી૦
શ્રવણ કરો નિત્ય નરનારી, વેદવાણી લ્યોને વિચારી;
ગણપત ગુણ ગોવિંદના ગણિયે,
ભલી રે ભક્તિ શ્રવણ એ ભણિયે—પહેલી૦

પદ ૨૭૭

બીજી રે ભક્તિ કીરતનને બોલે, ત્રિલોકમાં નથી તેની તોલે.(ટેક)
રટણ સીતારામનું કરીયે, વાણી વડે હરિને ઉચરીયે;
ખાતાં રે પીતાં [illegible]

અંતરમાંહી ઉમંગ આદરીએ, લોકડિયાંની લાજ નહિ ધરીએ;
ભક્તિ રે ભલા ભાવથી કરવી, ધીરજ હરિનામમાં ધરવી-બી૦
શૂરાપણુ સાચનું કરવું, અહોનિશ નામ ઉચરવું;
રોમે રે રોમે રામધૂન લાગે, વિરાગ કેરાં બાણુ જો વાગે-બી૦
કીરતન ભક્તિ નારદજી કરતા, પ્રભુજી વિના પલક નહિ ઠરતા;
ગણુપત હરિગુણુ એમ ગાજે, શરણુ સાચું શ્યામનું સાહાજે-બી૦

પદ ૨૭૮

ત્રીજી રે ભક્તિ સ્મરણુ છે તેવી, અનુભવે ઉરમાં લેવી...(ટેક)
શ્વાસો રે શ્વાસ શ્રીહરિ સમરિયે, પરા થકી મધ્યમાં ઠરિયે;
વૈખરી નવ વદીએ ઈ વેળા, કોટે રે કરો મોહનના મેળા-ત્રીજી૦
અજપાનો જાપ નિત્ય જપીએ, સાચા રે ભાવે શબ્દમાં છપીએ;
કામીને જેવી કામિની પ્યારી, લોભી રે રહે ધનને ધારી-ત્રીજી૦
સ્મરણુભક્તિ પ્રહ્લાદે પાળી, દુખ્યા જેને દેહની ટાળી;
કોપ્યો રે હિરણ્યકશ્યપ જોને, પ્રગટ થયા સ્તંભમાં પોતે-ત્રીજી૦
ત્રિલોચને ભક્તિ કરી ત્યારે, વિશ્વંભર આવિયા વહારે,
ગણુપત નિત્ય ગોવિંદ ગુણ ગાજે,
ત્રીજી રે ભક્તિ સ્મરણુ એ કહીયે ત્રીજી૦

પદ ૨૭૯

ચોથી રે ભક્તિ સદ્ગુરુસેવા, [illegible] તે દેવ ને દેવા
ગુરુને ગોવિંદ કરી પૂજે, [illegible]
સેવા રે કરે શિષ્યને [illegible]
કાયા રે કંઈ કામ નહિ આવે, [illegible]
ગુરુ સંત હોય [illegible], [illegible]

સેવા રે ભક્તિ શબરીની સાચી, માતંગ મળ્યા જ્ઞાન અધિકારી;
બોર જેનાં બહુનામીએ લીધાં, કારજ એનાં કોડશું કીધાં-ચોથી૦
કરો તપ જપ તીરથ કોઈ, સેવાનું તો ફળ અધિક હોઇ;
ગણપત ગુણ ગોવિંદના ગાઇયે, ચોથી રે ભક્તિ સેવા એ કહીયે-ચો૦

પદ ૨૮૦

અરચન ભક્તિ પંચમી આરાધો, શરણ સાચું શ્યામનું સાધો.
પૂજા રે સોળ ભાતની પ્રીત્યે, થાળ ભરી લાવો ને નિત્યે;
ચંદન ફળ ફૂલને લાવો, શામળિયાના અંગે સોહાવો—અર૦
અમરીષ રાજા અરચનના ભોગી, ત્રાસ પામે ભલભલા જોગી;
છઠી રે ભક્તિ વંદનને સેવો, કરે કોઈ શૂરો ગરુડ જેવો—અર૦
સાતમી દાસભાવના દેખો, પ્રેમે કરી પ્રાણપતિ પેખો;
કરી રે હનુમંતે હદ વાળી, પ્રીતિ કરી રામવચન પાળી—અર૦
સખા રે ભક્તિ આઠમી સંતો, રીઝવી લ્યો ને ગોવિંદ ગુણવંતો;
એને રે અરજુને આરાધી, ગુરુ રે ગણપત તણો સાધી—અર૦

પદ ૨૮૧

નવમી રે આતમની વેદના ન્યાળો, ભરપૂર એક બ્રહ્મને ભાળો.(ટેક)
સંશે તજી સત્‌ચિદ્‌ને સેવો, નહિ રે લાભ આતમના જેવો;
તનમનધન અર્પણ સૌ કરીએ, દેહનું અભિમાન નવ ધરીએ—નવ૦
હુંપદ હરદા થકી ટાળો, સઘળ બ્રહ્મ સાચા સંભાળો;
અદ્વૈતપદ એમ આદરવું, ફોગટ નવ ફંદમાં ફરવું—નવ૦
દેવી રે બળિરાય તે કીધી, કાયા રે માયા શ્રીહરિને દીધી;
દશમી પ્રેમ-લક્ષણા દેખું, લખ્યે રે તેનું થાય નહીં લેખું—નવ૦

પૂરી તેને ગોપીએ પાળી, વેહેલા વશ કીધા વનમાળી;
ગણપત કહે ઘાંટી એ વસમી, દેખી લ્યો એ ભગતી દશમી-નવ૦

પદ ૨૮૨

એકાદશમી છે આનંદકારી, પરાભક્તિ સરવથી સારી....(ટેક)
નયણાં રે વિના રૂપ સદા ન્યાળે, શ્રવણ વિના શબ્દ સાંભળે;
રસના વિણ રસને ચાખે, અંગ વિના સંગ ત્યાં દાખે-એ૦
ચરણ વિના ચાલ્યને ચાલે, હસ્ત વિના વસ્તુને ઝાલે;
નહીં રે જ્યાં નર અને નારી, એક વિના બીજે ન અધિકારી-એ૦
ઝળહળ જ્યોતિ તેજની જાગી, ભ્રમણા ભિન્નની ભાગી;
સદા માહાત્મ્યમાં માહાલે, સોહં ધુની શબ્દની ચાલે-એ૦
ભળી રે ગયો પોતામાં પોતે, જીવદશા ટળી ગઈ જ્યોતે;
ગણપત જઈ ગોવિંદમાં રહીએ, એકાદશમી પરા કહીએ-એ૦

પદ ૨૮૩-રાગ ભજનના ઢાળનો

દિવસ થોડા ને જાવું દૂર રે,
પંથીડા પ્રાણી, દિવસ થોડા ને જાવું દૂર રે જી.
સંતો ભાઈ રે ઊઠ્યા ઉતાવળાને ભૂખા રે પડિયા તો,
થયું છે અતિશે અસૂર રે—પંથીડા પ્રાણી, દિવસ થોડા૦
સંતો ભાઈ રે પરવારતાંમાં આવી રે પોક્યાં તે
કાજ કરવું વેરેગી દૂર રે—પંથીડા પ્રાણી, દિવસ થોડા૦
સંતો ભાઈ રે કોટી જન્મ થકી બીજડાં વાવ્યા તો
ઊગ્યા નહિ રે અંકુર રે—પંથીડા પ્રાણી, દિવસ [illegible]
સંતો ભાઈ રે આ રે સમાગ છે નૃપનાની બાજી તો
[illegible] જરૂર રે—પંથીડા પ્રાણી, દિવસ [illegible]

સંતો ભાઈ રે કોટી જન્મ થકી કષ્ટ પડે તે તો,
માન ભર્યો ભરપૂર રે—પંખીડા પ્રાણી, દિવસ થોડા૦
સંતો ભાઈ રે અતિ વિકટ છે મારગ આડા તો;
લૂંટાયા કહી શૂર રે—પંખીડા પ્રાણી, દિવસ થોડા૦
સંતો ભાઈ રે કે' ગણુપત તમે ગોવિંદ ભજી લ્યો તો;
નરહરિ રાખે નૂર રે—પંખીડા પ્રાણી, દિવસ થોડા૦

પદ ૨૮૪

| તારું આપ તપાસ રે;
જંજાળી જીવડા, તું તારું આપ તપાસ રે........ (ટેક)
સંતો રે ભાઈ રે તારું તો તુજને કાંઇ નવ સૂઝે તો,
ત્યાંથી આવ્યો ને ક્યાં જઈશ રે—જંજાળી જીવડા, તું તારું૦
સંતો ભઈ રે જોતાં જોતાં માંહી જન્મ ગમાયો તો,
અંતે થાશો ઉદાસ રે, જંજાળી જીવડા તું તારું આપ તપાસ રે.
સંતો ભાઈ રે મનમાં પ્રાણી મારું માનો છો તો,
તે તો થવાનું નાશ રે, જંજાળી જીવડા તું તારું આપ તપાસ રે.
સંતો ભાઈ રે પરવાર્યાનો પાર ન આવ્યો તો,
પડયો ગળે જમપાશ રે, જંજાળી જીવડા તું તારું આપ તપાસ૦
સંતો ભાઈ રે કરી લે તુ સમરણ સરજન હારનું તો,
ઊડતાં શ્વાસ ઉશ્વાસે રે, જંજાળી જીવડા તું તારું આપ તપાસ૦
સંતો ભાઈ રે ઘરમાં અંધારું રાખી શુ ઘોરો તો,
કરને રે જ્યોત પ્રકાશ રે, જંજાળી જીવડા તું તારું આપ તપાસ૦
સંતો ભજો રે ગોવિંદના ગુણ ગણુપત ગાને તો,
રાખી રુદે વિશવાસ રે, જંજાળી જીવડા તું તારું આપ તપાસ૦

પદ ૨૮૫

સમરી લે સરજનહાર રે,
પંથીડા પ્રાણી, સમરી લે સરજન હાર રે જી.... (ટે
સંતો ભાઈ રે નાભિકમળથી સુરતાને સાંધી તો,
ગગનમંડળ મોઝાર રે. —પંથીડા પ્રાણી
સંતો ભાઈ રે શૂન્ય શિખરમાં ભમર ગુફા છે તો,
ત્યાં રેહેવાનું ઘરબાર રે. —પંથીડા પ્રાણી
સંતો ભાઈ રે ત્રિકુટી કમળમાં જ્યોતી રે ઝળકે તો,
તે શું મેળવ્ય એકતાર રે. —પંથીડા પ્રાણી
સંતો ભાઈ રે જન્મ્યા પેહેલું જેને પય જમાવ્યું તો,
માતાના તન મોઝાર રે. —પંથીડા પ્રાણી
સંતો ભાઈ રે કરતા યે કાયા કેવી બનાઈ તો,
એનો બૂઝ્યો ઉપકાર રે. —પંથીડા પ્રાણી
સંતો ભાઈ રે ગણપત કે' ગુરુદેવ મળે તો,
સેજે તરો સંસાર રે. —પંથીડા પ્રાણી

પદ ૨૮૬

(કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે—એ રાગ)
વિક્રમ તન મન ધન કુરબાન, કરું તુજ કારણે રે (ટે
લાલ તમારાં લક્ષણ કેવાં, જન્મ્યા ત્યારથી જોયા જેવાં
કહું છું કે એવાં એવાં પળ્યાં પારણે રે — વિક્રમ
[illegible] વિનતાને ભારી, તને ન જાણ્યું તે [illegible]
મારી તો [illegible] [illegible] રે — [illegible]
તમ વિના મને કેમ રે'વાશે, [illegible]
[illegible] નહિ રે'વાશે, [illegible] રે — [illegible]

: મુજને ઘાયલ કીધી, વણમૂલે વેચાતી લીધી;
સઘળાં કારજ સિદ્ધિ, ધીરજ ધારણે રે. —ત્રિકમ૦
પ્રેમ પ્રકાશને કરવા, વિઠ્ઠલજી તમને તો વરવા;
અહોનિશ આદરવા ભવિભવતારણે રે. —ત્રિકમ૦
સ બોલી અમૃત વાણી, મનડું મારું લીધું તાણી;
ગણપત વાત વખાણી, કુણ કારણે રે. —ત્રિકમ૦

પદ ૨૮૭

ને અમારે ગુરુએ જ્ઞાન બતાવ્યું, નિજ રૂપને નિરખાવ્યું;
પણ સાચું સદ્દગુરુ કેરું........ (ટેક)
ાસન વાળી પ્રણવ કરાવ્યો, ત્રિકુટીનું ધ્યાન ધરાવ્યું—સ૦
મ નિયમ આસન જોગને જાણ્યો, પ્રાણાયામ કરાવ્યું—સ૦
ત્યાહારને પૂરણ કીધો, ધ્યાન ને ધારણા દેખાવ્યું—સ૦
ન્ય સમાધિમાં સુરતા રે લાગી, ગગનમાં ચિત્તડું ઠરાવ્યું—સ૦
મજર અમર પ્યાલો ગુરુજીએ પાયો, અખંડ રૂપ ઓળખાવ્યું-સ.
રત નૂરત બેઉ શૂન્ય શિખર પર, શબ્દમાં શબ્દ સમાવ્યું—સ૦
જન્મમરણદુઃખ જોતાંમાં ટળિયું, ગુરુ ગણપત મન ભાવ્યું—સ૦

પદ ૨૮૮—ગરબી

જય જય જગ-કરતાર જીવન જશ આપો;
કુમતિ હોય જો કાંઇ, કૃપા કરી કાપો... (ટેક)
સંભાળ શરણાગતની કરીને, સ્થિર કરીને સ્થાપો—જીવન૦
ખાતું તમારું ધરીને હું બેઠો, છાપ તમારી છાપો—જીવન૦
સેજ સમાધિ શ્વાસઉચ્છ્વાસે, નિશદિન જપીએ જાપો—જીવન૦

પદ ૨૮૯

માન કહ્યું મન મારું, વારે વારે વારું.... (ટેક)
નરતન તરવાનું બારું, સમજ મળ્યું સારું. વારે
કરતાએ કીધું તે કોઈ ના ઉથામે, નહિ થાય ધાર્યું તારું-વારે
સુત વિત દારા મેલીને મરવું, મૂરખ માને છે મારું-વારે
સંસારનું સુખ સ્વમાની બાજી, પામરને લાગે પ્યારું-વારે
કે' ગણપત ભવ કોટી ગમાયા, હજી સમજ તો સારું-વારે

પદ ૨૯૦

તુ તો આ છે આતમ રામ, ભ્રમણાથી ભૂલ્યો.... (ટેક)
થયો સંશેથી જીવ સ્વરૂપ, દુઃખમાં ડૂલ્યો. -ભ્ર
ઝાંઝવાનાં જળ જોઈને પ્રાણી, પીવાની ફાળે શું ફૂલ્યો-ભ્ર
વાયુને જેમ વટોળિયો ખોળે, જાણ વિનાનો ઝૂલ્યો-ભ્ર
કંચન ઘાટ ગયાથી કેવાશે, ખબર વિનાનો ખીલ્યો-ભ્ર
ગણુપત ગુરુગમ જ્ઞાન જ દેરી, હરદામાં ભાગે ડુલ્યો-ભ્ર

પદ ૨૯૧

હરખે આરાધ હરિને,
આ મનવા તું હરખે આરાધ હરિને. (ટેક)
ભક્તિ કર ભગવાન તણી તું [illegible] કરીને આ
ગોવિંદના ગુણ જે જન ગાવે, [illegible] એને કરીને આ
મનુષ્યાજન્મ મળ્યો ને મળે નહી, [illegible] આ
હરિભક્ત હરિજનની સેવા, કરજે તું ભાવ [illegible] આ
કે' ગણપત ગોવિંદને ગાતા, [illegible] આ

પદ ૨૯૨

રામજી ભાર ન રાખે, સમજ મન રામજી ભાર ન રાખે....(ટેક)
આદ્ય અનાદિની રીત છે એવી, વેદ શાસ્ત્રોની સાખે—સમજ૦
તુચ્છ ભેટ ત્રિકમને કરતાં, નરનાં દુઃખ ખોઈ નાખે—સમજ૦
વિદુરજી વૈકુંઠ વસાવ્યા, ભૂધરે ભાજીને પાખે—સમજ૦
તાંદુળ માટે સુદામાને તાર્યો, ભારતી એવું ભાખે—સમજ૦
હરનિશ હરિ ઉપકારને રાખે, ગણપત દિલમાં દાખે—સમજ૦

પદ ૨૯૩

જય જય શ્રીજગરાયા, તું ભજ મન જય જય શ્રીજગરાયા..(ટેક)
જળ તણાં બિંદુની જુક્તિ કીધી, કેવી બનાવી આ કાયા—તું૦
ગગનઘટા ઘનમંડળ કીધું, અગણિત ઈંડ ઉપજાયા—તું૦
કરતાની ગતિ કોઈ ન જાણે, મોટી હરિની માયા—તું૦
અર્ક ને ઉડુગણ કેવા રે કીધા, અદ્દભુત ખેલ ઉપાયા—તું૦
અકળ સકળ જગવ્યાપક સંતો, ગણપતે હરિગુણ ગાયા—તું૦

પદ ૨૯૪—રાગ ભૈરવી

(મેં તો તેરી જપું રામમાલા રે—એ રાગ)

જાગો જાગો જસોદાના જાયા રે, મુને લાગી મોહન તારી માયા રે-ટેક.
મુનિમંડળ સહુ મળીને રે આયા, વાડવ વેદ ચલાયા રે—જા૦
ગાયન કારણ ગુણીજન બેઠા, સપ્ત સ્વરે ગીત ગાયા રે—જા૦
હરિમંદિરમાં આરતી હોતરે, સંતે શંખ બજાયા રે—જા૦
કહે ગણપત દરશનને કરવા, જુવતી મળી જદુરાયા રે—જા૦

પદ ૨૯૫

રામનામ જપે મન મારું રે, મુને લાગે પ્રાણથી પ્યારું રે. (રા
દારુણ દુઃખ દુનિયાનું મનમાં, વહલાને જોઈને વિસારું રે-રા
શ્વાસઉશ્વાસે શ્યામનું સમરણ, અહોનિશ એમ ઉચ્ચારું રે-રા
હરિ સેવા હરિજનની સંગત, સંસારમાં સુખ ધારું રે-રા
ગણપતને નિત્ય ગોવિંદ ગાવા, ત્રિકમ નામ છે તારું રે-રા

પદ ૨૯૬—રાગ ખ્યાલ

જાના હૈ જરૂર પ્રાણી, ભજો ભવતારને જી, ભજો ભવતારને જી. (જા
વિષયા સુખમેં ક્યોં લગે હો, સુખ સંસારને જી—જાના હૈ
મૃગતૃષ્ણા સમ જગ હૈ જુઠા, પાવે નહિ પારને જી—જાના હૈ
શ્વાસઉશ્વાસે સમરન કરના, વિપળ વિચારને જી જાના હૈ
ગણપત ગોવિંદ નિશદિન ગાના, ત્રિવેનીમેં તારને જી જાના હૈ

પદ ૨૯૭

(જેમલ કરી કે વિચાર-એ રાગ)

કરીએ સત્યનો વિચાર, અનિયાં હોય નર ને નાર,
[illegible] ચાલે છે સંસાર, [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

ાતી મેણિયાં કહેવાય, એનું નીર ઊતરી જાય;
ાગે કદી ન સંધાય, એનું મૂલ તે શું થાય—આવો૦
ીરો ઝવેરી ઘેર જાય, જ્યારે એરણમાં હોમાય;
પમશે ઘરણ કેરા ઘાય, ત્યારે મૂલથી વેચાય—આવો૦
જ્યારે સભાઓ ભરાય, સાચા સંત ભેળા થાય;
સત્યની છાપ તો દેવાય, ત્યારે ભક્ત તો કહેવાય—આવો૦
ગુરુની ગમ વિના જે ગાય, એ તો મૂરખ કહેવાય;
એનો મોક્ષ તો નવ થાય, નૂગરા નરકમાંહી જાય—આવો૦
પ્રેમના પાટ તો મંડાય, જસની જ્યોત તો પ્રગટાય;
મનની માંડવી રચાય, દિલ શુધ દાન તો દેવાય—આવો૦
ગંગા સમદરમાં જાય, ત્યારે એક રૂપે થાય;
તેમાં નર ને નારી નાહાય, તેનો મોટો છે મહિમાય—આવો૦
આસન પદ્મ તો બંધાય, સોહં જાપને જપાય;
ત્યારે સિદ્ધ કારજ થાય, ત્રિકુટી ધ્યાનમાં દેખાય—આવો૦
તૃષ્ણા તરત તૂટી જાય, આતમ રૂપ તો ઓળખાય;
તે તો જીવનો શિવ થાય, એને ગુરુ ગણપત ગાય—આવો૦

પદ ૨૯૮

(હૈયાના ફૂટ્યા, હરિસંગે હેત ન કીધું—એ રાગ)

જંજાળી જીવડા, તેં તારું આપ ન જોયું........ (ટેક)
મનુષાજનમ મળ્યો પણ તો યે, પ્રભુમાં ચિત્ત ન પ્રોયું રે—જં૦
વેચાર કરતાં વહાણું વાયું, જમના દૂતે ત્રાસ્યો;
જનમ્યો'તો તેવો થઈ પાછો, ચોરાશી ખાણમાં ચાલ્યો રે—જં૦
માથે ભય મરવાનો મોટો, ઉરમાં એવું ન આણે;
જગતપતિની ભક્તિ કેરી, જુક્તિ તે નવ જાણે રે—જં૦

કપટ કરી ધન ભેગું કરવું, ફરવું ફાવે તેવું;
ગણપત કહે નારાયણ કેરું, તારે તે નામ ન લેવું રે

પદ ૨૯૯

કરતારે તારી, કાયા કરી છે કેવી........
એ માટે તું ઈશ આપણો, શરમથી લેને સેવી રે
અદ્ભુત એણે ઈંડ રચાવ્યું, જુક્તિ એ કોણ જાણે;
કર, ચરણ ને નેણ–નાસિકા, આપી દીધાં એ ટાણે રે
પંચ તત્ત્વનું પાંજર કીધું, આતમ એમાં આયો;
વહાર કરી'તી વિઠ્ઠલજીએ, માતાના ગર્ભમાં મૂંઝાયો રે
એ ઉપકાર તું ઉર ન લાવે, ધિક ધિક સમજણ તારી;
ગણપત કહે ગોવિંદને ગાજે, સાચું કહું સંસારી રે

પદ ૩૦૦

જો ને તું જીવડા ભગવાનનો ગુણ ગયો ભૂલી
ધન જોબનના ધમધમાટમાં, શીદ રહ્યો છે ફૂલી રે જોને
જનમ્યા પેહેલું પગ જમાવ્યું, માતાના તન માંહી
ગર્ભવાસ દુઃખે ઘેરાણો, તારું રક્ષણ કર્યું ત્યાંહી રે જોને
ઇન્દ્રિયો તુજને કરી આપી, ઉદ્યમ કરવા માટે
એ પ્રભુને અંતરમાંહી, સમરો શિરને સાટે રે જોને
આ અવસર તેં એળે ખોયો, પાછળથી પસ્તાશે
ગણપત કહે ગોવિંદ ભજ્યા વિના, જમને હાથે જાશે રે જોને

પદ ૩૦૧

(અનિરુદ્ધજીની ઘોડલી-એ રાગ)

જય જય અકળ ગતિ અવિનાશ, આરાધું છું આપને;
મારા ઉરમાં તમારો આધાર, જપું તારા જાપને.... (ટેક)
દેવ, દાનવ ને માનવી રે, કોઈ ન પામે પાર;
બ્રહ્મા ભેદ લહે નહીં રે, ત્યારે બીજાના શા ભાર—જપું તારા૦
પિંડ બ્રહ્માંડ પેદા કર્યું રે, જુક્તિ એની જણાય;
ક્યાંથી આવ્યું ને ક્યાં જશે રે, તેની કિંમત કોઈથી ન થાય—જપું૦
ઉડુગણ અદકા શોભતા રે, આકાશ માંહી અપાર;
સોમ સૂરજ સંસારમાં રે, એ ઊગ્યાથી જ ટળે અંધાર—જપું૦
પૃથ્વી, પાણી, પવન કીધાં, અગ્નિ ને આકાશ;
જડ ચૈતન્ય છે જેટલાં રે, તેમાં વિશ્વપતિ તવ વાસ—જપું તારા૦
અદ્દભુત સામર્થ્ય આપમાં રે, વેદ કહે છે વિચાર;
ભાવિક ભક્ત જે તમ તણા રે, તે સમજે તમારો સાર—જપું તારા૦
પવન રૂપી દોરીએ રે, પકડયો છે સંસાર;
પલકમાં પેદા કરો રે, વળી ક્ષણમાં કરો સંહાર—જપું તારા૦
અગણિત ઈંડ ઉપજાવિયાં રે, બાંધી રીત રસાળ;
ગણપત ગોવિંદ ઘટ વિષે રે, તેને કોપી શકે નહિ કાળ—જપું૦

પદ ૩૦૨

કોઈ હોય હરિના રે જન, ધર્મ પાળો ધરણીમાં.... (ટેક)
સેવે સદ્દગુરુ દેવ સદાય, કસર નહીં કરણીમાં—ધર્મ૦
મદ્ય માટી ને ચોરી ચાડી, સુરનિંદા પરનાર;
પહેલાં છોને પરહરો રે, દેવ ઉઘાડી દો દ્વાર—ધર્મ૦

શમદમ, ઉપરતિ, તિતીક્ષા, શ્રદ્ધા ને સમાધાન;
એવા ગુણ આવે ઉર વિષે રે, તો મોહન આપે માન—ધર્મ૦
નિત્ય નૈમિત્તિક દીન પ્રાકૃતિક, આત્યંતિક કહેવાય;
પાંચ પ્રલયને વિચારીને રે, તમે રટજો શ્રી રઘુરાય—ધર્મ૦
કુળ શીલ ધન રૂપ ને યૌવન, વિદ્યા તપ ને રાજ;
એ મદ મટે માંહેથી રે તો, કરતા કરશે કાજ—ધર્મ૦
વિવેક વૈરાગ્ય સંપત્તિ રે, મુમુક્ષુતા કહેવાય;
જીવન્મુક્તિ જાણિયે રે, તેની તૃષ્ણા તૂટી જાય—ધર્મ૦
નિત્ય નૈમિત કામ્ય પ્રાશ્ચિતની, સિદ્ધિ જે કહેવાય;
કર્મ સમરપે બ્રહ્મને રે, તો જીવ મટી શિવ થાય—ધર્મ૦
જાગૃતિ સ્વપ્ન સુષુપ્તિ, ત્યાગી સોહમમાંહી સમાય;
ગણપત ગોવિંદરૂપ થયો રે, તેને પરમાનંદસુખ થાય—ધર્મ૦

બાર માસ વિષે

પદ ૩૦૩—દોહરા

(પ્રીતમના મહિનાનો-રાગ)

હરિગુરુ સંત કૃપા થકી, અનુભવ આપે આપ.
જનમ મરણ જેનાં ટળે, પૂરણ મળે પરતાપ
અનુભવી આપ વિચારીએ ટે૦
કારણકે તનમાં રોગ છે, એ તે નવ રે જાય
પામો તે જ્યાંથી વમે, ક્યાંથી હોય ઉપાય—અનુભવી
[illegible] મ [illegible] માનિયે, માને જપ ને [illegible]
[illegible] જ્ઞાન અંતર વિના [illegible]—અનુભવી

મોટા વિચાર જે મન તણા, તેનું કયાં ઘરબાર;
કરતા તેનો કયાં વસે, નર કર નિરધાર—અનુભવી૰
અહંકૃતિ કયાંથી ઊપજે, કયાં જઇને સમાય;
એને ગણપત ઓળખે, મોટા મહંત કહેવાય—અનુભવી૰

પદ ૩૦૪

જીવ મનમાયા તણું, જો નવ જાણે સ્વરૂપ;
ભવસાગરમાં તે ભમે, પડે ચોરાશી કૂપ.
અનુભવી આપ વિચારીએ ... (ટેક)
માગશરે જીવ માયા તણો, જાણે જૂજવો ભેદ;
ઈશ્વર બ્રહ્મને ઓળખે, જેને વરણવે વેદ—અનુભવી૰
તે થકી પર પરમાતમા, પરબ્રહ્મ કહેવાય;
અંતરમાંહી આવી વસે, મહાદુઃખ મટી જાય—અનુભવી૰
ભરપૂર સઘળે ભાળશે, એક અલખ અખંડ;
સદ્ગુરુની સમજણ થકી, જાશે જમનો દંડ—અનુભવી૰
કયાંથી આવ્યો ને કયાં જાવું, તેનો પામી લે પાર;
ઓળખ ગણપત આત્મા, મળે તો કિરતાર—અનુભવી૰

પદ ૩૦૫

જાગૃતિમાં જાણ્યું નહિ, સ્વપ્નેથી શું થાય;
પેખે જો પકવાનને, ભૂંડી ભૂખ ન જાય.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
પોષે તે પૂર્ણાનંદનો, એને અખંડ આનંદ;
કામ ક્રોધ મમતા તણો, કરે મૂળ નિકં

મત બ્રહ્મને વળી શૂન્યના, વાદી જે કહેવાય;
કાળ રાખે કંડિયા વિષે, તેથી મોક્ષ ન થાય—અનુભવી
નિરમત ને નિરમાનથી, નિરસંશેનું જ્ઞાન;
અંતરમાં આવી વસે, ભેટે શ્રીભગવાન —અનુભવી
મતિ શ્રુતિ અવધિ જે કહ્યાં, સાચો તેનો રે સાથ;
ગણપત ગુરુની ગમ વિના, હરિ આવે ન હાથ—અનુભવી

પદ ૩૦૬

અખંડ કહિયે આતમા, માયાથી કેમ બંધાય;
જીવન ધનમાં આવિયો, જરૂર શિક્ષા થાય.
અનુભવી આપ વિચારીએ.... ટે

મહા મલિને મનમાંહેથી, તજી માયા ને માન;
ઉપરથી અળગી કરે, ન મળે શ્રીભગવાન—અનુભવી
જ્યાંથી જે ઉત્પન્ન થયું, તે તો તેમાં સમાય.
મુગ્ધ જન મતપંથમાં, અહોનિશ તણાય—અનુભવી
મ્લેચ્છ અને જૈન મતનો ધર્મ જે કહેવાય
ખોટો ખરો કયો હશે, ન નક્કી એ થાય—અનુભવી
નિર્વાણનો [illegible], એવું કહે [illegible]
ગણપત [illegible] [illegible], [illegible] ન [illegible]

પદ ૩૦૭

નિરસશે નિરમાનથી, ભજે બ્રહ્મ ભગવાન;
મત મૂકે મનમાંહેથી, થયું યથારથ જ્ઞાન.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
ફાગણે ફંદ માશૂક રે, જોને જીવની જાત;
દેખ લે નિજ દેદારને, એવી વેદની વાત—અનુભવી૦
પોતે પોતાને પેખતાં, પરિબ્રહ્મ ઓળખાય;
જ્યાંથકી આતમ આવિયો, અંતે એમાં સમાય—અનુભવી૦
મૂળ વસ્તુને જો મળે, જીવનો તો શિવ થાય;
જનમ મરણ તણી આપદા, તેની જોતાં રે જાય—અનુભવી૦
પરમ અક્ષર ઘર તાહેરું, અક્ષરનો રે આધાર;
સોહમ્ શબ્દ ધૂની થકી, પામે તેનો પાર—અનુભવી૦
શૂન્ય શિખર ગઢ જઈ વસે, ત્યાં આદિ અવિનાશ;
ગણપત ગુરુગમ પામતાં, થાયે સર્વે પ્રકાશ—અનુભવી૦

પદ ૩૦૮

અખંડ પુરુષને આરાધતાં, ખંડણ સહુ ખોવાય,
આશા તૃષ્ણા તો ટળે, દેહભાન ભૂલી જાય.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
ચૈતરે ચિત્ત આનંદમાં, હરિચરણનું ધ્યાન;
નિશદિન નિરમળ ન્યાળીએ, મૂકી દેહાભિમાન—અનુભવી૦
ભરત અને શુકદેવજી, જુવો જનક વિદેહ;
અનન્યાપણેથી ઉપાસતાં, ઓળખો પદ એહ—અનુભવી૦

અક્ષરક અરજુન ને બળિ, મૂકી આયા ને માન;
તનમન ધન અર્પણ કરી, ભજિયા શ્રીભગવાન—અનુ
ગુરુ મળ્યા ગોપીચંદને કીધું ઉત્તમ કાજ;
ગણપત મળવા ગોવિંદને, છોડયું નિજ રાજ—અનુ

પદ ૩૦૯

અંતર દષ્ટિ આવશે, ઉપર દષ્ટિ જાય;
લેહે લાગે જો લક્ષમાં, અકળ રૂપ ઓળખાય.
અનુભવી આપ વિચારીએ....
વૈશાખે વિવિધ પ્રકારથી, વસિયા શ્રીવિશ્વેશ;
અકળ સકળમાંહી રહ્યો, કહે શંકર શેષ—અનુ
જળ, થળ, જંતુ, ઝાડમાં, અવનિ ને આકાશ;
જેવા જને જાણિયા, તેમાં તેવા કે વાસ—અનુ
નવવિધ ભક્તિ ને નાળિયાં, તેનું એક મુકામ;
વિકટ સરલ પંથે પડે, અને પોકરી ગામ—અનુ
મત મૂકી ભજે માનવી, નારાયણ નિરધાર
ગણપત ગુરુ પ્રતાપથી, પામિયે ભવપાર—અનુ

પદ ૩૧૦

કહે કશુ નવ નીપજે, કરવાની [illegible]
કહે કે પણ કરતા નથી, નહીં [illegible]
અનુભવી આપ [illegible]
[illegible]
[illegible]

આકાર જે ઉપજાવિયો, તેમાં છે નિરાકાર;
સાકાર નિરાકારનો, બેનો એક વિચાર. —અનુભવી૦
સગુણ તે નિરગુણ થયો, નિરગુણ સગુણ થાય;
ગુણાતીત ગોવિંદ જે, તે ગુણથી જ ગણાય—અનુભવી૦
સદ્‌ગુરુ જો સાચા મળે, ઓળખાવે અખંડ;
ગણપત ગુરુગમ પામીને, ખોજ્યો પિંડ બ્રહ્માંડ—અનુભવી૦

પદ ૩૧૧

ખટ ચક્ર વેધી વળી, જાવું વસમી વાટ;
માયા પાહડમાં રિપુ વસે, ઘડવો તેનો ઘાટ.
અનુભવી આપ વિચારીએ . (ટેક)
આષાડે જોવા આતમા, વાળી પદ્મ આસન;
સુંદિર સ્થળ એકાંતમાં, સ્થિર રાખવું મન—અનુભવી૦
પ્રાણાયામ પહેલો કરી, પૂરક કુંભક રીત;
પ્રાણ અપાનને મેળવી, ચંચળ થાય ન ચિત્ત—અનુભવી૦
પ્રથમ આધારમાં પેખિયે, તેનો પીળો રે રંગ;
ચાર પાંખડીઓ એ ચક્રની, વંશંષસં સંગ—અનુભવી૦
ગણપતિ દેવ છે એહના, શક્તિ ને રે સંયુક્ત;
ગણપત અહોનિશ આદરે, મોટો હોય રે મુક્ત—અનુભવી૦

પદ ૩૧૨

જાપ અજપા જે તણા, ખટ સો મંતર સાથ;
આનંદે અરપણ કરે, તો રીઝે ગણનાથ.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
શ્રાવણે સ્વાધિષ્ઠાનનો, શ્વેત રંગ ગણાય;
ખટ પાંખડીઓને ખોલતાં, બ્રહ્મદેવ જણાય—અનુભવી૦

ખં ભં મં ને બોલીએ, યં રં લં ત્યાં લખાય;
ખટ રે હજાર ને ખોળીએ, ત્યારે કારજ થાય—અનુભવી૦
પછે મણિપુરમાં પરવરો, લાલ રંગ લખાય;
પદ્મ પાંખડીઓ દશ કહી, વિષ્ણુ સ્વામી દેખાય—અનુભવી૦
ડં ઢં ણં ત્યાં દેખીએ, તં થં દં ધં જેહ;
નં પં ફં કું ન્યાળીયે, કહે ગણપત તેહ—અનુભવી૦

પદ ૩૧૩

અનુભવ અરક ઉદે થયો, જાણી જીવની જાત;
સચરાચર શોભી રહ્યો, વેદ વખાણે વાત.
અનુભવી આપ વિચારીએ.... (ટે)

ભાદ્ર અનાહત ભાળીએ, નીલ રંગમાં નાથ;
દ્વાદશ વરણમાં દેખીએ, શિવ શક્તિનો સાથ—અનુભવી૦
કં ખં ગં ઘં જે કહ્યા, યં છં જં નિરધાર;
જં લં નં ટં ઠં કહ્યાં, બુઝો વરણ એ વાર—અનુભવી૦
વિશુદ્ધિ ચક્રને વેગથી, તેના ખટદશ વર્ણ;
સામ રંગમાં સાંભળી, તેનું સાચું શર્ણ—અનુભવી૦
અં આં ઈં ઈં ઉં ઊં કહ્યાં, ઋં ૠં લૃં લૄં અથ,
ઓ ઔ અં અઃ એ કહ્યા, નહિ ગણપત સગ—અનુભવી૦

પદ ૩૧૪

આસોએ જ્ઞાન ઉદે થયું, કોટિ સૂર્ય પ્રકાશ,
પાંખડી બન્યા પદ્મની, દંશ વરણોનો વાસ.
અનુભવી આપ વિચારીએ
નભકમળે આવતાં, જાગે મનની આશ
[illegible] દેહને, થાય [illegible] અનુ૦

સહસ્ર પાંખડીઓ શોભતી, તેનું તેજ અપાર;
અમરત સાગર ઊલટયો, કોઈ પામે ન પાર—અનુભવી૦
અનહદ નાદ ત્યાં ઊઠિયો, ધૂની ચાલી ગગન;
ગણપત દેખી ગોવિંદને, લાગ્યું તે શું લગન—અનુભવી૦

પદ ૩૧૫

ઝળહળ જ્યોત ઝળકી રહી, વરસે નૂર અપાર;
વિરામ વાણી વેદની, જઈ બેઠો તે ઠાર.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
અધિક આનંદ આવિયો, ઓળખ્યો અવિનાશ;
જોડાયો જગદીશમાં, થયો પ્રેમ પ્રકાશ—અનુભવી૦
સંવત ઓગણી છત્રીસે, ફળ્યો ફાલગુન માસ;
કૃષ્ણ તે પક્ષની અષ્ટમી, પ્રભુ વાર પ્રકાશ—અનુભવી૦
પૂર્વાષાઢા પ્રેમનું, નક્ષત્ર નિરધાર;
ચંદ્ર મકર માહા સુખમાં, કર્યો વિમળ વિચાર—અનુભવી૦
વિપ્ર ઉદીચ વરશાપુરી, સાબર–તીર મુકામ;
હરિગુરુ સંતકૃપા થકી, ગાવે ગણપતરામ—અનુભવી૦

પદ ૩૧૬

ભક્તિ છે શૂરાની રે, શિર સાટે આદરે રે જી.... (ટેક)
રણનટ ચડે તેને ચોગણો રંગ, સદ્‌ગુરુ શબ્દે રે,
ભીતર ભેદિયાં રે જી,આવી સામા અરપે પોતાનું અંગ—ભક્તિ૦
પિતળ ને સોનાનું રે, પરખો પારખું રે જી;
એ તો જ્યારે અગ્નિમાંહી હોમાય, સો વાર તપાડે રે,
તેજ તેનું ના ટળે રે જી, કંચન કોઈ દિન કમી નવ થાય—ભક્તિ૦

ખપનો છે ખેલ રે, ખરો ખાંડા ધારનો રે જી;
કાયરથી કયમ કરીને ચલાય, હજારો હથિયારે રે,
એને હણવા ચહે રે જી; હીરો તો હીરા વડે વીંધાય-ભક્તિ
મરે એ મધવાની રે, ગાદી લેશે માનવી રે જી;
કહેવત જુગમાં એવું કહેવાય, ગુરુ ગણપતનો રે;
ભાવે ભજતા રહો રે જી, હરિગુણ ગાતા હોય તે ગાય-ભક્તિ

પદ ૩૧૭

પંચ કોશાત્મક પરખીએ આત્મા, વેદ વિચારથી એમ કહે છે;
પંચ તત્ત્વતણું પાંજરું પ્રગટ છે. ભેદ પચીસ તેના તે છે-પંચ
હાડ ને માંસ ત્વચા નાડીઓ રોમ એ, પાંચને પૃથ્વીના ભાગ કહીએ
લાળને લોહી લઘુવીર્ય ને સ્વેદજે, વરુણના ભાગ [illegible]-પંચ
ધાવન હાલન ચાલન આકોચનો, પ્રસારણ પાંચના વાયુ પેખો
ભૂખ ને [illegible] તેજ દેખો-પંચ
[illegible] અપ્યું
[illegible] આપ્યું

પદ ૩૧૮-કાફી

([illegible])

પ્રેમપંથની વાતો રે, [illegible]
પ્રેમ ત્યાં કાંઈ નેમ ન [illegible]
પ્રેમનો [illegible] પીધાં, [illegible]
પ્રેમમાર્ગે [illegible]
[illegible]

રણ પ્રેમ પ્રકાશ યોજ્યો, જમદૂત ખાશે લાતો રે—જુગ૦
મીં ગણપત જે હોય પૂરો,પોતે પીએ બીજાને પાતો રે—જુગ૦

પદ ૩૧૯

અનુભવી સાચા શૂરા રે, ભ્રમણા જેની ભાગી.... (ટેક)
કામ ક્રોધ ને તૃષ્ણા ત્યાગી, ચિત્ત કર્યું ચકચૂરા રે—ભ્રમણા૦
ભક્તિને મોરચે ભડ શું રે લડિયા, રણ વાગ્યા રણતૂરા રે—ભ્રમ૦
અકળ પંથનો અધ્ધર મારગ, પગ માંડે થઈ પૂરા રે—ભ્રમણા૦
આ દુનિયામાં આવી રહ્યા પણ, દેશ વહાંનો દૂરા રે—ભ્રમણા૦
શૂન્ય શિખરમાં સુરતા બાંધી, નિરમળ વરસે નૂરા રે—ભ્રમણા૦
ગણપત ગુરુગમ જે જન જાણે, એ નર નહીં અધૂરા રે—ભ્ર૦

પદ ૩૨૦

નાને ભડકે દિવાળી ને, મોટે ભડકે હોળી જી;
ગામમાં લૂંટે તે રાજા ગણાશે, વનમાં લૂટે તે કોળી રે;
બીજું ન બોલો જી........ (ટેક)
હર્ષ ત્યાંહી શોક છે ને, ચોર ત્યાંહાં શાહુકાર જી;
જ્ઞાન ત્યાંહાં અજ્ઞાન ગણાશે, નર હશે ત્યાં નાર રે—બીજું૦
પ્રકાશ હોય ત્યાં સૂરજ સમજે, અંધારું ત્યાં રાત જી;
દેહાભિમાને દુઃખ ઘણેરું, જુવો જીવની જાત રે—બીજું૦
નાના મોટા ઘાટ કુંદનના, ભાગે ભ્રમણા જાય જી;
દીવે દીવા જુદા દીસે, અગ્નિ એક ગણાય રે—બીજું૦
જીવ શિવ માયા જુદાં દીસે, અલ્પ મતિ ઉપાય જી;
ગણપત ગુરુગમ જે જન જાણે, દ્વૈતભાવ ટળી જાય રે—બીજું૦

પદ ૩૨૧–ગરબી

(તમે ઓરાને આવો રે–એ રાગ)

આજ આનંદ આવ્યો રે, ખોળી જોતાં ખબર પડી.... (ટે૦)
ગુરુજ્ઞાનની કૂંચી રે, જોતાં મને આજ જડી–આજ આનં૦
જાગીને જ્યારે જોયું રે, દીસે નહિ જગત જરી;
પૂરવ જનમ પ્રીતે રે, પાસે દીઠા પોતે હરિ–આજ આનં૦
નહિ નર કે નારી રે, નહિ વૃદ્ધ બાળ બળી;
સરિતા સમુદ્રમાં રે, ભાવે આવીને ભળી–આજ આનં૦
પ્રાણી પૃથ્વી ને પરવત રે, અગ્નિ આકાશ વિષે;
જીવ શિવના રૂપે રે, જીવો જગદીશ દીસે–આજ આનં૦
જ્યાંથી જે ઊપજ્યું તું રે, તે તો રહ્યું તેમાં સમી;
ગુરુ ગણપત કેશે રે, રામ રહ્યો સઘળે રમી–આજ આનં૦

પદ ૩૨૨

જે રીતે જગવિસ્તાર કર્યો છે, દેહ તમારો તેમ થયો છે, (ટે૦)
એમાં આતમરામ રહ્યો તો, ઓળખી લ્યો એંધાણી રે
પ્રથમ રામ જ્યારે માયા કરે છે, તત્ત્વ અહંકાર તેમ કરે છે
આકાશથી જળબિંદુ ખરે છે તો, ઈંડ એનો ઉ[illegible] રે
માતાના તનમાં તો નવ માસ રહે છે, [illegible] તનનો પિંડ બને [illegible]
[illegible] સૂક્ષ્મ તેમાં રહે છે તો, માયા [illegible] મન [illegible]
પિંડ બ્રહ્માંડની એકતા જાણો, [illegible] [illegible]
[illegible] ને [illegible] છે [illegible] તો, ઓળખી લ્યો [illegible]
નામ રૂપ તેને [illegible] ન [illegible], [illegible] તેને [illegible]
[illegible] મૂર્તિને [illegible] પાપ્યું તો, [illegible]

એક અદ્વૈત જ ખંડ ઉપાસે, સમરી લ્યો તેને શ્વાસ ઉચ્છ્વાસે;
ગણપત ગુરુગમ પામીને ગાશે તો, મોક્ષ ગયો તે માનવી રે.

પદ ૩૨૩

એવા જ્ઞાની ગોવિંદ સમ જાણો; જાણો, જાણો, જાણો રે.
જ્ઞાની ગોવિંદ જુદા નવ જાણો, ભિન્ન ભાવ ન આણો રે—એવા૦
આતમરૂપ હ્રદયમાં ઓળખાવે, મહારસ હરિજન માણો રે—એવા૦
ગુરુ ગોવિંદ ને અદ્વૈત જ્ઞાની, પૂરી પ્રીત પ્રમાણો રે—એવા૦
ગણપત વસ્ત્ર એક ગણાશે, મળ્યો વાણો ને તાણો રે—એવા૦

પદ ૩૨૪

હરિભક્તિના ભોગી રે ભાઈ, હરિભક્તિના ભોગી રે;
વિરલા હુંપદ ટાળે હ્રદયેથી. .... (ટેક)
તૃષ્ણા ત્યાં લગી નરક–નિવાસો રે, તૃષ્ણા તૂટે તરી જાશો રે—વિ૦
સદ્‌ગુરુ કેરી સમજ નિશાની રે, જાણી કરે અજાણી રે—વિ૦
મનને મારી વિષયાનુરાગી રે, જીવનજ્યોતિ જાગી રે—વિ૦
અખંડ ખુમારી ચડી જેના અંગે રે, જુદ્ધ કરે રણજંગે રે—વિ૦
કહે ગણપત ગમ ગુરુજીની જાણે રે, એ ઠરીને બેસે ઠેકાણે રે—વિ૦

પદ ૩૨૫

(રાતલડી કોની સંગે જાગ્યા ઘાયલ–એ રાગ)

અનુભવી આતમતત્ત્વ વિચારો, તમારા તનમાં છે કરતા તમારો.
દધિમાં ઘૃત રહ્યું છે સમાઈ, ચમકથી અગ્નિ જુવો ચેતાઇ;
ઈશ અંતરમાં રહ્યો છે છુપાઈ. —અનુભવી૦
પુષ્પમાં વાસ વસે છે જેવો, કાષ્ઠમાં વહ્નિ વસે છે એવો;
અવિનાશી એ રીતે ઓળખી લેવો. —અનુભવી૦

કસ્તૂરી મૃગતન કેરી માંહી, સુગંધીને સારુ વન અથડાય;
ગુરુગમ વિના એ નહિ ઓળખાય. —અનુભવી૦

સદ્દચિદ્ સદા ય વસે છે સભરમાં, બ્રહ્મ ભરપૂર છે તંતુપટમાં;
ગુરુ ગણપતનો છે ઘટઘટમાં. —અનુભવી૦

પદ ૩૨૬—આરતી

જય દેવ જય દેવ, જય જય જગકરતા, પ્રભુ જય જય જગકરતા
પ્રલય, સ્થિતિ, ઉત્પત્તિ, ભવને તું ભરતા—જય દેવ૦જય દેવ
સર્વજ્ઞ સહુ શક્તિ સૃષ્ટિનિયંતા, પ્રભુ સૃષ્ટિનિયંતા;
દીનદયાળુ દાતા, ગઉં તુજ ગુણ-ગીતા—જય દેવ૦જય દેવ
સર્વ ઉપાસિત સ્વામી, બળવંત બહુનામી;
પ્રભુ બળવંત બહુનામી, કર્મ ફળને દેતા, પ્રભુ પૂરણકામી-જય૦
સમસ્ત ગુણ નિલય, કલ્યાણ કરતા, પ્રભુ કલ્યાણ કરતા,
સતચિદ્આનંદરૂપા, ભવના ભય હરતા—જય દેવ૦જય દેવ
અગમ અગોચર ઈશ, અંતરના જામી, પ્રભુ અંતરના જામી
સુખકરતા દુઃખહરતા, વંદું શિરનામી—જય દેવ૦જય દેવ
નમો નમો જગતાત, દેવ તણા દાતા, પ્રભુ દેવ તણા દાતા
પરમ ભક્ત પ્રતિપાળા, સહુને સુખ દાતા—જય દેવ૦જય દેવ
અદ્વૈત એક અભય, [illegible] બહુ [illegible], પ્રભુ [illegible]
[illegible] નિષ્કામી, [illegible]—જય દેવ૦ જય દેવ
[illegible]
[illegible]

પદ ૩૨૭–દેવીનો ગરબો
(શણગારના ગરબાનો રાગ)

આદ્ય ઈશ્વરીના પ્રેમે પાય પૂજીએ રે લોલ,
કરી જ્ઞાન ધરી ધ્યાન વેશ બૂજીએ રે લોલ.
ભોમા વૈકુંઠ ભવાની એક છે, ભલી રે લોલ,
નિગમ ચારના વિચારમાં તે નીકળી રે લોલ.
નહિ પૃથ્વી પવન પાણી દેવ દાનવી રે લોલ,
જીવજંતુ ઝાડ પહાડ નહીં માનવી રે લોલ.
અલબેલી તો અખંડમાં રહ્યાં રમી રે લોલ,
સૃષ્ટિ સરજવાની વાત માતને ગમી રે લોલ.
પુરુષ–પ્રકૃતિને રૂપે થઈ પાધરી રે લોલ,
પ્રધાન પુરુષ મહત્તત્ત્વ થઈ ઈશ્વરી રે લોલ.
અહંકાર ત્રણ દેવી ઉપજાવિયા રે લોલ,
એક એકથી અધિક બળ કહાવિયાં રે લોલ.
રજોગુણ થકી સૃષ્ટિમાં જીતે રચી રે લોલ,
સત્વગુણ રૂપ જગ પાળવા મચી રે લોલ.
તમોગુણથી સંહાર સૃષ્ટિનો કરી રે લોલ,
ત્રણ રૂપ ધરી ત્રણ દેવને વરી રે લોલ.
એક આદ્યથી અનેક રૂપધારણે રે લોલ,
જગત જનુનીને જાવું નિત્ય વારણે રે લોલ.
દક્ષ ઘેરે પ્રથમ દેહ ધારી દેવીએ રે લોલ,
માના ચરણ શરણ નિત્ય સેવીએ રે લોલ.
શૈલ્ય ધૈર્ય મહેર ધરી દેહધારિણી રે લોલ,
પ્રથમ પાર્વતીને બીજી બ્રહ્મચારિણી રે લોલ.

ત્રીજી ચંદ્ર ઘટકા કહાવે કોડ શું રે લોલ,
ચોથી દેવી કુશમાંડ કર જોડ શું રે લોલ.
પાંચમી જસ્કંદ માતને કહાવિયે રે લોલ,
છઠ્ઠી કાત્યાયિનીને સોહાવિયે રે લોલ.
સાતમી જ કાળ રાત્રિ મહાકાળિકા રે લોલ,
અષ્ટમી તે ગુણ ગૌરી રૂપ બાળિકા રે લોલ.
નવમી સિદ્ધિ પ્રોક્તા તે મહાન છે રે લોલ,
એ અગમ્ય પાર પામવાને કો' નથી રે લોલ.
મચ્છ કચ્છ ને વરાહ રૂપ ધારણે રે લોલ,
નરસિંહ બની ભક્ત કેરે કારણે રે લોલ.
ભૃગુપતિ પણે હાથ ફરશી ધરી રે લોલ,
ક્ષત્રી શસ્ત્ર તજે કાઢિયા ફરી ફરી રે લોલ.
રામ રૂપ ધરી રાજકાજ કામમાં રે લોલ,
રાવણ શા દૈત્ય માર્યા ઠામોઠામમાં રે લોલ
બાળા વામન થઈને બાંધ્યો તે બળિ રે લોલ,
ત્રણ લોક ત્રણ કર્મમાં લીધાં છળી રે લોલ.
કૃષ્ણ રૂપ ધર્યું કેવું કરી કારણે રે લોલ,
વ્રજવાસી વનિતાને એવાં બારણે રે લોલ
બુદ્ધ નામ ધરી બેઠી બાળા મુંદરી રે લોલ
કલ્કિ અનમા કલંકી રૂપને કરી રે લોલ
કોઈ દાન માન રૂપને એવાં દરી રે લોલ.
કોઈ દાન [illegible] રૂપને ધરી ફરી રે લોલ
[illegible] કહિ [illegible] રે લોલ.
[illegible]

ખોળી જોયું સ્વામી નથી નવ ખંડમાં રે લોલ,
વ્યાપી રહી માત પિંડ ને બ્રહ્માંડમાં રે લોલ.
જ્યાં જોઇએ ત્યાં સાચી સાંભળી સહી રે લોલ,
તુજ વિના ઠામ ગામ કો ઠાલું નહિ રે લોલ.
સુખ રૂપ સત્ય સાર છો સંસારમાં રે લોલ,
શૂન્ય શબ્દમાં સમાધિ તારોતારમાં રે લોલ.
અગ્નિબીજમાં તો અર્ક છો આકાશમાં રે લોલ,
જનુની જ્વાલારૂપ રહ્યાં છો પ્રકાશમાં રે લોલ.
પ્રગટ્યો રાશિ પવનમાં પુરંદરી રે લોલ,
કાયાનગરમાં તો આવી દશ ઇન્દ્રિ રે લોલ.
શાંતિ ભક્તિ મુક્તિ જુક્તિરૂપે જાણીએ રે લોલ,
પ્રાણ વ્યાન ને ઉદાન સમ આણીએ રે લોલ.
આત્મરૂપમાં તો આત્મશક્તિ છે સહી રે લોલ,
માત તાત ભ્રાત સાથ તે બીજું નહિ રે લોલ.
ચિદાકાશ વાસ આસપાસ તારો રે લોલ,
માત મેહેર કરી ઝાલો હાથ મારો રે લોલ.
નિત્ય નિત્ય નવી રીત પરખું પ્રીતથી રે લોલ,
રાજ્ય રંગને ઉમંગ રૂડી રીતથી રે લોલ.
જેવી જોઈ તેવી વાણીથી વખાણીએ રે લોલ,
આદ્ય અંતનો ઉપાય નવ જાણીએ રે લોલ.
ચાર જુગની તે એક ચોકડી ગણું રે લોલ,
ચૌદ ચોકડીનું રાજ્ય મઘવા તણું રે લોલ.
ચૌદ ઇન્દ્ર એમ જ્યોતે વહી જાય છે રે લોલ,
ત્યારે એક દિન બ્રહ્મનો જણાય છે રે લોલ.

એવા ત્રીસ દિનનો તે માસ કીજિયે રે લોલ,
બાર માસનું તો વર્ષ ગણી લીજિયે રે લોલ.
શત વરસ અજ કેરાં જ્યારે જાય છે રે લોલ,
આદ્ય શક્તિની એક પળ થાય છે રે લોલ.
એવી સાઠ પળની તે ઘટિકા કરી રે લોલ,
વળી સાઠ ઘટિકાનો દિન છે સહી રે લોલ.
ત્રીશ દિનનો તે માસ એક માનીએ રે લોલ,
બાર માસનું તો વર્ષ કહ્યું જ્ઞાનીએ રે લોલ.
કોટિ વર્ષ લગી સજી શણગારને રે લોલ,
શેષ શંકર પામે ન માના પારને રે લોલ.
પહેરી પ્રેમથી પોશાકને પાછાં ફરે રે લોલ,
ત્રણ લોક તણો લય તે પળે કરે રે લોલ.
કળિકાળમાં તે કાળિકા કૃપા કરે રે લોલ,
દુઃખવેળા હાથ દાસને શિરે ધરે રે લોલ.
મારે આશરો અંબાજી આઈ આપનો રે લોલ,
આઠે જામ મંત્ર જપું નામ જાપનો રે લોલ
ભૂત પ્રેત ને પિશાચ દૂર ડાકણી રે લોલ.
નામ સાંભળી ને નાશ પામે શાકણી રે લોલ
એક નામને નિધાને નર જે રહે રે લોલ
દુષ્ટ દેવ મન [illegible] કોઈના [illegible] રે લોલ
[illegible] વખાણતા રે લોલ
[illegible] જનનીને [illegible] રે લોલ
[illegible] રે લોલ
[illegible] રે લોલ

વળી વલ્લભ મેવાડાને ઉરે વસી રે લોલ,
ધરી બાળરૂપ શ્વેતગિરિથી ધસી રે લોલ.
ઉદો ઉદો મુખ નિત્ય પ્રીત્ય ધારીએ રે લોલ,
આદ્ય શક્તિ નામ ઉરમાં ઉતારીએ રે લોલ.
દેશ વિમળનાં વખાણ ભાવથી ભણું રે લોલ,
ચાહાવું રાજ ચારું દેશ ચાવડાતણું રે લોલ.
વરસોડું ગામ વિગતે વખાણીએ રે લોલ,
ગંગા સાબર સમીર તીર જાણીએ રે લોલ.
વિપ્ર ઉદિચ ત્રિપાઠી અડક છે સમી રે લોલ,
સામવેદ શુભ ચાર શાખ કૌથમી રે લોલ.
ગુણનિધિ ગોત્ર ગૌતમ છે જ્ઞાનમાં રે લોલ,
ગણપત ગુણ ગાય ધરી ધ્યાનમાં રે લોલ.
સંવત ઓગણી ને સાલ ઓણચાલીની રે લોલ,
ભાદ્ર માસ દ્વાદશીને અર્કવારની રે લોલ.
ગાય શીખે સુણે સાંભળે આનંદમાં રે લોલ,
ગણપત કહે ના'વે ભવફંદમાં રે લોલ.

પદ ૩૨૮—આદ્યશક્તિનો ગરબો

(આનંદના ગરબાનો રાગ)

ઈશ્વરી અકળ સ્વરૂપ અંબા આરાધું મા,
વંદું વારંવાર, પદ પૂરણ બાંધુ મા.
પ્રથમ કરું પ્રણામ, શરણાની સેવા મા,
વાલાં દેજો બુધ ગુણ તારા ગાવા મા.
ચિદાકાશમાં વાસ, માહા શૂન્યમાંહી મા,
આદિ [illegible]

માહા કલ્પ કહેવાય એક સમે એવો મા,
સોળ કળાનો સુર તર્ત તપે તેવો મા.
અહિપતિથીએ વાર વિષઝાળા વ્યાપી મા,
સિંદૂર સૂંઢ પ્રમાણ મેઘ મચ્યો થાપી મા.
સૃષ્ટિનો સંહાર ભૂમિ ભસ્મ થઈ મા,
દાનવ માનવ દેવ દીસે કોઈ નહિ મા.
જીવ જંતુ ને ઝાડ પહાડ પવન પાણી મા,
ઉગારવા એ વાર આઈ આવ્યાં જાણી મા.
જેમ ઊપજ્યું'તું તેમ માતામાં મળ્યું મા,
રાખ્યા કુશળક્ષેમ હોઇને ના કળિયુગમાં મા.
તત્ત્વ સર્વ તે વાર રાખ્યાં નિજ તનમાં મા,
મૂળ જગત મંડાણ માતાના મનમાં મા.
ઉપજાવવા જગ એમ ઇચ્છા આપ કરી મા,
પ્રકૃતિ પુરુષ પ્રમાણ તેને તુંજ વરી મા.
પુરુષે પુરુષ પ્રધાન કોટી લખ કીધા મા,
બ્રહ્મા સરસ્વતી માત વેદ લખી લીધા મા
અજ હરિહર એ વાર આપે ઉપજાવ્યા મા.
ઉભા રહ્યા થઈ આપ એ ત્રણ જાગ્યા મા
મેરુ શિખર ગઢમાંહી વાસો રહ્યા વરી મા.
દાનવ માનવ દેવ પ્રગટ્યા તુજ પછી મા
બ્રહ્મા [illegible] માત નિરંજન માની મા.
[illegible] કોઈ નહિ [illegible] મા
[illegible] મા.
[illegible] મા

મધ્યે સરસ્વતી માત વાણીમાં વ્યાપી મા,
ઘટઘટમાંહી વાસ, સ્થિરતા રહી સ્થાપી મા.
મેરુ થકી મંભાય ક્ષીરસાગર ખાસી મા,
અંબા રૂપે આપ આરાસુર વાસી મા.
પ્રગટ્યાં પશ્ચિમમાંહી, બહુચર બહુનામી મા,
ચાહાવીચોક ચૂંવાળ, સર્વ તણી સ્વામી મા.
પ્રથમ પહેલે જુગ, શ્વેતાચળ શોભી મા,
ત્રેતા તુળજા રૂપ, સ્થિર રહ્યાં થોભી મા.
આઈજી આરાસુર, દ્વાપરમાં દેખી મા,
મહાકાળી કળજુગ, કલકત્તે પેખી મા.
નમો નમો જુગમાત, ધરથી તું ધ્યાતા મા,
નમો નમો જુગમાત, જગ તણી જાતા મા.
નમો નમો જગમાત, મેરુ થકી મોટી મા,
નમો નમો જગમાત, છોટામાં છોટી મા.
નમો નમો જગમાત, કરણી તું કહેણી મા,
નમો નમો જગમાત, ઝીણામાં ઝીણી મા.
નમો નમો જગમાત, ભાવિક ભેટે મા,
નમો નમો જગમાત, સાકુટથી છેટે મા.
નમો નમો જગમાત, પરખું પારાયણી મા,
નમો નમો જગમાત, નીરખું નારાયણી મા.
નમો નમો જગમાત, દેવ તણી દાતા મા,
નમો નમો જગમાત, સહુને સુખ શાતા મા.
નમો નમો જગમાત, વાડવને વહાલી મા,
નમો નમો જગમાત, ખળને કર ખાલી મા.

નમો નમો જગમાત, જે જાણે જેવી મા,
નમો નમો જગમાત, તું ત્યાંહી તેવી મા.
નમો નમો જગમાત, બાનાની બેલી મા,
નમો નમો જગમાત, પરખી સહુ પહેલી મા.
નમો નમો જગમાત, મૂળ તું મહારાણી મા,
નમો નમો જગમાત, વેદે વખાણી મા.
નમો નમો જગમાત, શક્તિ સહુ વ્યાપી મા,
નમો નમો જગમાત, નવ ખંડે થાપી મા.
નમો નમો જગમાત, દેવી આસુરી મા,
નમો નમો જગમાત, પૂરણ તું પૂરી મા.
નમો નમો જગમાત, બુદ્ધિ સુબુદ્ધિ મા,
નમો નમો જગમાત, સુરતામાં શુદ્ધિ મા.
નમો નમો જગમાત, બાવનથી બહાર મા,
નમો નમો જગમાત, ત્યાગથી ત્યાગ મા.
નમો નમો જગમાત, રીતિ ને પ્રીતિ મા,
નમો નમો જગમાત, નીતિ અનીતિ મા
નમો નમો જગમાત, બાળકબુદ્ધિ માગી મા,
નમો નમો જગમાત, આઈ દયા ઉગારી મા
[illegible] આણી ભાવ માટે [illegible] માડી મા,
[illegible] નિજ [illegible] દો [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

બારંશ ચંદર વાર, તિથિ તો ભારે મા,
ગાયો ગરબો છંદ, જનુનિનો જ્યારે મા.
ઓદિચ કેરી અરજ, આઈજી ઉર ધરો મા,
કહે ગણપત કર જોડી, માતા મહેર કરો મા.

૨૬–ગ ણે શ પ્ર સા દ

પદ ૧–લાવણી

બિનકાજ આજ મહારાજ લાજ ગઈ મેરી;
દુઃખ હરો દ્વારકાંનાથ શરનમે તેરી. .... (ટેક)
દુઃશાસન વંશ કઠોર, મહાદુઃખદાઈ;
જિન પકર્યો મેરા ચીર, લાજ નહીં આઈ;
અબ ભયો ધર્મ કો નાશ, પાપ રહ્યો છાઈ;
દેખી અધમ સભા કે ઓર, નાર બિલખાઈ;
શકુનિ, દુર્યોધન, કર્ણ, ખડે કર ઘેરી. —દુઃખ હરો૦
તુમ દીનકી શુદ્ધિ લેત, દેવકીનંદન;
મહિમા અનંત ભગવંત, ભક્ત દુઃખભંજન;
તુમ કિયો સિયાદુઃખ દૂર, શંભુ ધનુ ખંડન;
અતિ આરત મદન ગોપાલ, મુનિજનરંજન;
કરુણાનિધાન ભગવાન, કરો ક્યા દેરી. —દુઃખ હરો૦
તુમ સુની ગજેંદ્રકી ટેર, વિશ્વ અવિનાશી;
આહ મારી છુટાયે બંધ, કાટી પગ ફાંસી;

મેં ધરું તિહારો ધ્યાન, દ્વારકાંવાસી,
અબ કાહે રાજ સમાજ, કરાવત હાંસી;
અબ કૃપા કરો યદુનાથ, જાન ચિત્ત ચેરી. —દુઃખ હરો

તુમ પત રાખી પ્રહલાદ, દીનદુઃખ ટાર્યો;
ભયે ખંભ ફાર નૃસિંહ, અસુર સંધાર્યો;
વ્રજ ખેલત દેખી બટી, બકાસુર માર્યો;
મથુરાં મુષ્ટિક ચાણુર, કંસ સંહાર્યો;
તુમ પિતા માતકી જાય, કટાઇ બેરી. —દુઃખ હરો

ભક્તહિત લિયે અવતાર, કન્હાઈ તુમને;
નલ કુબરકી જડ યોનિ, છુટાઈ તુમને;
કુબજાકા દુઃખ નિવાર, રૂપ દિયો તુમને;
વ્રજ બનિતાકું સુખ દિયો, કન્હાઈ તુમને;
પ્રભુ અબ બિલંબ ક્યો કરો, અમારી બેરી—દુઃખ હરો

બેઠે સબ રાજ સમાજ, નીતિ જન ખોઈ.
નહિ કહત ધર્મકી બાત, સભામેં કોઈ
પાંચો પતિ બૈઠે મૌન, કોન ગતિ હોઈ.
લે નંદ નંદનકો નામ, દ્રૌપદી રોઈ.
કર કર બિલાપ સંતાપ, સભા મેં ટેરી —દુઃખ હરો

સુની દીનબંધુ ભગવાન, ભક્તહિતકારી
[illegible]
[illegible]
[illegible]
[illegible] —દુઃખ હરો

ક્યા કરી દ્વારકાંનાથ, મનોહર માયા,
અંબર કા લાયા પહાડ, અંત નહીં પાયા;
ત્રિલોક ચતુરદશ ભુવન, ચીર દરશાયા;
બંદી ગણેશપરસાદ, કૃષ્ણગુન ગાયા;
દીનનકી દીનાનાથ, વિપત્તિ નિવેરી. —દુઃખ હરો૦

પદ ૨–લાવણી

પ્રહ્લાદ કાજ ભગવાન, ભક્ત હિતકારી,
ભયે ખંભ ફાર નરસિંહ, આપ વપુ ધારી. .... (ટેક)
નીરખી પ્રભુકી પ્રહ્લાદ, પ્રથમ પ્રભુતાઇ,
બિલ્લીને બચ્ચેં ધરે, અવામા લાઈ;
બિન જાણે આંચ કુંભાર, દઇ અદકાઇ,
કીની પ્રભુ આપહીં સ્હાય, બચ્ચેં સુખપાઈ;
જિન જાના રામ પ્રભાવ, પરમ સુખકારી. —ભયે ખંભ૦
ઘર ગયે કુંવર હરિચરણ, ભક્ત મન ભાતી,
પ્રગટે સુની બંસ કુઠાર, બડે ઉતપાતી;
લે રામ નામ બિનુ કામ, જરાવત છાતી,
કર પકર ગોદ બેઠાય, માઈ સમજાતી;
તેને કુલકી બડી મરજાદ, દઇ સબ ડારી. —ભયે ખંભ૦
હયે પુત્રવતી જનની, જગમેં શુભ સોઈ,
જાકે નારાયણ ભક્ત, સુભગ સુત હોઈ;
હયે રામનામ એક સાર, ઔર નહીં કોઈ,
તુમને અપની બિન ભજન, ઉમર સબ ખોઈ;
મેં તો હરિદા હો ચુકા, સુનો માતારી. —ભયે ખંભ૦

ાવિંદ મુજને ઘાયલ કીધી, વણમૂલે વેચાતી લીધી;
સઘળાં કારજ સિદ્ધિ, ધીરજ ધારણે રે. —ત્રિકમ૦
ભક્તિ પ્રેમ પ્રકાશને કરવા, વિઠ્ઠલજી તમને તો વરવા;
અહોનિશ આદરવા ભવિજનતારણે રે. —ત્રિકમ૦
રસબસ બોલી અમૃત વાણી, મનડું મારું લીધું તાણી;
ગણપત વાત વખાણી, કુણ કારણે રે. —ત્રિકમ૦

પદ ૨૮૭

અમને અમારે ગુરુએ જ્ઞાન બતાવ્યૂં, નિજ રૂપને નિરખાવ્યૂં;
સગપણ સાચું સદ્દગુરુ કેરું........ (ટેક)
પદ્માસન વાળી પ્રણવ કરાવ્યો, ત્રિકુટીનું ધ્યાન ધરાવ્યું—સ૦
યમ નિયમ આસન જોગને જાણ્યો, પ્રાણાયામ કરાવ્યૂં—સ૦
પ્રત્યાહારને પૂરણ કીધો, ધ્યાન ને ધારણા દેખાવ્યું—સ૦
શૂન્ય સમાધિમાં સુરતા રે લાગી, ગગનમાં ચિત્તડું ઠરાવ્યૂં—સ૦
અજર અમર પ્યાલો ગુરુજીએ પાયો, અખંડ રૂપ ઓળખાવ્યૂં-સ.
સુરત નૂરત બેઉ શૂન્ય શિખર પર, શબ્દમાં શબ્દ સમાવ્યૂં—સ૦
જન્મમરણદુઃખ જોતાંમાં ટળિયું, ગુરુ ગણપત મન ભાવ્યું—સ૦

પદ ૨૮૮—ગરબી

જય જય જગ-કરતાર જીવન જશ આપો;
કુમતિ હોય જો કાંઇ, કૃપા કરી કાપો.... (ટેક)
સંભાળ શરણાગતની કરીને, સ્થિર કરીને સ્થાપો—જીવન૦
બાનું તમારું ધરીને હું બેઠો, છાપ તમારી છાપો—જીવન૦
સેજ સમાધિ શ્વાસઉચ્છ્વાસે, નિશદિન જપીએ જાપો—જીવન૦
ગણપત ગુરુદેવ દયાળુ, ટાળો ત્રિવિધના તાપો—જીવન૦

પદ ૨૯૨

ામજી ભાર ન રાખે, સમજ મન રામજી ભાર ન રાખે....(ટેક)
માધ અનાદિની રીત છે એવી, વેદ શાસ્ત્રોની સાખે-સમજ૦
ુચ્છ ભેટ ત્રિકમને કરતાં, નરનાં દુઃખ ખોઈ નાખે-સમજ૦
વેદુરજી વૈકુંઠ વસાવ્યા, ભૂધરે ભાજીને પાખે-સમજ૦
ાાંદુળ માટે સુદામાને તાર્યો, ભારતી એવું ભાખે-સમજ૦
ફરનિશ હરિ ઉપકારને રાખે, ગણપત દિલમાં દાખે-સમજ૦

પદ ૨૯૩

જય જય શ્રીજગરાયા, તું ભજ મન જય જય શ્રીજગરાયા..(ટેક)
જળ તણાં બિંદુની જુક્તિ કીધી, કેવી બનાવી આ કાયા-તું૦
ગગનઘટા ઘનમંડળ કીધું, અગણિત ઈંડ ઉપજાયા-તું૦
કરતાની ગતિ કોઈ ન જાણે, મોટી હરિની માયા-તું૦
અર્ક ને ઉડુગણ કેવા રે કીધા, અદ્દભુત ખેલ ઉપાયા-તું૦
અકળ સકળ જગવ્યાપક સંતો, ગણપતે હરિગુણ ગાયા-તું૦

પદ ૨૯૪-રાગ ભૈરવી

(મેં તો તેરી જપું રામમાલા રે-એ રાગ)

જાગો જાગો જસોદાના જાયા રે, મુને લાગી મોહન તારી માયા રે-ટેક.
મુનિમંડળ સહુ મળીને રે આવ્યા, વાડવ વેદ ચલાયા રે-જા૦
ગાયન કારણ ગુણીજન બેઠા, સપ્ત સ્વરે ગીત ગાયા રે-જા૦
હરિમંદિરમાં આરતી ઊતરે, સંતે શંખ બજાયા રે-જા૦
કહે ગણપત દરશનને કરવા, જુવતી મળી જદુરાયા રે-જા૦

પદ ૨૯૫

રામનામ જપે મન મારું રે, મુને લાગે પ્રાણથી પ્યારું રે. (ટે૦)
દારુણ દુઃખ દુનિયાનું મનમાં, વહલાને જોઈને વિસારું રે–રા૦
શ્વાસઉચ્છ્વાસે શ્યામનું સમરણ, અહોનિશ એમ ઉચ્ચારું રે–રા૦
હરિ સેવા હરિજનની સંગતિ, સંસારમાં સુખ ધારું રે–રા૦
ગણપતને નિત્ય ગોવિંદ ગાવા, વિક્રમ નામ છે તારું રે–રા૦

પદ ૨૯૬–રાગ ખ્યાલ

જાના હૈ જરૂર પ્રાણી, ભજો ભવતારનેજી; ભજો ભવતારને જી. (ટે૦)
વિષયા સુખમેં કૈસે લગે હો, સુખ સંસારને જી–જાના હૈ૦
મૃગતૃષ્ણા સમ જગ હૈ જૂઠા, પામે નહિ પારને જી–જાના હૈ૦
શ્વાસઉચ્છ્વાસે સમરન કરના, વિપળ વિચારને જી–જાના હૈ૦
ગણપત ગોવિંદ નિશદિન ગાના, ત્રિવેનીમેં તારને જી–જાના હૈ૦

મોતી મેણિયાં કહેવાય, એનું નીર ઊતરી જાય;
ભાગે કદી ન સંધાય, એનું મૂલ તે શું થાય—આવો૦
હીરો ઝવેરી ઘેર જાય, જ્યારે એરણમાં હોમાય;
ખમશે ઘરણ ઠેરા ઘાય, ત્યારે મૂલથી વેચાય—આવો૦
જ્યારે સભાઓ ભરાય, સાચા સંત ભેળા થાય;
સત્યની છાપ તો દેવાય, ત્યારે ભક્ત તો કહેવાય—આવો૦
ગુરુની ગમ વિના જે ગાય, એ તો મૂરખ કહેવાય;
એનો મોક્ષ તો નવ થાય, નૂગરા નરકમાંહી જાય—આવો૦
પ્રેમના પાટ તો મંડાય, જસની જ્યોત તો પ્રગટાય;
મનની માંડવી રચાય, દિલ શુધ દાન તો દેવાય—આવો૦
ગંગા સમદરમાં જાય, ત્યારે એક રૂપે થાય;
તેમાં નર ને નારી નાહાય, તેનો મોટો છે મહિમાય—આવો૦
આસન પદ્મ તો બંધાય, સોહં જાપને જપાય;
ત્યારે સિદ્ધ કારજ થાય, ત્રિકુટી ધ્યાનમાં દેખાય—આવો૦
તૃષ્ણા તરત તૂટી જાય, આતમ રૂપ તો ઓળખાય;
તે તો જીવનો શિવ થાય, એને ગુરુ ગણપત ગાય—આવો૦

પદ ૨૯૮

(હૈયાના ફૂટ્યા, હરિસંગે હેત ન કીધું—એ રાગ)

જંજાળી જીવડા, તેં તારું આપ ન જોયું........ (ટેક)
મનુષાજનમ મળ્યો પણ તો યે, પ્રભુમાં ચિત્ત ન પ્રોયું રે—જં૦
વિચાર કરતાં વહાણું વાયું, જમના દૂતે ઝાલ્યો;
જનમ્યો'તો તેવો થઈ પાછો, ચોરાશી ખાણમાં ચાલ્યો રે—જં૦
માથે ભય મરવાનો મોટો, ઉરમાં એવું ન આણે;
જગતપતિની ભક્તિ ઠેરી, જુક્તિ તે નવ જાણે રે—જં૦

કપટ કરી ધન ભેગું કરવું, ફરવું ફાવે તેવું;
ગણપત કહે નારાયણ કેરું, તારે તે નામ ન લેવું રે-જં૦

પદ ૨૯૯

(રા)

કરતારે તારી, કાયા કરી છે કેવી........
એ માટે તું ઈશ આપણો, શરમથી લેને સેવી રે-કર૦
અદ્ભુત એણે ઈંડ રચાવ્યું, જુક્તિ એ કોણ જાણે;
કર, ચરણ ને નેણ–નાસિકા, આપી દીધાં એ ટાણે રે-કર૦
પંચ તત્ત્વનું પાંજર કીધું, આતમ એમાં આયો;
વહાર કરી'તી વિઠ્ઠલજીએ, માતાના ગર્ભમાં મુંઝાયો રે-કર૦
એ ઉપકાર તું ઉર ન લાવે, ધિક ધિક સમજણ તારી;
ગણપત કહે ગોવિંદને ગાજે, સાચું કહું સંભારી રે-કર૦

પદ ૩૦૦

(રા)

[illegible] તું જીવડા ભગવતનો ગુણ ગયો ભૂલી
જોબનના ધમધમાટમાં, નીંદ ગયો છે ઝૂલી રે જીવ તું
[illegible] પિંડ્યું પણ જમાવ્યું, માતાના તન માંહી
[illegible] [illegible] રે જીવ તું
[illegible] કરી [illegible], [illegible]
[illegible] રે જીવ તું
[illegible]
ગણપત [illegible] રે [illegible]

પદ ૩૦૧

(અનિરુદ્ધજીની ઘોડલી-એ રાગ)

જય જય અકળ ગતિ અવિનાશ, આરાધું છું આપને;
મારા ઉરમાં તમારો આધાર, જપું તારા જાપને.... (ટેક)
દેવ, દાનવ ને માનવી રે, કોઈ ન પામે પાર;
બ્રહ્મા ભેદ લહે નહીં રે, ત્યારે બીજાના શા ભાર—જપું તારા૦
પિંડ બ્રહ્માંડ પેદા કર્યું રે, જુક્તિ એની જણાય;
ક્યાંથી આવ્યું ને ક્યાં જશે રે, તેની કિંમત કોઈથી ન થાય—જપું૦
ઉડુગણ અદકા શોભતા રે, આકાશ માંહી અપાર;
સોમ સૂરજ સંસારમાં રે, એ ઊગ્યાથી જ ટળે અંધાર—જપું૦
પૃથ્વી, પાણી, પવન કીધાં, અગ્નિ ને આકાશ;
જડ ચૈતન્ય છે જેટલાં રે, તેમાં વિશ્વપતિ તવ વાસ—જપું તારા૦
અદ્‌ભુત સામર્થ્ય આપમાં રે, વેદ કહે છે વિચાર;
સાત્વિક ભક્ત જે તમ તણા રે, તે સમજે તમારો સાર—જપું તારા૦
પવન રૂપી દોરીએ રે, પકડયો છે સંસાર;
પલકમાં પેદા કરો રે, વળી ક્ષણમાં કરો સંહાર—જપું તારા૦
અગણિત ઈંડ ઉપજાવિયાં રે, બાંધી રીત રસાળ;
ગણપત ગોવિંદ ઘટ વિષે રે, તેને કોપી શકે નહિ કાળ—જપું૦

પદ ૩૦૨

કોઈ હોય હરિના રે જન, ધર્મ પાળો ધરણીમાં.... (ટેક)
સેવે સદ્‌ગુરુ દેવ સદાય, કસર નહીં કરણીમાં—ધર્મ૦
મદ્ય માટી ને ચોરી ચાડી, સુરનિંદા પરનાર;
પહેલાં છોને પરહરો રે, દેવ ઉઘાડી દો દ્વાર—ધર્મ૦

શમદમ, ઉપરતિ, તિતીક્ષા, શ્રદ્ધા ને સમાધાન;
એવા ગુણ આવે ઉર વિષે રે, તો મોહન આપે માન—ધર્મ૦
નિત્ય નૈમિત્તિક દીન પ્રાકૃતિક, આત્યંતિક કહેવાય;
પાંચ પ્રલયને વિચારીને રે, તમે રટજો શ્રી રઘુરાય—ધર્મ૦
કુળ શીલ ધન રૂપ ને યૌવન, વિદ્યા તપ ને રાજ;
એ મદ મટે માંહેથી રે તો, કરતા કરશે કાજ—ધર્મ૦
વિવેક વૈરાગ્ય સંપત્તિ રે, મુમુક્ષુતા કહેવાય;
જીવન્મુક્તિ જાણિયે રે, તેની તૃષ્ણા તૂટી જાય—ધર્મ૦
નિત્ય નૈમિત કામ્ય પ્રાશ્ચિતની, સિદ્ધિ જે કહેવાય;
કર્મ સમરપે બ્રહ્મને રે, તો જીવ મટી શિવ થાય—ધર્મ૦
જાગૃતિ સ્વપ્ન સુષુપ્તિ, ત્યાગી તોહમમાંહી સમાય;
ગણપત ગોવિંદરૂપ થયો રે, તેને પરમાનંદરૂપ થાય—ધર્મ૦

બાર માસ વિષે

પદ ૩૦૩–દોહરા

(પ્રેમના મહિનાની રીત)

હરિગુરુ સંત કૃપા થકી, અનુભવ આવે આપ
[illegible]
અનુભવી [illegible]
કારતિકે [illegible]
[illegible]
[illegible]

મોટા વિચાર જે મન તણા, તેનું કયાં ઘરબાર;
કરતા તેનો કયાં વસે, નર કર નિરધાર—અનુભવી૦
અહંકૃતિ કયાંથી ઊપજે, કયાં જઇને સમાય;
એને ગણુપત ઓળખે, મોટા મહંત કહેવાય—અનુભવી૦

પદ ૩૦૪

જીવ મનમાયા તણું, જો નવ જાણે સ્વરૂપ;
ભવસાગરમાં તે ભમે, પડે ચોરાશી કૂપ.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
માગશરે જીવ માયા તણો, જાણે બૂજવો ભેદ;
ઈશ્વર બ્રહ્મને ઓળખે, જેને વરણવે વેદ—અનુભવી૦
તે થકી પર પરમાતમા, પરબ્રહ્મ કહેવાય;
અંતરમાંહી આવી વસે, મહાદુઃખ મટી જાય—અનુભવી૦
ભરપૂર સઘળે ભાળશે, એક અલખ અખંડ;
સદ્દગુરુની સમજણ થકી, જાશે જમનો દંડ—અનુભવી૦
કયાંથી આવ્યો ને કયાં જાવું, તેનો પામી લે પાર;
ઓળખ ગણુપત આતમા, મળે તો કિરતાર—અનુભવી૦

પદ ૩૦૫

જાગૃતિમાં જાણ્યું નહિ, સ્વપ્નેથી શું થાય;
પેખે જો પકવાનને, ભૂંડી ભૂખ ન જાય.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
પોપે તે પૂર્ણાનંદનો, એને અખંડ આનંદ;
કામ ક્રોધ મમતા તણો, કરે મૂળ નિકંદ—અનુભવી૦

મત બ્રહ્મને વળી શૂન્યના, વાદી જે કહેવાય;
કાળ રાખે કંડિયા વિષે, તેથી મોક્ષ ન થાય—અનુ
નિરમત ને નિરમાનથી, નિરસંશેનું જ્ઞાન;
અંતરમાં આવી વસે, ભેટે શ્રીભગવાન —અનુ
મતિ શ્રુતિ અવધિ જે કહ્યાં, સાચો તેનો રે સાથ;
ગણપત ગુરુની ગમ વિના, હરિ આવે ન હાથ—અનુ

પદ ૩૦૬

અબધ કહિયે આતમા, માયાથી [illegible] બ[illegible],
જોબન ધનમાં આવિયો. [illegible] [illegible] થાય
અનુભવી [illegible] [illegible]

મદા મદિને મનમાહેથી [illegible] માયા ને [illegible]
[illegible] કહે, [illegible] —અનુ
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પદ ૩૦૭

નિરસંશે નિરમાનથી, ભજો બ્રહ્મ ભગવાન;
મત મૂકે મનમાંહેથી, થયું યથારથ જ્ઞાન.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
ફાગણે ફંદ માશૂક રે, જોને જીવની જાત;
દેખ લે નિજ દેદારને, એવી વેદની વાત—અનુભવી૦
પોતે પોતાને પેખતાં, પરિબ્રહ્મ ઓળખાય;
જ્યાંથકી આતમ આવિયો, અંતે એમાં સમાય—અનુભવી૦
મૂળ વસ્તુને જો મળે, જીવનો તો શિવ થાય;
જનમ મરણ તણી આપદા, તેની જોતાં રે જાય—અનુભવી૦
પરમ અક્ષર ઘર તાહેરું, અક્ષરનો રે આધાર;
સોહમ્ શબ્દ ધૂની થકી, પામે તેનો પાર—અનુભવી૦
શૂન્ય શિખર ગઢ જઈ વસે, ત્યાં આદિ અવિનાશ;
ગણપત ગુરુગમ પામતાં, થાયે સર્વે પ્રકાશ—અનુભવી૦

પદ ૩૦૮

અખંડ પુરુષને આરાધતાં, ખંડણ સહુ ખોવાય,
આશા તૃષ્ણા તો ટળે, દેહભાન ભૂલી જાય.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
ચૈતરે ચિત્ત આનંદમાં, હરિચરણનું ધ્યાન;
નિશદિન નિરમળ ન્યાળીએ, મૂકી દેહાભિમાન—અનુભવી૦
ભરત અને શુકદેવજી, જુવો જનક વિદેહ;
અનન્યાપણેથી ઉપાસતાં, ઓળખો પદ એહ—અનુભવી૦

અક્ષરક અરજુન ને બળિ, મૂકી માયા ને માન;
તનમન ધન અર્પણ કરી, ભજિયા શ્રીભગવાન—અનુભવી
ગુરુ મળ્યા ગોપીચંદને કીધું ઉત્તમ કાજ;
ગણપત મળવા ગોવિંદને, છોડયું નિજ રાજ—અનુભવી

પદ ૩૦૯

અંતર દષ્ટિ આવશે, ઉપર દષ્ટિ જાય,
લેહે લાગે જો લક્ષમાં, અકળ રૂપ ઓળખાય.
અનુભવી આપ વિચારીએ.... (ટે)

વૈશાખે વિવિધ પ્રકારથી, વસિયા અતિયોગ,
અકળ સકળમાંહી રહ્યો, કહે ગરુડ શેષ—અનુભવી
જળ, થળ, જંતુ, ઝાડમાં, અવનિ ને આકાશ
જેવા જેને અનુભવ્યા, તેમાં તેવા રે ભાસ—અનુભવી
નવવિધ ભક્તિ ને [illegible], તેનું એક મુકામ
વિકટ [illegible] પડે, [illegible]—અનુભવી
મન મૂકી ભજે માનવી, [illegible]—અનુભવી
ગણપત ગુરુ પ્રતાપથી, [illegible]

પદ ૩૧૦

[illegible]

આકાર જે ઉપજાવિયો, તેમાં છે નિરાકાર;
સાકાર નિરાકારનો, બેનો એક વિચાર. —અનુભવી૦
સગુણ તે નિરગુણ થયો, નિરગુણ સગુણ થાય;
ગુણાતીત ગોવિંદ જે, તે ગુણથી જ ગણાય—અનુભવી૦
સદ્‌ગુરુ જો સાચા મળે, ઓળખાવે અખંડ;
ગણપત ગુરુગમ પામીને, ખોજ્યો પિંડ બ્રહ્માંડ—અનુભવી૦

પદ ૩૧૧

ખટ ચક્ર વેધી વળી, જાવું વસમી વાટ;
માયા પાહડમાં રિપુ વસે, ઘડવો તેનો ઘાટ.
અનુભવી આપ વિચારીએ. .. (ટેક)
આધારે જોવા આતમા, વાળી પદ્મ આસન;
સુંદિર સ્થળ એકાંતમાં, સ્થિર રાખવું મન—અનુભવી૦
પ્રાણાયામ પહેલો કરી, પૂરક કુંભક રીત;
પ્રાણ અપાનને મેળવી, ચંચળ થાય ન ચિત્ત—અનુભવી૦
પ્રથમ આધારમાં પેખિયે, તેનો પીળો રે રંગ;
ચાર પાંખડીઓ એ ચક્રની, વંશંષંસં સંગ—અનુભવી૦
ગણપતિ દેવ છે એહના, શક્તિ ને રે સંયુક્ત;
ગણપત અહોનિશ આદરે, મોટો હોય રે મુક્ત—અનુભવી૦

પદ ૩૧૨

જાપ અજપા જે તણા, ખટ સો મંતર સાથ;
આનંદે અરપણ કરે, તો રીઝે ગણનાથ.
અનુભવી આપ વિચારીએ.... (ટેક)
શ્રાવણે સ્વાધિષ્ઠાનનો, શ્વેત રંગ ગણાય;
ખટ પાંખડીઓને ખોલતાં, બ્રહ્મદેવ જણાય—અનુભવી૦

બં ભં મં ને બોલીએ, યં રં લં ત્યાં લખાય;
દીનબંધુ વચ્ચે આંક આડો—મારા નાથ મુજને૦

પદ ૩૬

જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.... (ટેક)
મનુષ્યદેહ તાહરો એમ એળે ગયો,
માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી—જ્યાં લગી આતમા૦
શું થયું સ્નાન સેવા થકી ને વળી,
શું થયું ઘેર રહી દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મલેપન કર્યે,
શું થયું લાલ લોચન કીધે—જ્યાં લગી આતમા૦
શું થયું તપ ને તીર્થ કીધા થકી,
શું થયું માળ ગ્રહી નામ લીધે;
શું થયું તિલક ને તુળસી ધાર્યાં થકી,
શું થયું ગંગજળપાન કીધે—જ્યાં લગી આતમા૦

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે,
શું થયું રાગ ને રંગ જાણે,
શું થયું ષટ દર્શન સેવા થકી,
શું થયું વરણના ભેદ આણે—જ્યાં લગી આતમા૦
એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા,
આતમારામ પરિબ્રહ્મ ન જોયો,
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના,
રત્નચિંતામણિ જન્મ ખોયો—જ્યાં લગી આતમા૦

પદ ૩૭–હારમાળાનાં પ્રભાતિયાં

તું શાનો ઠાકોર, હું શાનો સેવક, [illegible] ન જાયે;
મંડલિક હાર માટે મને [illegible] તે કેમ થાયે.
—તું [illegible] સેવક૦
મુને [illegible] મારો;
[illegible] મારો.
—[illegible] સેવક૦
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

રની દોરીએ હાર ગૂંથ્યો હરિ, વાણું વાશે તો નિજ દાસ મરશે;
યા કરીને હરિ હાર આલો મુને, શામળા સાદ્ય તે કૃષ્ણ કરશે.
—તું શાનો ઠાકોર, હું શાનો સેવક૦
લોરઠમાં મુને સર્વ સાચો કહે, પુત્રીનું મોસાળું સારું કીધું;
નાગરી નાતમાં ઈંડું ચડાવિયું, નરસૈંયાને અભેદાન દીધું.
—તું શાનો ઠાકોર, હું શાનો સેવક૦

પદ ૩૮

ભોગળ ભાંગીએ રાય દામોદરા, ઊઠો જદુનાથ દેવાધિદેવા;
રાય મંડલિક મદભર્યો એમ ઓચરે, જાણે નરસૈંયાની જૂઠી સેવા.
—ભોગળ ભાંગીએ રાય દામોદરા૦
ભક્તપાલક તું દયાળ દામોદરા, દાસ નરસૈંને શરણ રાખો;
પ્રતીત જ છે મુજને તારી, નાગર સાથે હરિ નેહ દાખો.
—ભોગળ ભાંગીએ રાય દામોદરા૦
નિશદિન નરહરિ નામ હૃદયે વસ્યું, પતિતપાવન તારું બિરદ કહાવો;
ગ્રાહ થકી ગજ મુકાવિયો શ્રીહરિ, તેમ નરસૈંયાને મુકાવો.
—ભોગળ ભાંગીએ રાય દામોદરા૦

પદ ૩૯

શ્રીકૃષ્ણ કૃપાનિધિ કેશવા શ્રીહરિ, હું અનાથ તું નાથ કહીએ;
હાર કાજે મને રાયજી પરભવે, છબિલા વિના શરણ કોને જઈએ.
—શ્રીકૃષ્ણ કૃપાનિધિ કેશવા શ્રીહરિ૦
સંસાર પરહરી નામ તારું જપું, તો પ્રભુ કાં પેરે પીડે;
અંતરગત અવલોકીને શામળા, તુજ વિના હૃદિયાશું કોણ ભીડે.
—શ્રીકૃષ્ણ કૃપાનિધિ કેશવા શ્રીહરિ૦

મારા મનમાં હરખ પૂરણ છે, તો મારુ દુ ખ પ્રભુ શે ન જાણે;
ભણે નરસૈંયો પૂરણ પ્રતીત જ મારે, મ ડલિક મુજને મારે વાણે.
—શ્રીકૃષ્ણ કૃપાનિધિ કેશવા શ્રીહરિ૦

પદ ૪૦

સાર કર શ્રીહરિ દીન જાણી કરી, સનમુખ થઈને જોને આજ;
અમે નાગર દૂર કરી મેલશું, નહિ રહે ત્રિકમા તારી લાજ.
—સાર કર શ્રીહરિ દીન જાણી કરી૦
ગોકુળમાંહી તું ગાળ ખાતો ફરે, નવનીત આહિરનાં લેતો ચોરી.
ચંચળ ચોર તું મુખ નથી બોલતો, હવે અમો લાજ બોળશુ જ તોરી.
—સાર કર શ્રીહરિ દીન જાણી કરી૦
બહુપેરે ગોપીને લાડ લડાવિયાં, અન્ન આહિરનાં લેતો ચાખી,
નટવાની પેર તું નૃત્યલીલા કરે, નરસૈંયા મ ગ યુ શેખી રાખી.
—સાર કર શ્રીહરિ દીન જાણી કરી૦

પદ ૪૧

મોગરામાળે શું મોહી રહ્યો મોહના, હાર આપે તો તાન ધ્યાન વાધે.
નાગર તાહરું નામ ગાતો હતો, ત્રિકમ તુંને કાન નહીં આણે
—મોગરામાળે શું મોહી રહ્યો મોહના૦
સરવ જાતિતણા લોક ટોળે મળ્યા, સહાય કરશો તેની પાન થાશે.
મૃત્યુના ભય થકી નરસૈંયો નવ બીહે, પણ તારો જશ જગદીશ જાશે.
—મોગરામાળે શું મોહી રહ્યો મોહના૦
રજની તો વહી ગઈ, લાજ રાખી નહીં, જ્યોત ઝાંખી થઈ જાય દીવા;
કેશવા કંઠથી માળ અળગી કરો, પ્રેમે આરોપો નરસૈંની ગ્રીવા.
—મોગરામાળે શું મોહી રહ્યો મોહના૦

પદ ૪૨

હારને કાજ શું હઠ કરો શામળા, જાચવાને તારી પાસ આવ્યો;
રાધિકા સંગ તું વાત બેઠો કરે, કહે રે વૈકુંઠથી તું શું રે લાવ્યો.
—હારને કાજ શું હઠ કરો શામળા૦
તારું નામ વિશ્વંભર ધર્યું તે વરાંસિયે, નંદનો છોકરો છાશ પીતો;
ઓઢતો કામળી હાથમાં લાકડી, ગાવડી ચારતો વન રે'તો.
—હારને કાજે શું હઠ કરો શામળા૦
માત તું તાત તું ભ્રાત તું ભૂધરા, તુજ વિના દુઃખ કોને કહીએ;
ભણે નરસૈંયો તારા ગુણ ગાઇ જીવીએ, એકલા ભૂતળમાં કેમ રહીએ.
—હારને કાજ શું હઠ કરો શામળા૦

પદ ૪૩

હારને કાજ શું વિલંબ કરવો ઘણો, ન્હોય કૌસ્તુભ વિદ્રમમાલા;
ઊજળાં પુષ્પને સૂત્રનો તાંતણો, તેણે શું મોહી રહ્યો નંદલાલા.
—હારને કાજ શું વિલંબ કરવો ઘણો૦
ઊંચને મૂકીને નીચને અનુસર્યો, જોઇ નહીં જાદવા જાત દાસી;
રાજાની દીકરી રુક્મિણી પરહરી, કુબ્જાને મંદિર થયો નિવાસી.
—હારને કાજ શું વિલંબ કરવો ઘણો૦
રત્ન ગુંજ વચ્ચે ભેદ નહીં ભૂધરા, સાયર છીલરાં સમ વખાણ્યાં;
મંડળિક હારને કાજ મને પરભવે, દોહ્યલાં દાસનાં શે ન જાણ્યાં.
—હારને કાજ શું વિલંબ કરવો ઘણો૦
લોક કૌતુક જુએ લાજ તારી ખૂએ, સુખે શું સૂતો દેવાધિદેવા
ડેયવા માળ કંઠેથી ઉતારિયે, પ્રેમે શણગાર નરસૈંની ગ્રીવા.
—હારને કાજ શું વિલંબ કરવો ઘણો૦

પદ ૪૬

બોલ્યને શામળા આવડા શા આમળા,
કામલામાં મન કેમ રાખે.... (૨૬)
કોટિ બ્રહ્માંડપતિ ઝાઝું શું કહું કથી,
વાલા વિસારી મને કેમ નાખે. —બોલ્યને શામળા૦
ગજને ઉગારિયો ધ્રુવને પહોંચાડિયો,
મારિયો રાવણો લંક ભૂપ;
હમણાં શું હારિયો કોણે તુને વારિયો,
નારીઓ મોહી રહી નિજ રૂપ. —બોલ્યને શામળા૦
અલ્યા મૂક્ય રે મરકડા ફોગટ ફરકડા,
હરકડા મૂક્ય વારું રે વ્હાલા;
નરસૈંયા વિના તને આપ કોણ પ્રીછવે,
નગણા ન થઈએ મારા નંદલાલા—બોલ્યને શામળા૦

પદ ૪૭

ખરેખર કાનુડા તારું મન ચોદશ ભમે, જાણે નાગર કંઈ દાન આપે;
અલ્યા નામ લક્ષ્મીવરા કરો લાલચ ખરા, રંકને લોભિયા શું સંતાપે.
—ખરેખર કાનુડા તારું મન ચોદશ ભમે૦
તાંદુલ લઈ રિદ્ધ વિપ્રને મોકલી, ભવન કીધું વૈકુંઠ સરખું;
માહરે તો દાન તું જ્ઞાન તું ભૂધરા, નિત્ય પ્રત્યે તારાં ચર્ણ નીરખું.
—ખરેખર કાનુડા તારું મન ચોદશ ભમે૦
મન મોટું કરો હાર કંઠે ધરો, હરખીને વ્હેલા મંડપ આવો;
ભણે નરસૈંયો રજની સહુ વહી ગઈ, દુષ્ટને હાથથી મને છુડાવો.
—ખરેખર કાનુડા તારું મન ચોદશ ભમે૦

પદ ૪૮

સદા તું દયાળ હું દીન દામોદરા, હે દીનાનાથ જોને વિચારી;
ચરણને શરણ આવ્યો કૃપાનાથ હું, કરો સભાળ ગોપાળ મારી.
—સદા તું દયાળ હું દીન દામોદરા૦
દેવના દેવ સુણ દેવકી બાળકા, વિશ્વપાળક એવું બિરદ તારે;
એવું જાણી ઘટે તેમ કરો ત્રિકમા, અવરકો અધિપતિ નહીં રે મારે.
—સદા તું દયાળ હું દીન દામોદરા૦
જોઇ મારાં કરમને ભૂલીશ તું ભૂધરા, પતિત પાવન તારું નામ જશે;
છાંડતાં તો નથી છૂટવું શામળા, છાંડતાં તારું ઉપહાસ્ય થાશે.
—સદા તું દયાળ હું દીન દામોદરા૦
દુષ્ટ ભાવે થકી તેં હણી પૂતના, જમદૂતના પંથથી તેં નિવારી;
મામકી નાર ફીરતન કરી ઓધરી, તું વિના કોણ તારે મુરારિ.
—સદા તું દયાળ હું દીન દામોદરા૦
દ્રૌપદીને તેં પટકૂળ પૂરિયાં, થાપીઓ ધ્રુવ અવિચળ આગે;
તેમ તારા નામનો નરસૈંયો જપ કરે, રાખ શરણે તુંને લાજ લાગે.
—સદા તું દયાળ હું દીન દામોદરા૦

પદ ૪૯

દેવા ભક્તનો ઈશ તું વિષ્ણુ કહાવે સદા, કાંગવાનું દાન તુંને કેમ ભાવે;
વિપ્ર સુદામાને નવનિધ આપી તેં, માહારી આગળે કેમ નાવે.
—દેવા ભક્તનો ઈશ તું વિષ્ણુ કહાવે સદા૦
કૃષ્ણ કૃપાળ કૃપાળુ થયા શ્રીહરિ, સદા સેવક જન પ્રતિ રે પાળ;
નાશી કરીને ગિરિ મધ્યે જઈ રહ્યા, કાલયવનનો આવ્યો કાળ.
—દેવા ભક્તનો ઈશ તું વિષ્ણુ કહાવે સદા૦

શિશુપાળ, જરાસંધ, કંસ, નરકાસુર, તેહતણા રે અહંકાર મોડ્યા;
...ના, અઘાસુર, કેશી, બકાસુર, વેરભાવે તેના બંધ છોડ્યા.
—દેવા ભક્તનો ઈશ તું વિષ્ણુ કહાવે સદા૦
...વે કભાવે જેણે આરાધિયો, ગર્ભનિવાસ નહિ આવે વળતો;
...શે નરસૈંયો હું ભાવથી વરણવું, રખે ત્રિકમ મુને રાખે ટળતો.
—દેવા ભક્તનો ઈશ તું વિષ્ણુ કહાવે સદા૦

પદ ૫૦

કેટલાએક મળી વાત એવી કરે,
દુષ્ટ બોલે મુખે એવી વાણી.... (ટેક)
કામણ મોહન મોહની છે એમાં,
મંત્રબળે એણે આણ્યું પાણી—કેટલાએક મળી વાત૦
મંત્ર ને જંત્રની વાત જાણું નહીં,
કેવળ કૃષ્ણ મારે હૃદયે ભાસ્યો,
પ્રહ્‌લાદ કારણે સ્થંભમાં પ્રગટિયા,
બાળક ધ્રુવને અવિચળ રાખ્યો—કેટલાએક મળી વાત૦
ચાર પદારથ સુદામાને આપિયા,
તિમર ફોડી ત્રિલોચન કીધો;
અમરીખ રાય ઉગારિયો શાપથી,
ચક્ર ધરીને હરિ શરણે લીધો—કેટલાએક મળી વાત૦
વેવાઈયે મન વિચાર એવો કરી,
મામેરાની ટીપ આપી માંડી;
ત્રણ સહસ્ર સાડલા, ત્રણ સહસ્ર કાપડાં,
ત્રણ સહસ્ર ચૂંદડી ચીર સાડી—કેટલાએક મળી વાત૦

ત્રણ સહસ્ત્ર ચોળી કનબ કિનખાબની,
રંગ જુદા ને શોભિત તાજા.
સાળુ, ચણિયા બેઉ ખટસહસ્ત્રો મળી,
નહીં નુકસાન કંઈ સર્વ સાજા—કેટલાએક મળી વાત૦
તેણે સમયે વેવાઈએ એક કર્યું.
તમ પુત્રીએ સહુ ટીપ માટી.
સહસ્ત્ર બે સહસ્ત્ર લો [illegible] કને,
નહીં તો [illegible]—કેટલાએક મળી વાત૦
દીકરીનું [illegible]
હોંશે [illegible]
લક્ષ્મીના નાથ [illegible]
મામેરું કર્યા વિના [illegible] મળી વાત૦
તે વેળા નાગર [illegible]
પ્રીતે પ્રગટ [illegible]
નરસૈયા [illegible]
દાનનાં [illegible] વાત૦

[illegible]

દોણું [illegible]
દ્રૌપદી [illegible]

[illegible]

લોક દેખે સહુ, થાએ કૌતુક બહુ, મંડલિક મદભર્યો મૂઢ પાપી;
નરસૈંયાના સ્વામી જેમતેમ કરો, લાજ રાખી નાખો બંધ કાપી.
—કોણ આગળ જઈ વીનવું વિઠલા૦

પદ ૫૨

શ્રવણે સૂનો થયો શામળા શ્રીહરિ, લક્ષમીનાથ શું નિદ્રા આવી;
બિરદ મોટું ધર્યું પતિતપાવન તણું, શરણ આવે તેની બાંહ્ય સ્હાવી.
—શ્રવણે સૂનો થયો શામળા શ્રીહરિ૦
દુષ્ટના દુઃખથી રાખ્ય રમાપતિ, તમ વિના મારો નહિ કોણ સ્વામી;
દુરિજન લોકને મન આનંદ બહુ, અવર કોને કહું શીર્ષ નામી.
—શ્રવણે સૂનો થયો શામળા શ્રીહરિ૦
પુષ્પની માળસું મંન અટકી રહ્યું, વીસર્યો નાથ હું મંન તારે;
નરસૈંયાના સ્વામી વિલંબ ન કીજિયે, હાર આરોપીએ કંઠ મારે.
—શ્રવણે સૂનો થયો શામળા શ્રીહરિ૦

પદ ૫૩

દયા આણ દયાળજી શીઘ્ર સેવકતણી, તું રે મારો ધણી વિશ્વ જાણે;
પ્રગટ થયું નામ તે તું થકી શામળા, વિઠલા વીનતિ મન નાંણે.
—દયા આણ દયાળજી શીઘ્ર સેવકતણી૦
મારે મંત્રતુંજંત્રનું ધ્યાન ધરણીધરા, મિત્ર મોહનવિના નહીંરે બીજો;
હાર આપ્યા વિના લાજ કો' કયમ રહે, દીન દેખી પ્રભુ શે ન રીઝો.
—દયા આણ દયાળજી શીઘ્ર સેવકતણી૦
સારે કીધા વિના નેટ નહીં છૂટકો, જો તારા ચરણની આશા આપી;
નરસૈંયાનાસ્વામી માન મૂકી કહું, દેહ દામોદરા તુજને સોંપી.
—દયા આણ દયાળજી શીઘ્ર સેવકતણી૦

પદ ૫૬

વમ પ્રીત માંડી હવે સૂઈ રહ્યો શામળા, ન્યૂન તારે હરિ શું છે આજ;
ડમાં કુસુમની માલ તું ગ્રહી રહ્યો, તે કહો કૃષ્ણજી શાને કાજ.
—પ્રથમ પ્રીત માંડી હવે સૂઈ રહ્યો શામળા૦
ાચી ભક્તિ કરું લોક જૂઠો કહે, તેમ તજી કાનજી નાસી જાઓ;
ડોર કાં થઈ રહ્યો મંડળિક મદે ચડ્યો, વ્હારે વિશ્વંભર વ્હેલા ધાઓ.
—પ્રથમ પ્રીત માંડી હવે સૂઈ રહ્યો શામળા૦
ેલ માર્યા હવે પુષ્પના હારની, વાર લાગે ઘણી વિશ્વનાથ;
નરસૈંયાના સ્વામી આશ તારી ઘણી, મૂકશો નહીં હરિ ગ્રહ્યો રે હાથ.
—પ્રથમ પ્રીત માંડી હવે સૂઈ રહ્યો શામળા૦

પદ ૫૭

હાર મધુસૂદના આજ વ્હાલો થયો, રાખી હૃદયામાંહી થયો રે સાંસો;
હારમાંહે હીરા હશે રે સુણ્ય શામળા, લોભી લક્ષ્મીવરા તો વિમાસો.
—હાર મધુસૂદના આજ વ્હાલો થયો૦
મંડળિક ઉપર કૃપા કીધી ઘણી, દાસ પરથી દયા તેં ઉતારી;
સંકટનો સાથી નહીં તુજ વિના શામળા, હે દીનાનાથ મૂક ના વિસારી.
—હાર મધુસૂદના આજ વ્હાલો થયો૦
ભક્તવત્સલ એવું બિરદ છે તાહરું, હું રે વળગી રહ્યો તેની આશે;
પતિતપાવન હરિ નામ છે તાહરું, વિપત્ત પડે હવે શું વિમાસે.
—હાર મધુસૂદના આજ વ્હાલો થયો૦
વાંક નહીં વિઠલા તમતણો તો રતી, પીડ પામું હરિ મુજ પાપે;
ભણે નરસૈંયો મુને મંડળિક મારશે, જીવતો રહું જો હરિ હાર આપે.
—હાર મધુસૂદના આજ વ્હાલો થયો૦

ઘણાં બિરદ છે તાહરાં, મારું દુઃખ હવાં કહું રે તુજને;
નહિઆપે તો મંડળિક મારશે,નરસૈંયો કહે હરિ રાખ મુજને.
—હું રે જાચક તું દાતાર દામોદરા૦

પદ ૬૦–રાગ મેઘમલ્હાર

વિધ વિચારી પ્રીતડી, જેને શ્રીરંગ રાતો.... (ટેક)
ર નહિ આપો તો મારશે, મંડળિક મદમાતો. —વિવિધ૦
મી થયો તું કેશવા, મુંને પરભવે પાપી;
ાળી થયો લક્ષમીવરા, પૂતના તેં સંતાપી. —વિવિધ૦
ારી વારે ચડોને વિઠલા, નહિ તો આ દેહ જાશે;
ારસૈંયાને મંડળિક મારશે, તારા ગુણ કોણ ગાશે—વિવિધ૦

પદ ૬૧–રાગ રામગ્રી

મહા હઠીલો મુખથી નહીં બોલે, એતાં જૂઠો જદુનાથ રે..(ટેક)
તારો ધરણીધર જાણ્યો, હઠીલો ન મૂકે વાત રે. —મહા૦
ગોકુળમાં ગોવાળિયો થઇને, ચાર્યાં વનમાં ઢોર રે;
જાણ્યું બળ જીવણજી તારું, નવનીત કેરો ચોર રે. —મહા૦
ચંચળ લંપટ ચાડિયો, સઘળે તે કરતો શોર રે;
ગોકુળમાંહે હેરણાં હેરતો, એણે અજીડાં ચાખ્યાં બોર રે. —મહા૦
પરાધીન થઈને પેટ જ ભરતો, જેમ કોઈ નઠોર નાદાન રે;
નરસૈંયા સાથે હારને કાજે, આવડું શું અભિમાન રે—મહા૦

પદ ૬૨–રાગ મારુ

તું તો ગોકુળ માંહે રહેતો, તવ નવનીત ચોરી લેતો;
તું તો ગુજરને ઘેર જતો, તેનો ટાઢો ઠૂમરો ખાતો.

જેણેને મામેરું રે હરિએ પહેલાં કર્યું રે,રાખી જ્ઞાત માંહે વળી લાજ;
કૂંડીને સિકારી રે હરિયે હેતસું રે, તે હાર આપશે શ્રીમહારાજ.
—સાસરે પધારો રે મારી કુંવરી રે૦
સાસરીએ જઇને રે હવે હું શું કરું રે, જ્યારે રૂઠ્યા સારંગપાણ;
તમને જ્યારે રે મંડળિક મારશે રે,ત્યારે અમે તજશું અમારા પ્રાણ.
—સાસરે પધારો રે મારી કુંવરી રે૦

પદ ૬૪

માનબાઇ કહે છેઃ-

આધાર તે હુતો રે હરિ મુને તાહરો રે,
અમો અબળા દુરબળ નાર....(ટેક).
પ્રીતલડી તે હુતી રે, પેલા ભવતણી રે,
તે ત્રિકમજી મેલી કેમ રે વિસાર—આધાર તે હુતો૦
પટકુળ પ્રેમદાનાં રે પ્રીતે પૂરિયાં રે,
રાખી દુષ્ટ સભામાં વળી લાજ;
દીન જાણીને રે અમને કૃપા કરો રે,
મહેતાજીને મુકાવોને મહારાજ—આધાર તે હુતો૦
ત્યમ ગ્રાહથી રે ગજ મુકાવિયો રે,
ારે તમે ધાયા અશરણશરણ;
ાસનાં દોહ્યલાં રે તમે સહી નવ શકો રે,
ું સૂતા છો શામળવર્ણ—આધાર તે હુતો૦
સોરઠ સહુને રે હરજી હસાવિયું રે,
હારને ઘણી લાગી વાર;
હળવાંને પાડ્યાં રે સહુ હરખે ભર્યાં રે,
વાણ નહીં કીધું નંદકુમાર—આધાર તે હુતો૦

બ્રહ્માંડ તો ભટકી રે અમો ભૂલાં પડ્યાં રે,
પામ્યાં શ્રીગોકુલમાં તો ઠામ;
નરસૈંયા સાથે રે લઈ રહ્યા રૂસણું રે,
તેમાં નહીં સરે શામળિયા કામ. —દામોદર૦

વૃંદા તે વનમાં રે લાડ લડાવિયાં રે,
તેવી પ્રભુ પૂરો અમારી રે આશ;
વિઠ્ઠલજી વિનતિ શે નહીં સાંભળો રે,
અમો હરિ છીએ તમારાં રે દાસ. —દામોદર૦

દીન જાણીને રે અમને દયા કરો રે,
મહેતો ધરે છે તમારું રે ધ્યાન;
એ છે વિનતિ રે રતનબાઈની રે,
શામળિયાને કરે છે રે સાન. —દામોદર૦

પદ ૬૬

કહાનબાપ કહે છેઃ—

શામળિયા સ્નેહી રે અમ ઘેર આવજો રે,
કહું મારા મનડા કેરી રે વાત........ (ટેક)
મોગરાની માળ રે લટકતી લાવજો રે,
રસિયા જુવો વીતી ગઈ બધી રાત—શામળિયા૦
કોડ તો કૃષ્ણજી રે કામિનીના પૂરવા રે,
આવોજી સભા મધ્ય મહારાજ;
મહેતાજીને રે મંડળિક મારશે રે,
લક્ષ્મીવર જાશે તમારી રે લાજ—શામળિયા૦

ગોપીઓને લડાવ્યાં લાડ;
તેમ મહેતાજીની રે આશ પૂરીએ રે,
અલબેલા માનું તમારો રે પાડ. —મારા જીવનજી રે૦
જગમાં જનમીને અમો ભૂલાં ફર્યાં રે,
નિજભક્તિ કરીને પામ્યાં ઠામ;
બાંધ્ય અઘાની રે લાજ બધી નાથને રે,
પ્રીત કરી તમશું સુંદરશ્યામ. —મારા જીવનજી રે૦
તમારે જગતમાં રે ભક્તો અનેક છે રે,
અમારે તો એક તમે ભગવાન;
પાનબાઈ કહે છે રે પ્રભુજી પધારિયે રે,
વ્હાલા હાર આપીને રાખો માન. —મારા જીવનજી રે૦

પદ ૬૮—રાગ કાફી

સુરસેના સખી કહે છેઃ—

શ્રીજી મારી વિનતિ રે, તમે સાંભળો સારંગપાણ રે....(ટેક)
સંકટ તમને શું કહું વાલા, તમો છો ચતુરસુજાણ—શ્રીજી૦
દાસને દુઃખ છે દોહલાં, તે કેમ સહો છો મહારાજ રે;
વિલંબ ન કીજે વિઠલા, હવે ગઈ સેવકની લાજ—શ્રીજી૦
અમો હળવાં પડ્યાં દામોદરા તો, તારા ગુણ કોણ ગાય રે;
બિરદ ન પાળો ભૂધરા, તો અમે કેમ જિવાય રે—શ્રીજી૦
સજ્જ શે ન થાઓ શામળા, તમે ભોગળ ભાંગો આજ રે;
હાર આપો હરિદાસને, જેમ જાય મંડળિકની લાજ રે—શ્રીજી૦
અમ વિના તમે એકલા, પ્રભુ શો કરશો વિલાસ રે;
પુરુષરૂપ છો કાનજી, અમને તમારી આશ રે—શ્રીજી૦

તમે જે રે માગો તે આપું રે, તમ વચન કદી ન ઉથાપું રે;
તમને કહું વિસ્તારી વાત રે, મહેતાજીની વધારું ખ્યાત રે–સુર૦
માટે કહોને કેદારો ગાય રે, તે વિના નહીં હાર અપાય રે;
હું તો જઈ બેસું આમને રે, સત્ય માનજો મુજ વચન રે–સુર૦
તમો પ્રાણ થકી છો પ્યારાં રે, ક્ષણ એક ન મૂકું ન્યારાં રે;
એમ બોલ્યા દામોદરરાય રે, સહુ સખીઓને હરખ ન માય રે–સુર૦

પદ ૭૦–રાગ આશાવરી

સખીઓ રે જ્યારે હરખ જ પામી, ત્યારે રીઝયા સારંગપાણિજી;
હસી હસી વચન શ્રીમુખ બોલ્યા, ધન્ય ધન્ય વૈષ્ણવવાણી જી.
—સખીઓ રે૦

કુંવરબાઈ કહે કર જોડી, સાંભળો માહરા તાતજી;
દામોદરરાયને ઘણો વહાલો છે, કેદારો સાક્ષાતજી–સખીઓ રે૦
ગિરિવરધારી ને કુંજવિહારી, તે સાથે છે હોડજી;
દામોદર શું પ્રીત બંધાણી, તે રાગ કેદારાની જોડજી–સખીઓ રે૦
મહેતાજી મન સ્થિર કરી રાખો, નહિ મૂકે નાથ તમારોજી;
દામોદરાયને ઘણો વહાલો છે, તે ગાઓને રાગ કેદારોજી–સખી૦
મહેતાજી કહે પુત્રી માહરી, દેવાળિયા કહેવાઇએજી;
સાઠ રૂપિયે ઘરાણે મૂક્યો છે, માટે કા'ને કેદારો કેમ ગાઇએજી–સ૦
ઘરણીધર મહેતાજીને મંદિર, ખત લખીને આપ્યું જી;
તે રૂપૈયા આપ્યા વિના જો ગાઉં તો જીભ કાપું જી–સખીઓ રે૦
અટક સાંભળી મહેતાજીની, સમરથ સારંગપાણિજી;
ક [illegible] ચાલ્યા, પ્રીત પૂરવની જાણીજી–સખીઓ રે૦

પદ ૭૧–રાગ કેદારો

કેદારો મુકાવાને ચાલ્યા, તે ભક્તવત્સલ ભગવંતસ્વરૂપ....(ટેક)
ધરણીધર મહેતાને મંદિર આવ્યા નરહરિ નરસૈંનુંવરીરૂપ–કેદારો૦
ધન આપી ખત માગી રે લીધું, વ્યાજ સુધ્ધાં પહોંચાડ્યું સહુ;
ધરણીધર નાગરને ઘેરે, એક પાંગળી હુતી રે વહુ–કેદારો૦
તેને ઘેલી કહીને સહુ કો બોલાવે, તેને મંદિર પધાર્યા ભગવાન;
મસ્તક હાથ મૂકીને ઉઠાડી, રૂપ કીધું તેનું લક્ષ્મી સમાન–કેદારો૦
એક પંથ બે કારજ કરીને, હરિ આવ્યા જૂનાગઢ મોઝાર;
મહેતાજીને ખોળે ખત નાખ્યું, અંત્રીક્ષ રહીને દેવમોરાર–કેદારો૦
તે રે શ્રીપાતે સરવે દીઠું, મંડળિક પાસે માગે માન;
નરસૈંયો ઈશ્વરનો સેવક, કહ્યું કરો હઠીલા રાજન–કેદારો૦
અન્યોઅન્ય સહુ વાત કરે છે, ખત આપ્યું દામોદરરાય;
નરસૈંયાને મંદિર મોકલો,નહિ તો આપણો મહિમા જાય–કેદારો૦
તળાજેથી તતક્ષણ આવ્યો, કહે ધરણીધર સાંભળો રાય;
હરિના જન હરિ સરખા જાણો, મહેતાજીને લાગો પાય–કેદારો૦

પદ ૭૨–રાગ સારંગ

દ્વારિકા પહોંચ્યા કમળાપતિ, રામાનંદ પ્રત્યે કહે વિનતિ... (ટેક)
તમે જૂનાગઢ લગી વેગે જાઓ, નરસૈંયા નાગરને કરો પસાવો.
—દ્વારિકા પહોંચ્યા કમળાપતિ૦
આવ્યા રામાનંદ સભા મોઝાર, એને ધરણીધર કરે છે વિચાર;
મહેતાને રૂપે આવ્યા ભગવાન, આપે ગયું કીધી લક્ષ્મી સમાન.
—દ્વારિકા પહોંચ્યા કમળાપતિ૦

ગરથ આપી ખત લીધું હરિ, ધરણીધરે વાણી ઓચરી;
શ્રીપાત સાંભળીને દિલગીર થયા, મંડળિકરાય વિચારી રહ્યા.
—દ્વારિકા પહોંચ્યા કમળાપતિ૦

અન્યોન્ય વાતો ઓચરે, વૈષ્ણવ સાથે દ્વેષ કોણ કરે;
દક્ષાણાવત ગંગોદક ભર્યો, નરસૈંયો નાગર વૈષ્ણવ ખરો.
—દ્વારિકા પહોંચ્યા કમળાપતિ૦

ગાયે રત્ન ગળાણું રાય, રત્ન જડે ને જીવે ગાય;
એવી પ્રીત દામોદર ક્યાંથી કરે, ભાંગી ભોગળ હાર કંઠે ધરે.
—દ્વારિકા પહોંચ્યા કમળાપતિ૦

તે માટે મહેતાને મોકલો ઘેર, બ્રાહ્મણશું નવ કીજે વેર;
વેર કીધે નવ થાએ ભલું, તે માટે કહીએ એટલું.
—દ્વારિકા પહોંચ્યા કમળાપતિ૦

એમ સભાજન સરવે કહે, તે તો મંડળિક સરવે લહે;
પ્રલંબ પ્રધાન વિચારે પેર, નરસૈંયાને મોકલો ઘેર.
—દ્વારિકા પહોંચ્યા કમળાપતિ૦

પદ ૭૩

રામાનંદ સંન્યાસી એણી પેર કહે, એ કથા અવિચળ રહે;(ટેક)
કોઈ કોઈની કૂડી પક્ષ કરે, તે સંન્યાસી નરકે સંચરે—રા૦
વૈષ્ણવજનને નિંદે જેહ, કુંભીપાક પડે નર તેહ;
પાંડુપુર નગર છે એક, તેમાં નામો ભક્ત વિશેક. —રા૦
નામદેવને હરિશું પ્રીત, રામાનંદ કહે શુભ રીત;
બ્રાહ્મણે આણી મરતક ગાય, લઈ બાંધી સુલતાન સભાય—રા૦

મધુરે સ્વરે કેદારો ગાયો, મારો ગોરિયો ગમાણે આવ્યો રે;
ઠમકે ઘુઘરી નેપુર વાજે, મારો રાગ કેદારો મુકાવ્યો રે–મારો૦
પ્રગટ થાઓ પાતળિયા સભામાં, મુજને આપો હાર રે;
આવો છબીલા સાઈડું દીજે, શાને લગાડો વાર રે–મારો૦
મલપતા મંદિરમાં આવો, મેં જાણ્યા દીનદયાળ રે;
સભા સર્વ દેખતાં કાનુડા, મારી કંઠે આરોપો માળ રે–મારો૦
એમ કહી ખત મસ્તક મૂક્યું, સખીઓ થાઓ સાવધાન રે;
જયકાર બોલે નરસૈંયો, સર્વ સખીઓ કરે ગાન રે–મારો૦

પદ ૭૫–રાગ પ્રભાત

દામોદર દિલમાંહે વિચારે, મહેતો ભગત છે મહારો રે....(ટેક)
ક્ષણ એ મુજને નવ વિસારે, ગણે પ્રાણથી પ્યારો રે. –દામો૦
એમ વિચારી ગયા અલબેલો, ધરણીધરને ઘેર રે;
કેદારો મુકાવી લાવ્યા, જુગતે જાણી પેર રે. –દામો૦
ખત લાવીને ખોળે નાખ્યું, તે તો સરવે જોયું રે;
મહેતો મનમાં રાજી થયા બહુ, જોતાં મનડું મોહ્યું રે–દામો૦
કોડેથી કેદારો ગાયો, તે તો મુજને ભાવ્યો રે;
ઉપમા આપી મુજને બળદની,ગોરિયો ગમાણે આવ્યો રે–દામો૦
માટે આસન જઇને બેસું, છોને લાગે વાર રે;
કેવો ગણ્યો મુજને મહેતે, કેમ આપું હવે હાર રે. –દામો૦
રીસ ચડાવી આસન બેઠા, શ્રીદામોદર રાય રે;
તે તો મહેતાજીએ જોયું, હવે શી પેર થાય રે. –દામો૦
મહેતોજી કહે સુણો મોહનજી, રિસાઇને ક્યાં જાઓ રે;
જીવ જતાં લગી નવ છોડું, સહાય શામળિયા થાઓ રે–દામો૦

પદ ૭૬

ભાંગ્ય મોગળ શામળિયા માથી ચેલડા મુકાવોને ગોવાળા રે.(ટે)
આડીને આવો મો અટકો, આપો મોગળની માળા રે—ભાંગ્ય૦
[illegible] ક્ષમા કરો અપરાધ રે,
[illegible] —ભાંગ્ય૦
[illegible]
[illegible] ભાંગ્ય૦
[illegible]
[illegible] ભાંગ્ય૦
[illegible]
[illegible] ભાંગ્ય૦
[illegible]
[illegible] ભાંગ્ય૦
[illegible]
[illegible]

[illegible]

[illegible]

સુચકંદ ને કુંભકરણ જીત્યા, તેની ઊંઘ તને આવી;
આળસુ કેમ બન્યા અલબેલા, શું બેઠા રિસાવી—જાગ૦
દીનબંધુ છો દામોદરજી, હાર હરિ આપો;
ભણે નરસૈંયો નાથજી, મારાં કષ્ટ તમે કાપો—જાગ૦

પદ ૭૮

ખત વાંચતાં હું ખોંખાર્યો, તેની તમને ચડી છે રીસ રે; (ટેક)
સેવકના અપરાધ જ સામું, શું જુવો જગદીશ રે. —ખત૦
શ્રીપતિ સહાય કરો સેવકની, વેળા થઈ છે ઝાઝી રે;
મોગરાની માળા લઈને પધારો, મહેતાજી થાયે રાજી રે—ખત૦
ઊડો ઊઠો હરિ થયું અજવાળું, ખોટી ન થાઓ પળ એક રે;
પ્રીતમજી પ્રેમેથી ભેટું, મૂકી દો હરિ ટેક રે. —ખત૦
એવું સુણી ઊઠ્યા અલબેલો, થયો ત્યાં બહુ કડાકો રે;
જાણે મેઘ ગાજ્યો આષાડો, એવો થયો ભડાકો રે—ખત૦
મોહનજી કહે સુણો મહેતાજી, અંતર નથી તમ સાથે રે;
પ્રીત કરી તુજને પે'રાવું, હાર હું માહારે હાથે રે. —ખત૦
તુજ વિના મ્હારે નવ ચાલે, હું પૂરું તારી આશ રે;
એમ કહીને બને ભેટયા, નરસૈં ને અવિનાશ રે. —ખત૦

પદ ૭૯—રાગ વસંત

કમાડ કડકડિયાંને ગગન ગડગડિયાં, મંડિળકનાં મંદિર; (ટેક)
ભોગળ ભાંગીને તાળાં રે તૂટ્યાં, પધાર્યા શામશરીર—કમાડ૦
ખળભળિયાં ગઢકોશીસાં રે, પડે પોળ પોકાર;
નાઠા ભૂર સભાથી સર્વે કો, થઈ રહ્યો હાહાકાર—કમાડ૦

આસનથી ઊઠ્યા અવિનાશી, આવ્યા સભા મોઝાર;
સભા સરવે દેખતાં રે આપ્યો, મહેતાજીને કંઠે હાર-કમાડ૦

પદ ૮૦

શ્રીદામોદર દયા કરીને, નરસૈયા નાગરનો રાખ્યો રંગ....(ટેક)
સર્વ સેવકના સુખને કારણ, રાય મંડળિક કીધો માનભંગ-શ્રી૦
કો કહે કામી ને કો કહે કપટી, પણ સેવકને તમારી આશ;
રાખી લાજ સભામાં સાચી, દુરજન સઘળા કીધા નિરાશ-શ્રી૦
કળિયુગમાંહી પ્રત્યક્ષ દીઠું, નરસૈયો જિતાડ્યો હોડ;
કાને કુંડળ ઘાલ્યાં મહેતાને, પીતાંબર આપ્યું કટિ છોડ-શ્રી૦
એણે અવરને કાંઈ ન જાણ્યું, વૈષ્ણવ સાથે કીધો વાદ;
પ્રેમજનો સહુ અર્ણીપેરે કહે છે, ઉતાર્યો હરિ એનો નાદ-શ્રી૦
જયજયકાર હવો સોરઠમાં, મહેતાને આપ્યો હાર જ હરિ;
મંડળિક રાયનો મમત હરીને, નરસૈંયા નાગરની રક્ષા કરી-શ્રી૦

પદ ૮૧

મારા ઠાકોર દામોદરે, મારી લાજ કરી મઝારી રે ... (ટેક)
વૈકુંઠથી વેગે આવીને, આપ્યો હાર ઉતારી રે-મારા૦
ભક્તજનને ભ્રાતે લાડ લડાવ્યાં, વહાલા છે સુખકારી રે;
અનેક ભક્ત આગે ઓધાર્યા, કૃપા કરી મુરારિ રે મારા૦
[illegible] નિત્ય દાન દેતા [illegible], [illegible] રે;
[illegible] મારા૦
[illegible] નારદ, [illegible] રે,
[illegible] મારા૦

જેની સેવા સુરનર ઇચ્છે, સહસ્ર અઠ્યાસી ધાય રે;
અમર ઇન્દ્રાદિક ગંધર્વ અપ્સરા, ગુણ શ્રીહરિના ગાય રે—મારા૦
મામેરું મોહને કીધું, આપ્યાં વસ્ત્ર શણગાર રે;
મંડળિક દેખતાં માહારાજે મુને, હેતે દીધો હાર રે—મારા૦
સોરઠ જન જોવાને આવ્યા, પહોંચ્યા મનના કોડ રે;
સકળ સભામાં લજ્જા રાખી, નરસૈંયે જિતાડ્યો હોડ રે—મારા૦
કળિજુગમાંહી કહણ માનવી, પામર કેને ન પતીજે રે;
ભણે નરસૈંયો સુણો નારાયણ, ચરણ શરણ રાખી લીજે રે—મારા૦

પદ ૮૨–રાગ બિભાસ

શ્રીદામોદરે કીધી દયા જે, મુગટ સહિત મુને આપ્યો હાર.(ટેક)
બાજુબંધ ને બેરખા આપ્યા, ત્રિભુવન વર્ત્યો જયજયકાર—શ્રીદામો૦
રાજા તું ઘેલો થયો જે, ખડગ લઇને આવ્યો સંગ;
રસિયાજીશું રંગે રમતાં, રમાપતિએ રાખ્યો રંગ—શ્રીદામો૦
...શા ગુણ ગાઉં ગોવિંદના, ઠામ ઠામ રાખી મુજ લાજ;
...ફળ ન થાએ એ અલબેલો, સારે સેવકજનનાં કાજ—શ્રીદામો૦
... જન સેવે સાચા મનથી, તે ત્રિકમજી જાણે રે;
...ીડ પડે જ્યારે સેવકને, સહાય કરે તે ટાણે રે—શ્રીદામો૦
...જન સરવે સાચું માનો, એ હરિ દીનદયાળ રે;
...નેજ સેવકની લજ્જા રાખી, કંઠે આરોપી માળ રે—શ્રીદામો૦

પદ ૮૩–રાગ આશાવરી

શ્રીદામોદરના ગુણ ગાતાં, નર કોઇએ દુખિયો ન હોય રે....(ટેક)
સદા શામળિયો શરણે રાખે, સન્મુખ આવી જોય રે—શ્રીદામો૦

મૂરખ મૂઢ હીંડે રડવડતો, નવ જાણે હરિનો મર્મ રે;
સ્મરણ કરતાં તરત જ આવે, પરિપૂરણ પરબ્રહ્મ રે-શ્રીદામો૦
છેલ, છબીલો ને છોગાળો, નિત્ય નિત્ય તેને ભજિયે રે;
મંડળિકનું માન ઉતાર્યું જેણે, કહો કેમ તેને તજિયે રે-શ્રીદામો૦
સુખદાતાની પૂર્ણ કૃપાથી, અવિચળ પદ હું પામ્યો રે;
નરસૈંયાના સ્વામીને જોતાં, ભવભય સઘળો વામ્યો રે-શ્રીદામો૦

પદ ૮૪-રાગ લલિત

વહાલાના ગુણ શા શા કહું રે, અવસરે આવીને રાખે લાજ.(ટે)
પતિતપાવન હરિ નામ તમારું, પ્રગટ થાઓ છો ભક્તને કાજ-વ૦
કૃપા કરી મુને હાર જ આપ્યો, મંડળિકરાય થયો માનભંગ;
સભા સઘળી આશ્ચર્ય પામી, કૃપા તમારી પરમાનંદ-વ૦
સાચી પ્રીત કરે જે હરિશું, તેના મનના પૂરે કોડ;
કૃપા કરી તમે નરસૈંયાને, ભક્તવત્સલ પ્રભુ શ્રીરણછોડ-વ૦

પદ ૮૫-રાગ દેશાખ

કર જોડીને દાસ વીનવે, હું સંતકૃપાએ સુખ પામ્યો રે (ટે)
ભક્તના ચરણરેણુએ નરસૈંયો, સકળ વેદના વામ્યો રે-કર૦
અલ્પબુદ્ધિ અજ્ઞાની હતો હું, દેખાદેખી ચાલ્યો રે,
સાધુસમાગમ નિશદિન કરતાં, હરિએ હાથ જ ઝાલ્યો રે-કર૦
પ્રેમભજન મહુ સંપે નમિયા, નાગરનાતું જે ચારી રે,
કહે નરસૈંયો, શ્રીહરિ સેવો, ટળશે ભવદુઃખ ફાંસી રે-કર૦

પદ ૮૬–રાગ આશાવરી

ઓળંભો અકુળ નહિ જાય મારો વાલો,ઓળંભો શ્રીગોકુળરાયરે.
કૃપાસાગરે કૃપા કરીને, કીધી મ્હારી સહાય રે—ઓ૦
ઓળંભો ધ્રુવ પ્રહ્‌લાદ વિભીષણ, અમરીખને હનુમાન રે;
અક્રૂર, ઓધવ, વિપ્ર સુદામો, વિદુર ભક્ત વરદાન રે—ઓ૦
ઓળંભો વેગે દ્રુપદતનયા, ચરણે અહલ્યા તારી રે;
કુબ્જાનું ચંદન માગી લીધું, ગોકુળ રાખ્યું મોરારિ રે—ઓ૦
ઓળંભો વેગે વ્રજવિનતા, તારણતરણ ગિરિધારી રે;
ઓળંભો પ્રીત કરી જે ભક્તે, લીલા કુંજવિહારી રે—ઓ૦
સાંદીપનિને સુત આણી આપ્યો, વેદ વદે એમ સાચું રે;
મારા ઠાકોર એ જ દામોદર, અહોનિશ એને જાચું રે—ઓ૦
ભક્તવત્સલ સદા હરિ દાતા, દીનોનાથ કહાવે રે;
નરસૈંયાના સ્વામીને સમરતાં, પુનરપિ જનમ ન આવે રે—ઓ૦

પદ ૮૭–રાગ દેશાખ

નીરખી લોક નગરના હરખ્યા,ધન્ય ધન્ય મહેતાનો અવતાર રે.(ટે.)
મહીપતિ આવી ચરણે લાગ્યો,કરે હરખ ઓચ્છવ નરનાર રે—ની૦
અમે અબુધ મૂરખ અજ્ઞાની, ખોટી કહી વૈષ્ણવની વાત રે;
સ્વામી સેવકમાં ભિન્ન ન હોયે, શ્રુતિ-સ્મૃતિ બોલે ખ્યાત રે—ની૦
છબીલાજીના વા'લા જે જન, તે સાથે ન કરવો દ્વેષ રે;
સાચું પાસું શામળિયાનું, નિશ્ચે લખ્યો મટે નહીં લેખ રે—ની૦
દુરિજન સઘળા દુઃખ જ પામ્યા, જેણે કીધાં કૂડાં કર્મ રે;
કે' નરસૈંયો તમે સુકૃત કરો સૌ, શ્રીધરણીધર રાખે ધર્મ રે—ની૦

સંત ચાલે ત્યાં હું આગળ ચાલું, ને સંત સૂએ તો હું જાગું રે;
મારા સંતની નિંદા કરે તેની, જિહવા સદ્ય જ કાપું રે–પ્રા૦
મારા રે બાંધ્યા વૈષ્ણવ છોડે, વૈષ્ણવે બાંધ્યા મેં નવ છૂટે રે;
એક વાર વૈષ્ણવ મને બાંધે તો, તે બંધન મેં નવ તૂટે રે–પ્રા૦
બેસી ગાય ત્યાં હું ઊભો સાંભળું, ઊભા ગાય ત્યાં હું નાચું રે;
હું તો વૈષ્ણવથી ક્ષણ નહિ અળગો, ભણે નરસૈંયો સાચું રે–પ્રા૦

પદ ૯૦–રાગ આશાવરી

હરિની ભક્તિ વિના જે જીવે, તેનો અફળ ગયો અવતાર રે....(ટેક)
તુલસીની માળા ને તિલક જ પાખે, બીજા જૂઠડા શણગાર રે.
—હરિની ભક્તિ વિના જે જીવે૦

દશ માસ ઉદર દુઃખ પામ્યો, કીધું કારજ તેં ખરભાર રે;
દેહ ધરી હરિદાસ ન કા'વ્યો, તેની જનુનીને ધિક્કાર રે.
—હરિની ભક્તિ વિના જે જીવે૦

વૈષ્ણવ જન વહાલા નહિ જેને, મિથ્યા ગયો તેનો અવતાર રે;
નરસૈંયાના સ્વામી વિના બીજા, અનેક મિથ્યા ધર્મ વિચાર રે.
—હરિની ભક્તિ વિના જે જીવે૦

પદ ૯૧–રાગ રામકલી

ધન્ય ધન્ય રે જીવતર વૈષ્ણવનું, જ્યાં જોઇએ ત્યાં હરિગુણ ગાય રે;
ચૌદ લોકમાં પહેલી પૂજા નરનારી તે વૈકુંઠ જાય રે–ધન્ય૦
વૈષ્ણવ કેરાં કહું ગુણલક્ષણ, તિલક, છાપ ને તુલસીમાળ રે;
વૈષ્ણવ કેરા વેશ દેખીને, જમકિંકર નાસે તતકાળ રે–ધન્ય૦
જન્મમરણના ફેરા છૂટે, જમ જોખમથી રાખે અંગ રે;
સંસારમાંહે તે નર જીત્યા, જેને વૈષ્ણવ નિશદિન સંગ રે–ધન્ય૦

માતપિતા કેરું કુળ તારે, પાડોશી
ભણે નરસૈંયો હરિગુણ ગાતાં, પુનરપિ

પદ ૯૨—રાગ આશ

મંડળિક આવી લાગ્યો પાય, ક્ષમા કરો
પ્રલંબ પ્રધાન વિનય બહુ કરે, સ્રીઓ ન
શ્રીપાત સરવે મહેતાજીને નમ્યા, અમો
અમે અજ્ઞાન થયા મહારાજ, રાખી દાં
ભીમ મહેતાજીને પ્રણામ જ કરે, સંન્યાસ
દેવી નાગર ઘેર જ ગયા, વૈષ્ણવ સર્વ ર
એ હરિજનનો મહિમા રહ્યો, રાય ને
સભા સર્વ જન બોલે પેર, મહેતા
સખીઓ સહિત ફાડયા તેણીવાર, સર્વ કે
મહેતાજી આવ્યા મંદિરમાંય, વૈષ્ણવ
નરસૈંયો કહે જપો હરિનામ, દામોદરં

પદ ૯૩

સંવત ૫૧૨ બારોતરાનાં, ચૈત્ર સુદ સપ્તમી
અતિ આનંદે ભાગ્ય ગાઈ, નરસૈંયો જી
વૈષ્ણવ અતિપાત એકાદશી દિન, વૈષ્ણ
અજબ અમોલખ પાતક તેનાં, તે સુપ
જે જન સાંભળે ભાવ ધરીને, તે જન
ભણે નરસૈંયો તે વૈકુંઠમાં મહાલે -

પદ ૯૪

ને મારા ઠાકોર હું તમારો ચાકર, તમે છો કાંઈ મુજને વાહાલા રે.
રવે તજીને તમને ભજિયે, નાથ બાંવડલી ઝાલો રે–તમે૦
હિના મુસારા વિણ કમાઉં, મારા નાથ ન માગું નાણું રે;
યાનો ગઢ જમકિંકર ઘેરે, ત્યારે નાથ સાચવજો ટાણું રે–તમે૦
ાકરી ન મેલું ચત્રભુજ તારી, મારું ચરણકમલ ચિત્ત બાંધ્યું રે;
નેથે કરીને નીંગઠ વાળી, મુંને રાંકને રતન લાધ્યું રે–તમે૦
અનાથોના નાથ તમે કહેવાઓ, ભક્ત હરિજનને આધારો રે;
ભણે નરસૈંયો બેઉ કર જોડી, અમને ભવસાગર તારો રે–તમે૦

પદ ૯૫

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે. (ટેક)
પરદુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે–વૈ૦
સકળ લોકમાં સૌને વંદે, નિંદા તે ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે ધન્ય ધન્ય જનની તેની રે–વૈ૦
સમદૃષ્ટિ અને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે–વૈ૦
મોહ માયા વ્યાપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામ નામશું તાળી રે લાગી ... તીરથ તેના તનમાં રે–વૈ૦
વણલોભી ને કપટરહિત ... ોધને નિવાર્યાં રે;
ભણે નરસૈંયો તેનું દરશ ... ળ એકોતેર તાર્યાં રે–વૈ૦

પદ ...

સંસારનો ભય નિકટ ન
ત્રિવિધ તાપ ટળે સહુ

પદ ૯૪

તમે મારા ઠાકોર હું તમારો ચાકર, તમે છો કાંઈ મુજને વાહાલા રે.
સરવે તજીને તમને ભજિયે, નાથ બાંવડલી ઝાલો રે–તમે૦
મહિના મુસારા વિણ કમાઉં, મારા નાથ ન માગું નાણું રે;
માયાનો ગઠ જમ કિંકર ઘેરે, ત્યારે નાથ સાચવજો ટાણું રે–તમે૦
ચાકરી ન મેલું ચત્રભુજ તારી, મારું ચરણકમલ ચિત્ત બાંધ્યું રે;
નિશ્ચે કરીને ગાંઠ વાળી, મુંને રાંકને રતન લાધ્યું રે–તમે૦
અનાથોના નાથ તમે કહેવાઓ, ભક્ત હરિજનને ઓધારો રે;
ભણે નરસૈંયો બેઉ કર જોડી, અમને ભવસાગર તારો રે–તમે૦

પદ ૯૫

વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે. (ટેક)
પરદુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે–વૈ૦
સકળ લોકમાં સૌને વંદે, નિંદા તે ન કરે કેની રે;
વાચ કાછ મન નિશ્ચળ રાખે ધન્ય ધન્ય જનની તેની રે–વૈ૦
સમદષ્ટિ અને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે–વૈ૦
મોહ માયા વ્યાપે નહિ તેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામ નામશું તાળી રે લાગી તો, સકલ તીરથ તેના તનમાં રે–વૈ૦
વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધને નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં, કુળ એકોતેર તાર્યાં રે–વૈ૦

પદ ૯૬–રાગ પ્રભાત

સંસારનો ભય નિકટ ન આવે, શ્રીકૃષ્ણ ગોપાલને ભજતાં રે....(ટેક)
[illegible] હુ તનના, મોહ માયાને તજતાં રે–સં૦

જ્ઞાનગંગાનો મહિમા મોટો, મુખે કહ્યો નવ જાય;
ભલે મળ્યા મ્હેતા નરસૈંનો સ્વામી,હેતે હરિના ગુણ ગાય-જેને૦

પદ ૯૯

મારા વાલાજી તું તારા બિરદ સામું જોજ શામળા .... (ટેક)
અને મ જોઈશ કરણી અમારી રે. -તું૦
અજામેળ અપરાધી ઓધાર્યો, ગજગણિકાને તારી રે;
ત્રાગડે ત્રાગડે ચીર જ પૂર્યાં, તો પત રાખી પાંડવા નારી રે-તું૦
ઇંદ્રતણે અપરાધે રે અહલ્યા, તે શાપે શલ્યા થઈ ભારી રે;
ચરણ છબ્યાં રઘુનંદન કેરાં, તો ભર રે જોબન ભઈ નારી રે-તું૦
પ્રહ્‌લાદ કારણ થંભ ધગાવ્યો, માંય પ્રગટ્યા છે દેવ મુરારિ રે;
હરિએ હિરણાકંસ નખે વધાર્યો, પ્રહ્‌લાદ પોતાનો જાણી રે-તું૦
અનેક ભક્ત તમે આગે ઓધાર્યા, ને ઓધાર્યા અધિકારી રે;
ભણે નરસૈંયો બેઉ કર જોડી, તો અમને છે આશ તમારી રે-તું૦

પદ ૧૦૦—ગરબો

જી રે આજની ઘડી તે રળિયામણી રે........ (ટેક)
મારો વા'લોજી આવ્યાની વધામણી રે—જી રે આજની૦
જી રે તરિયા તોરણ તે બંધાવિયાં રે;
મારા વા'લાજીને મોતીડે વધાવિયા રે—જી રે આજની૦
જી રે કંકુ કેસરની ગાર કરાવી મેં રે;
ઝીણી કસ્તૂરીની ચોકડી પડાવિયે રે—જી રે આજની૦
જી રે લીલા પીળા તે વાંસ વઢાવિયે રે;
મારા વા'લાજીનો મંડપ રચાવિયે રે—જી રે આજની૦

જી રે પૂરો પૂરો સુહાગણ સાથિયો રે;
વા'લો આવે મલપતો હાથિયો રે. —જી રે આજની૦
જી રે ગંગા જમુનાનાં નીર મંગાવિયે રે;
મારા વા'લાજીનાં ચરણ પખાળિયે રે. —જી રે આજની૦
જી રે સોનારૂપાની થાળી મંગાવિયે રે;
માંહિ ચમકતો દીવડો મેલાવિયે રે. —જી રે આજની૦
જી રે તન, મન, ધન ઓવારિયે રે;
મારા વા'લાજીની આરતી ઉતારિયે રે—જી રે આજની૦
જી રે રસ વાધ્યો છે અતિ મીઠડો રે;
મે'તા નરસૈંયાનો સ્વામી દીઠડો રે—જી રે આજની૦

પદ ૧૦૧-ગરબી

હાં રે દાણ માગે રે દાણ માગે (૨૬)
હાં રે તારી મોરલીના બોલ [illegible] દાણ માગે, હાં રે૦
હાં રે કાન કિયા મુલકનો સૂબો, હાં રે મારા [illegible] રે.
—દાણ માગે. હાં રે૦
હાં રે કાન કિયા મુલકનો રસિયો, હાં રે મારા [illegible] રે.
—[illegible] હાં રે૦
હાં રે કાન કિયા મુલકનો દાણી, હાં રે નારી [illegible] રે.
—[illegible] હાં રે૦
હાં રે કાન કિયા મુલકનો મેં'ડેતો, હાં રે મારા [illegible] રે.
—[illegible] હાં રે૦
હાં રે કાન [illegible] જમુનાને આરે, હાં રે [illegible]
—[illegible]

હાં રે કાન નથી સાકર નથી મેવા,
હાં રે ખાટી છાશમાં શું આવ્યો લેવા રે. —દાણ માગે, હાં રે૦
હાં રે મે'તા નરસૈંના સ્વામી મુરારિ,હાં રે તમે લૂંટો મા દાડીદાડી રે.
—દાણ માગે, હાં રે૦

પદ ૧૦૨—રાગ જંગલો

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજિયે રે.... (ટેક)
મનસા વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજિયે રે—નારા૦
કુળને તજિયે, કુટુંબને તજિયે, તજિયે મા ને બાપ રે;
ભગિની સુત દારાને તજિયે, જેમ તજે કંચુકી સાપ રે—નારા૦
પ્રથમ પિતા પ્રહ્‍લાદે તજિયો, નવ તજિયું હરિનું નામ રે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજિયા શ્રીરામ રે—નારા૦
ઋષિપત્ની શ્રીહરિને કાજે, તજિયા નિજ ભરથાર રે;
તેમાં તેનું કાંઇએ ન ગયું, પામી પદારથ ચાર રે—નારા૦
વ્રજવિનતા વિઠ્ઠલને કાજે, સર્વ તજી વન ચાલી રે;
ભણે નરસૈંયો વૃંદાવનમાં, મોહનવરશું મા'લી રે—નારા૦

પદ ૧૦૩

દુરમતિયા ડાહ્યા થઈ આવે, શાણા થઈ સમજાવે રે....(ટેક)
પ્રેમભક્તિમાં ભંગ પડાવે, અજ્ઞાન આગળ લાવે રે—દુરમ૦
આપણા કુળમાં કોણે ન કીધું, તે આપણે કેમ કરિયે રે;
વૈરાગી થઈ નાટક નાચીએ, તુલસી તિલક કેમ ધરિયે રે—દુરમ૦
જેવા તેવા હોય તે હરિગુણ ગાય, તે આપણે કેમ ગાઇયે રે;
કૃષ્ણ રામની કથા થાય જ્યાં,ત્યાં આપણે નવ જઈએ રે—દુરમ૦

આપ ક્લેશ ને ક્રોધના ભરિયા, સઘળાને સમજાવે રે;
જમકિંકરના મારજ પડશે,ત્યારે આડો કોઈ નહીં આવે રે–દુરમ૦
કુળને તજશે તે હરિને ભજશે, સદેશે સંસારનું મહેણું રે;
ભણે નરસૈંયો હરિ તેને મળશે, બીજી વાતે વાશે વેણું રે–દુરમ૦

પદ ૧૦૪–રાગ પરજ

ઘડપણ કેણે મોકલ્યું, જાણ્યું જોબન રહે સૌ કાળ. ....(ટેક)
ઉમગ તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ.
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઊજળા થયા છે કેશ. —ઘડ૦
નહોતું જોઈતું ને શીદ આવિયું રે, નહોતી જોઈ તારી વાટ;
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવોને ખાટ—ઘડ૦
નાનપણે માને લાડવા રે, ઘડપણે માને મેર.
રોજ ને રોજ જોઈએ રાબડી રે, એવી બળા રે ઘડપણની ટેવ-ઘડ૦
આંખે તો સૂઝે નહિ રે, ગરગર ધ્રુજે છે કાય.
ખાધું તો અન્ન પચે નહિ રે, વળી બેઠા તો નવ રહેવાય-ઘડ૦
પ્રાતઃકાળે ખાવું માગશે રે, અન્ન વિના અકળાય.
ઘરનાં કહે છે મરતો નથી રે, તને બેઠી રહેતાં શું થાય-ઘડ૦
દીકરા તો જુવાન થયા રે, વહુઓ દે છે ગાળ;
દીકરીઓને જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના થા રે હાલ-ઘડ૦
નવ નાડિયો જુદી પડી રે, આવી પહોંચ્યો કાળ,
બેઠાં છોકરાં ટગ ટગ કરે રે, નાના મોટાં મળી કે છે ગાળ-ઘડ૦
[illegible] ત્યારે [illegible];
[illegible] રે, [illegible]-ઘડ૦

એવું જાણી સહુ હરિ ભજો રે, સાંભળજો સહુ સાથ;
પરઉપકાર કરી પામશો રે, જો કાંઈ દીધું હશે જમણે હાથ-પડ૦
એવું નફ્ટ છે વૃદ્ધપણું રે, મૂકી દો અહંકાર;
ધર્મનાં સત્ય વચન થકી રે, મહેતા નરસૈં ઊતરો ભવપાર-પડ૦

પદ ૧૦૫-રાગ સામેરી

ગુમાનીના ઘેલા રે, આવરદા તો વહી ગઈ રે;....(ટેક)
હવે તારે ચેતવુ હોય તો ચેત—ગુમાનીના ઘેલા રે૦
પ્રથમ પાપિયા રે, પ્રભુ ઓળખ્યા નહી રે;
હવે કયમ આવે હરિશું હેત—ગુમાનીના ઘેલા રે૦
કાળાને ફીટી રે, ધોળા કેશ થયા રે;
શરીર થયું શીતળ પગે ન ચલાય.
આંખે નવ સૂઝે રે, શ્રવણે સુણે નહિ રે;
તોય લઈ રે તૃષ્ણા નવ મુકાય—ગુમાનીના ઘેલા રે૦
સગાં સ્નેહીને વા'લાં રે, તેં તો બહુ કર્યાં રે;
તેને કાજે કીધાં કૂડાં કામ.
વરતીને વ'વાયો રે, વચન વિનતા તણે રે;
મુખથી ભજ્યા ન કેશવરામ—ગુમાનીના ઘેલા રે૦
વિખનો વીંટ્યો રે, કરમ બહુ કર્યાં રે;
તો યે તારો ન આવ્યો પાર.
એમને કરતાં રે, કાળ આવી પહોંચશે રે;
પછે તારા મુખમાં પડશે માર—ગુમાનીના ઘેલા રે૦
ભણ્યા તે ભૂલ્યા રે, ભવમાં આથડે રે;
ભણી ભૂલ્યા પંડિતે ન પાડ્યો ઉઅસ.

શિખામણ માનશો રે, મહા સુખ પામશો રે;
એમ કહે છે નરસૈંયો દાસ—ગુમાનીના ઘેલા રે૦

પદ ૧૦૬-રાગ મેવાડો

જુવાનીને દહાડે રે, હરિને જાણ્યા નહીં રે;
મોહ્યું પરદારા સાથે મન... (ટેક)
કાંઈક તે મોહ્યો રે, કામિનીના રૂપમાં રે;
કાંઈ એક જોડવા ધાયો ધન. —જુવાનીને૦
પચીસ ને પચાસ રે, પગપચમા ગયા રે;
દાઘલા આવ્યા સાઠ વર્ષના દન,
સિત્તેરને સુધી રે, કાંઈ સમજ્યો નહીં રે;
પછી ચાલ્યો સાધન કરવા વન —જુવાનીને૦
આંખડિયે નહીં સુઝે રે, ગયો બહુ નાસિકા રે.
બોલે ને તો ન સમજાય નહીં કથન.
માથા તો ન મૂકે રે, તૂટે નહીં [illegible] રે.
ઓળખાય નહીં [illegible] —જુવાનીને૦
હાથમાં લાકડી રે, ચરણ ચાલે નહીં [illegible]
તૂટીને શિથિલ થયું છે તન.
મુખમાંહી દંત રે એક રામે નહીં રે
તો યે પાપી ઉદર માગે અન્ન —જુ[illegible]
[illegible]
[illegible]
નરસૈંયાના [illegible]
[illegible] —જુ[illegible]

પદ ૧૦૭-દ્રૌપદીની પ્રાર્થના

દ્વારિકાના વાસી રે, અવસરે વહેલા આવજો રે;
રાણી રુક્મિણી કેરા કંથ;.... (ટેક)

દુષ્ટ દુર્યોધન રે લાગ્યો મને પીડવા રે,
પ્રભુ મારા ચૌદિશ ન્યાળું તારો પંથ.—દ્વારિકાના૦

સોડ તાણીને રે શું સૂતો શામળા રે,
આળસ મોડીને ઊઠો આજ;
લક્ષ્મીજી તળાંસે રે પાવન તારાં પાવલાં રે,
અમ પર મહેર કરો મહારાજ. —દ્વારિકાના૦

ગ્રાહને થકી રે ગજ મુકાવિયો રે,
કીધી તમે સુધન્વાની સહાય;
નરસિંહરૂપે રે હિરણ્યકશ્યપુ હણિયો રે;
પ્રહ્‌લાદ ઉગાર્યો લાગ્યો પાય. —દ્વારિકાના૦

છપ્પન કરોડ રે જાદવ તાહરા રે,
સાથે બળિભદ્ર સરીખા ભ્રાત;
કાળિનાગ નાથ્યો રે જરાસંધ જીતિયો રે;
તે બળ ક્યાં ગયું મારા નાથ. —દ્વારિકાના૦

વસમી વેળા મારે રે વહારે ચડો વિઠલા રે,
ધાજો તમે છત્રપતિ નિરધાર;
અસવારી કરજો રે ગરુડની ઉપરે રે,
નરસૈંયો વીનવે વારંવાર. —દ્વારિકાના૦

પદ ૧૦૮–રાગ બિહાગ

બાનાની પત રાખ, પ્રભુ તારા બાનાની પત રાખ....(ટેક)
બાના રે માટે જો દુઃખ દેશો તો, કોણ પૂરે તારી સાખ-પ્રભુ૦
રોહિદાસની રે તમે ગાબડી લીધી, ને નવ જોઈ જાત કે ભાત;
ચાને માટે સન્મુખ રહીને તમે, નાઈ કહેવાયા હો નાથ-પ્રભુ૦
પ્રહ્લાદની રે પ્રતિપાલણા પાળીને, સ્થંભમાં પૂર્યો વાસ;
તાતી કડા તમે શીતળ કીધી, સુધન્વાને પાસ-પ્રભુ૦
પંચાળીનાં પટકુળ પૂર્યાં, ને રાખી સભામાં લાજ;
સાયરમાંથી બૂડતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ-પ્રભુ૦
ઝેર હતાં તેનાં અમૃત કીધાં, ને આપ્યાં મીરાંને હાથ;
મેતાને મંડળિકમારવા આવ્યો, ત્યારે [illegible] વાગ્યા મધરાત-પ્રભુ૦
ભક્તોનાં તમે સંકટ કાપ્યાં ત્યારે [illegible] વિશ્રામ;
નરસિંહના સ્વામીને [illegible] ની સાથ-પ્રભુ૦

પદ ૧૦૯

સામું જુઓ હરિ શામળા [illegible] (ટેક)
[illegible] -સામું૦
[illegible]
[illegible] -સામું૦
[illegible]
[illegible] -સામું૦
[illegible]
[illegible] -સામું૦

આસો માસે આશા ધણી પૂરે અંતરજામી;
ઋદ્ધિ સિદ્ધિ નવ નિધિ લઈ કરી, મળ્યો નરસૈંનો સ્વામી-સામું૦

પદ ૧૧૦

ઈ સૂધ લાવે દીનાનાથની, તેને નવનિધિ આલું ....(ટેક)
ાતીડે વધાવું મારા નાથને, મારા હૃદિયામાં ઘાલું—કોઈ૦
ઉત્તર દિશાથી ઊમાડયો, વરસે ઘોરમઘોર;
ચૌદિશે ચમકે વીજળી, મીઠા બોલે છે મોર. —કોઈ૦
જેની ઋતે બગ પાવસ ઢળે, પંખી ઘાલે છે માળા;
તેણે સમે હરિ સાંભર્યા, મારા રૂદયાના પ્યારા. —કોઈ૦
ગોકળ મથુરાં બે ગામડાં, લખ આવે ને જાવે;
કઠણ હૈયાના કહાનજી, સમાચાર ન કહાવે. —કોઈ૦
પ્રેમાતુર રસ પ્રેમદા, ગોકુળના ગામી;
રિદ્ધિ સિદ્ધિ નવનિધિ લઈ કરી, મળ્યો નરસૈંનો સ્વામી—કોઈ૦

પદ ૧૧૧-રાગ વસંત

ચાલો સખી જોવાને જઇએ, શ્રીગોકુળ આંબો મોર્યો....(ટેક)
નૌતમરૂપ ધયું એણે આંબે,
ત્રિભુવન છાઈ રહ્યો મારો વાલો. —ચાલો સખી૦
યદુકુળ વાસુદેવે વાવ્યો, દેવકીને ઉદરે અવતર્યો;
થાણું દઈ બાવાનંદ ઘેર આવ્યો,
જશોદાએ પાવસ સેવ્યો મારા વાલો. —ચાલો સખી૦
સહસ્ર શાખ લાગી એણે આંબે, મૂળ પાતાળે પરવર્યાં;
શેષ નાગની ફેણે સાંચર્યાં,
[illegible] —ચાલો સખી૦

ધ્રુવ અંબરીષ રાજા રુકમાંગદ, પ્રહ્‌લાદે ઘણો સેવ્યો;
ભણે નરસૈંયો પુન્યાનાં ઈ ફળ,
વૈષ્ણવજનને હૈડે વસ્યો મારો વાલો. —ચાલો સખી૦

પદ ૧૧૨

ભોળી રે ભરવાડણ, હરિને વેચવાને ચાલી રે ..(ટેક)
ગિરિવરધારીને ઉપાડી, મટુકીમાં ઘાલી રે—ભોળી૦
શેરીએ શેરીએ સાદ પાડે, કોઈ ને લેવા મુરારિ રે;
નાથ-અનાથના વેચે ચોટા વચ્ચે,આહિર નારી રે—ભોળી૦
વ્રજનારી પૂછે શું છે માંહી, મધુરી મોરલી વાગી રે;
મટુકી ઉતારીને જોતાં, મૂર્છા સૌને લાગી રે—ભોળી૦
બ્રહ્માદિક ઇંદ્રાદિક સરખા, કૌતુક ઊભા પેખે રે;
ચૌદ લોકમાં ન માય તે, મટુકીમાં દેખે રે—ભોળી૦
ભક્તજનોનાં ભાગ્યે વ્રજમાં, પ્રગટ્યા અંતરજામી રે;
દાસલડાંને લાડ લડાવે, નરસૈંયાનો સ્વામી રે—ભોળી૦

પદ ૧૧૩-દાણલીલા

નહિ આવું હો નંદના [illegible]
તું પૂછે પૂછે [illegible]
તારી છબરડીના [illegible]
નિત્ય લેવા આવે [illegible]
અમને કરીને [illegible]
કેમ રોકે પાદરમાં [illegible]
તું નિર્લજ [illegible]
મન ચાહે તે [illegible]

વ્હાલે ફોડ્યાં મહીનાં માટ, વસ્રો તાણી રે;
લૂંટી વનમાં સહિયર સાથ, રાધા રાણી રે.
જીત્યા જીત્યા જુગદાધાર, ગોપીઓ હારી રે;
મળ્યો નરસૈંયાનો નાથ, બટુક બ્રહ્મચારી રે.

પદ ૧૧૪

ગોકુલ વહેલા પધારજો રે.... (ટેક)
મથુરા જાવ તો મારા સમ હો લાલ—ગોકુલ વહેલા૦
રથ જોડીને અક્રૂર આવિયા રે;
એ તો મને દુઃખડાંના દેનાર હો લાલ—ગોકુલ વહેલા૦
ઓ જાય, ઓ જાય રથ મારા નાથનો રે;
માંહે બેઠા હળધર વીર હો લાલ—ગોકુલ વહેલા૦
આગળ રાધાજી ઊભાં રહ્યાં રે;
મારા હૃદિયા પર રથ ખેડ હો લાલ—ગોકુલ વહેલા૦
મ્હેતા નરસિંહનો સ્વામી શામળો રે;
વ્હાલે મારે રમાડ્યા છે રાસ હો લાલ—ગોકુલ વહેલા૦

પદ ૧૧૫

દિવાળી દિવાળી, આજ મારે દિવાળી દિવાળી; ....(ટેક)
હાં રે ઘરે આવ્યા શ્રીવનમાળી. —આજ૦
ઝળહળ ઝળહળ ઝગે દીવડા, મોતીએ ચોક પુરાવું રે;
માનુની મળી મંગળ ગીત ગાવો, દુંદુભિ વગડાવું—આજ૦
અનાથને કીધાં સનાથ હવે, પ્રભુ વિનતી એટલી કહીએ રે;
નરસૈંયનાા સ્વામી મારું, મુજ મંદિરથી નવ જઈએ—આજ૦

પદ ૨૧૬

ના પડે પૂરું તમ નાથ કૃપા વિના, એક આણું ત્યાં અનેક ખૂટે;
પાપ દ્રષ્ટે કરી, દ્રવ્ય સંચું હરિ, અગ્નિ બાળે કે, નૃપ ચોર લૂટે–ના૦
મનના મનસૂબા મનમાજ રહી જાય છે, સાત સાંધુ તિંયા, તેર તૂટે;
નરસૈંના સ્વામી તમારી કૃપા વિના, રંક મનાવું ત્યાં રાય રૂઠે–ના૦

પદ ૨૧૭–પ્રાર્થના દીનતા

કૃષ્ણ ગોપાલ તુજ ભક્તિ વિણ ભવ વિષે;
ભટકતો મુજને, કોણ રાખે. (ટેક)
અનેક યોનિ ભમ્યો, તાપ ત્રય ના શમ્યો,
ક્ષણ નથી સુખ તુજ શરણ પાખે—કૃષ્ણ ગોપાલ૦
ક્ષીણ પુણ્યે કરી દેહ માનવ ધરી,
દુષ્કૃતોથી હજી ના વિરમ્યો.
લોભ લહેરે ભમ્યો, નીચ જનને નમ્યો,
દેહ દુ:ખમાં રમ્યો વિષય પાખે.—કૃષ્ણ ગોપાલ૦
રતન જનને જડ્યું, [illegible] ન દે [illegible]
[illegible] અચાનકે [illegible]
[illegible] દેહની, [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જનમ ને મરણ, જોબન જરાએ દમ્યો,
આહાર વિહાર, નિદ્રામાં મોહ્યો;
કલ્પનાકોટ ભવમોટપ મટી નહી,
કૃષ્ણકીર્તન વિના કાળ ખોયો—કૃષ્ણ ગોપાલ૦

એક ક્ષણ પણ ન રહે મન મુજ આવર્યું,
પ્રીત ધરી ચિત્ત ભક્તિમાં મ્હાલે;
નરસૈંયા રંકને ડંખ ભોરંગ ડસ્યો,
એ દુઃખ તુજ વિના કોણ ટાળે—કૃષ્ણ ગોપાલ૦

પદ ૧૧૮

હું સદા દીન, તું દયાળ દામોદરા, હે દીનાનાથ, જોને વિચારી;
ચરણને શરણ આવ્યો કૃપાનાથ હું, તું લે સંભાળ ગોપાળ મારી.
—હું સદા દીન, તું દયાળ દામોદરા૦

દેવના દેવ સુણ ભક્તવત્સલ હરિ, વિશ્વપાલક એવું બિરદ તારે;
એમ જાણું, ગમે તેમ કર ત્રિકમા, અવર સ્વામી ન કોઈ શિર મારે.
—હું સદા દીન, તું દયાળ દામોદરા૦

જો મારાં કરમ સામું ભાળે ભૂધરા, પતિતપાવન તારું નામ જાશે;
છોડતાં છૂટતું નથી હવે શ્યામ તું, છોડે તો નિશ્ચે ઉપહાસ થાશે.
—હું સદા દીન, તું દયાળ દામોદરા૦

આવીને દ્રોપદી સામે ઊભો રહ્યો, નામ પોકારીને સ્હાય માગે;
તેમ તુજ નામનો નરસૈંયો જપ કરે, રાખ શરણે તુજ ચરણ આગે.
—હું સદા દીન, તું દયાળ દામોદરા૦

પદ ૧૧૯

શ્રીહરિ, નરહરિ, કૃષ્ણ કૃપા કરી, રાખો લક્ષ્મીવર, ચરણશરણે;
શોકમોહે ગયા, જન્મ સઘળા વૃથા, દુષ્ટ ચિંતા કરી ઉદરભરણે.
—શ્રીહરિ, નરહરિ, કૃષ્ણ કૃપા કરી૦
માત તું, તાત તું, ભ્રાત તું ભૂધરા, તુજ વિના અવર કોને ન અપું;
દાસ હું નાથ તું, એમ સમજી સદા દ્વારમાં બેસી તુજ ગુણ વખાણું.
—શ્રીહરિ, નરહરિ, કૃષ્ણ કૃપા કરી૦
ચરણ દ્યો શ્રીહરિ, દીન જાણી કરી, સર્વદા દાસને ચરણે રાખો;
બેઉ કર જોડીને નરસૈંયો વીનવે, નિત્ય પ્રતિ નિત્ય, કરુણા એ દાખો.
—શ્રીહરિ, નરહરિ, કૃષ્ણ કૃપા કરી૦

પદ ૧૨૦

તાહરી મ્હેરની લ્હેર, એક પલક જે પામું તો,
ત્રિવિધના તાપ તો જાય નાસી (ટેક)
અષ્ટ મહાસિદ્ધિ, નવનિધિ ને મહામની,
દ્વાર ઉભી રહે, થૈને દાસી —તાહરી મ્હેરની૦
પ્રેમથી સમર્યા જે તેને નથી પરવા,
બ્રહ્માનંદ એનો વેદ સાખી;
ઉંચ કે નીચ, કે અધમ નથી અળગા,
શરણે આવ્યા તેને લીધા રાખી—તાહરી મ્હેરની૦
પતિતપાવન કરો નર એવું વદે,
એને [illegible] હિંડું [illegible] નાક;
કરજે કૃપા હરિ, દૃઢ કરુણાનરી,
જે જોઈ મારું ચિત્ત [illegible]—તાહરી મ્હેરની૦

દીનબંધુ, દીનાનાથ દયાળ દે!
નાથ અનાથના જગત સ્વામી;
નરસૈંયો ભક્ત એક જ્વો તેવો ગણી,
સુધ તું સદા લે અંતરયામી. —તાહરી મ્હેરની૦

પદ ૧૨૧

દેવા ભક્તિ આપો મને, ભક્તિ આપો મને,
વિષયના સુખથી મન ઉથાપો.... (ટેક)
કૃષ્ણ કરુણા કરો, કર મારો ગ્રહો,
મોહ માયા તણી જાળ કાપો—દેવા ભક્તિ૦
સુરનર મુનિવર સ્તુતિ નિશદિન કરે,
વેદવાણીથી બ્રહ્મા વખાણે;
ભણે નરસૈંયો તે ધન્ય છે ધન્ય,
જે ભક્તિરસ પૂર્ણ પ્રેમે પ્રમાણે—દેવા ભક્તિ૦

પદ ૧૨૨

દેવ પડી ટેવ તને દીન પ્રતિપાળવા,
સ્હાય કરવા રહે સંત સામો.... (ટેક)
ભક્તની ઝૂંપડી જગત ઊંચી કરી,
ભાજીના ભોજને તું ધરાયો;
ભૂપનું નોતરું ભાવ વિણ પરહર્યું,
પ્રેમવશ થઈ રહેલો જણાયો—દેવ પડી૦
શબરીનાં બોરમાં સ્વાદ ઝાઝો ગણ્યો,
મુનિ તણા વૃંદમાં માન દીધાં;

ભાવ રાખ્યો નહીં એંઠાજૂઠા તણો,
ગોરસ ગોપિકાઓનાં પીધાં. —દેવ પડી૦
વિશ્વપાલક એવું બિરદ પોતે વહે,
એમ સમરથ વદે વેદવાણી;
નરસૈંયા રંકને ત્રખના ભજનની,
આપ અલબેલડા! અધમ જાણી—દેવ પડી૦

પદ ૧૨૩

પ્રેમરસ પા ને તું મોરના પીંછધર
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે (ટેક)
દૂબળા ઢોરનું કુશકે મન ચળે,
ચતુરધા મુક્તિ તેઓ ન માગે—પ્રેમરસ૦
પ્રેમની વાત પરીક્ષિત પ્રીછ્યો નહીં.
શુકજીએ સમજીને રસ ન ચાખ્યો
જ્ઞાનવૈરાગ્ય કરી ગ્રંથ પૂરો કર્યો.
મુક્તિનો માર્ગ એવો દેખાડે —પ્રેમરસ૦
મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને
જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિ રે જે
પ્રેમને જોગ્ય તો વ્રજતણી ગોપિકા
અવર [illegible] તુજ ભક્ત [illegible]—પ્રેમ૦
[illegible] મુક્તિ તો [illegible]
[illegible] ને [illegible];
[illegible]
[illegible]—પ્રેમરસ૦

મેં ગ્રહ્યો હાથ ગોપીનાથ ગરવાતણો,
અવર બીજું હવે કંઈ ન ભાવે;
નરસૈંયો મૂઢમતિ ગાય એમ ગુણ કથી,
જતિ સતીને તો સ્વપ્નેય નાવે—પ્રેમરસ૦

પદ ૧૨૪

અલ્યા ભૂલ મા ભૂલ મા ભક્તિ ભૂધરતણી,
કારમી માયા જોઈ કાં રે હરખ્યો.... (ટેક)
સ્વપ્નની વાતને સાચી માની રહ્યો,
પ્રેમથી કદી હરિને ન નીરખ્યો—અલ્યા૦

શાને આ દેહ ધરી, સમર તું શ્રીહરિ,
આવ્યો સંસારમાં શું રે કરવા ?
માયાની જાળમાં મોહ પામી રહ્યો,
અવનિ પર અવતર્યો ભાર કરવા—અલ્યા૦

લોકની લાજ મરજાદ પરહરિ કરી,
નિર્ભય થઈ હરિગુણ ગા ને;
મનના મનોરથ પૂર્ણ કરશે પ્રભુ,
આખરે પરમપદ પામવાને. —અલ્યા૦

દેહદમનને પટ કર્મથી વેગળો,
સાધનાથી તે આઘે ને આઘે;
નરસૈંયાનો સ્વામી સબળ વશ ભક્તિને,
અવર ઉપાયે ન થાક લાગે. —અલ્યા૦

પદ ૧૨૫

નિર્ધન પુરુષ તે તો નક્કી જાણવા, કૃષ્ણના ગુણ તજી અન્ય ભાખે;
મંત્ર ને જંત્ર ને અવર આરાધના, દુષ્ટની સંગતિ નિત્ય રાખે.
—નિર્ધન પુરુષ૦

પ્રભુતણા ભક્તોના સંગ ઇચ્છે નહીં, કામ ને ક્રોધની વાટે જાયે;
કૃષ્ણકથા થકી રહે અતિ વેગળા, વિષયરસપાનમાં નિત્ય ન્હાયે.
—નિર્ધન પુરુષ૦

કૃષ્ણના નામનો આશરો ના ધરે, તેને તો દોહલાં દુઃખ થાશે;
ભણે નરસૈંયો જે કૃષ્ણગુણ ગાય તો, જન્મોજન્મ તણાં પાપ નાસે.
—નિર્ધન પુરુષ૦

પદ ૧૨૬

ભવના ભવસિંધુમાં અતિશે મહાભય થકી,
[illegible] હરિનામનું નાવ મેલી,
ધાર ધુધવાટ જળવેલની ફેલ પર, જેહના પગનમાં [illegible]
—ભવના ભવસિંધુમાં૦

વિષયતૃષ્ણા પરો મોહ મન ના ધરો, [illegible]
[illegible] ભવભય નાનડે, [illegible]
—[illegible]

[illegible]
[illegible] નિત્યે [illegible]
—[illegible]

[illegible]
[illegible] નરસૈંયો [illegible]
—[illegible]

પદ ૧૨૭

પારકી હુશે મહત્તા કરે પ્રાણિયા, પુણ્ય પાખી સર્વ વાત ખોટી..(ટેક)
કર્પણ ને કોદરા પણ ન વાવ્યા કદી, ક્યાંથી ભોજન જમે દાળરોટી;
કથીરનું પણ કદી દાન દીધું ન તેં, કેમ પ્હેરાય પછી કનકટોટી.
—પારકી હુશે૦

પુણ્યથી રિદ્ધિ છે, પુણ્યથી સિદ્ધિ છે, પુણ્યથી પરમ સુખ પામે કોટી;
ભણે નરસૈંયો તું પુણ્ય કર પ્રાણિયા, પુણ્યથી પામશે પદવી મોટી.
—પારકી હુશે૦

પદ ૧૨૮

શરીર શોધ્યા વિના, સાર નહિ સાંપળે,
પંડિતા પાર નહિ પામો પોથે....(ટેક)
તાંદુલ મેલી *તુષને જ વળગી રહ્યા,
ભૂખ નહિ ભાગે એમ ઠાલે થોથે—શરીર શોધ્યા૦
રસના સ્વાદમાં સર્વે રૂંધાઈ રહ્યા,
વિગતિ ગુરુજ્ઞાન વિના રે ગૂંથે;
વાણીવિલાસમાં વિવિધ વચનો વડે,
પરહરી વસ્ત્ર ને વળગે ચૂંથે—શરીર શોધ્યા૦
શબ્દ શીખે ખરો, સકલ વિદ્યા ભણે,
ઉચ્ચરે જ્ઞાન અધ્યાત્મ ઓઠે;
પ્રપંચ પિંડમાં રહ્યો, અહંકાર નવ ગયો,
આથડ્યો એમ અનંત કોઠે—શરીર શોધ્યા૦

*તુષ=ફોતરાં

શાસ્ત્રકથા કહે, રજનીમાં આથડે,
એમ અજ્ઞાનમાં શીષ ગોડે;
ભણે નરસૈંયો એ ભેદ જાણી જુઓ,
મેં તો રચી કહ્યું પદ ચોથે—શરીર શોધ્યા૦

પદ ૧૨૯

રજ્જાની રાંડનાં રડવડે છોકરાં, કોણ શિક્ષા દઈ ઠેર આણે;
અંધ ગુરુએ વળી નિરંધ ચેલા કર્યા, બ્રહ્મની વાત તે શું રે જાણે.
—રજ્જાની રાંડનાં૦

[illegible] ભૂલ્યા દીસે, આનંદે આથડે, સત્ય વસ્તુ ન સમજે પ્રિયાણે;
[illegible]નના સુખને સાચું માની રહ્યા, પાસે છે દૂર પ્રભુ ને વખાણે.
—રજ્જાની રાંડનાં૦

[illegible] ધરે, ભૂતળ ભમતા ફરે, મન રિઝવ્યા કરે [illegible]
[illegible] સમજે નહીં, વાદ કરે ને વિષયો વખાણે.
—રજ્જાની રાંડનાં૦

[illegible] ના થયા, સદ્ગુરુને પણ સેવી ન [illegible]
[illegible] કરે, ભટક્યા ફરે ને નિજ ના [illegible]
—રજ્જાની રાંડનાં૦

[illegible] નીપજ્યા, બ્રહ્મની વાતનો [illegible]
[illegible], નરસૈંયાનું [illegible]
—રજ્જાની રાંડનાં૦

પદ ૧૩૦

વૈષ્ણવજનને વિરોધ ન કોઈશું, હરિચરણે જેનાં ચિત્ત રહ્યાં...(ટેક)
કાવાદાવા સર્વે કાઢયા, શત્રુ ગણે તેના મિત્ર થયા—વૈષ્ણવ૦
કૃષ્ણઉપાસી જગથી ઉદાસી, ફાંસી જમની કાપી રે;
જ્યાં દેખે ત્યાં ઠામ ન ઠાલો, સઘળે રહ્યો બ્રહ્મ વ્યાપી રે—વૈષ્ણવ૦
કામ ક્રોધ વ્યાપે નહિ કયારેય, તાપ ત્રિવિધ જેના ટળિયા રે;
તે વૈષ્ણવનાં દર્શન કરીએ, જે જ્ઞાનહિમાળે ગળિયા રે—વૈષ્ણવ૦
નિઃસ્પૃહી ને નિર્મળ મતિ જેની, કામિની કનકના ત્યાગી રે;
શ્રીમુખ વચનો સુણતા પ્રભુનાં, તે વૈષ્ણવ બડભાગી રે—વૈષ્ણવ૦
એવા મળે તો ભવદુઃખ ટાળે, જેનાં સુધા સમાન વચન છે જો;
નરસૈંના સ્વામીને નિશદિન વ્હાલા, એવા વૈષ્ણવ જન છે જો-વૈષ્ણવ૦

પદ ૧૩૧

વૈષ્ણવ હોય ત્યાં વહે નિત્ય ગંગા, નિર્મળ હરિગુણ ગાય રે....(ટેક)
કોટિ કોટિ તીરથ ત્યાં આવે, જ્યાં સંતસમાગમ થાય રે—વૈષ્ણવ૦
ગંગાજી એણી પેર બોલ્યાં, હું ત્રણ લોકને તારું રે;
હરિનાં જન તો મુજને તારે, કહે નરસૈંયો હું વારું રે—વૈષ્ણવ૦

પદ ૧૩૨

વાસ નહિ જ્યાં વૈષ્ણવ કેરો, ત્યાં નવ વસિયે વાસડિયાં....(ટેક)
જીભલડી જપમાળ ન જપે તો, શ્વાસ ધમણ કેરી શ્વાસડિયાં.
—વાસ નહિ જ્યાં વૈષ્ણવ કેરો૦
જનમ તેનો નહીં લેખામાહીં, અંતે છે જમ—ફાંસડિયાં;
ભણે નરસૈંયો ભારે મારી, માવલડી દશ માસડિયાં.
—વાસ નહીં જ્યાં વૈષ્ણવ કેરો૦

રાવણ સરખા તો ઝટ ચાલ્યા અંતઃકાળની આંટીમાં;
પલકવારમાં પકડી લીધા, જાણે જમડે ધાંટીમાં. —રામ૦

લખેસરી લાખો લૂંટાણા, કાળે નાખ્યા કૂટીને;
ક્રોડપતિનાં જોર ન ચાલ્યાં, એવા ગયા કંઈ ઊઠીને—રામ૦

એ કહેવાનું સૌને કહીએ, અંતર તાળી લાગી રે;
ભણે નરસૈંયો ભજતાં પ્રભુને ભવની ભાવટ ભાગી રે—રામ૦

પદ ૧૩૬

સાંભળ સૈયર સુરતા ધરીને, આજ મેં એને દીઠો રે....(ટેક)
જે દીઠો તે દીઠા જેવો, અમૃત પે અતિ મીઠો રે—સાં૦

દષ્ટે ન આવે નિગમ જે ગાવે, વાણીરહિત વિચાર્યો રે;
સત્ય અનંત અગોચર કહીએ, નવધાથી પણ ન્યારો રે—સાં૦

નવધામાં તો નથી નિવેડો, દશધામાં દેખાશે રે;
અજર અમર સુખના રસ એવા, પ્રેમીજનને પાશે રે—સાં૦

જ્યાં લગી જેમ છે તેમનો તેમ છે, વધે ઘટે નહિ વ્હાલો રે;
આવે ન જાય, ન જાય ન આવે, નથી ભર્યો નથી ઠાલો રે—સાં૦

અદ્વૈત બ્રહ્મ અનુપમ લીલા, અસંખ્ય જુગનો એવો રે;
જોગ જગન જપથી દુર્લભ, વળી જેવો માને તેવો રે—સાં૦

પરાત્પર પૂર્ણાનંદ પોતે, અપરમ ગત છે એની રે;
એ પદ ક્ષર-અક્ષરની ઉપર ચિત્તમાં જો તું ચેતી રે—સાં૦

હું તું મટશે, દુગ્ધા ટળશે, નિર્ણય થાશે નીરખી રે;
નરસૈંયાનો સ્વામી પામી, હૈડામાં હું [illegible]ી રે—સાં૦

પદ ૧૩૩

પ્રાતઃસમે દિન ઊગ્યા પહેલાં, જો જિહ્વા મુખ રામ કહે....(ટેક)
રામ કહે, મુખે કૃષ્ણ કહે, તો પાપ બિચારું ક્યાંય રહે-પ્રા૦
મેરુથી પણ બહુ મોટાં પાતક, લઈ લક્ષ્મીવર દૂર કરે;
કોટિ યજ્ઞ ફળ ઉદય થાયે, પાપતાપ ક્ષણમાંહી હરે-પ્રા૦
કેસરી ગાજે જેમ મૃગલાં નાસે, રવિ ઊગે ને તિમિર ટળે;
અધમ જળ ગંગામાં મળે તો, ગંગા સરીખું થઈને વહે-પ્રા૦
અજામેલ અપરાધી પાપી, નારાયણના નામે તરે;
પૂરણબ્રહ્મ અવિનાશી જે કહે, લખ ચોરાશીના ફેરા ટળે-પ્રા૦
રામનામનો મહિમા મોટો, શિવ સનકાદિક ધ્યાન ધરે;
જપે નરસૈંયો ભક્તિના ભાવે, પ્રેમથી ભગવત નામ લહે-પ્રા૦

પદ ૧૩૪

શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ, સમરતાં, ઊઠો પ્રભાતે પ્રાણી રે....(ટેક)
શ્રીકૃષ્ણ વિના અન્ય વચન વદે છે, એની મિથ્યા વાણી રે-શ્રી૦
કૃષ્ણ માત ને કૃષ્ણ તાત, શ્રીકૃષ્ણ સહોદર ભાઈ રે;
અંતે જવાનું એકલું, કરો કૃષ્ણની સાથ સગાઈ રે-શ્રી૦
શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ જપે તે, કૃષ્ણ સરીખા થાયે રે;
ભણે નરસૈંયો કૃષ્ણને ભજતાં, [illegible] વૈકુંઠ મળે રે-શ્રી૦

પદ ૧૩૫

રામ કહો શ્રીકૃષ્ણ કહો, તમે [illegible]..(ટેક)
[illegible]

વૈદની ગોળી ખાતાં દુઃખ નવ જાય,
ત્યારે તેની ગોળી કેમ ખઈએ;
લીધા વળાવા ને ચોર જ્યારે લૂંટે,
ત્યારે તેની સોબતે શીદ જઇએ—ઓ ભાઈ રે૦
કલ્પવૃક્ષ સેવીએ ને દારિદ્રય ભિમે,
ત્યારે તેની છાયામાં નવ રહીએ;
રાજાની નોકરીમાં ભૂખ નવ ભાગે,
ત્યારે તેવી વેઠે તે શીદ જઇએ—ઓ ભાઈ રે૦
નામ અમૂલ્ય મારા ગુરુએ બતાવ્યું,
ને તે તો ચોંટ્યું છે મારે હૈયે;
મહેતા નરસૈંયાની વાણી છે સારી;
તો શામળાને શરણે જઇએ—ઓ ભાઈ રે૦

પદ ૧૪૦

જન્મ ધરી શું કીધું રે, મનુષા જન્મ ધરી શું કીધું.... (ટેક)
ક્યાંથી આવ્યો ને ક્યાં તું જાશે, એક કામ ન સીધું રે—જ૦
અમૃતનો રસ ઢળતો મૂકી, વિષ હળાહળ પીધું રે—જ૦
નરસીંનો સ્વામી પતિતપાવન, નામ તેનું નવ લીધું રે—જ૦

પદ ૧૩૭

અનુભવિયા રસ માણે મારી સજની, જે જાણે તે જાણે રે....(ટેક)
એ અનુભવ દેવોને દુર્લભ, સનક સનંદન ભોગી રે;
એ રસ શિવ કૈલાસે માણે, જાણે શુકદેવ જોગી રે—અનુ૦
ચૌદ લોકથી અપાર જે કહીએ, તે આનંદ સુખરાશિ રે;
જ્યાં પરમાનંદ ત્યાં હોય આનંદ, અનંત અચળ અવિનાશી રે-અ૦
એ આનંદરસ જે પીએ તે, પામે પરમ સુખધામ જ રે;
નરસૈંયાનો સ્વામી એવો, આનંદ પૂરણકામ જ રે—અનુ૦

પદ ૧૩૮

હરિનામ વિના નર સૂતકી, એને અડવાનો અધિકાર નહીં... (ટેક)
પ્રભુ તજી અવર ઉપાસે જે, ધિક ધિક તેનો અવતાર સહી-હરિ૦
હરિરસે રાતો રહે ગુણ ગાતો, કરતો ગોવિંદ ગુણગાન રે;
પ્રેમભક્તિરસમગ્ન શ્યામનું નિશદિન ધરતો ધ્યાન રે-હરિ૦
તપ કરે તીરથ કોટિ કરે કોઈ, નહિ આવે તે તોલે રે;
ભણે નરસૈંયો ધન્ય ધન્ય શ્રીરામકૃષ્ણ મુખ બોલે રે-હરિ૦

પદ ૧૩૯

એવા ભાઈ રે શાંતિ પમાડે, તેને તો સંત કહીએ;
એના દાસના દાસ થઈ રહીએ... (ટેક)
વિદ્યાનું [illegible] [illegible] [illegible] [illegible],
ત્યારે [illegible] [illegible] [illegible] [illegible].
[illegible] [illegible] [illegible] [illegible] [illegible],
ત્યારે [illegible] [illegible] [illegible] [illegible]—એવા ભાઈ રે૦

ગર્ભ કાઢી નાખીને છાલ ખવરાવી,
વહાલે તો યે ન જોયું જાગી રે. —વહાલો પ્રેમનો૦
ગણિકા હતી તે પોપટને પઢાવતી, ને તેમાંથી લેહ લાગી;
ભગવાન હતા તે સ્હેજમાં મળ્યા,
એની સંસારની ભ્રમણા ભાગી રે —વહાલો પ્રેમનો૦
ભક્તની લોક નિંદા કરે, ને જગત થયું છે પાજી;
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી,
માથે ગિરધર રહ્યો છે ગાજી રે. —વહાલો પ્રેમનો૦

પદ ૧૪૪

આનંદની હેલી, આજ મારે આનંદની હેલી.... (ટેક)
ધન્ય રે ઘડી ઘેર પ્રભુ પધાર્યા, દુઃખ મેલ્યાં ઠેલી—આજ૦
દ્વારે દ્વારે હું તો તોરણ બંધાવું, પૂજવા જાઉં પ્હેલી—આજ૦
ભલેમળ્યોમ્હેતાનરસૈંયાનોસ્વામી, પ્રીતહતી પ્હેલી—આજ૦

પદ ૧૪૫

મારા હરિજીશું હેત ન દીસે, તેને ઘેર શીદ જઈએ ....(ટેક)
હેત વિના હુંકારો ન દઈએ, હરખે હૈયું ન હીસે રે;
આગળ જઈ વાતો વિસ્તારે, જેની આંખમાં પ્રેમ ન દીસે—મરા૦
નામ તણો વિશ્વાસ ન ધારે, ઊંડું ઊંડું શોધે રે;
જાહ્નવી કેરા તરંગ તજી, કૂપ તટ પર બેસી ખોદે—મારા૦
હરિ, હરિજન પર ભાવ ન રાખે, ભૂરાયો થઈ ભાળે રે;
નરસૈંયા તેનું મુખ ના જોઇએ, ઉલેચી અંધારું ટાળે—મરા૦

નખ વધારી હિરણ્યાકશ્યપ માર્યો,
પ્રહ્‌લાદ લીધો ઉગારી રે. —તમારો ભરોસો૦
પાંડવોની વ્હાલે સહાય જ કીધી,
લાખા ભુવનમાં મેલી બારી રે—તમારો ભરોસો૦
ભલે મળ્યો મ્હેતા નરસૈંયાનો સ્વામી,
નામ ઉપર જાઉં વારી રે. —તમારો ભરોસો૦

પદ ૧૪૨

કોઇનો ભાર ન રાખે મુરારિ, આપે વ્યાજ શીખે ગર્થ વાળી
સુદામાજીના તાંદુલ લીધા, તેના મ્હોલ કનકના રે કીધા—કો૦
દ્રૌપદીજીનું આવ્યું રે ટાણું, ચીર પૂર્યાં ને નાગે નાથ્યું;
પાટો બાંધ્યો તે પીડા જાણી, ચીર પૂર્યાં [illegible] અપાર—કો૦
થોડું ચંદન કુબજાનું લીધું, એને રૂપ અનુપમ [illegible].
ગોવાળિયે [illegible] કીધો, વહાલે કર પગ [illegible] લીધા—કો૦
જેનું લીધું તેનું તેનું દીધું, તેમાં પરમાર્થ [illegible].
ધન્ય ધન્ય નરસિંહ તારી વાણી, એમ બોલ્યા [illegible]—કો૦

પદ ૧૪૩

વહાલો પ્રેમને વશ થયા રાજ રે
બીજાં શું કરે પંડિતને લાજ રે....
[illegible]
[illegible]
[illegible] —[illegible]
[illegible]

શબરીનાં એઠાં બોર જ પ્રારયાં તમે,
પ્રીત દેખી થયા રાજી, રે વ્હાલા. —તું તારો૦
અનેક ભક્તો એમ આગે ઓધાર્યા,
સહાય થયા મુરારિ, રે વ્હાલા;
નરસૈંયાના પ્રભુ સ્વામી શામળિયા,
મોટી છે ઓથ તમારી, રે વ્હાલા. —તું તારો૦

પદ ૧૪૮

પ્રભુ મને તારો પાર ઉતારો; ...(ટેક)
વિકટ વમળ ભવસાગરમાં ભય, ભમતાં ન આવે આરો;
વક્રવદનના મગર પ્રચંડ પૂંઠે, કેડો મૂકે નહિ મારો—પ્રભુ૦
તમ વિણ એક આધાર ન દીસે, આવી નાવર નાવ ઉગારો;
વ્હાલમ વિનંતી છે નરસૈંયા દીનની, પ્રીત કરી ચિત્તે ધારો—પ્રભુ૦

પદ ૧૪૯

હાં હાં રે પાંડવ જૂગટે રમવાને રે બેઠા;
વ્હાલા રે મારા શકુની થઈ પાસામાં પેઠા.
હાં હાં રે પાંડવે ભણી રે ગણી નવ જોયું;
વ્હાલા રે પાંડવે જૂગટે રમીને રાજ ખોયું.
હાં હાં રે પાંડવ હાર્યા છે કણના કોઠાર;
વ્હાલા રે પાંડવ હાર્યા છે ગરથભંડાર.
હાં હાં રે પાંડવ હાર્યા ઘોડાની ઘોડાર;
વ્હાલા રે પાંડવ હાર્યા છે ઘર કેરી નાર.
હાં હાં રે મને ભરી સભામાં રોતી આણી;
વ્હાલા રે પટ ખેંચ્યાં દુઃશાસને તાણી.

પદ ૧૪૬

વૈકુંઠ ઢૂકડું રે મારા હરિજન હૃદે હજૂર.... (ટેક)
દુરિજનિયાને દૂર દીસે છે, પ્રેમીજનને ઉર—વૈકુંઠ૦
કામ ક્રોધ મદ લોભ નિવારી, કાઢે પાપનું મૂળ;
પુણ્યપંથે પગ ધરે, દૂર કરી માયા મમતા શૂળ—વૈકુંઠ૦
રટે જિહ્વાએ નામ રામનું, ભૂખ્યાને દે અન્ન;
પરનારી માતા પેખે, પથ્થર લેખે પરધન—વૈકુંઠ૦
પીડે નહિ કદી પર આત્માને, મારે નિજનું મન;
ભણે નરસૈંયો પ્રિય કરી માને, હરિ એવા હરિજન—વૈકુંઠ૦

પદ ૧૪૭

તું તારા બિરદ સામું જોજે શામળિયા;
ના જોઈશ કરણી અમારી, રે વ્હાલા . (ટેક)
ભક્ત પ્રહ્લાદ કારણ સ્થંભમાં વસિયા,
પ્રગટ્યા દેવ મુરારિ રે વ્હાલા;
અખંડ જ્વાળા વ્યાપી લાક્ષાગૃહે,
પાંડવ લીધા ઉગારી, રે વ્હાલા. —તું તારા૦
ચીર પૂર્યાં આવી દુષ્ટોની સભા વચ્ચે,
લાજ પાંચાળીની રાખી, રે વ્હાલા;
[illegible] દેવી [illegible],
[illegible] સુદામાની [illegible], રે વ્હાલા. —તું તારા૦
[illegible]
[illegible], રે વ્હાલા;

પદ ૧૫૦—રાગ પ્રભાત

તણે દ્વાર હરિ વિપ્ર વામન હુવા,
વેદની ધૂન ગઈ ગગન ગાજી....   (ટેક)
ઈંદ્રપ્રસ્થથી બળિ આવ્યો ઉતાવળો,
જ રે જોઈએ તે દ્વિજ શ્યાને માગી—બળિ તણે૦

ક પગુંડી તણું દાન જાચવા કરે,
બોલવું તે મારે મૂળ સાચું;
વિપ્ર કરે ઘણા લોભના વાયદા,
દાન લેવા ઘણો હું ન રાચું. —બળિ તણે૦

શ્યોને દ્વિજજી તમે નીપજ્યાં મંદિરો,
ભૂમિનું દાન શું માગો કરમાં;
આપું ભંડાર બહુ કૂંચીઓ સહિત વળી,
હસ્તી ને રથ રૂડા રાખો ઘરમાં. —બળિ તણે૦

હસ્તી ભંડારને હું લઈ શું કરું,
લોભિયાની નથી જાત મારી;
આગે વિધાતાએ વામન નિરમિયો,
વ્રતે રહેવું મારે બ્રહ્મચારી —બળિ તણે૦

ચેતજે તું બળિ, શુક્ર કહે છળ થયો,
વિષ્ણુ આ છે બટુકવેશ ધારી;
અશ્વ જગન સમે દાન અવનિ તણું,
પાત્ર એવું મળે ક્યાં મુરારિ. —બળિ તણે૦

હરિતણા ચરણ ઉપર નીર નાખતાં,
નાળમાં ભૃગુસુત પેઠો ચાલી;

હાં હાં રે કડિયારો કડિયારીને પાળે;
વ્હાલા રે રંક તો પણ રળીને ખવરાવે.
હાં હાં રે સર્વે નારીને એક જ પતિ;
વ્હાલા રે મને પાંચે ભરથારે વિપત્તિ.
હાં હાં રે પાંચ પતિમાં ન કોઈએ પ્રમાણી;
વ્હાલા રે મને ભરી સભામાં રોતી આણી.
હાં હાં રે દ્રૌપદીનાં ધ્રૂજ્યાં છે તન;
વ્હાલા રે મારી વારે આવજો ભગવંત.
હાં હાં રે દૂર પંથ છે દ્વારામતી;
વ્હાલા રે વહારે ચડજો શ્રીવૈકુંઠપતિ.
હાં હાં રે ગોવિંદ ગરુડને ગઈ છે જાણ;
વ્હાલા રે સહાય કરવા ઊઠ્યા ભગવાન.
હાં હાં રે ગરુડ જાવું છે હસ્તિનાપુર;
વ્હાલા રે વેગે ચાલોને પંથ ઘણો દૂર.
હાં હાં રે ગોવિંદ ગરુડે ચઢીને રે આવ્યા;
વ્હાલા રે સાથે નવસેં નવાણું ચીર લાવ્યા.
વ્હાલા રે એની તમને પડ્યાં છે રે દુઃખ;
હાં હાં રે તે જોઈ [illegible] છે અમને [illegible]
હાં હાં રે એક એક ચીરને રે [illegible]
હાં હાં રે [illegible] તે આપ્યાં [illegible]
હાં હાં રે જેની નારી [illegible] નથી એવી;
હાં હાં રે તેને [illegible]
હાં હાં રે એવી નરસિંહ કહે [illegible]
[illegible]

પદ ૧૫૨

જેણે રે શ્રીરામ ચરણરસ ચાખ્યો,
તેણે તે સંસારીડા તુચ્છ કરી નાખ્યો.... ....(ટેક)
જે રસ શુક સનકાદિકે પીધો,
જે રસ પ્રેમથી પ્રહ્‌લાદે લીધો. —જેણે રે૦
જે રસ ધ્રુવ વિદુરજી ચાખ્યો,
જે રસ અંબરીષે રુદિયામાં રાખ્યો. —જેણે રે૦
જે રસ શંકરે શિરે ચઢાવ્યો,
જે રસ નારદે વીણામાં ગાયો. —જેણે રે૦
જે રસ જાણે કોઈ કોઈ જોગી,
તે રસનો છે નિત્ય નરસૈંયો ભોગી. —જેણે રે૦

પદ ૧૫૩

મોહન મોરલી વાગી રે (૨)
મોહનવરની મોહક મોરલી વાગી. ....(ટેક)
સૂતી'તી શાંત બનીને, નિદ્રામાં નાદ સુણીને,
રજનીએ ઝબકી જાગી જાગી રે—મોહનવરની૦
સૂનાં ઘરબાર છોડી, મોરલી સાંભળવા દોડી,
લગની વ્હાલાની લાગી લાગી રે—મોહનવરની૦
આધારે ચાલી સ્વરને, ભેટી હું ભુધરવરને,
આ ભવની ભાવટ ભાંગી ભાંગી રે—મોહનવરની૦
નરસૈંનો સ્વામી મળિયા, મનના મનોરથ ફળિયા,
થઈ છું હવે હું સદ્દભાગી રે—મોહનવરની૦

રીસ હૃદયે ધરીને ઘણું રાયજી,
નેત્રમાં દર્ભની શેર ઘાલી. —બળિ તણે૦
બાપડો બળિ પછી પગતળે ચાંપિયો,
સ્થિર પાતાળમાં સ્થાપ્યો તેને;
ભણે નરસૈંયો હરિ ભક્ત આધીન છે,
દીધો ત્યાં અચળ અધિકાર એને. —બળિ તણે૦

પદ ૧૫૨

જેણે રે ગોવિંદરામ તમને વિસાર્યા રે,
તમને વિસાર્યા તે તો ભવોભવ હાર્યા રે.... (ટેક)
તમને વિસારીને કોઈએ ન સુખ લીધાં રે,
અમૃત ઢોળી ઝેર હળાહળ પીધાં રે—જેણે રે૦
જેણે રે ગોવિંદરામ, તમને ન ગાયા રે,
એ તો નર અંતે પછી પૂરણ પસ્તાયા રે—જેણે રે૦
તમને વિસારીને લાગ્યા જે બીજા કામે રે,
એ તો જન બેઠા હરી ઠરીને ન ઠામે રે—જેણે રે૦
જેણે રે ગોવિંદરામ તમને ન ભજ્યા રે,
એ તો નરે આમાં સુખ સ્વપ્ને ન માણ્યાં રે—જેણે રે૦
તમને વિસારીને, માયામાં પ્રાણી મોહ્યા રે,
એવા નરદેહ ખોઈ, અજ્ઞાની રોયા રે—જેણે રે૦
જે નરે ગોવિંદરામ, તમને તો [illegible] રે,
એ તો [illegible] માંહી [illegible] રે—જેણે રે૦
તમને વિસારીને [illegible] રે,
ભણે નરસૈંયો [illegible] ન [illegible] રે—જેણે રે૦

પદ ૧૫૬

નરસિંહ મહેતા બાઈને કહે છેઃ-

મન માન્યું મારું મોહનશું, વશ કરી લીધો શાને રે....(ટેક)
બોલ્યું ન ગમે બીજાનું હવે, કામણ કીધાં કહાને રે—મન૦
મૃગ સધન વનનાં વીંધાયે, મોરલીનાદ સુણી કાને રે
તેમ વીંધાઈ રહ્યું મન મારું, ગોવિંદજીના ગાને રે—મન૦
જે જે રાગ જેને હોય વ્હાલો, તે રીઝે તે તાને રે;
નરસૈંયો રસભર મન રીઝે, હરિરસ અમૃતપાને રે—મન૦

પદ ૧૫૭

સંતો અમે વહેવારિયા શ્રીરામનામના ....(ટેક)
વેપારી આવે છે બધા ગામગામના રે—સંતો૦
અમારું વસાણું સંતો, સૌ કોઈને ભાવે;
અઢારે વરણ જેને હોરવાને આવે—સંતો૦
અમારું વસાણું સંતો, ખુટાડ્યું ન ખૂટે;
કાળ દુકાળે ઓછું થાય ન, લૂંટવું હોય તે લૂંટે-સંતો૦
લાખ કરોડે લેખાં નહીં ને પાર વિનાની પૂંજી;
હોરવું હોય તો હોરી લેજો, કસ્તૂરી છે સોંઘી—સંતો૦
આવરો ને ખાતાવહીમાં, લક્ષ્મીવરનું નામ;
ચિઠ્ઠીમાં ચતુર્ભુજ લખિયા, નરસૈંયાનું કામ-સંતો૦

પદ ૧૫૮

નરસિંહ મહેતા પોતાની સાધુમંડળી પ્રત્યેઃ-

રામકૃષ્ણ રામકૃષ્ણ બોલો રે બાવા, ...(ટેક)
દુર્લભ આ નરતન જન્મના લ્યો લ્હાવા—રામ૦

પદ ૧૫૪

રામસભામાં અમે રમવાને ગ્યાંતાં (૨)
પસલી ભરીને રસ પીધો, હરિનો રસ પૂરણ પાયો.(ટેક)
પહેલો પિયાલો મારા સદ્ગુરુએ પાયો (૨)
બીજે પિયાલે રંગની રેલી. —હરિનો રસ૦
ત્રીજે પ્યાલો મારાં રોમે રોમે વ્યાપ્યો (૨)
ચોથે પિયાલે થઈ છું ઘેલી. —હરિનો રસ૦
રસબસ એક રૂપ થઈ રસિયા સાથે (૨)
વાત ન સૂઝે બીજી વારે. —હરિનો રસ૦
મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે (૨)
તે મારા મંદિરિયામાં મહાલે. —હરિનો રસ૦
અખંડ હેવાતણ મારા, સદ્ગુરુએ દીધાં (૨)
અખંડ સૌભાગી અમને કીધાં. —હરિનો રસ૦
ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી (૨)
દાસી પરમ સુખ પામી. —હરિનો રસ૦

પદ ૧૫૫

[illegible]

મને હરિનું [illegible] લાગી રે [illegible] ... (ટેક)
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પદ ૧૬૦

માંડલિકના દરબારમાં સંન્યાસીઓ કહે છેઃ—

મનની રાખો રે મ્હેતા, માળા મનની રાખો રે....(ટેક)
કાષ્ઠ વિષે છે ભાર, તે કંઠથી કાઢી નાખોને—મ્હેતા૦
આત્મવિચાર વિણ અર્થ સરે નહિ, દુર્લભ મળતા રામ।
નરસૈંયા કરો જ્ઞાન ગ્રહણ, અહીં કૂદવાનું નથી કામ—મ્હેતા૦

પદ ૧૬૧

સંન્યાસીઓને નરસિંહ મહેતાનો જવાબઃ—

જીવને સાટે રે, માળા મારા જીવને સાટે રે....(ટેક)
શું મૂકું મૃત્યુભય માટે, માળા મારા જીવને સાટે રે—જીવને૦
ઉગ્ર તપે હું માળા પામ્યો, તે કેમ મૂકી જાય।
જો નરસૈંયો માળા મૂકે તો, ત્રણ લોક પ્રલય થાય—જીવને૦
નવસેં નવાણું નદી અવળી ચાલે, સાતે સમુંદર રહિ।
મેરુ ચળે રવિ પશ્ચિમ ઊગે, પણ નરસૈંયો માળા ન મૂકે—જીવને૦
તમે જોગી સર્વે વૈષ્ણવ થાઓ, મુજ પેઠે તાલ વગાડો।
ભણે નરસૈંયો યોગ ધરીને, શીદને જનમ વણસાડો—જીવને૦

પદ ૧૬૨

મૂકને લીધા વાદ ભૂંડા, મૂકને લીધા વાદ....(ટેક)
બહુ કીધા બકવાદ ભૂંડા, મૂકને લીધા વાદ—મૂકને૦
નૃત્ય કરી કરી ચરણ જ થાક્યા, તાલ વગાડી હાથ।
ગાઈ ગાઇને ઘાંટા બેઠા, ક્યાં છે ગોકુલનાથ—મૂકને૦
ખોટે પાયે ભીંત ચઢે ના જૂઠું સાચ ન હોય।
નાચે કૂદે હરિ મળે તો, શાસ્ત્ર ભણે ના કોય—મૂકને૦

પૂરણ પુન્યે દેહ પામ્યા મનુષ્યની,
દૂર કરો દિલમાંથી દુનિયાના દાવા—રામ૦
કર આપ્યા સેવા કરવા શ્રીહરિએ,
ચરણ આપ્યા પુણ્ય તીરથમાં ન્હાવા—રામ૦
નેત્ર આપ્યાં છે નીરખવા સંતવૃંદને,
જીભ આપી છે ગોવિંદગુણ ગાવા—રામ૦
કાન આપ્યા કથા-કીર્તન સાંભળવા,
મુખ છે પ્રભુ તણી પ્રસાદી ખાવા. —રામ૦
નરસૈંયાનો સ્વામી નાથ દયાળુ,
ફરી ફરી અવસર મળશે નહિ આવા—રામ૦

પદ ૧૫૯

નરસિંહ મહેતા નાગરી નાતને કહે છેઃ—

એવા રે અમે એવા રે, તમે કહો છો, વળી તેવા રે (ટેક)
ભક્તિ કરતાં ભ્રષ્ટ કહેશો તો, કરશું દામોદરની સેવા રે—એવા૦
જેનું મન જે સાથે બંધાણું, પહેલું હતું ઘર રાતું રે;
હવે થયું છે હરિરસ માતું, ઘેર ઘેર હીંડે છે ગાતું રે—એવા૦
સઘળા લોકમાં હું એક ભૂંડો, ભૂંડાથી વળી ભૂંડો રે;
તમારે મન માને તે કહેજો, નેહ લાગ્યો મને ઊંડો રે—એવા૦
કર્મધર્મની વાત છે જેટલી, તે મુજને નવ ભાવે રે;
સઘળા પદારથ જે થકી પામ્યા, મુજ પ્રભુ તે તોલે ન આવે રે—એવા૦
હળવા કર્મનો હું નરસૈંયો, મુજને તો વૈષ્ણવ વહાલા રે,
હરિજનથી જે અંતર ગણશે, તેના ફોગટ ફેરા ઠાલા રે—એવા૦

દીનબંધુ હે દયાળ દામોદરા,
આવ્યો અવસર હવે લે ઉગારી.
આજ તું ભક્તની લાજ લક્ષ્મીવર,
રાખ કરુણાકર બિરદ ધારી;
તારે તો સેવક કોટી છે શામળા,
મારે તો એક જ આશ તારી.
માન અપમાન હવે નથી રહ્યું જરી,
ભૂપતિ બોળવ્યો કામ કીજે;
રાખીએ નાથ અનાથને દુઃખ થકી,
આશ અનંત તુજ નામ લીજે.
નાથ તું અનાથનો સાખ શાસ્ત્રો પૂરે,
વાત વિસ્તારમાં વાર લાગે;
કૃત્ય કીધાં રખે આજ સંભારતો,
હું મતિમંદ અજ્ઞાન આગે.
રાયને માન વાધ્યું દિશે અતિ ઘણું,
તે તમે ચિત્ત ધરો નાથ મારા;
ભણે નરસૈંયો ભૂતળ વિષે અવતરી,
હું તો હરનિશ ગુણ ગાઉં તારા.

પદ ૧૬૫

નરસિંહ મહેતાની કેદમાં પ્રાર્થનાઃ–

પ્રીત કરી પારકે હાથ શું ભાળવે, લાજ નાવે પ્રભુ કેમ તુજને;
કોટી અબજ અપરાધ ક્ષમા કરી, મ્હેર કરી રાખ તુજ પાસ મુજને.
વ્હાર કરી દાસનાં દુઃખડાં કાપવા, દોડીને ધાવ છે એક શ્વાસે;
આજ અલબેલા કાં અરજ સુણતા નથી, છૂટકો થાશે છબીલા શું નાસે

ખૂણાળી પાઘડી બાંધે, પહેરે ઝીણા જામા પટકા;
સ્નેહ તારો અમે જોયો સઘળો, કરતો લટકા મટકા—મૂકને૦
માળા તિલક પાખંડ કરી, વણસાડ્યું આખું ગામ;
મૌન ગ્રહી હવે ખૂણે બેસી, અંતરમાં રટ રામ—મૂકને૦
જન્મનો જોગી કુટુંબવિરોધી, ખોઈ બેઠો ધણિયાણી;
નરસૈંયા તજ દંભ તું, નિર્ગુણ નાગ રાક્યો નથી જાણી—મૂકને૦

પદ ૧૬૩

તે કેમ મૂક્યો જાય, જગવા તે કેમ મૂક્યો જાય....(ટેક)
જેને શુક સનકાદિક ગાય, જગવા તે કેમ મૂક્યો જાય-તે કેમ૦
નાચ્યા બ્રહ્મા, નાચ્યા નારદ, નાચ્યા નિગમ ચાર;
ચાસ તારી લઈ બાંધી મૂકને, નાચ્યા શિવ ત્રિપુરાર-તે કેમ૦
મુનિવ્રત ગ્રહી મૂંગો રહું શાને, પ્રગટ હરિગુણ ગાઈ;
ચોરીનો શું માલ છે, જે એમ ખૂણે બેસી ખાઈ-તે કેમ૦
કોઈ ઉપાસે નિર્ગુણ બ્રહ્મને, કોઈ સગુણગુણ ગાય;
જેને જેવો ભાસે તેને, તેવો હૃદયે સમાય. —તે કેમ૦
[illegible] કંથા ગોદડી, [illegible] શૃંગી ફૂંક;
[illegible] ની વાત ન જાણે, મિથ્યા [illegible] મૂક. —તે કેમ૦
[illegible];
[illegible] નામને નિત્ય, [illegible] —તે કેમ૦

પદ ૧૬૪—[illegible]

[illegible]
[illegible]
[illegible]

ઉરકતો સૌ સુણી, કાવ્ય જે જે ભણી,
મતિ સૌ સૌ તણી જોડી ગાયું;
નરસૈંયા અનાથને સનાથ નાથે કર્યો;
સાહ્યો મુજ હાથ દુઃખ સૌ ખોવાયું.

પદ ૬૬૯—નરસિંહ મહેતાની હૂંડી

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે, શામળા ગિરધારી;
મારી હૂંડી શામળિયાને હાથ રે, શામળા ગિરધારી.
રાણાજીએ રઢ કરી, વળી મીરાં કેરે કાજ;
ઝેરના પ્યાલા મોકલ્યા રે, વહાલો ઝેરના જારણહાર રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦
સ્થંભ થકી પ્રભુ પ્રગટિયા, વળી ધરિયાં નરસિંહ રૂપ;
પ્રહ્‌લાદને ઉગારિયો રે, વહાલે માર્યો હરણાકંસ ભૂપ રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦
ગજને વહાલે ઉગારિયો, વળી સુદામાની ભાંગી ભૂખ;
દોહલી વેળાના મારા વાલમા રે, તમે ભક્તોને ઘણાં આપ્યાં સુખ રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦
પાંડવની પ્રતિજ્ઞા પાળી, વળી દ્રૌપદીનાં પૂર્યાં ચીર;
નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારજો રે, તમે સુભદ્રાબાઇના વીર રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦
ચાર જણા તીરથવાસી ને વળી રૂપિયા છે સો સાત;
વહેલા પધારજો દ્વારિકા રે, એને ગોમતી ન્હાયાની ઘણી ખાંત રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦

દાસની લાજ તો આખરે નાથને, પ્રીતમ મુજથી શું પ્રીત તોડી;
પ્રાણ જશે તોય નહિ ભજું અવરને, હઠીલા કહું છું હું બે હાથ જોડી.
અનેક ભક્તો ભજે જેવા તેવા તેમાં, એક અધિક હું દાસ તારો;
નરસૈંના સ્વામી શું કહું વધુ તુજને, શરણે પડ્યો ઝાલ હાથ મારો.

પદ ૧૬૬

હું વાણોતર તારો, શામળિયા, હું વાણોતર તારો....(ટેક)
આ કળિજુગમાં પેઢી તમારી, ન રહે કાંઈ ઉધારો–હું૦
નરસૈંયાના સ્વામીને કહેજો, હૂંડી મારી સ્વીકારો–હું૦

પદ ૧૬૭

મ્હેતાજી અમે માધવજીના, મહિને આપે આગળથી;
રામ કૃષ્ણ ગોવિંદ ગુણ ગાઇએ, કર્મ કપાએ કાગળથી.
હળીએ મળીએ પડીએ પડીએ, છેલ છબીલા છોગળથી;
નરસૈંયાનો સ્વામી સમરથ, ભવભય ભાગે મોગળથી.

પદ ૧૬૮

દાસ દરિયાવ છે, ભક્તિમાં ભાવ છે;
રામને રામ એ વંદું હું સો;
[illegible] નથી, [illegible] અનુમતી નથી,
[illegible] નથી નથી શું કહું બહુ!
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પદ ૧૭૦

ભજનનો વેપાર, હરિ તારા નામનો આધાર;
બેડલો પ્રભુ ઉતારે ભવપાર, કર મન ભજનનો વેપારજી....(ટેક)
પ્રથમ સમરું ગણપતિ, સરસ્વતીને લાગું પાયજી;
દેવના ગુરુ દેવને સમરું (૨) જ્ઞાની જ્ઞાન બતાય-કર મન૦
હાડ જલે જેમ લાકડાં, અને બાલ જલે જેમ ઘાસજી;
કંચનવરણી કાયા જલશે (૨) કોઈ ન આવે પાસ-કર મન૦
શેરી લગણ તો સુંદરી, ઝાંપા લગણ માબાપજી;
તીરથ સુધી બંધવો ભાઈ (૨) ખોરીને બાળે હાડ-કર મન૦
માતા તારી જનમ રોશે, બેની બારે માસજી;
તેર દિવસ તારી ત્રિયા રોશે (૨) જાશે ઘરની બહાર-કર મન૦
જ્યાં સરોવર નીર ભરિયાં, પ્રથમ ન બાંધી પાળજી;
નીર સઘળાં વહી જાશે (૨) પાછળથી પસ્તાય-કર મન૦
મારું મારું મિથ્યા જાણો, જૂઠો જગ વહેવારજી;
નરસૈંયાના નાથને ભજી લે (૨) ઉતારે ભવપાર-કર મન૦

પદ ૧૭૧

શું રે કરું શામળા, લજ્યા મોરી રાખો રે;
પૂર્વની પ્રીત બંધાણીરે જી. ....(ટેક)
રતનબાઇનાં વહાલે રૂપ ધરીને (૨)
પાયાં મહેતાજીને પાણી રે જી. —શું રે કરું૦
શામળશાની જ્યારે સગાઈ કરાવી ત્યારે,
માંડવે કોઈ નવ આવ્યા રે જી;
જાનૈયા થઈને વહેલા આવો જગજીવન (૨)
લાજ મહેતાજીની રાખો રે જી. —શું રે કરું૦

રહેવાને નથી ઝુંપડું, વળી જમવા નથી જુવાર;
બેટા બેટી વળાવિયાં રે, મેં તો વળાવી ઘર કેરી નાર રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦

ગરથ મારું ગોપીચંદન, વળી તુલસી હેમનો હાર;
સાચું નાણું મારે શામળો રે, મારે દોલતમાં ઝાંઝ પખાજ રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦

તીરથવાસી સૌ ચાલિયા, વળી આગ્રા નગરની માંહે;
આ શહેરમાં એવું કોણ છે રે, જેનું શામળશા શેઠ એવું નામ રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦

નથી બ્રાહ્મણ, નથી વાણિયો, નથી ચારણ નથી ભાટ;
લોક કરે છે ઠેકડી રે, નથી શામળશા શેઠ એવું નામ રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦

તીરથવાસી સૌ ચાલિયા, વળી આગ્રા નગરની બહાર;
[illegible] વણિકનો રે, મારું શામળશા શેઠ એવું નામ રે;
શામળા ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦

[illegible] બજારમાં, વળી આપું પૂરા દામ;
[illegible] રે, મારું શામળશા શેઠ એવું નામ રે;
[illegible] ગિરધારી—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦

[illegible] શામળે, [illegible] કીધાં કામ;
[illegible] રે, [illegible] મહેતાનાં કામ રે;
[illegible]—મારી હૂંડી સ્વીકારો મહારાજ રે૦

ભક્તવત્સલ અકલકલ પ્રભુ, સકલ જન સુખકંદ;
લલિત છબિ મદગલિત અતુલિત, મદન મન મદભંગ-નિશિ૦
પરમપદ તત્ર વદન નિરીછન, કટત કલિમલ ફંદ;
પ્રણત જન તન મન જતન કર, તપત નસવત દ્વંદ્વ-નિશિ૦
કર્મ જ્ઞાન વિવિધ ઉપાસન, સકલ ફલ રઘુનંદ;
નાથ ચરણ કૃપાવલંબિત, રહત બની નરસિંહ-નિશિ૦

પદ ૨

જાગ રે મન જાગ, મુકુલિત જાગ રે મન જાગ....(ટેક)
લક્ષ ચોરાશી જનમમાં, નથી આવો લાગ રે—જાગ૦
મોહ મમત પ્રમાદ આળસ,સ્નેહ સુખ હર ત્યાગ રે—જાગ૦
પાસ પારસ છે છતાં પણ, ભીખ શાને માગ રે—જાગ૦
છોડ સંગ પ્રસંગ સંગત, થઈ અશક્ત જ ભાગ રે—જાગ૦
વિષયને વિષરૂપ સમજી, સાધ શુદ્ધ વૈરાગ રે—જાગ૦
વૈર કર સઘળાંયથી, નિત જાણ જગને આગ રે—જાગ૦
નાથ ચરણ શરણ ગ્રહણ કર, ટાળ ભવનો ડાઘ રે—જાગ૦
ધાર મન અમનસ્ક પદવી,તેજ દ્વેષ ને વળી રાગ રે—જાગ૦

પદ ૩–રાગ ગઝલ ભૈરવી

અફસોસ હૈ હમ કહાં ચલે, જાનાં હમેં કહાં પર રહી....(ટેક)
જાતે ચલે જાને બિના, કહાંસે ચલા આયા બહી—અફસોસ૦
જાનેકી રાહ જાની નહીં, ક્યા આર હૈ ક્યા પાર હૈ;
કિસ કામસેં હમ ચલ પરે, ડેરા કહાં હોનાર હૈ—અફસોસ૦
તોપા નહીં કુછ પાસ હૈ, ના કોઈ સંગ સાથ;
ક્યા ઢંગસેં ઊઠ ચલ દિયા, કી રંગ હૈ સો ના રહે—અફસોસ૦

વડી રે વેવાણે જ્યારે નરસિંહ વગોવ્યો ત્યારે,
ન્યાતમાં નમેરા કહેવાણા રે જી;
ચઈતર સુદિને બારસ સુધી (૨)
ગિરધરે મેહુલા વરસાવ્યા રે જી; —શું રે કરું૦
કુંવરબાઈનાં જ્યારે મામેરાં પૂર્યાં ત્યારે,
હોથીડા થઈને વહેલા આવો રે જી;
નાગરી ન્યાતની સભા મળી છે (૨)
રેશમની ગાંસડી છોડાવો રે જી. —શું રે કરું૦
રાજા રે કૂડા એની પ્રજા રે કૂડીને,
કુડિયા દોશલા કહેવાણા રે જી;
હાથ કર જોડી મહેતા નરસિંહ બોલ્યા (૨)
હાર દેવાનો હરિ આપો રે જી. —શું રે કરું૦

૭૫-न र सिं ह

પદ ૧-રાગ ધનાશ્રી

રટ તું દશરથનંદ, નિશદિન રટ તું... (ટેક)
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પદ ૬

સાધો ! પરમારથ સહુ સાધો .... (ટેક)
પરમારથ સાધેલ મનુષ્ય, નહિ જગ કાળનો ખાધો. —સાધો૦
અંતર મેલ સાફ કર નિશદિન, ઉપરથી તન મા ધો. —સાધો૦
ધૂમ્રઆચક્ર જેવું જગત આ, કાં તેને જઈ બાધો. —સાધો૦
મૃગજલથી નહિ પ્યાસ છીપે, નિત ઈશચરણ આરાધો. —સાધો૦
તત્તવિચાર કરો તનમનથી, ભૂમિકાઓ પર વાધો. —સાધો૦
જે નરસિંહ સમાન થયો, તેને સન્મારગ લાધો. —સાધો૦

પદ ૭—રાગ લાવણી

પણ અમનસ્ક થયા વિણ જગમાં, શક્ત ઠાણ ભવજલ તરવા....(ટેક)
શબ્દશાસ્ત્ર કે ન્યાય ભણો, બહુ બુદ્ધિને કર્કશ કરવા—પણ૦
તર્કવિતર્ક ભણી અતિશય ને દર્પ ઘણા માંડો કરવા—પણ૦
કરી ભોંયરાં વસો ભોંયમાં, ત્યાં બેસો નિત સ્વર ભરવા;
ધ્યાન ધરી સિદ્ધ કરો સમાધિ, ભલે મથો જપ તપ કરવા—પણ૦
ભલે મૂત્ર મળ ભક્ષ કરીને, મથો અમર તનને કરવા;
કરી ભોગ યુવતી ભગમાંથી, ઊર્ધ્વરેત માંડો ભરવા. —પણ૦
વિવિધ જોગ મુદ્રાઓ સાધી, ખાઈ ધાતુ રહો નરવા;
નદી તળાવો પ્હાડ દેવળો, તીર્થ તીર્થ માંડો ફરવા. —પણ૦
મંત્ર તંત્ર કે યંત્રકળાથી, યત્ન દૂર સઘળા કરવા;
થઈ નરસિંહ સમાન મથો સૌ, વિવિધ માર્ગ મત આદરવા—પણ૦

હીં નિંદમેં, યા જાગમેં, ક્યા ઠંડમેં ક્યા આગમેં;
કુછ ખ્યાલમેં આતા નહીં, હમ પાર હૈ યા ખ્વાર હૈ—અફસોસ૦

પદ ૪–રાગ ગઝલ

હમસેં જો મિલા ચાહે તો દિલ સાફ કર જરા....(૨૬)
જો દોસ્ત હૈ તેરે સોહી, દુશ્મન હમારે હૈ;
દિલકે યહી દુશ્મનકોં, લગા આગ દે જરા—હમસેં૦
યહ કૂડ કપટ કામકે પર્દોકોં ઉઠા દે;
ગર્દોકોં તેરે મનસેં, હટા સાફ કર જરા—હમસેં૦
વૈરાગકી ઝાડુકોં, કોઈ હાથ ઉઠા લે;
હટાયકે નિકાલ મોહ-જાલકોં જરા—હમસેં૦
હૈ ઈશ્ક જો મિલનેકોં, જિગરસેં હમારે સાથ;
નરસિંહ કોઈ કેહી તોડ દિલ ફિરે જરા—હમરે૦

પદ ૫

તો પરો એ પુરૂ વિરાગી, જો બિન ચાહ નહિં ના ... (૨૬)
ધ્યાન વચન સેમ વિરાગ તન્યા પ્રભુ, તા એ ચેન નહિં ના—તો૦
ચારીનિ દુઃખદંદ નહારી, જો [illegible]—તો૦
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પદ ૩

જૂઠી દેખી પ્રીત જગતમેં, જૂઠી દેખી પ્રીત. ....(ટેક)
મેરા મેરા સબહીં કરત હય, હેતસેં બાંધત ચિત્ત. –જૂઠી૦
અપને સુખકો સબ જગ રોવે, કયા દારા કયા મિત. –જૂઠી૦
અંતકાલ કોઈ સંગ ન ચાલે, હૈ અચરજ યહ રીત. –જૂઠી૦
મન મૂરખ જી અજહુ ન સમજત, દુઃખ દેહારે નીત. –જૂઠી૦
નાનક ભજવલ પાર પડો જવ, ગાઓ હરિકે ગીત. –જૂઠી૦

પદ ૪

સબ મતલબકે યાર, જગતમેં સબ મતલબકે યાર. ....(ટેક)
માત પિતા ભ્રાતા સુત ભગિની, અરુ નિજ ઘરકી નાર–સબ૦
સ્વજન કુટુંબી મિત્ર પ્રાણપ્રિય, દાસદાસીપરિવાર;
રાજા પ્રજા ગરીબ તવંગર, પંડિત ઓર ગમાર–સબ૦
જોગી-ભોગી અરુ બૈરાગી, ચોર અરુ શાહુકાર;
પતિવ્રતા અરુ કુલટા નારી, વરણાશ્રમ શુભ ચાર–સબ૦
પશુ પંખી જલ જંતુ કીટ મૃગ, જીવ યોનિ અપાર;
સ્વાર્થ બિન કોઉ પાસ ન આવે, કરે ન કછુ ઉપકાર–સબ૦
નિઃસ્વાર્થ કોઈ હરિકે પ્યારે, જિનકો હૃદય ઉદાર;
પરમારથ પ્રિય સદા તાકું, નાનક તીન પર બલિહાર–સબ૦

પદ ૫

કેહી વિધ તોહી સમજાના, રે મન, કેહી બિધ તોહી સમજાના (ટેક)
શાસ્ત્ર કહત [illegible] તિ કહત નિત્ય, ધર્મ કહત પુરાના;
ચારો વેદ [illegible] તા પદ કયું બિસરાના–રે મન૦

७६—ना न क

पद १–राग प्रेमकलानी लावणी

खबर नही आ जुगमें पलकी, खबर नहीं आ जुगमें पलकी;
[illegible] ने, [illegible] अने कलकी. ...(टेक)
[illegible]
[illegible] जीजली आ चमकी—खबर०
[illegible]
[illegible]—खबर०
[illegible]
[illegible]—खबर०
[illegible]
[illegible]—खबर०
[illegible]
[illegible]—खबर०

પદ ૩

જૂઠી દેખી પ્રીત જગતમેં, જૂઠી દેખી પ્રીત. ....(ટેક)
મેરા મેરા સબહીં કરત હય, હેતસેં બાંધત ચિત્ત. –જૂઠી૦
અપને સુખકો સબ જગ રોવે, કયા દારા કયા મિત. –જૂઠી૦
અંતકાલ કોઈ સંગ ન ચાલે, હૈ અચરજ યહ રીત. –જૂઠી૦
મન મૂરખ જી અજહુ ન સમજત, દુઃખ દેહારે નીત. –જૂઠી૦
નાનક ભજવલ પાર પડો જવ, ગાઓ હરિકે ગીત. –જૂઠી૦

પદ ૪

સબ મતલબકે યાર, જગતમેં સબ મતલબકે યાર. ....(ટેક)
માત પિતા ભ્રાતા સુત ભગિની, અરુ નિજ ઘરકી નાર–સબ૦
સ્વજન કુટુંબી મિત્ર પ્રાણપ્રિય, દાસદાસીપરિવાર;
રાજા પ્રજા ગરીબ તવંગર, પંડિત ઓર ગમાર–સબ૦
જોગી-ભોગી અરુ બૈરાગી, ચોર અરુ શાહુકાર;
પતિવૃતા અરુ કુલટા નારી, વરણાશ્રમ શુભ ચાર–સબ૦
પશુ પંખી જલ જંતુ કીટ મૃગ, જીવ યોનિ અપાર;
સ્વાર્થ બિન કોઉ પાસ ન આવે, કરે ન કછુ ઉપકાર–સબ૦
નિઃસ્વાર્થ કોઈ હરિકે પ્યારે, જિનકો હૃદય ઉદાર;
પરમારથ પ્રિય સદા તાકું, નાનક તીન પર બલિહાર–સબ૦

પદ ૫

કેહી વિધ તોહી સમજાના, રે મન,કેહી બિધ તોહી સમજાના (ટેક)
શાસ્ત્ર કહત નિત્ય, સ્મૃતિ કહત નિત્ય, ધર્મ કહત પુરાના;
ચારો વેદ પુકારે જાકું, તા પદ કયું બિસરાના–રે મન૦

નામ રૂપ દરય નાશવંત હે, યામેં સાર કયા જાના;
સચ્ચિદાનંદમેં ઠરીએ નિત, મિથ્યા ભાસ તજી નાના—રે મન૦
રાગ દ્વેષ નિંદા અરુ સ્તુતિ, માન ઓર અપમાના;
ઇન સબકો જો સમ કર જાનો, જબ તુમ તત્ત્વ પિછાના—રે મન૦
વેદવાક્ય ગુરુવાક્ય વચનમે, અનુભવ આપ મિલાના;
સહજ સમાધિ લાગી નાનક,મિટ ગયા આના-જાના—રે મન૦

પદ ૬

મનકા માનહિ ત્યાગો, સાધુ, મનકા માનહિ ત્યાગો ...(ટે)
કામ ક્રોધ સંગત દુર્જનકી, તાતે અહનિસ ભાગો—સાધુ૦
સુખ દુઃખ દોનોં સમ કરી જાને, માન ઓર અપમાના;
હર્ષ શોક સે રહે અતીતા, તીન જગ તત્ત્વ પિછાના—સાધુ૦
નિંદા સ્તુતિ ત્યાગો, ખોજે પદમ [illegible] નિરબાના,
જન નાનક યે ખેલ કઠિન હૈ, કિનહું ગુરુમુખ જાના—સાધુ૦

પદ ૭

બિસર ગઈ સબ તાત પરાઈ .... (ટે)
[illegible] —બિસર ગઈ૦
[illegible]
[illegible] —બિસર ગઈ૦
[illegible]
[illegible] —બિસર ગઈ૦
[illegible]
[illegible] —બિસર ગઈ૦

પદ ૮

રે મન રામ સો કર પ્રીત. .... (ટેક)
શ્રવણુ ગોવિંદ ગાન સુનો, અરુ ગાવ રસના ગીત–રે મન૦
કર સાધુસંગત સુમર હરિ, હોય પતિત પુનિત–રે મન૦
કાલવ્યાલ જ્યોં ગ્રસ્યો ડોલે, સુખ પસારે નીત–રે મન૦
કહે નાનક કછુ ચેત પ્રાણી, જાત અવસર બીત–રે મન૦

પદ ૯

દાન કરો ગરીબ સે બાબા, ગગરૂરી મેં ધોખા હે. ....(ટેક)
તું કહેગા મેં દાતા હઉં, પણ માલ કહાંસે લાયા હે–દાન કરો૦
તુંમકું હમકું સબ દુનિયાકું, પાલનહારા જુદા હે;
નહિ માને તો ખુશી હે તેરી, હમકું ભી કયા પરવા હે–દાન કરો૦

પદ ૧૦

સાધુ ગોવિંદ કે ગુણ ગાવો. .... (ટેક)
માનુષ જન્મ મિલ્યો અતિ દુર્લભ, વૃથા કાહે ગુમાવો–સાધુ૦
પતિત પુનિત દીનબંધુ હરિ, તાહિ શરણ ક્યું ન આવો–સાધુ૦
ગજકી ત્રાસ મિટી જેહિ સુમરત, કાહે તુમ બિસરાવો–સાધુ૦
તજી અભિમાન મોહ માયા પુનિ, રામભજન ઉર લાવો–સાધુ૦
નાનક પથ મુક્તિકો એહી, ગુરુમુખ હો સુખ પાવો–સાધુ૦

પદ ૧૧

હરિ કો નામ સદા સુખદાઈ. .... (ટેક)
જાકું સમરી અજામેલ ઊધર્યો, ગુણકા શુભ ગતિ પાઈ–હરિ૦
પંચાલીકુ રાજસભામે, વિપત હરિ સુધ આઈ–હરિ૦

જેહિ નર યશ કૃપાનિધિ ગાયો, તાકુ ભયે સહાઈ-હરિ૦
દુઃખ હરે ભક્તકો કરુણામય, અપની પેજ બજાઈ-હરિ૦
કહે નાનક મેં એહિ ભરોસે, આય પડ્યો શરણાઈ-હરિ૦

પદ ૧૨

દુઃખ હર્તા હરિનામ પિછાનો. .... (ટે)
અજામેલ ગુણિકા જેહિ સુમરત, મુક્ત ભયે જિય જાનો-દુઃખ૦
ગજકી ત્રાસ મિટી એક છીનમેં, જબહી નામ બખાનો-દુઃખ૦
નારદવચન સુણી ધ્રુવ બાલક, ભજનમાંહી લપટાનો-દુઃખ૦
અચલ અમર નિર્ભય પદ પાયો, જગત સકલહી જાનો-દુઃખ૦
નાનક નામ રટે જે પ્રાણી, તાહી નિકટ હરિ માનો-દુઃખ૦

પદ ૧૩

હરિ કે નામ વિના દુઃખ પાવે. .... (ટે)
ભક્તિ વિના સંશય નહિ છૂટે, સંત એ ભેદ બતાવે-હરિકે૦
કહા ભયો તીરથ વ્રત કીનો, જો પ્રભુ શરણ ન આવે-હરિકે૦
યોગ યજ્ઞ નિષ્ફલ [illegible] તાકો, જો પ્રભુનામ ન ગાવે-હરિકે૦
માનમોહ એ પરહરિ પ્રાણી, ગોવિંદકા ગુન ગાવે-હરિકે૦
કહે નાનક યહ વિધિ કોઈ જાને, જીવનમુક્ત કહાવે-હરિકે૦

પદ ૧૪

સાધુ, એહિ તન મિથ્યા જાનો. . . . . (ટે)
યા ભીતર મેં રામ બસત હૈ, તાકું [illegible]-સાધુ૦
[illegible] સંપતિ સપને કી, દેખ કહા [illegible] -સાધુ૦
સંગ તિહારે કછુ ન ચાલે, તાહે કહા લપટાનો -સાધુ૦

સ્તુતિ નિંદા દોઉ પરહરી મન, ભજન સદા ઉર આનો–સાધુ૦
જન નાનક સબહિં મેં પૂરણ, એક પુરુષ ભગવાનો–સાધુ૦

પદ ૧૫

ચેત અચેત તું પાપસે ડર રે. .... (ટેક)
દીનદયાળ સકલ ભયભંજન, તેહી ચરણ શરણ ગ્રહી પડ રે–ચેત૦
વેદ પુરાણ શાસ્ત્રગુણ ગાવે, તાંકો નામ હિયમેં ધર રે–ચેત૦
પાવનનામ જગતમેં હરિકા,સુમર સુમર સંતાપકું હર રે–ચેત૦
માનુષ દેહ બહૂર નહિ પાવે, કછુ ઉપાય મુક્તિકા કર રે–ચેત૦
નાનક યશ કરુણામયકો ગા, ભવસાગરસે પાર ઊતર રે–ચેત૦

પદ ૧૬

હરિસે લાગ રહો મેરે ભાઈ. .... (ટેક)
દુનિયા દોલત માલ ખજાના, ચલત ચલત ચલ જાઈ;
જીવ જાવે ફિર નજર ન આવે, ખોજ ખબર નહિ પાઈ–હરિસે૦
ધ્રુવ પ્રહ્‌લાદ રૈન દિન ધ્યાવત, સજ્જન જાત કસાઈ;
એસો ભજન કરો ઘટ ભીતર, છોડ કપટ ચતુરાઈ–હરિસે૦
સાધુસંગત કરો ગુરુકી સેવા, ભાવભક્તિ ઉર લાઈ;
નાનક નામ રટો મેરે પ્યારે, તબ મીલે રઘુરાઈ–હરિસે૦

પદ ૧૭

અબ મૈં કોન ઉપાય કરું. .... (ટેક)
જેહ બિધ મન કો સંશય છૂટે, ભવનિધિ પાર પરું–અબ૦
જન્મ પાય કછુ ભલો ન કીનો, તા તે અધિક [illegible] અબ૦
વચન, કર્મ, [illegible] નહીં ગાયો, એહિ શે [illegible]

ગુરુમુખ સુન કછુ જ્ઞાન ન ઊપજ્યો, પશુ જ્યું ઉદર ભરં-અબ૦
કહે નાનક પ્રભુ બિરદ પિછાનો, તબ હોં પતિત તરં-અબ૦

પદ ૧૮

કાહે નર અપનો જન્મ ગમાવે .... (રા)
માયા મોહ વિષય રસ રાચ્યો, રામ શરણ નહી આવે-કાહે૦
યહ સંસાર સકલ હૈ સુપનો, દેખત કયા લોભાવે. -કાહે૦
જો ઊપજે સો સકલ વિનાશે, રહના નહિ કોઈ પાવે. -કાહે૦
મિથ્યા તન સાચો કર માન્યો, ચેહિ બિધ આપ બંધાવે-કાહે૦
જન નાનક સોઈ જગ મુક્તા, રામભજન ચિત લાવે-કાહે૦

પદ ૧૯

પ્રભુ મિલનેકી પ્રીત મન લાગી (રા)
પાય લાગું મૈં કરૂં બિનતિ, કોઈ મન મિલે બડભાગી-પ્રભુ૦
મન અરૂં, [illegible] [illegible], [illegible] [illegible]-પ્રભુ૦
એ પ્રભુકી મોહે કથન સુનાવે, ફિર તીન પીછે અનુરાગી-પ્રભુ૦
એ [illegible] મોહે [illegible] દિખાવે, [illegible]-પ્રભુ૦
[illegible] નાનક, [illegible]-પ્રભુ૦

[illegible]

તુંહી પિતા રામ, તુંહી માતા હૈ;
તુંહી હિતકર્તા, ભ્રાતા તુંહી તુંહી હૈ—રસના જપંતી૦
તુંહી પરિવારા, તુંહી આધારા;
પ્રાણ દાતારા, એકા તુંહી તુંહી હૈ—રસના જપંતી૦
તુંહી ખજાના, તુંહી જરીના;
તુંહી માણેક લાલ તુંહી તુંહી હૈ—રસના જપંતી૦
તુંહી તારક રામ, તુંહી ઉદ્ધારક;
ભજે નાનક એકા તુંહી તુંહી હૈ—રસના જપંતી૦

પદ ૨૧–ભૈરવી, તાલ ત્રિવટ

પ્રભુકે નામ બિના દુઃખ પાવે, ભક્તિ બિના સંશા નવ છૂટે;
ગુરુ યહ ભેદ બતાવે, પ્રભુકે નામ .... (ટેક)
કા ભયો તીરથ વ્રત કિયે, પ્રભુ શરણ નહિ આવે;
જોગ જુક્ત નિર્ફલ તોહી જાનો, જો પ્રભુજશ બિસરાવે–પ્રભુકે૦
માન મોહ દોતુંકે ઉપર, હરિ–ગોવિંદ ગુન ગાવે;
કહે નાનક યહ બિધિકો પ્રાની, જીવન્મુક્ત કહાવે–પ્રભુકે૦

પદ ૨૨–રાગ બિહાગ, તાલ ત્રિવટ

તુ મેરે પ્રાણઆધાર, પ્રભુજી તું મેરે .... (ટેક)
નમસ્કાર દંડવત્ વંદના, અનેક વાર જાઉં વાર—પ્રભુજી૦
ઊઠત બૈઠત સોવત જાગત, યે મન તુજહિ ચિતાર;
સુખ દુઃખ મનકી સબહી બર્થા, તુજહી આજ્ઞા સાર—પ્રભુજી૦
તું મેરે ઓટ બલ બુદ્ધિ તુમહી, તું મેરે પરવાર;
જો તુમ [illegible]

પદ ૨૩—રાગ ખમાચ, તાલ ત્રિવટ

સુમરન કર લે મેરે મના, તું સુમરન કર લે;
બિતી જાત ઉમર પ્રભુનામ બિના, તુ સુમરન .... (ટે)
પંછી પંખ બિના, હસ્તિ દંત બિના, નારી પુરુષ બિના;
વેશ્યાપુત્ર પિતા બિન હીના, તૈસે પ્રાની પ્રભુનામ બિના-તું૦
દેહ નયન બિના, રૈન ચંદ્ર બિના, ધરતી મેઘ બિના;
જૈસે પંડિત વેદ હીના, તૈસે પ્રાની પ્રભુનામ બિના-તું૦
કૂપ નીર બિના, ધેનુ ખીર બિના, મંદિર દીપ બિના;
જૈસે તરુવર ફલ બિના, તૈસે પ્રાની પ્રભુનામ બિના-તું૦
કામ ક્રોધ મદ લોભ નિહારો, છાંડો કોપ અબ સંતજના;
કહે નાનકશા સુન ભગવંતા, જો જગમેં કોઈ અપના-તું૦

૭૭—નામદેવ

પદ ૧

સુમર સુમર મન શ્રીભગવાન (૨)
ભેખ લેકી જો ઘર ઘર આવે,
કોટિ યજ્ઞ કોઈ કરે કરાવે;
કોટિ તીર્થમેં કરે સ્નાન,
તઉ ન હોય એક નામ સમાન (૨)
અનેક [illegible] મનમેં [illegible],
[illegible] ન ભાવે;
[illegible]
[illegible] નામ સમાન (૨)

કાયા પલટ કરી બહુ જીવે,
રસનાસે રસ કછુ ન પીવે;
નિશદિન પઢે વદ શાસ્ત્રપુરાણ,
તોહિ ન હોય એક નામ સમાન. (૨)
પંચાગ્નિ સેવે તપ કરે,
સિદ્ધ વચન સે વસ્તુ તરે;
ગગનમંડલમે લાવે ધ્યાન,
તોહિ ન હોય એક નામ સમાન. (૨)
કાશીમેં જાય કરવત ખાવે,
મરે તનુ હિમાળે ગાળે;
તુલા બેઠ દેવેજો દાન,
તોહિ ન હોય એક નામ સમાન. (૨)
જા પર ગુરુજી કીરપા કરે,
પ્રેમ ભક્તિ હિરદેમેં ધરે;
કલિજુગમેં હય યે પરમાણ,
નામદેવકો ઈતનો જ્ઞાન-સુમર સુમર.

૭૮-નામો

પદ ૧

રાજા રામ અવતર્યા, એ વહાલે મારે,
પાણી ઉપર પાળ બાંધી એ, તે આ, તે આ, તે આ;
અમે તમે આરાધીએ જ, તેં આ-તે આ, તેઆ, તે આ (ટેક)
રાજા રાવણને રણમાં રોળ્યો;
[illegible] તે આ, તે આ, તે આ, તે આ

નરસી મહેતાને વહાલે નાણાવટી કીધો;
હુંડી શીકારી હાર આલીઓ એ, તે આ-તે આ, (૨)-અમે૦
નાગરી ન્યાતમાં, લજ્જા રાખી;
કુંવર બાઈનું મામેરું પૂરિયું એ, તે આ-તે આ, (૨)-અમે૦
દ્રૌપદીની વહાલે લજ્જા રાખી;
ચાગડે ચાગડે ચીર પૂરિયા એ, તે આ-તે આ, (૨)-અમે૦
કપટી કૌરવને ઝાંખા કીધા;
પાંડવોને ઉજળા કરિયા એ, તે આ-તે આ, (૨)-અમે૦
વૃંદાવનમાં ગોધેન ચારી;
વ્રજનારી સંગ રમિયા એ, તે આ-તે આ, (૨)-અમે૦
ગોકુળથી વહાલા મથુરાંમાં પધાર્યા,
મામા કંસને મારિયો એ, તે આ-તે આ, (૨)-અમે૦
ચેતનદાસ કેમ નગી ચેતનો;
સાત દિવસ જપ્યું મું એ, તે આ-તે આ, (૨)-અમે૦
નામાનો આ રહ્યાની શામળિયો;
સાંભળ સાચા, કહું છું એ, તે આ-તે આ, (૨)-અમે૦
ધ્યાન કરીને, તુજને સમજાવું;
મારે પાવન નાની [illegible] એ, તે આ-તે આ, (૨)-અમે૦

૭૧-નારાયણ

પદ ૧

[illegible]
[illegible]

રાવણ રામ વાળી બલ ધારી, વિક્રમ ભોજ ભરથરી ભારી;
યાજ્ઞવલ્ક્ય શંકર તપ ધારી, ગુરુ વશિષ્ઠ ઔર દ્રોણાચારી.
હિરણ્યકશિપુ કંસ બળીસે, તજ ગયે માયા હય—પ્રાણી૰
દશરથ ઔર કરણ મહા દાની, બલિરાજા ઔર ભૃગુસે જ્ઞાની;
કૌરવ કુળને તજી જિંદગાની, ગયે છોડ રહ ગઈ વહ કહાની.
વિશ્વામિત્ર, વ્યાસ મુનિ, નારદ, વિષ્ણુ હરાયા હય—પ્રાણી૰
અર્જુન ભીમ યુદ્ધિષ્ઠિર સબ રે, દુર્યોધન સહદેવ નકુલ રે;
દુર્વાસા શુક સગર જનક રે, કર ગયે નામ છોડ ગયે ભવ રે.
જાદવ વંશ કૃષ્ણ બલદેવા, સ્વર્ગ સિધાયા હય—પ્રાણી૰
અફ્લાતુન ઔર રૂસ્તમ ખ્હાં, અકબર આલમગીર સેરજ્હાં;
ગયે હુમાયુ બાબર હુકમા, કર ગઈ મૌન લુંકમા કી લુકમા.
દારા ઔર સિકંદર મર ગયે, પતા ન પાયા હય—પ્રાણી૰
જોગી જતિ સિદ્ધ ઔર સાધક, દંડી સંન્યાસી વ્રતપાલક;
રાગી ઔર સમાજી બક બક, લાયક ઔર મરે નાલાયક.
કહે નારાયણ બીના ભજન કયું, જન્મ ગુમાયા હય—પ્રાણી૰

પદ ૨

મોરલો મૃત્યું લોકમાં આયોજી;
મોર તું આવું સ્વરૂપ કયાંથી લાવ્યો રે .... (ટેક)
લીલો ને પીળો મોરલો અજબ રંગીલો રે, વૈરાગ્યથકી રૂપ લાવ્યો;
પાંચ બળદિયાનું ગાડલું જોડ્યું, આપો આપ ચલાયો રે—મો૦
નાભિકમળથી ઊડ્યો હવે મોરલો, ને બેઠો શીતળ વડછાંય;

ઈંગલા ને પિંગલા તારી વાટ જુવે છે, મારો નાથ હજુ કેમ નાગ્યો;
કાં તો શામળિયો વ્હાલો રીસે ભરાણો, કાં ઘરધંધામાં ઘાગ્યો રે—મો૦
કાચી કાયાનો નથી રે ભરુસો ભાઈ, નથી રે પથ્થર માગે પાગ્યો;
ઉગમને ચરણે ભણે નારણ બાવો, ધન્ય એની જનેતાનો જાયો રે.

પદ ૩

દેહ તો દેરારૂપી રે, જુવોને મન નિશ્ચે કરી;
બિરાજે માંહી રામ રે, નિરખોને નયણાં ભરી....(ટેક)
હિરદે આસન હરિને પધરાવું, સેજનું સિંહાસન;
શીલરૂપ જલ સ્નાન કરાવું, નિજરૂપ લઈ ચંદન;
અક્ષત કર લઈને રે, હરિને શિર તિલક કરી—દેહ તો૦
પ્રીત પત્ર હરિનેજ ચડાવો, ધરો સ્નેહ શણગાર,
પ્રેમ પુષ્પના હાર હરિને, કંઠે ધરાવો મોરાર;
પ્રેમ તુલસી માળા લઈને રે, હરિને કંઠે ધરી—દેહ તો૦
જ્ઞાનદીપ તું કરી મંદિરે, અજ્ઞાન અંધારું કાઢ,
ધ્યાનરૂપી કર ધૂપ હરિને, ભોજન ભાવ જમાડ;
[illegible] લીધો રે, તુલસી તો માંહી ધરી—દેહ તો૦
[illegible] હરિને [illegible], [illegible];
[illegible] હરિને [illegible], [illegible];
[illegible] રે, [illegible] ભરી—દેહ તો૦
[illegible]
[illegible]
[illegible] રે, [illegible] કરી—દેહ તો૦

શ્વાસોશ્વાસરૂપી માળા રે ભાઈ, ફેરવો આઠે જામ;
દાસ નારાયણ ગુરુ પ્રતાપે, રીઝશે સુંદરશ્યામ;
સેના જે કોઈ કરશે રે, તેને તો હરિએ કૃપા કરી—દેહ તો૦

૮૦—નારાયણ ભક્ત

પદ ૧—કાફી

પંડિત પુરાની રે, કુરાની તમે ક્યાં જુવો;
ભણીને શું ભાળ્યું રે, અજ્ઞાની અથડી મૂઓ.... (ટેક)
પોથી વાંચી પરને દેખાડે, કરે ઉદરનો ઉપાય,
કહેણી કહે ને રહેણી ન રાખે, તેણે અર્થ શો થાય !
સામા શું દોડો છો રે, પૂછે તમે ધારી જુઓ—પંડિત૦
ગુરુ થઈને જ્ઞાન બતાવે, ફોકટ ફુંકાવે જ્ઞાન,
શિષ્ય પાસે સેવા કરાવે, તોય ન આવે સાન;
પ્રેમ પુરુષ જાણી રે, કાયર જેમ લાજ જુવો—પંડિત૦
ટોપી પે'રીને તિલક કર્યાં રે, બેરખા રાખે બે જોડ,
ધોતી ધૂએ ને પોતી પખાળે, ખોટા થઈ કહે ખોડ;
માયાને અંધારે રે, અલ્યા તું તો અથડી મૂઓ—પંડિત૦
તિલક તાલ પાખંડ કરે છે, આતમ ચિન્યા વિના ફોક;
મોતી પ્રતાપે નારણ કહે છે, પાખંડ કરે સૌ લોક,
બ્રહ્મ નવ જાણે રે, જ્ઞાની આપ શોધી જુઓ—પંડિત૦

૮૧–નિ ર્મ ળ

પદ ૨

સાધુ તો તેને કહિયે રે, જેને ઇચ્છા નહિ જરીએ.... (ટેક)
અક્ષઇચ્છા માયા રે, તેને તે બ્રહ્મ કેમ કહીએ
ઇચ્છા કરી સોહિ માયા હૈ, બિન ઇચ્છા હોય,
જ્યું પ્રતિબંબ પડા પાનીમેં, યું હરી ઘટમાંય;
અક્ષર અક્ષર બોલે રે, કે માયાસેં બ્રહ્મ મિલે—સાધુ તો૦
હું બ્રહ્મા કરી બ્રહ્મા ભૂલ્યા, બ્રહ્મ દેખા ન કોઈ,
જબ સુરતા ગઈ નાભિકમલ પર, ઉતરી ગઈ તે સોઈ
છત્રીસ જુગ વહી ગયા રે, અંતે કુછ મિલા નહીં—સાધુ તો૦
વ્યાકુળ ભયે ખબર નહિ તનકી, આપહિ હિયે ભૂલાય,
સાધુ પુરખોં શબ્દ ભયો હૈ, ચાર વેદ મુખમાંય;
નામને લયો રે, બુદ્ધિ સબ બાહિર ગઈ—સાધુ તો૦
સતયુગ દ્વાપર ત્રેતા કલિયુગ, ચારો યુગ ભરપૂર,
ના કોઈ ગયા, ના કોઈ આયા, ખલિત નહિ નૂર;
[illegible] રે, નિર્મળ [illegible]—સાધુ તો૦

૮૨–નિ ર્ભ ય

પદ ૧

[illegible] (ટેક)
[illegible]
[illegible]

ાથે મોહિં યહ વર દીજે, તેરાહી ગુણ ગાઉં
ા હી નિર્ભય સુખ હોવે, અંત પરમપદ પાઉં—ગોવિંદ૦

પદ ૨—રાગ પ્રભાત

તો એક દીનાનાથ આસરો તિહારો. .... (ટેક)
ીસર જમીન નાહીં, વસ્ત્રમેં કાપીન નાહીં,
ા હું કંગાળ, નાહીં કોડીકા સહારો. —મેરે તો૦
ત માત ભગિની ભ્રાત, દારા સુત નહિ સાથ,
લ મેં હું અનાથ, કોઇ ના હમારો. —મેરે તો૦
ાકર રતિગતિ નાહીં, વિદ્યાયુક્ત મતિ નાહિં,
નહાર પ્રબલ યોંહીં, હોત હૈ ગુજારો. —મેરે તો૦
ર્મ કર્મ બનત નાહીં, ભક્તિભાવ સાધ નાહિં,
નેશ્ચય કછુ પરત નાહિં, રોગ શોગ ભારો. —મેરે તો૦
અક્ષરકા જ્ઞાન હોય, અર્થનકા ભાન હોય,
નિર્ભય નિર્બાણ હોય, ભેદબુદ્ધિ ટારો. —મેરે તો૦

પદ ૩

સાંઇ તન ઢૂંઢા નાહીં, કાયકા ફકીર. .... (ટેક)
જટા જૂટ કરિ તિલક લગાવે, ભસ્મી રમાવે હૈ શરીર
વાંચે વેદ ભાગવત ગીતા, મૂંડ મૂંડાયે રંગે ચીર—સાંઈ તન૦
પઢે નિમાજ ઓર રોજા રાખે, હો મુરીદ ચાહે પીર;
નિર્ભયરામ સાંચી માનો, કહ ગયે યોંહિ કબીર—સાંઇ૦

પદ ૪

કરો રે મન, વા દિનકી તદબીર. .... (ટેક)

ભૂષણ બસન ગયે ઘરબારા, યહીં રહે સબ ઠાઠ ગંવારા;
ખાલી લાદ ચલે બનઝારા, નેક પરે નહીં પીર—કરો રે૦

સુત બનિતાદિ સકલ પરિવારા, કિસકા તું ઓર કૌન તિહારા;
જા દિન બિછરત હંસ બિચારા, નૈનન ભર લાવે નીર—કરો રે૦

ઇંદ્રિન ગ્રામ સ્થૂલ હો જાવે, વાર વાર જિયા ઘબરાવે;
કોઇ નહિ જો પ્રાણ બચાવે, જબ હો મૃતક શરીર—કરો રે૦

નિર્ભયરામ ભૂલ મત જાના, મોહજાલ ગોન હે દાના;
યામે આ કર જન ફસાના, યમપુર જાત આખિર—કરો રે૦

પદ ૫

ગોવિંદ ન ગાયા તુંને, ગાયા ક્યા રે બાવરે... .... (ટેક)

ભોગીને ઝુલાના રહે, ફીરે હે સયાના અરે;
રામરસ ન ખાયા તુંને, ખાયા ક્યા રે બાવરે—ગોવિંદ૦

માયાને ઝુલાના ફિરે, [illegible]
નિર્ભય પદ ન પાયા તુંને, પાયા ક્યા રે બાવરે—ગોવિંદ૦

પદ ૬

[illegible]

બાજત બીન મૃદંગ મુરલિયાં, શંખ ઝાંઝ ડફ ભારી;
મતિકો હીન સુનત કછુ નાહીં; હોત શબ્દ પૂન પ્યારી;
સુરત નહિ જાત સવારી. —હોરી ખેલ૦
નાચત નાચત ભાવ બતલાવત, ગાવત તાન દે તારી;
અંતર છબિ નિરખે નહિ મૂરખ, ચેતનતત્ત્વ વિચારી;
ફૂલી અદ્દભુત ફૂલવારી. —હોરી ખેલ૦
વિષય ભોગહી સેવત સેવત, નિર્મળ બુદ્ધિ બિસારી;
નામ અમિરસ ચાખત નાહીં, દેત નઈ નિત ગારી;
કઠિન નિર્ભય સંસારી. —હોરી ખેલ૦

પદ ૭

મો સમ કૌન અધમ અજ્ઞાની .... (ટેક)
હમ હમકે બસ પ્રભુ નહિ હેરો, ભયો દેહ અભિમાની—મો૦
સેવત વિષય જોગ વિષ લાગત, ઊલટી ફાંસ ફસાની;
ધન ધન કરત ઉમર સબ બીતી, તૃષ્ણા નાહીં અઘાની—મો૦
આપેકી કછુ સૂધી નહિ રાખી, તક તક આસ બિરાની;
નિર્ભયરામ યા પચરંગ ચાદર, દિન દિન હોત પુરાની—મો૦

પદ ૮—રાગ કાફી

મોહે નીકો લાગે, બાજે અનહદ તૂર. .... (ટેક)
સોહં સોહં સોહં સોહં, ધુન ચહું દિશ રહી પૂર. —મોહે૦
અન્તરિક્ષ પાતાલ સ્વર્ગમેં, શબ્દ રહ્યો ભરપૂર. —મોહે૦
રૈન દિન અંતર ઔર બહાર, નેરે સન્મુખ દૂર. —મોહે૦
નિર્ભયરામ યહી ધ્વનિ ગહલો, દર્શે નૂરહી નૂર. —મોહે૦

૮૩–નિષ્કુલાનંદ

પદ ૧–રાગ કાફી

જાવું જરૂર મરી મેલીને સરવે, જાવું જરૂર મરી. .... (ટે)
રાત દિવસ રહ્યો ધન કાજે, સમર્યા નહિ પ્રીએ હરિ–જાવું૰
મેડી મંદિર માલ ખજાના, સંપત રહેશે પરી. –જાવું૰
સગાં સંબંધી સૌ જોઈ રહેશે, કેનું ન ચાલે જરી. –જાવું૰
નિષ્કુલાનંદ કહે જોને વિચારી, રહે નહીં દેહ ધરી. –જાવું૰

પદ ૨

મનમાં વિચારી જરી, જોયું નહીં મનમાં વિચારી જરી. (ટે)
સાધુ જનની વાત ન માની, પાપીની સોબત કરી–જોયું૰
નારાયણનું નામ ન લીધું, મનુષ્ય દેહ ધરી–જોયું નહીં૰
જુવાનીમાં જોરે ભરીઓ, ચોરી જારી કરી–જોયું નહીં૰
નિષ્કુલાનંદ કહે માનીને લીધી માથે મોસારી રૂડી–જોયું૰

પદ ૩

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પદ ૪

સંતને સંતને સંતને રે, જા શરણે સાચા કોઈ સંતને;
આશા ને તૃષ્ણાને અલગ કરી દે મનને જીતેલા મહંતને રે.
—જા શરણે સાચા કોઈ સંતને૦
મોહદશાથી જે મુક્ત થયેલ છે, માયા તજેલ મતિવંતને રે;
—જા શરણે સાચા કોઈ સંતને૦
આધિ ને વ્યાધિ મટાડે ઉપાધિ, તોડી નાખે ભવતંતને રે;
—જા શરણે સાચા કોઈ સંતને૦
પ્રેમરસનો પિવડાવીને પ્યાલો, ઓળખાવી દે છે અનંતને રે;
—જા શરણે સાચા કોઈ સંતને૦
અંતર ઘટમાંય કરી અજવાળું, આણે અવિદ્યાના અંતને રે;
—જા શરણે સાચા કોઈ સંતને૦
કલ્યાણકારી એ સંતની સંગતિ, ભેળો કરી દે ભગવંતને રે;
—જા શરણે સાચા કોઈ સંતને૦

પદ ૫

ભક્ત થવું ભગવાનનું, અતિ કઠણ છે કામ .... (ટેક)
સુખ સર્વે સંસારનાં, કરવાં જોઇએ હરામ—ભક્ત૦
દેહ ગેહ દારા દામનું, તજવું મમતા ને માન;
એહમાંથી સુખ આવશે, એવું ધરવું ન ધ્યાન—ભક્ત૦
વિપત આવે વણ વાંકથી, તે તો સહેવી શરીર;
નિંદા કરે કોઈ આવીને, તે એ રહેવું દ્રઢ ધીર—ભક્ત૦
ક્રોધી ન થાય ખમે ઘણું, એવો સહજ સ્વભાવ;
નિષ્કુલાનંદ એ ભક્તના, જુગ જુગ જશ ગાય—ભક્ત૦

પદ ૭

ક્યું રીઝેગા રામ, બંદા ક્યું રીઝેગા રામ; ....(ટે૦)
એસા પ્યાર નહિ તેરા પ્રભુસે, જેસા પ્યારા દામ;
દેખ વિચારી દિલમાંહી તું, રામ પ્યારા કે કામ—બંદા૦
એસી યાદી નહિ સાહેબકી, જેસી નારી, સુત, ધામ;
દેખ્યા માત્ર હરિ સંભારત, તન, ધન, આઠો જામ—બંદા૦
નિશદિન ધ્યાન ધરે દુનિયાકો, ઘડી ન રટે ઘનશ્યામ;
હૃદયે જગત, ભગત મન માનત, કેસે સુધરે કામ—બંદા૦
અકલના ખોટા, માન લે મોટા, ધર્યા જ્ઞાનીકા નામ;
નિષ્કુળાનંદ કહે ઠગ તેરા, નહિ ટીકાના ઠામ—બંદા૦

૮૮—નુરન

પદ ૧

રામ ભજો મેરે ભાઈ, [illegible] ....(ટે૦)
મોહ ત્યાગી મમતા ત્યાગો, ત્યાગો કુટુંબ પરિવાર;
માન અભિમાન દૂર ત્યાગો, [illegible]—રામ ભજો૦
[illegible]
[illegible]—રામ ભજો૦
[illegible]
[illegible]—રામ ભજો૦
[illegible]
[illegible]—રામ ભજો૦

૮૫–પરમાનંદ

પદ ૧

નંદનંદનકે પ્યારે, આયે મેરે નંદનંદનકે પ્યારે.....(ટેક)
માલા તિલક મનોહર બાના (૨)
ત્રિભુવનકે ઉજિયારે—એહાં ત્રિભુવનકે૦—આયે૦
પ્રેમ સહિત બસત મેરે ઉરમેં (૨)
નેક ન જાતહું ટારે—એહાં નેક ન જાત૦—આયે૦
હૃદયકમલ કે મધ્ય બિરાજિત (૨)
શ્રીનંદરાય દુલારે—એહાં શ્રી નંદરાય—આયે૦
ક્યા જાનું કછુ પુણ્ય પ્રગટ ભયો (૨)
મેરે ઘરજુ પધારે—એહાં મેરે ઘરજુ૦—આયે૦
પરમાનંદ કરી ન્યોછાવર (૨)
તનમનધન સબ વારે—એહાં તનમનધન૦—આયે૦

પદ ૨

જા પર કમલા કંથ ઢરે ....(ટેક)
લકરી ઘાસકો વેચન હારો, તો શિર છત્ર ધરે—જા પર૦
વિદ્યાનાથ અવિદ્યા સમર્થ, ચાહે જો સોઈ કરે;
રીતે ભરે, ભરે પુની ઢોરે, ચાહે તો ફેર ભરે—જા પર૦
સિદ્ધ પુરુષ અવિનાશી સમર્થ, કાહુ તે ન ડરે;
પરમાનંદ સદા યહ સંપતિ, મન ચ્હાય સો કરે—જા પર૦

પદ ૩–રાગ ભૈરવ

મંગલધામો નામ ઉચ્ચાર;
મંગલ સદન કમલ કર મંગલ, મંગલ જનહિ સદા સંભાર. (ટે૦)
દેખત મંગલ, પૂજત મંગલ, ગાવત મંગલ ચરિત ઉદાર;
મંગલ શ્રવણ કથા રસ મંગલ, મંગલ તન વસુદેવ કુમાર–મં૦
ગોકુલ મંગલ, મધુબન મંગલ, મંગલ રુચિ વૃન્દાવન ચંદ;
મંગલ કરન ગોવરધનધારી, મંગલ વેશ યશોદાનંદ–મં૦
મંગલ ધેનુ, રેનુ ભુવ મંગલ, મંગલ મધુર બજાવત બેન;
મંગલ ગોપ વધૂ પરિરંભણ, મંગલ કાલિંદી પયફેન–મં૦
મંગલ ચરણકમલ મણિ મંગલ, મંગલ કીરતિ જગતનિવાસ;
અનુદિન મંગલધ્યાન ધરત મુનિ, મંગલમતિ પરમાનંદદાસ–મં૦

પદ ૪–રાગ કાનરો

દૂધ પીઓ, મનમોહન પ્યારે. .... (ટે૦)
કનક કટોરા, ભર ભર પીજે;
સુખ દીજે, સંગ લીજે, બાલકૃ નેના તુમ્હારે—દૂ૦
[illegible]
[illegible] —દૂ૦
પરમાનંદ [illegible]
[illegible] —દૂ૦

८६–[illegible]

[illegible]

રાજા રે કૂડા જેની પરજા કૂડી રે, —જિયો સાયર૦
કૂડા કળજુગના મેવલિયા.
નર છે કૂડા જેની નારિયું કૂડી રે, —જિયો સાયર૦
કૂડા કળજુગના રે નેડા.
કાળા ખેતરમાં તમે બીજ મત વાવો રે, —જિયો સાયર૦
વણ રે જોતરિયાં ગાડાં વાળો રે.
ખારા સમુદરમાં મીઠી એક વીરડી રે, —જિયો સાયર૦
ભવ રે સાગરમાં રૂડા હીરલા રે.
કહે રે પાલણસિંહ તમે નૂગરા ન રે'જો, —જિયો સાયર૦
અમિરસ ઘોળી ઘોળી પીજો રે.

૮૭–પિંગળ

પદ ૧

ગોકુળિયું ન્હાનું ગામડિયું, શા માટે આવો શ્યામ;
શા માટે આવો શ્યામ, શા માટે આવો શ્યામ .... (ટેક)
પ્રથમ વિસારી, ધેનુ હતી પ્યારી;
હવે તો ભૂલ્યા છો, બાવા નંદજીનું ધામ. —ગોકુળિયું૦
મથુરાની અંદર, મણિમય મંદિર;
આ માટીથી બનેલાં, તમને ક્યાંથી ગમે ગામ—ગોકુળિયું૦
કુબજા નારી, કંસ તણી દાસી;
તેમાં જઈ લોભાણા, ભૂલી ગયા છો તમામ. —ગોકુળિયું૦
કહે કવિ પિંગળ, મૂરતિ છે મંગળ;
પ્રભુ હૃદયે વસો તો, મારે શું છે બીજું કામ ! —ગોકુળિયું૦

પદ ૨

મને ઘડી નથી વિસરતા રામ, હરિવર સંકટહર્તા.
વહાલાજી મારા, ગિરિવર કર પર ધાર્યો;
વહાલે વ્રજનો દેશ ઉગાર્યો રામ, હરિવર સંકટહર્તા.
વહાલાજી મારા, કાળિનાગે તે ફૂંદ કીધો;
લટકાળે નાથી લીધો રામ, હરિવર સંકટહર્તા.
વહાલાજી મારા, કંસ હતો બહુ અહંકારી;
મોહનજીએ નાખ્યો મારી રામ, હરિવર સંકટહર્તા.
વહાલાજી મારા, મુષ્ટિ તાંદુલ સુદામાના લીધા;
એના મહેલ કનકના કીધા રામ, હરિવર સંકટહર્તા.
વહાલાજી મારા, કુબજાનું ચંદન લીધું;
એને રૂપ અનુપમ દીધું રામ, હરિવર સંકટહર્તા.
વહાલાજી મારા, પાંચાળી સભામાં પોકારે;
ચીર પૂર્યાં પૂરું મુરારિ રામ, હરિવર સંકટહર્તા.
વહાલાજી મારા ભવ રે સાગરના બેલી તારા;
પિંગળના પ્રભુ જ પ્યારા રામ, હરિવર સંકટહર્તા.

૮૮—ગીટો

પદ ૧

[illegible]
[illegible]
[illegible]
[illegible]

બેની રૂવે બજારમાં, તારી માતા રૂવે ઘરબાર;
એક વિસામો ઘર આંગણે ને બીજો તો ઝાંપા બા'ર-રે૦
ત્રીજે વિસામો ગામને ગોંદરે, સમસાન વિસામો ચોથ;
દોઈ કર જોડી પીતાંબર બોલ્યા, હરિવિણ એક ન ઓથ-રે૦

૮૯-પીતાંબર

પદ ૧
(ઊંદરની અરજી)

ઊંદર કેર કરે છે રે, દુઃખડાં કોને કહેવા જઈયે;
અમને નિત્ય રંજાડે રે, ઘરમાં કેમ કરીને રહિયે.....(ટેક)
ઘર મધ્યેથી દોડી આવે, બિછાના પર બેસે;
ફૂંકી ફૂંકી ચાંચ જ મારે, ના ખબર તેની રે'છે—ઊંદર૦
ચાર પોહોરની રજનીમાં રે, એક ઘડી નવ જંપે,
નિદ્રામાંથી જાગું ઝબકી, તવ કાયા મારી કંપે—ઊંદર૦
પોથી પુસ્તક કાપી નાખ્યાં, બાકી ન રાખ્યું એક;
ઝાલી ઝાલી થાકી ગયો, પણ પાર ન આવ્યો છેક—ઊંદર૦
ધોતી પોતી કાપી ખાધી, દોરી કાપી આખી;
અબોટિયું અંગરખું કાપ્યું, તેનો સૂરજ સાખી—ઊંદર૦
જળ પીવાનું બોટી ગયા ને, તેલ ઢોળી દીધું;
બરણીમાં જે બાકી રહ્યું તે, સરવે મળીને પીધું—ઊંદર૦
ચુંચું ચુંચું ચીસો પાડે, લીંડી ઝાઝી પાડે;
ઢ ઢોળીને હાંકું ત્યારે, દોટો ઝાઝી કાહાડે—ઊંદર૦
ગણપતિની ચોથ જ કરિયે, તે કરતાં નથી ચૂક્યા;
લસલસતા લાડુ કરીને, ઊંદર મામાને મૂક્યા—ઊંદર૦

દીવો જો બળતો રાખું તો, દીવટ તાણી જાયે;
એમ કરતાં જો ફાવી ગયા તો લંકા જેવું થાયે—ઉંદર૦
જે દિવસના ગામ ગયા'તા, તે દિવસના ઘરમાં પડિયા;
કોઠી પેટી કાપી ખાધી, એ રીતે અને નડિયા—ઉંદર૦
પાંજરાં મૂકી મૂકી થાક્યો, તોયે ઝાલ્યા નવ ખૂટે;
ખાવાનું ઉપાડી નાખી, જાણે ગોળનું ગાડું લૂંટે—ઉંદર૦
એવ પશુને શું કરીએ, મુંને રીસ ગઈ છે વ્યાપી;
માળા મારી ફેરવવાની ગૌમુખી સુધાં કાપી—ઉંદર૦
નિત નિત દુ:ખડાં દે છે અમને, ક્યાં જઈએ અમે નારી;
ભગત પીતાંબર એમ કહે, એને મળજો વાઘની મારી-ઉં૦

પદ ૨

અબ તો મનવા મેરા, મેલી દે અભિમાન .... (ટે)
તું [illegible] નહિ, તું નહિ [illegible]
[illegible] અભિમાન કરે ક્યા, [illegible]—અ૦
[illegible]
[illegible] પીતાંબર [illegible]—અ૦

૧૦—દયાશંકર

પદ ૧—[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

નહિ પરનારીના નેહથી, કલંક કંઈ લાગે નહીં,
કહે પ્રભાશંકર પ્રેમસું, તે સ્વર્ગમાં જાએ સહી.

નાવે નિદ્રા નામ, કામ એક નવ સૂઝે,
નાવે નિદ્રા નામ, ભજન ભાવે નહિ બૂઝે;
નાવે નિદ્રા નામ, ચિત્તમાં ચિંતા ચાલે,
નાવે નિદ્રા નામ, મગન મનમાં નહિ માલે;
વળી નાવે નિદ્રા નામને, અસુખમાં આઠે ઘડી,
કહે પ્રભાશંકર પ્રેમસું, પરનારી નેહે નડી.

નેહ ઘટાડો નિત્ય, પ્રીત પરનારી કેરી,
નેહ ઘટાડો નિત્ય, રૂદિયામાંહી ઘેરી;
નેહ ઘટાડો નિત્ય, સુજન મનમાં જશ જાણી;
નેહ ઘટાડો નિત્ય, તજો વ્યભિચારની વાણી.
નેહ ઘટાડો નિત્યથી, દિન દિન દુઃખ જાશે સહી;
કહે પ્રભાશંકર પ્રેમસું, સુખ સંપત થાશે તહીં.

પાળી છે પરનાર, કાળજું કુમળું કાપે;
પાળી છે પરનાર, રોગ રૂદયામાં વ્યાપે.
પાળી છે પરનાર, કાતરે અંતર ઊંડે,
પાળી છે પરનાર, પીઠ પીડામાં બૂડે;
આ પાળી છે પરનાર તે, ઝેર વેરનું ઝાંખરું;
કહે પ્રભાશંકર પ્રેમસું, અવગુણમાં છે આકરું.

પરનારીનું મુખ, દુઃખદાયક છે વાણી;
પરનારીનું મુખ, સુખને લે છે તાણી.

પરનારીનું સુખ, સ્વપ્નમાં સળેકે પાતું;
પરનારીનું સુખ, ચળકતું જાણો કાતું,
પણ પરનારીના સુખને, જોતાં જોખમ થાય છે;
કહે પ્રભાશંકર પ્રેમસું, નારી નરને ખાય છે.

પરનારીનો સંગ, રંગમાં ભંગ પડાવે,
પરનારીનો સંગ, અંગને આગ ચડાવે;
પરનારીનો સંગ, ઢંગ ઢાંકયો ના રાખે,
પરનારીનો સંગ, ભંગ સુખમાંથી ભાખે;
વળી પરનારીના સંગનો, રંગ રાખને અગ્નિનો;
કહે પ્રભાશંકર પ્રેમસું, સંજોગ તો સાગ્નિનો.

સદા ઇંદ્રને દુઃખ, સુખ સ્વપનામાં નાખ્યાં,
નંદગામનું ચિત, રીત પરહાન કરાવ્યું;
ઇંદ્ર ચંદ્રની વાત, ચોથા ગૌતમને દ્વારે,
કર્યો પાપનો પુંજ, આપને પાપે તાણે;
વળી વિશ્વ [illegible] તાતની, [illegible] વિપ્રનાં [illegible],
તે [illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

પરપુરુષનું નેણ, વેણ લાગે છે વધતું,
પરપુરુષનું નેણ, બાણ લાગે નય ચઢતું;
પરપુરુષનું નેણ, હોય અણિયાળી આંખે,
પરપુરુષનું નેણ, નારીઓ જોતું ઝાંખે;
વળી પરપુરુષનું નેણ તે, વેગે વિનતા એ પરું;
કવિ પ્રભાશંકર કહે, કામણ તેમાં છે ખરું.

પરપુરુષની પ્રીત, રીત તેની નહિ રૂડી,
પરપુરુષની પ્રીત, નિત્ય નેહે તે કૂડી;
પરપુરુષની પ્રીત, ચિત્ત ત્યાં ચોંટયું રે છે,
પરપુરુષની પ્રીત, કથન કડવું સહુ કે'છે.
વળી પરપુરુષની પ્રીતથી, લોક લાજ વાધે નહીં;
કહે પ્રભાશંકર પ્રેમસું, ચતુરા સહુ ચેતો સહી.

પરપુરુષની પ્રીત, દુઃખ દરિયાનું માથે,
પરપુરુષની પ્રીત, વેર વનિતાઓ સાથે;
પરપુરુષની પ્રીત, પતિને પૂરણ પીડા,
પરપુરુષની પ્રીત, બંધ જંજીરના ભીડ્યા.
થઈ પરપુરુષની પ્રીત તો, મૂકે નહીં મરતાં લગી;
કહે પ્રભાશંકર પ્રેમસું, ડગે નહીં કોઈથી ડગી.

પુરુષને તજી પ્રેમ, ક્રૂર દે છે જુવંતી,
પુરુષને તજી પ્રેમ, ગાળ દે અવગુણવંતી;
પુરુષને તજી પ્રેમ, જારને ઝાઝું માને;
પુરુષને તજી પ્રેમ, ભોગવે ભોળે છાને.

પણ પુરુષની તજી પ્રીત તો, અન્ય નાર અબળા ધરે
કવિ પ્રભાશંકર કહે છે ખરું, તે નારી તો નર્ક ઠરે.

વ્યસન અને વ્યભિચાર, હીરની ગાંઠો પડિયો,
વ્યસન અને વ્યભિચાર, નારી ને નર તો નડિયો;
વ્યસન અને વ્યભિચાર, છાપ પટકુળે છાપી,
વ્યસન અને વ્યભિચાર, કાળજું નાખે કાપી;
વળી વ્યસન અને વ્યભિચારમાં, વળગ્યું મન તે ત્યાં રહે
કહે પ્રભાશંકર પ્રેમસું, જ્ઞાન કોઈ ગરવું ગ્રહે.

વનિતાઓનો વાંક, પુરુષસું પ્રેમ જણાવે,
વનિતાઓનો વાંક, વાત વ્યભિચાર ભણાવે;
વનિતાઓનો વાંક, ભોજને ભીતર ભાવે,
વનિતાઓનો વાંક, દરદમાં લાવે દાવે;
વળી વનિતાઓના પ્રેમમાં, પુરુષ પતંગી થઈ પડે,
કહે પ્રભાશંકર પ્રેમસું, પ્રીતે નરનારીને નડે.

भाग १ लो–समाप्त